# વિજય પ્રસ્થાન

ઈંદ્રિય પરાજય શતક ગ્રન્થનો અનુવાદ અને તે ઉપર વિવેચન તથા શ્રી શ્રાદ્ધવિધિ, વૈરાગ્યશતક, સંબોધસિત્તરિ ગ્રન્થોનો અનુવાદ વગેરે.

અનુવાદક અને વિવેચક :

શ્રી નરોત્તમદાસ અમુલખભાઈ કપાસી.

એલ. એલ. બી. એડવોકેટ. (ઓ. એસ.)

: પ્રકાશક :

શ્રી ખીમચંદ ઉજમશી શાહ

કલકત્તા–૧.

પ્રકાશક :

શ્રી ખીમચંદ ઉજમશી શાહ
૮૬, કેનીંગ સ્ટ્રીટ, ત્રીજે માળે.
બ્લોક નં. ૪
કલકત્તા-૧

दु:खे सुखे वैरिणि बन्धुवर्गे, योगे वियोगे भुवने वने वा
निराकृताशेषममत्वबुद्धे:, समं मनो मेऽस्तु सदापि नाथ ॥

પ્રથમ આવૃત્તિ : વીર સંવત ૨૪૭૬
વિક્રમ સંવત ૨૦૦૬
દ્વિતીય આવૃતિ : વીર સંવત ૨૪૯૯
વિક્રમ સંવત ૨૦૨૯

મુદ્રક :

કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ,
મંગલ મુદ્રણાલય,
ફતેહભાઇની હવેલી, રતનપોળ,
અમદાવાદ.

# અર્પણ

અમારા પૂ. બાપુજી સ્વ. શ્રી અમુલખભાઈ સુંદરજી—

તમારી સ્મૃતિથી હૈયું ભરાઈ આવે છે અને આંખો ભીની બને છે. તમારા બાલુડાંઓ ઉપર ઝરતું તમારું અસીમ વાત્સલ્ય, ફુલની જેમ અમારું જતન કરવાની તમારી વૃત્તિ અને અમારા શુભ માટેની તમારી સતત્ ઝંખના શે ભૂલાય ?

તમારું સૌજન્ય અને તમારું ઔદાર્ય, તમારું તેજ અને તમારું ઓજસ્, તમારી સરલતા અને તમારી સત્યપ્રિયતા, તમારી પવિત્રતા અને તમારી પુણ્યપ્રબળતા, એ સર્વનો આસ્વાદ લેવાનું આજ સુધીનું અમારું સદ્‌ભાગ્ય વિલય પામ્યું એથી અમે વ્યથિત છીએ.

જે ગુણોએ તમને અમરત્વ અર્પ્યું છે, તેને સ્મૃતિપટ ઉપર અંકિત કરીને અને તમને વરેલી ઉચ્ચતાનો અંશ પ્રાપ્ત કરવા મથીને તમારા પ્રત્યેનું અમારું ઋણ અમે અદા કરી શકીએ એ પરમકૃપાળુ પ્રત્યે પ્રાર્થના.

તમારા પદપંકજમાં પુસ્તિકા રૂપી આ પુષ્પપાંખડી ભક્તિભર્યા હૈયે સમર્પીએ છીએ.

અમે છીએ

**તમારા બાલુડાંઓ.**

ॐ शांतिः

# દ્વિતીય આવૃત્તિની પ્રસ્તાવના

બીજી આવૃત્તિ પ્રગટ કરવાની માંગણીઓ વર્ષોથી આવતી. પરંતુ સમયના અભાવે, ઘણો સમય એમને એમ વહી ગયો.

જિનદ્રવ્ય અંગે થોડા શાસ્ત્રપાઠો, 'મરણ સમાધિ વિચાર' તથા શ્રી જિનહર્ષ સૂરી રચિત 'શીલની નવવાડની સજ્ઝાય' આ આવૃત્તિમાં ઉમેરવામાં આવેલ છે.

જિનદ્રવ્ય અંગેના શાસ્ત્રપાઠો તથા તેનો અનુવાદ પૂજ્ય આચાર્ય દેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને તેઓશ્રીના શિષ્ય પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકચંદ્રસૂરીશ્વરજી એ મહારાજ સાહેબે જોઈ આપેલ છે તે બદલ હું તેઓશ્રીનો અત્યંત ઋણી છું.

સ્વ. શ્રીમતી છબલબેન ઉજમશી ચત્રભુજની પુણ્ય-સ્મૃતિ નિમિત્તે તેમના સુપુત્રોએ આ બીજી આવૃત્તિના પ્રકાશનનો આર્થિક લાભ લીધો છે તે બદલ તેમને ધન્યવાદ ઘટે છે.

૧-૧-૧૯૭૪ ન. અ. કપાસી



સ્વ. શ્રીમતી છબલબેન ઉજમશીભાઈ ચત્રભુજ

જે પુણ્યવંતા માતુશ્રીની સ્મૃતિ નિમિત્તે આ દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન થયું છે તે માતુશ્રીના ચરણોમાં કોટિ કોટિ વંદન.

આપના સુપુત્રો,

મનસુખલાલ ઉજમશીભાઈ

ખીમચંદભાઈ ઉજમશીભાઈ

રમણીકલાલ ઉજમશીભાઈ

# નિવેદન

આનાદિકાલીન વાસનાઓ માનવીને સતાવે છે અને હંફાવે છે. એની શક્તિને તે ક્ષીણ કરે છે અને એના જીવનનું સત્ત્વ ચૂસી લે છે. ઇંદ્રિયો રૂપી પ્રબળ સાધનથી, વાસના, આત્માના ઓજસ્‌ને આવરી લે છે. ઇંદ્રિયાનો પ્રેરાયો આત્મા ભાનભૂલો બને છે અને ક્ષણિક સુખ માટે તરફડિયાં મારે છે. એ અસહ્ય સ્થિતિમાંથી ઉગર્યે જ છૂટકો.

ઉગરવા માટે ઇંદ્રિયોની સાથે યુદ્ધની નોબતો ગગડાવવી પડે. યુદ્ધમાં રહેલા જોખમોનો, ભયોનો, વિવેક પૂર્વક પ્રતિકાર કરવો પડે. વિજયને વરવાની તીવ્ર અભિલાષાથી માનવી અણનમ યોદ્ધો બને. સાધનાની સિદ્ધિ થતાં સુધી સૈનિકે અવિરત યુદ્ધ ચાલુ રાખવું જ રહ્યું.

અનોખું આ આંતર્ યુદ્ધ બાહ્ય યુદ્ધ કરતાં અનેક ગણું કપરું છે. પારાવાર કષ્ટો તેમાં સહન કરવાના છે. દેહને અને અને દિલને ચૂસી નાંખવાના છે; પર પ્રત્યેની કુમળી લાગણીઓને છૂંદી નાંખવાની છે; નિર્બળતાને સદંતર હઠાવવાની છે; સતત અપ્રમત્ત રહેવાનું છે અને પરના સંયોગનો ત્યાગ કરવાનો છે.

ઇંદ્રિયોનો પરાજય તો જ થશે; આત્મત્વ તો જ પ્રગટશે અને સમાધિ સુખનો આહ્‌લાદક અનુભવ પણ તો જ થશે. અનુપમ આનંદનો આસ્વાદ માનવજાત મેળવી શકે તે હેતુથી ઇંદ્રિય પરાજય શતકના રચયિતા ભવ્ય આત્માઓને ઇન્દ્રિયો સાથે યુદ્ધ કરવાની પ્રેરણા આપે છે. યુદ્ધમાં વિજય વરવાનો

પૂનિત પંથ કુશળ સેનાપતિની અદાથી તેઓશ્રી બતાવે છે. એ પૂનિત પંથે વિજય પ્રસ્થાન કરીને આપણે સૌ પાવન બનીએ એ અંતરની અભિલાષા !

વૈરાગ્ય શતક પણ એ હેતુને અનુરૂપ છે. વિરાગનો દીવડો માનવ હૃદયમાં તે પ્રગટાવે છે.

વૈરાગ્ય શતકે પ્રગટાવેલી વિરાગની જ્યોત વાસનાના ઝંઝાવાતમાં પણ અખંડ જળતી રહે તે રીતે જીવન જીવતાં શ્રી શ્રાદ્ધવિધિ ગ્રંથ શીખવે છે.

એ રીતે જીવનપંથે સંચરતાં માનવીને, એના માર્ગમાં આવતાં અવરોધોમાંથી ઉગરવાના ઉપાયો, શ્રી સંબોધ સિત્તરિમાંથી જડે છે.

ઇંદ્રિય પરાજય શતક અને વૈરાગ્ય શતક, શ્રાદ્ધવિધિ અને સંબોધ સિત્તરિ—એ અનુપમ ગ્રંથો રચીને, એમાં એમનો આત્મા રેડીને, મહાત્માઓએ માનવજાત ઉપર અપાર કરુણા વરસાવી છે. શ્રી જયસોમ ઉપાધ્યાયજીના શિષ્યરત્ન શ્રી ગુણવિનયજી ગણિએ સત્તરમી સદીમાં ઇંદ્રિય પરાજય શતક રચ્યું. શ્રી શ્રાદ્ધવિધિની રચના શ્રી સાધુરત્ન સૂરીશ્વરજીના શિષ્યરત્ન શ્રી રત્નશેખર સૂરીશ્વરજીએ કરી. શ્રી ગુણવિનયજી ગણિના અભિપ્રાય મુજબ શ્રી સંબોધ સિત્તરિ ગ્રન્થની રચના શ્રી જયશેખર સૂરિજીએ કરી છે જ્યારે શ્રી અમરકીર્તિ સૂરિજીના મંતવ્ય મુજબ તે ગ્રન્થની રચના શ્રી જયશેખરસૂરિના શિષ્ય શ્રી રત્નશેખરસૂરિએ કરી છે. વૈરાગ્ય શતકના રચયિતાનું નામ મને મળી શક્યું નથી પરંતુ ગ્રન્થ પ્રાચીન જણાય છે. તેના ઉપર શ્રી ગુણવિનયજી ગણિએ વૃત્તિ રચી છે.

વિરાગની જ્યોતથી જળહળતા એ અનુપમ ગ્રંથોને ભાગ્યવાનોએ ગુર્જરગિરામાં ઉતાર્યા છે. તે માર્ગે મારી અલ્પ બુદ્ધિ

અનુસાર યત્કિંચિત્ પ્રયાસ કરતાં પૂ. મહાત્માઓની ઉત્તમ કૃતિઓમાં રહેલી અનુપમતાને મારાથી અન્યાય ન થયો હોય તો મને સંતોષ. મારી ત્રુટિઓ નિઃસંકોચ ભાવે જણાવી વાચક મને આભારી કરશે એ આશા છે.

પૂ. શ્રી કીર્તિવિજયજી મહારાજ સાહેબ તથા પૂ. શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબે મારા કાર્યમાં મને સુંદર સહાય કરી છે તે બદલ હું તેઓશ્રીનો ઋણી છું.

પૂ. બાપુજીનું દિલ હ્રદયની સાત્ત્વિક નિર્મળતા ઉપર વારી જતું. તેમના ચરણકમળોમાં હ્રદયને પવિત્ર બનાવે એવું સાહિત્ય અર્પિત થાય તો જ તેઓશ્રીને યોગ્ય તર્પણ કર્યું લેખાય એવી કોઇક વૃત્તિથી પૂ. બહેને આ પુસ્તિકા લખવાની મને પ્રેરણા કરી. આ પુસ્તિકા પ્રગટ કરીને પૂ. બહેને એમનું સુપુત્રીપણું સાર્થક કર્યું છે.

પૂ. બાપુજીના ચરણ કમળોમાં આ પુસ્તક અર્પણ કરીને કર્તવ્યને પંથે કંઈક કર્યાનો સંતોષ અનુભવું છું.

વિ. સં. ૨૦૦૬. **ન. અ. કપાસી.**

# વિજય પથ અને મુકિતનું મહાસુખ

પાર્થિવ વિજયનું સુખ ક્ષણજીવી છે. આત્મિક વિજયનું સુખ શાશ્વત જીવી છે. એ વિજયને વરવા આપણે સૌ પ્રસ્થાન કરીએ અને વિજયની વરમાળા પહેરીને સદાને માટે સુખમાં તન્મય બનીએ.

એવો કોઈ આત્મા જગતમાં નથી કે જેને સુખ ન જોઈતું હોય. સમગ્ર જગતની સર્વ પ્રવૃત્તિ સુખ પ્રાપ્ત કરવા માટે જ છે. સુખ માટે સૌ ઝાંવા નાંખે છે અને અથાગ દોડાદોડી કરે છે. સુખ પ્રાપ્તિના પ્રયાસો દુઃખ ભર્યાં હોવાં છતાં હૈયાના ઉમળકાપૂર્વક સૌ એ પ્રયાસો કરે છે. સુખ પાછળની દોડાદોડીમાં સુખ મળે છે કે નહિ એ વિચાર કરવા પણ કોઈ થોભતું નથી. વિશ્વની આ વિચિત્રતા ખરેખર અકળ છે.

જીવે જડમાં સુખ જોયું. દેહ એને સોહામણો લાગ્યો. ઇંદ્રિયો એને રળીઆમણી લાગી. વિશ્વની ચિત્રવિચિત્ર સામગ્રીઓ એને અત્યંત આકર્ષક લાગી. એ બધું મેળવવા એણે એની સમગ્ર શક્તિ ખર્ચી નાંખી.

અનુપમ દેહનો સ્પર્શ મળ્યો. મનોહર ઇંદ્રિયો નજર સમક્ષ ખડી થઈ ગઈ અને મન મુગ્ધ બન્યું. જગતની સુંદર સામગ્રીઓ ચરણે આવીને પડી અને ભૌતિક સુખની સીમા ન રહી. અપાર અનુકૂળતા મળી અને હૈયું નાચી ઉઠયું. મેળવવાનું કંઈ જ બાકી ન રહ્યું.

આંખનો એક પલકારો થયો અને બધું સુખ ઓસરતું દેખાયું. સુખની સામગ્રી સુખ આપતાં અટકી ગઈ. શું થયું ? કેમ થયું ? કોણ જવાબ આપે ? જવાબ ન મળ્યો. ફરી સુખ માટે ઝાંવા નાંખવાનું શરૂ થયું. ફરી દોડાદોડી થઈ. ફરી સુખ મળ્યું. ફરી પાછું એ ગયું.

આમ અનેકવાર ચાલ્યા જ કર્યું. સુખ પાછળની ભ્રમણાનો અંત જ ન આવ્યો.

કોઈક વિરલ આત્માને વિચાર આવ્યો કે આ વિષચક્ર ક્યાં સુધી ? એની ચેતના પ્રગટી. એને લાગ્યું કે જડની પાછળ જીંદગીઓ વિતાવી; એક નહિ; બે નહિ; અનંતાનંત. છતાં સુખ ન મળ્યું તે ન જ મળ્યું. સુખાભાસ થતો ગયો એટલે ભટકવાનું તો ચાલુ જ રહ્યું. એને હવે જડ પ્રત્યે તિરસ્કાર છૂટ્યો. જે જડના આકર્ષણે એની અનંત જીંદગીઓ અકારી બનાવી દીધી, જે જડ મેળવવાની દોટમાં થાકીને એ લોથપોથ થઈ ગયો એ જડ જ બધા દુઃખનું મૂળ હશે તો ? એ જડ એના ઉકળાટને વધારી મૂકતું હશે તો ? ખરેખર સુખ ક્યાં છે ? કોઈ એ આપે છે કે નહિ ? કોણ એ આપે છે ? એ વિચારણાએ એને ઉલટે જ માર્ગે અખતરો કરવાનું મન થયું. જડની પાછળ દોડવાને બદલે, જડથી દૂર નાસવાનું એને મન થયું. અટકાવવા છતાં આવે તો એને ફેંકી દેવાનું દિલ થયું.

અખતરો શરૂ થયો. જડનો સંયોગ ઓછો થતો ગયો અને ઉપાધિ ઓછી થવા મંડી. જડની તૃષ્ણા મટતી ગઈ અને દિલની પ્રસન્નતા વધતી ગઈ. જડ તરફથી નજર ખેંચાઈ ગઈ એટલે નજર અંતર્ તરફ ગઈ. અંતર્‌ની ગુફામાં એણે ઊંડા ઉતરવા માંડ્યું. જેમ જેમ ગુફામાં ઊંડો ઉતરતો ગયો તેમ તેમ અનેરો પ્રકાશ એ નિહાળતો ગયો. જડ રત્નોનો જે સુંદર પ્રકાશ એણે પહેલાં જોયો હતો તે તો ઠીકરા જેવો લાગ્યો. અંતર્‌ના ઊંડાણનો પ્રકાશ એ નિહાળતો ગયો અને એના અંતર્‌માં સુખ ઉભરાવા લાગ્યું. સુખનો દીવડો તેજવંતો બનતો જ ગયો. સુખના એ પ્રકાશપુંજમાં એણે ન્હાયા જ કર્યું. સુખનો સ્વાદ એ લૂંટતો જ રહ્યો. અનંત સુખમાં એ લીન બન્યો.

એ સુખ સૌને પીરસવાની એને ભાવના જાગી. એણે મધુરી વાણી વહાવીને એનો પ્રત્યક્ષ અનુભવ વિશ્વમાં પ્રગટાવ્યો.

વિશ્વના કેઈ જીવો એ પ્રકાશમાં મુગ્ધ બન્યાં. કેઈ જીવોએ પોતાના હૈયામાં અંતર્–દીવડો પ્રગટાવ્યો. એ દીવડાના તેજમાં પ્રકાશ લાધ્યો કે સુખ મેળવવામાં નથી; છોડવામાં છે. સુખ જડમાં નથી; ચૈતન્યમાં છે. સુખ સંયોગમાં નથી; વિયોગમાં છે. સુખ બહારમાં નથી; અંતર્માં છે. સુખ બંધનમાં નથી; મુક્તિમાં છે.

આ પ્રકાશ મળ્યા પછી આત્મા સ્વાધીન સુખનો આસ્વાદ લે છે. ઈંદ્રિયો શાંત બને છે. દિલ પ્રસન્ન બને છે. ચિત્ત સ્થિર અને આનંદિત બને છે. આત્મા એના અંતરના નિધિમાંથી આનંદ લૂંટતો જ જાય છે. પછી એને એના આનંદ માટે બાહ્ય સુખસામગ્રીની અપેક્ષા નથી. જેટલે અંશે એ બાહ્યથી અળગો થાય છે, જેટલે અંશે એ સંગથી વિમુક્ત બને છે, જેટલે અંશે એ જડને ત્યાગે છે, જેટલે અંશે એ ઇચ્છાઓનો ત્યાગ કરે છે, જેટલે અંશે એ નિર્વિકલ્પ બને છે, એટલે અંશે એનો માનસિક ક્લેશ દૂર થાય છે, એટલે અંશે એ નિરુપાધિમય બને છે, એટલે અંશે એ પ્રસન્નતાનો અનુભવ કરે છે, એટલે અંશે એ મુક્તિસુખની ઝાંખી અનુભવે છે. એ નિહાળે છે કે મુક્તિસુખ એ કોઈ દૂરની વસ્તુ નથી; પરંતુ એ એની પાસે જ છે. મોક્ષ હશે કે કેમ? મોક્ષમાં સુખ હશે કે કેમ? હશે તો કેવું હશે? જ્યાં સુખની સામગ્રી નથી ત્યાં સુખ કેવું? જે સુખ દેખાતું નથી તેના માટે વૃથા મહેનત શાને? મુક્તિનું સુખ ભોગવનારા કોઈ આત્માઓ છે એ માનવાનું શું પ્રયોજન? આવા પ્રશ્નો જે આપણને ઉદ્ભવે છે તેવા પ્રશ્નો એ અંતરાત્માને ઉદ્ભવતા નથી. પોતાની પાસેનું સુખ પોતે અનુભવી રહ્યો છે એટલે એવા પ્રશ્નોનો એને માટે અવકાશ જ નથી.

એ તો એના માર્ગે પ્રગતિ કર્યે જ જાય છે. જ્યારે એનો ત્યાગ પૂર્ણ બને છે, જ્યારે ઇચ્છાનો સંપૂર્ણ અભાવ થાય છે, જ્યારે વિકલ્પો વિલીન થાય છે, ત્યારે સદેહે તે મુક્ત બને છે. ત્યારે આ માનવદેહે જ તે મુક્તિસુખની પૂર્ણતા અનુભવે છે અને કૈવલ્યસુખમાં તન્મય બની જાય છે. સુખરુપ બનેલો એ મુક્તાત્મા વિદેહી બને છે ત્યારે એ સિદ્ધોના નિવાસમાં પહોંચે છે અને અનંત જ્યોતિમાં જ્યોતમય બનીને શાશ્વત સુખમય, શાશ્વત જ્ઞાનમય, શાશ્વત દર્શનમય, શાશ્વત ચારિત્રમય અને શાશ્વત વીર્યમય સદાકાળ આહ્લાદ અનુભવે છે.

એ મુક્તિસુખ પ્રત્યેના વિજય પથમાં આ પુસ્તિકા થોડો પણ પ્રકાશ પાથરશે તો પુસ્તિકા લખી લેખે.

તા. ૧-૧-૧૯૭૪ ન. અ. કપાસી

# અનુક્રમ :


| | |
|---|---|
| | પૃષ્ઠ |
| ૧. ઈંદ્રિય પરાજય શતક | ૧ |
| ૨. શ્રાદ્ધવિધિ | ૧૧૬ |
| ૩. વૈરાગ્ય શતક | ૧૨૧ |
| ૪. સંબોધ સિત્તરી | ૧૪૮ |
| ૫. જિનદ્રવ્ય | ૧૭૯ |
| ૬. મરણ સમાધિ વિચાર | ૧૯૫ |
| ૭. શ્રી જિન હર્ષ રચિત શીલની નવવાડની સજઝાય | ૨૨૭ |
| ૮. શુદ્ધિપત્રક | ૨૪૩ |

# ઇંદ્રિય પરાજય શતક

सुच्चिय सुरो सो चेव, पंडिओ तं पसंसिमो निच्चं ।
इंदियचोरेहिं सया, न लुंटिअं जस्स चरणधणं ॥१॥

ગાથાર્થ :—જેનું ચારિત્ર ધન ઇંદ્રિય ચોરો કદી નથી લૂંટી શકયા તે જ આત્મા શૂરવીર છે અને તે જ પંડિત છે. તેની જ અમે સદા પ્રશંસા કરીએ છીએ.

વિશેષાર્થ :—મંગલાચરણ અન્ય ગ્રન્થો પ્રમાણે નથી, સત્પુરુષોની પ્રશંસા એ જ મંગલ.

આત્મ ગુણોમાં ચર્યા એ ચારિત્ર. આત્મ સુખની રમણતા એ ચારિત્ર. વિષય કષાયનો પરિહાર એ ચારિત્ર. કર્મકલંકથી રહિત બનવાની ક્રિયા એ ચારિત્ર. સર્વ સંગનો ત્યાગ તે ચારિત્ર. સમિતિ ગુપ્તિની પાલના તે ચારિત્ર ચરણ સિત્તરિનો અભ્યાસ તે ચારિત્ર. સમભાવમાં રમણતા તે ચારિત્ર. શીલ ગુણનું પાલન તે ચારિત્ર.

અનંત ચારિત્ર આત્માને વરેલું છે. સનાતન કાળથી તે આત્માની સાથે છે. સ્વભાવ તો સાથે જ હોય ને !

સદાકાળનું સંગાથી હોવા છતાં તે અપ્રગટ છે. વિષય અને કષાય તેને ઢંકાયેલું રાખે છે, વિષય કષાયને ઉત્તેજક

ઇંદ્રિયો છે. આત્માના અનંત ચારિત્રને પ્રગટ થવામાં ઇંદ્રિયો અંતરાય રૂપ છે.

અણમોલ ચારિત્ર રત્નને ભગીરથ પ્રયત્નો કરીને પણ સાચવવું રહ્યું. રત્ન આપણી નજરે લૂંટાય તે અક્ષમ્ય છે. રત્ન લૂંટનાર ઇંદ્રિયચોરો સતત આપણી સાંનિધ્યમાં રહે છે માટે આપણું કર્ત્તવ્ય બને છે કે સતત સાંનિધ્યમાં રહેનારા ચોરોથી સતત જાગૃત રહેવું. જરાવાર ભાન ભૂલાય તો ચોરો એમનું કાર્ય સાધી લે. રત્ન લૂંટાઈ જાય અને માનવભવ એળે જાય. પછી તો પોક મૂકવાની જ રહી.

કાર્ય કપરું છે. સતત જાગૃત રહેવાની જરુર છે. જે એ કાર્ય સાધી શકે છે તે ધન્ય નર છે. સાચે જ તે શૂર છે. તે વીર છે કે જેનાથી ઇંદ્રિયો ડરે છે. તે પંડિત છે કે જે ઇંદ્રિયોને ચોર તરીકે ઓળખી, એનાથી સાવધાન રહે છે.

વીરતા તલવાર વીંઝવામાં નથી. વીરતા અભિમાનભર્યાં ઉચ્ચારણમાં નથી. વીરતા ઘાતકીપણામાં નથી. વીરતા છે આત્માના અણમોલ ચારિત્ર રત્નની જ્યોત પ્રગટાવવામાં. વીરતા છે ઇંદ્રિયોને પરાજિત કરવામાં.

પાંડિત્ય પુસ્તકોના અભ્યાસમાં નથી. પાંડિત્ય વાદ વિવાદની કુશળતામાં નથી. પાંડિત્ય સમાયું છે સત્યની ઓળખમાં. પાંડિત્ય સમાયું છે. સાચા શત્રુની ઓળખમાં. પાંડિત્ય સમાયું છે તે શત્રુથી સાવધ રહેવામાં.

જેના અણુમોલ ચારિત્ર રત્નને ઇંદ્રિય ચોરો ન લૂંટી શકે તે સાચે જ વીર છે, સાચે જ પંડિત છે. નિત્ય પ્રશંસા તેની ન હોય તો કોની હોય ?

इंदियचवलतुरंगो, दुग्गइमग्गाणु धाविरे निच्चं ।
भाविअभवस्सरूवो, रुंभई जिणवयणरस्सीहिं ॥ २ ॥

**ગાથાર્થ** :—દુર્ગતિને માર્ગે સદા દોડતાં ઇંદ્રિય રૂપી ચપળ અશ્વને ભવસ્વરૂપનો જ્ઞાતા જિનવચન રૂપી લગામથી રોકી રાખે છે.

**વિશેષાર્થ** :—અશ્વની ચપળતા ઇંદ્રિયોને વરેલી છે. અશ્વની ગતિ કરતાં કંઈ ગુણી તીવ્ર ગતિથી ઇંદ્રિયો દોડી રહી છે. મનગમતી વસ્તુ પ્રત્યે ઇંદ્રિયોદ્વારા આત્મા તીવ્ર ખેંચાણ અનુભવે છે. એને મેળવવા દિલ તલપાપડ થાય છે. એ પ્રાપ્ત કરવા ઇંદ્રિયો પુષ્કળ વેગથી દોડે છે. અણ-ભાવતી વસ્તુઓથી દૂર રહેવા માટે ઇંદ્રિયો જોસભેર નાસે છે. ઇંદ્રિયોની ચપળતા પાસે અશ્વની ચપળતા ઝાંખી પડે છે.

સુકોમળ સ્પર્શથી આત્માને ભાનભૂલો બનાવતી સ્પર્શના, મધુર રસના આસ્વાદમાં લહેજત પમાડતી રસના, સુગંધની પાછળ ભ્રમરની જેમ ભમાડતી નાસિકા, સૌંદર્ય પાછળ ભટકેલ બનાવતા નયન અને મધુરાં ગાનમાં મુગ્ધ બનાવતા શ્રવણ, આત્માને વેગપૂર્વક દુર્ગતિએ દોરી ન જાય એ કેમ બને ?

જે માર્ગે ઇંદ્રિયો દોડી રહી છે તે માર્ગ મહાન્ ગર્ત્તા તરફ લઈ જાય છે. ઇંદ્રિયો એના બધા જ બળથી આત્માને ઊંડી ખીણમાં પટકે છે. એ ખીણમાં પારાવાર દુઃખ છે. પારાવાર પાપબંધ છે. તીવ્ર ત્રાસ અને સંતાપ છે. એ ખીણમાં ચાખવા મળે છે, ઇંદ્રિયોની સેવેલી ગુલામીનું, વિષથી યે વધુ કડવું ફળ. દીર્ઘ કાળ સુધી રિબાવે છે તે ફળનો આસ્વાદ.

એ સ્થિતિ નિહાળી ભાવુક આત્માને ભય ઊપજે. એથી દૂર રહેવા તે બનતું બધું કરી છૂટે. જિનેશ્વર દેવની વાણીની તે સહાય યાચે. તે વાણી ભવસ્વરૂપની તેને ઓળખ આપે. અનાદિ નિગોદથી શરુ થતું પરિભ્રમણ એની આંખ સમક્ષ ચડે. વિશ્વમાં વેઠવી પડતી વેદનાઓને એ નિહાળે. એ વેદનાઓના કારણ રૂપે ઇંદ્રિયોને તે ઓળખે. તે ઠરી જાય. સ્વભાવમાં જ સુખ છે તેમ નિશ્ચય કરે. ઇંદ્રિયોની ગુલામીને તે લાત મારે, દુર્ગતિ તરફ દોડતી ઇંદ્રિયોને તે રોકી રાખે. જેની સહાયથી ચપળ ઇંદ્રિયો સ્થિર બને તે જિનવાણીને વંદન હો !

**इंदियधुत्ताणमहो, तिलतुसमित्तंपि देसु मा पसरं ।**
**जइ दिन्नो तो नीओ, जत्थ खणो वरिसकोडिसमो ॥३॥**

ગાથાર્થ :—રે આત્મન્ ! ધૂર્ત એવી ઇંદ્રિયોને તલના ફોતરા જેટલોય અવકાશ ન દઈશ. જો દીધો તો જ્યાં એક ક્ષણ ક્રોડો વર્ષ સમાન છે તે સ્થાનમાં તું દોરાયો સમજ.

**વિશેષાર્થ** :—ધૂર્ત વિશ્વાસને યોગ્ય નથી. તેના પ્રત્યે દયા લાવીને અથવા તો તેની લાલચમાં સપડાઇને તેને સહેજ સ્થાન આપવામાં આવે તો ચાલાકી વાપરીને તે માણુસને ચૂસી લે. તેનું સ્થાન પ્રતિદિન મોટું થતું જ જાય. તેની પાંખો પ્રસરતી જ જાય. પરિણામ એ આવે કે મૂર્ખ માનવી ધૂર્તનો દોરાયો દોરાય.

ઇંદ્રિયો પણ ધૂર્ત જેવી જ છે. તેના પ્રત્યે સહેજ પણ આકર્ષણ થવાથી પ્રતિદિન તે વધતું જ જાય છે. ઇંદ્રિયોને ગમતું વર્તન કરવા દિલ લલચાય છે. ધીમે ધીમે આત્મા ઇંદ્રિયોનો સંપૂર્ણ ગુલામ બને છે અને એનો દોરાયો દોરાય છે.

ગુલામીનું પરિણામ ગંભીર આવે છે. ક્ષણિક સુખ આપતી ઇંદ્રિયો આત્માને પાતકમાં પટકે છે. તીવ્ર વેદનાનો અનુભવ કરાવે છે. વેદના એટલી પુષ્કળ હોય છે કે, એક ક્ષણ પણ ક્રોડ વર્ષ જેટલી લાંબી અને અસહ્ય લાગે છે. એ મહાવેદનાને આવતી અટકાવવા ઇંદ્રિયોને પ્રથમથી જ પ્રસરવા ન દેવી યોગ્ય છે. ઊગતા શત્રુને દાબી દેવામાં ડહાપણ છે.

ઇંદ્રિયોને ગમતું કરવાની વૃત્તિનો અભાવ આત્મા જ્યારે કેળવશે ત્યારે વેદનાથી તે પર બનશે અને અનંત સુખનો અનુપમ આસ્વાદ અનુભવશે.

**अजिइंदिएहिं चरणं, कट्ठं व घुणेहिं किरइ असारं ।**
**तो धम्मत्थीहि दढं, जइअव्वं इंदियजयंमि ॥ ४ ॥**

**ગથાર્થ** :—કીડાઓ વડે કાષ્ઠ જેમ અસાર કરાય છે તેમ નિરંકુશ ઇંદ્રિયો વડે ચારિત્ર અસાર થાય છે; તેથી ધર્માથીંએ ઇંદ્રિયજય માટે દઢ પ્રયત્ન કરવો ઘટે.

**વિશેષાર્થ** :—કાષ્ઠમાં ઉત્પન્ન થયેલો કીડો કાષ્ઠને જ કોરી ખાય છે. કાષ્ઠ સડેલું બની જાય છે. ફેંકી દેવા સિવાય એનો બીજો કશો ઉપયોગ રહેતો નથી.

કાષ્ઠ સડે તે પોસાય. પરંતુ મહામૂલા ચારિત્રરત્નને કેમ સડવા દેવાય ? એને તો ખૂબ જતનપૂર્વક જાળવવું જ જોઈએ. ઇંદ્રિયોની ગુલામીથી ચારિત્રરત્ન સડી જાય છે. ગુલામી ચારિત્રરત્નને નિર્માલ્ય બનાવી દે છે. ઇંદ્રિયોથી પરાજિત આત્માના ચારિત્રનો સંપૂર્ણ હ્રાસ થાય છે. મહામોલું રત્ન વેડફાઈ જાય એ દુઃખદ છે.

જેને તે રત્નની કિંમત છે, જેને તે રત્ન આત્માનું ઓજસ્ અર્પતું ભાસે છે, જેને તે સદ્દગતિદાયક દેખાય છે. જેને દુર્ગતિ પ્રત્યે પટકાતી પોતાની જાતને, એ રત્નની સહાયથી, ધારી રાખવાની મહેચ્છા છે, તે આત્માએ ઇંદ્રિય જય માટે દઢ પ્રયત્ન કરવાની આવશ્યકતા છે. સંયમની સાધનાથી ઇંદ્રિય જય સહેલો બને છે. પરંતુ સંયમની સાધના સહેલી નથી. તીવ્ર ભાવના, ખંત અને મનોબળપૂર્વક સાધના થઈ શકે.

માનસિક નિર્બળતા સાધનામાં મહાન્ વિઘ્ન છે. એ વિઘ્નને દૂર રાખવું જ રહ્યું.

जह कागिणीइ हेउं, कोडिं रयणाण हारए कोइ ।
तह तुच्छविसयगिद्धा, जीवा हारंति सिद्धिसुहं ॥ ५ ॥

ગાથાર્થ :—કાકિણી માટે કોટિ રત્ન જેમ કોઈ માનવી હારી જાય તેમ તુચ્છ વિષયોમાં લંપટ જીવો સિદ્ધિ સુખને હારી જાય છે.

**વિશેષાર્થ** :—એક રૂપિયાના એંશીમા ભાગની પણ જેની કીમત નથી તે કાકિણીની તુચ્છતા ક્યાં અને અકલ્પ્ય કીમતના ક્રોડો રત્નોની હારમાળાની મહત્તા ક્યાં? તુચ્છ કાકિણી મેળવવા ક્રોડો રત્નો ગુમાવનારની મૂર્ખતા હાસ્યાસ્પદ છે. હવેલી લેવા જતાં ગુજરાત ખોનાર જેવી એની સ્થિતિ છે,

ક્યાં વિષય સુખની મલિનતા અને ક્યાં સિદ્ધિસુખની નિર્મળતા? ક્યાં વિષયસુખની ક્ષણિકતા અને ક્યાં સિદ્ધિસુખની શાશ્વતતા? ક્યાં કટુ પરિણામી વિષયફળોની તુચ્છતા અને ક્યાં અનંત સુખનો આસ્વાદ આપનાર શિવફળની મહત્તા?

અણમોલા એ અનંતસુખને તરછોડનાર માનવીની પામરતા દયાજનક છે. તુચ્છ વિષયોમાં રક્ત માનવી મહામૂલા સિદ્ધિસુખને ફેંકી દે છે, ત્યારે કાકિણી માટે ક્રોડો રત્નોને ફેંકી દેનાર માનવીની મૂર્ખતા, કંઇક ઓછી લાગે છે,

વિષયમાં તલ્લીન બનવાથી સિદ્ધિસુખ દૂર ઠેલાય છે. મુક્તિસુખ દૂર ઠેલવાની મૂર્ખતા કોઈ ન કરે એ અભિલાષા.

**तिलमित्तं विसयसुहं, दुहं च गिरिरायसिंगतुंगयरं ।**
**भवकोडिहिं न निट्ठइ, जं जाणसु तं करिज्जासु ॥६॥**

**ગાથાર્થ** :—વિષયસુખ તલ માત્ર છે, દુઃખ ગિરિરાજના શૃંગથી પણ ઊંચું છે. તે ક્રોડો ભવે પણ પૂરું નથી થતું. હવે જેમ યોગ્ય લાગે તેમ કર.

**વિશેષાર્થ** :—માનવી માને છે કે વિષયો એને સુખ આપે છે. વિષયોમાં લીન બનેલ આત્મા માને છે કે જગતનું બધું યે સુખ તે લૂંટી રહ્યો છે. કેવો ભ્રામક ખ્યાલ !

મોહનિદ્રામાંથી જાગૃત થતો માનવી જાણે છે વિષયસુખની અલ્પતા. એ સમજે છે વિષયસુખની ક્ષણિકતા. એ સમજે છે વિષયસુખને ઉંબરે ઊભેલું અપાર દુઃખ.

એ દુઃખ મેરૂ ગિરિરાજના ઉચ્ચ શૃંગની અધિકતાથી પણ અધિક છે. ક્રોડો ભવ સુધી વેદના સહન કર્યાં છતાં એ ટળતું નથી. માનવી કલ્પી ન શકે તેટલું તીવ્ર તે દુઃખ છે. ક્ષણિક વિષયોમાં લુબ્ધ બનીને આવું અપાર દુઃખ કોણ વહોરે ?

રે આત્મન્ ! તને યોગ્ય જણાય તે કર.

**भुंजंता महुरा विवागविरसा किंपागतुल्ला इमे,**
**कच्छुकंडुअणं व दुक्खजणया दाविंति बुद्धिं सुहं**

मज्झण्हे मयतिहि्नअव्व सययं, मिच्छाभिसंधिप्पया,
भुत्ता दिंति कुजम्मजोणिगहणं, भोगा महावेरिणो ॥७॥

**ગાથાર્થ** :—આ મહાન્ વૈરી ભોગો કિંપાક ફળની જેમ ઉપયોગ સમયે મધુર પરંતુ પરિણામે વિરસ છે; ખરજ ખજવાળાવાની ક્રિયાની જેમ દુઃખજનક હોવા છતાં તે કાલ્પનિક સુખ આપે છે. મધ્યાન્હે મૃગ તૃષ્ણિકાની જેમ સતત મિથ્યા કલ્પના કરાવનાર વિષમ ભોગોના ઉપભોગથી અનિષ્ટ યોનિમાં જન્મ ગ્રહણ થાય છે.

**વિશેષાર્થ** :—કિંપાક ફળની શોભા રમ્ય હોય છે. નયનને તે આકર્ષે છે. મનોહર ફળ મેળવવા રસના તલપાપડ બને છે. એના આસ્વાદે માનવી લહેજત અનુભવે છે. શી એ મધુરતા!

થોડી જ વારમાં એ ફળોનો રસ દેહમાં વ્યાપ્ત બને છે. રગેરગમાં વિષ પ્રસરી જાય છે. અચેતન બનીને દેહ ઢળી પડે છે. સમજાય છે કે દેખાતો મધુર રસ મધુર ન્હોતો. કડવી તુંબડીના રસ કરતાં પણ તે વધુ કટુ હતો.

વિષયો કિંપાક ફળની ઉપમાને યોગ્ય છે. દિલને લલચાવતું રૂપ, દેહને ડોલાવતું સંગીત, મનને મુગ્ધ કરતી સુવાસ, રસનાને લહેજત અર્પતો સ્વાદ અને આત્માને એકતાન બનાવતો સ્પર્શ, છે તો મધુર અને મનોહર. ઉપજાવે છે એ અનેરો આનંદ.

બિચારો માનવી ! ક્ષણિક આનંદ મેળવતાં અનંત આનંદને તે ત્યાગે છે. શાશ્વત સુખને તે તરછોડે છે. દુઃખના ડુંગરો તે વહોરે છે. તેનો બોજો એને દાબી દે છે. મહાદુઃખના ભારે બોજાથી દબાયેલો માનવી ઘણા કાળ સુધી હતાશ બની રહે છે.

કિંપાક ફળ અને વિષયોની આ સમાનતા !

મલિન દેહને ખરજનો રોગ પીડે છે. ખરજને ખજવાળવાની અદમ્ય ઇચ્છા જાગે છે. ખજવાળતાં શાંતિ મળતી જણાય છે. થોડી જ વારમાં બળતરા વધી પડે છે. લોહી વહેવા માંડે છે. અને અસહ્ય વેદનાનો અનુભવ થાય છે. છતાં યે ખજવાળતી સમયે માનવી માને છે કે એને શાંતિ અને સુખ મળે છે.

મલિન આત્માને વિષયો રૂપી ખરજ પીડે છે. ઉપભોગ કરવાની અદમ્ય અભિલાષા ઉદ્ભવે છે, ખરજ ખણવાની ક્રિયાની જેમ તે ઉપભોગ દિલને પ્રસન્નતા અર્પે છે. પરંતુ ક્યાં સુધી ? થોડી જ વારમાં આત્મા હતાશ બની ઠરી જાય છે. એનું નૂર હણાઇ જાય છે. ઇંદ્રિયો અશક્ત બને છે. દુઃખની ગર્ત્તામાં આત્મા પટકાય છે. દીર્ઘ કાળ સુધી ત્યાં તીવ્ર વેદના તે સહે છે. છતાંયે પામર માનવી વિષયોપભોગમાં સુખ કલ્પે છે ! ધોમધખતાં તાપમાં તૃષાતુર માનવી પિપાસા છિપાવવા આમથી તેમ ભટકે છે. દૂર દૂર એને જળ દેખાય છે અને તે મેળવવા એ દોડે છે.

એની દોડ નિરર્થક જતાં વળી બીજી દિશાએ જળદર્શન થાય છે. બધું યે બળ એકત્રકરી એ દોડે છે. નથી મળતું એને જળ કે નથી છીપતી એની તૃષા. વધે છે એનો થાક અને વધે છે એની નિરાશા.

વિષયેચ્છાનો તાપ ધોમધખતા તાપ કરતાં કંઈ ગુણો તીવ્ર છે. એ તાપ દિલને જળાવે છે; દેહને રિબાવે છે. અને આત્માને પામર બનાવે છે. તપ્ત બનેલો માનવી સુખ શોધે છે. સૌંદર્ય દર્શને સુખ, પ્રાપ્ત થશે એમ માની ત્યાં દોડે છે. નથી મળતું ત્યાં સુખ. ફરી તે દોડે છે સ્પર્શની પાછળ, સુખ ત્યાં હશે તેમ કલ્પીને. ત્યાં પણ મળતું નથી સુખ. સુવર્ણ સુખદાયી છે એમ માનીને તે મેળવવા તલસે છે. પરંતુ નથી એને સૌંદર્ય સુખ અર્પતું, નથી એને સ્પર્શ સુખ અર્પતો, નથી એને લક્ષ્મી સુખ આપતી. સ્વાદ,સુવાસ અને સુગંધ સુખ નથી આપતા. સુખનો અનુભવ એને ક્યાંયે નથી.

તાપમાં ઉજ્જવળ બનેલ આકાશને જેમ ભ્રમિત બુદ્ધિથી માનવી જળ કલ્પી લ્યે છે તેમ ભ્રમિત બુદ્ધિથી માનવી વિષયોમાં સુખ કલ્પે છે. મૃગજળ શાંતિ આપવાને બદલે જેમ ઠેર ઠેર ભટકાવે છે તેમ વિષયો સુખ આપવાને બદલે માનવીને ત્રાસ આપે છે.—

વિષયોપભોગ આત્માને દુર્ગતિ તરફ ખેંચી જાય છે અને ખૂબ દુઃખ આપે છે. સાચે જ ભોગો આત્માના મહાન્ વૈરીઓ છે.

**सक्का अग्गि निवारेउं, वारिणा जलिओ वि हु ।**
**सव्वोदहिजलेणावि, कामग्गि दुन्निवारओ ॥ ८ ॥**

ગાથાર્થ :—અગ્નિ પ્રજ્વલિત હોવા છતાં પાણીથી નિવારી શકાય છે. પરંતુ સર્વે સમુદ્રોના પાણીથી પણ કામાગ્નિ દુર્નિવાર્ય છે.

વિશેષાર્થ :—પવનના સુસવાટથી પ્રજ્વલિત બનતો, અનેક મોંઘેરી વસ્તુઓને ભરખી જતો અને વિનાશનું તાણ્ડવ રચતો અગ્નિ પણ જળની શીતળતાથી ઠરી જાય છે પરંતુ પ્રેમની આગ બુઝાવી બુઝાતી નથી. દેહને તે બાળે છે. અને દિલને જળાવે છે. વિશ્વની વિમળતાને બાળીને એ ભસ્મ કરી નાંખે છે. એને ઠારવા અખિલ વિશ્વના અસંખ્ય ઉદધિનું વારિ અસમર્થ છે.

એ ઠરશે જિનવાણીના જળથી. વાસના રૂપી વસ્ત્રોને ઉતારીને જિનવાણીના જળની ઊછળતી છોળોમાં જે નહાશે તે વિષયની આગ બૂઝવશે.

**विसमिव मुहंमि महुरा, परिणाम निकाम दारुणा विरुसया ।**
**कालमणंतं भुत्ता, अज्जवि मुत्तुं न किं जुत्ता ॥ ९ ॥**

ગાથાર્થ :—પ્રારંભમાં મધુર અને પરિણામે અત્યંત

ભયંકર વિષ સમાન વિષયોનો અનંતકાળ સુધી ઉપભોગ કર્યા છતાં શું તેનો ત્યાગ હજુયે ઉચિત નથી ?

(વિશેષાર્થ :—અનાદિ કાળથી આત્મા વિષયોમાં રક્ત છે. પ્રત્યેક ભવમાં, પ્રત્યેક જીવનમાં, વાસના આત્માને વળગી છે. વાસનાનો પ્રેરાયો આત્મા વિષયોનો સતત ઉપભોગ કરે છે. ભૂતકાળની વિશાળતાની કલ્પના માનવીને સમજાવે છે કે એ વિશાળ ભૂતકાળમાં કૈંક કૈંક અનુભવો આત્માએ કર્યાં છે. એવી કોઈ ચીજ નથી કે જે આત્માએ ભુતકાળમાં મેળવી ન હોય. એવો કોઈ સંયોગ નથી કે જેમાં આત્મા ન મૂકાયો હોય. દૈવી સુખો આત્મા મેળવી ચૂકયો છે. નારકીય દુઃખો તે અનુભવી ચૂકયો છે. સમસ્ત પુદ્ગલોનું પરાવર્ત્તન આત્મા કરી ચૂકયો છે. હજુયે અધૂરૂં ભાસે છે ? કયું સુખ મેળવવાનું બાકી છે ? અનેક સુખદ અનુભવો કર્યાં પછી પ્રાપ્ત થતાં પારાવાર દુઃખોની વેદના અનંતવાર સહન કર્યા છતાં એ સુખો હજુયે તને આકર્ષે છે ? રે આત્મન્ ! હવે તો સમજ કે જ્યાં સુખ ભાસે છે ત્યાં ભયંકર દુઃખ છે.

વિષ મધુર હોય તો પણ લે તો પ્રાણ. વિષથી વધુ ભયંકર વિષયો આત્માના ભાવ પ્રાણોનો વિનાશ કરે, અનંતકાળ સુધી આત્માને રિબાવે અને તેને સત્ય દર્શનથી દૂર રાખે. વિષય ત્યાગ જેવું સારૂં કાર્ય બીજું કયું હોઈ શકે ? વિષયોની ક્ષણિક મધુરતામાં મુગ્ધ બનીને વિકટ ભય-

સ્થાનોમાં મૂકાવાનું ભયંકર જોખમ શાણો આત્મા ન વહોરે.

**विसयरसासवमत्तो, जुत्ताजुत्तं न जाणई जीवो ।**
**झूरइ कलुणं पच्छा, पत्तो नरयं महाघोरं ॥ १० ॥**

ગાથાર્થ :—વિષયરસ રૂપી મદિરાથી મત્ત બનેલો આત્મા યુકત અયુકત કશું જાણતો નથી. પરંતુ પછી મહા ઘોર નરક પામીને કરુણ રીતે ઝુરે છે.

વિશેષાર્થ :—મદ્યપાન માનવીની બુદ્ધિને કુંઠિત કરે છે. દારૂની અસરથી પીડાતો માનવી સારૂં નરસું કશું સમજી શકતો નથી. એને કશું ભાન રહેતું નથી.

વિષય રસનું પાન આત્માને એવી જ સ્થિતિમાં મૂકે છે. માનવીની બુદ્ધિ એથી કુંઠિત બને છે. મન વ્યગ્ર બને છે. ચિત્ત ડામાડોળ અને શૂન્ય બને છે. સદ્અસદ્નો વિવેક કરવાની માનવીની શકિત હણાઇ જાય છે. ભોગોમાં લીન બની તે ભાન ભૂલી જાય છે.

પરિણામ દુઃખદ આવે છે. નારકીની ઘોર યાતનાઓ સહવી પડે છે. ક્ષેત્ર વેદના, પરમાધામી કૃત વેદના અને પરસ્પરજન્ય વેદનાનું અપાર દુઃખ ભોગવવું પડે છે. કંપારી ઉપજાવતું કરુણ રુદન વેદનાને ઘટાડી શકતું નથી.

**जह निंबदुमुप्पन्नो, कीडो कडुअंपि मन्नए महुरं ।**
**तह सिद्धिसुहपरुक्खा, संसारदुहं सुहं बिंति ॥ ११ ॥**

ગાથાર્થ :—લીમડાના વૃક્ષમાં ઉત્પન્ન થયેલ કીટ

કટુ રસને પણ જેમ મધુર માને છે તેમ સિદ્ધિ સુખથી પરોક્ષ જીવો સંસાર દુઃખને સુખ માને છે.

વિશેષાર્થ :—સંસારી માનવીની સ્થિતિ લીમડાના વૃક્ષમાં ઉત્પન્ન થયેલ કીડા જેવી છે. લીમડાનો રસ કટુ હોવા છતાં તેમાં ઉત્પન્ન થયેલ કીડો કટુ રસને મધુર માની તેમાં રકત બને છે.

જેને આત્મિક આનંદની કલ્પના નથી, જેને શિવ સુખની પરવા નથી, જેને વિષય કષાય આકર્ષી રહ્યા છે તે આત્માઓની સ્થિતિ કીડા જેવી હોય છે. સંસારના અપાર દુઃખમાં દુઃખ દેખાવું તો દૂર રહ્યું પરંતુ ઉલટું તેમાં સુખની ભ્રમણા થાય છે. વિષયરસ રૂપી મદિરાના પાનનું પરિણામ એ જ હોય.

**अथिराण चंचलाण य खणमित्त सुहंकराण पावाणं ।**
**दुग्गइनिबंधणाणं विरमसु एआणग भोगाणं ॥ १२ ॥**

ગાથાર્થ :— અસ્થિર, ચંચળ, ક્ષણમાત્ર સુખદાયી, પાપી અને દુર્ગતિના કારણભૂત એવા ભોગોથી વિરમ.

વિશેષાર્થ :—સંસાર સુખ સ્થિર નથી. એનો ભરોસો નથી. વીજળી જેવી એની ચંચળતા છે. આજના સુખદ સંયોગો કાલે કયાંયે ચાલ્યા જશે. અસ્થિર સુખોમાં તું કાં સ્થિર બને ?

વિષયસુખ અલ્પજીવી છે. થોડો જ સમય એ સુખદ ભાસે છે. કટુ પરિણામ આવતાં વાર નથી લાગતી.

બાહ્ય સુખની અભિલાષા એ જ પાપ છે. એ સુખો આત્માને દુર્ગતિએ ઘસડી જાય છે. રે આત્મન્! ભયંકર ભોગોથી હવે તો વિરમ.

**पत्ता य कामभोगा, सुरेसु असुरेसु तहय मणुएसु ।**
**नय तुज्झ जीव तित्ती, जलणस्स व कट्ठनियरेण ॥ १३ ॥**

ગાથાર્થ :—ઈચ્છિત ભોગો સુરલોકમાં, અસુરલોકમાં, તેમજ મનુષ્યલોકમાં પ્રાપ્ત થયાં, છતાંય કાષ્ઠના સમૂહથી અગ્નિ તૃપ્તિ ન પામે તેમ હે જીવ! તને તૃપ્તિ ન થઈ!

વિશેષાર્થ :—અનાદિ કાલથી ભટકતા આત્માને અનેકવાર કામભોગોની પ્રાપ્તિ થઈ છે. દિવ્ય સુખનો આસ્વાદ દેવલોકમાં આત્મા કરી ચૂકયો. એ સુખની સરખામણીમાં તુચ્છ લેખાય તેવા માનવી અને તિર્યંચપ્રાયોગ્ય ભોગસુખોમાં આત્મા રકત બન્યો. વિષયસુખની અનેક વાર પ્રાપ્તિ થવા છતાં હજુ આત્મા અતૃપ્ત રહે છે, તે કેવું કમનસીબ છે!

જળતી જ્વાળામાં કાષ્ઠ નાંખવાથી જ્વાળા વધુ પ્રજ્વલિત બને. કાષ્ઠ નંખાતું જાય અને વરુણદેવ તૃપ્ત થવાને બદલે વધુ અને વધુ વિકરાળ બનતાં જાય. આત્મદેવ પણ ભોગોથી તૃપ્ત થવાને બદલે તેની પ્રાપ્તિથી વધુ અને વધુ ઉશ્કેરાટ અનુભવે છે.

ઉશ્કેરાટમાં સુખ ન હોઈ શકે. સુખ સંતોષમાં છે.

વિષયથી જો તૃપ્તિ નથી અનુભવાતી તો એ સુખદ શી રીતે હોઈ શકે? સુખની માન્યતા એ ભ્રમણા છે.

**जहाय किंपागफला मणोरमा, रसेण वन्नेण य भुंजमाणा**
**ते खुड्डए जीविय पच्चमाणा, एओवमा कामगुणा विवागे ॥१४॥**

ગાથાર્થ:— જેમ કિંપાક ફળો રસે, રંગે અને ઉપભોગે મનોરમ હોવા છતાં પાચન પછી જીવિતનો ક્ષય કરે છે તેમ આત્મનાશમાં પરિણમતાં કામગુણો કિંપાક ફળની ઉપમાને યોગ્ય છે.

**વિશેષાર્થ :**—સૌંદર્ય આંખને આકર્ષે છે. સુગંધ દિલને લલચાવે છે. સંગીત મનને મુગ્ધ કરે છે. સ્વાદ રસનાને લોલુપ બનાવે છે. સ્પર્શસુખ આત્માને લયલીન બનાવે છે. એ બધુંયે મધુરું અને મનોરમ ભાસે છે. પરંતુ તેનું કટુ પરિણામ અનુભવતા વાર નથી લાગતી.

માનવીની દૃષ્ટિ ક્ષણિકસુખ પ્રત્યે છે. પરિણામ પ્રત્યે નથી. બિલ્લી દૂધ દેખે છે, ડાંગ નહિ. તેમ માનવી વિષય સુખોની દેખાતી મધુરતામાં લલચાય છે. ભોગવવા પડતાં દુઃખદ વિપાકો સમક્ષ માનવી દૃષ્ટિ નથી પહોંચાડતો. તેની બુદ્ધિ ખૂબ હોવા છતાં, ભૌતિક સુખની બાબતમાં તે બિલ્લીની જેમ ટુંકી બની ગઈ છે.

કિંપાક ફળોની મધુરતા દેખાવ પૂરતી છે. તેનું પાચન થતાં જ જીવનનો અંત આવે છે. તેમ કામભોગો રમ્ય ભાસે છે પરંતુ એનો આસ્વાદ આત્માનો સત્યાનાશ આણે છે.

सव्वं विलविअं गीअं, सव्वं नट्टं विडंबणा।
सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा ॥ १५ ॥

ગાથાર્થ :—બધું યે ગીત વિલાપ છે; બધું યે નાટક વિટંબણા છે; અલંકારો બધા ભારરૂપ છે અને વિષયો સર્વે દુ:ખદ છે.

વિશેષાર્થ :—ગીત માત્ર જ્યારે આત્માને વિલાપ રૂપ ભાસે, નૃત્ય વિટંબણા રૂપ જણાય, આભરણો ભાર રૂપ ભાસે અને વિષયો દુઃખદાયી લાગે, ત્યારે આત્મા અપૂર્વ ઉચ્ચ સ્થિતિએ વિરાજી રહ્યો હોય. જગતનું બધું યે સુખ એને તૃણવત્ જણાય. સુરનર સુખને દુઃખ કરી લેખનાર સમ્યગ્દષ્ટિ આત્માની ઉચ્ચ કક્ષાએ તે પહોંચી ચૂકયો હોય. સંગીત એનું દિલ ન ડોલાવે. નૃત્ય એને મંત્રમુગ્ધ ન કરે. અલંકારો એને ન આકર્ષે. વિષયો એને ન ખેંચે.

એ ઉચ્ચતાને પ્રાપ્ત કરવા મથીએ.

देविंदचक्कवट्टित्तणाइ, रज्जाइ उत्तमा भोगा।
पत्ता अणंत खुत्तो, न य हं तत्तिं गओ तेहिं ॥ १६ ॥

ગાથાર્થ:—ઐશ્વર્યયુક્ત દેવપણું તથા સાર્વભૌમત્વ અને રાજ્ય વિગેરે ઉત્તમ ભોગસુખો અનંતવાર પ્રાપ્ત થયા તો પણ હું એથી તૃપ્ત ન થયો.

વિશેષાર્થ :—ઇંદ્રનું ઐશ્વર્ય અને ચક્રવર્ત્તીની ઋદ્ધિ ઓછીવાર પ્રાપ્ત નથી થઇ.રાજસત્તા અને રાજસુખ અનેકવાર અનુભવ્યું. ઉત્તમ ભોગસુખોમાં ખૂબ મ્હાલ્યો. છતાંયે એની ઈચ્છા રહ્યા જ કરે છે. જ્યાં ઇચ્છા છે ત્યાં દુઃખ છે,

અતૃપ્તિ છે ત્યાં આનંદનો અભાવ છે. દૈવી સુખો અનંતવાર ભોગવ્યાં છતાં જો હજુ યે અતૃપ્તિનું દુઃખ ઊભું જ છે તો 'એ સુખોમાં શું બળ્યું છે?' એ જાતની વિચારણા કેમ નથી થતી? રે આત્મન્! હવે તો સમજ.

संसारचक्कवाले, सव्वेविअ पुग्गला मए बहुसो ।
आहरिआय परिणामिआय, न य तेसु तित्तोऽहं ॥ १७ ॥

ગાથાર્થ :—સંસાર ચક્રવાલમાં સર્વ પુદ્ગલો બહુવાર મેં આહાર રૂપે ગ્રહણ કર્યાં અને પરિણમાવ્યા. પરંતુ તેમાં હું તૃપ્ત ન થયો.

વિશેષાર્થ :—જ્યાં સુધી આત્મા અદેહી નથી બનતો, જ્યાં સુધી જીવન્મુક્ત દશા નથી અનુભવતો, જ્યાં સુધી જ્યોતિરમાને નથી વરતો ત્યાં સુધી ઘાંચીના બેલ જેવી તેની સ્થિતિ હોય છે.

ભૂતકાળ સમક્ષ દૃષ્ટિ કરીશું તો તે અસીમ, અગાધ અને અનંત જણાશે. જગત ક્યારે નહોતું? જેવું વિશાળ વિશ્વ આજે છે એવું જ ગઈ કાલે હતું. વર્ષો પહેલા, યુગો પહેલાં તે એટલું જ વિશાળ હતું. સચરાચર જગતને માનવો અને દેવો યુગો પહેલા પણ શોભાવી રહ્યા હતા. પશુઓ, પક્ષીઓ, જંતુઓ, નારકો વિગેરે વિશ્વની વિચિત્રતાઓના અંશો તે સમયે પણ હતા. પૃથ્વી અને પાણી, વરુણ, વાત અને વનસ્પતિ, વિશ્વમાં ક્યારે નહોતાં?

માનવકલ્પનાની વિશાળતામાં વિશ્વના ભૂતકાળની વિશાળતા સમાય છે. જગત અનુપમ છે. નથી એની કોઈ

આદિ અને નથી એનો કદી અંત. સદાકાળ એ હતું અને સદાકાળ એ રહેશે. જગતમાંની પ્રત્યેક વસ્તુઓ સનાતન છે. બધું યે છે, છે અને છે. જગત આખું યે છે, છે અને છે.

જગતકર્ત્તાની કલ્પના કોઇ સંકુચિત માનવબુદ્ધિએ કરી. અખિલ વિશ્વનું અનાદિ અસ્તિત્વ કોઇ માનવની મર્યાદિત બુદ્ધિમાં ન ઉતર્યું. દશ્ય વસ્તુઓની આદિ એની બુદ્ધિએ નિહાળી, તેનો અંત એના ચર્મચક્ષુએ જોયો. અને માનવે કલ્પના કરી કે જગત સાદ્યંત છે.

એણે જોયું છે કે જ્યાં આદિ છે ત્યાં કોઈની કૃતિ છે. 'જગતની જો આદિ છે તો તે પણ કોઈની કૃતિ હોય જ,' એ બુદ્ધિએ જગત્કર્ત્તાની કલ્પના કરી.

એ બુદ્ધિ તર્કવિહોણી હતી. જગત્કર્ત્તા આદિ છે કે અનાદિ એ જોવાની એણે દરકાર ન કરી. જગત્‌ની આદિ સિદ્ધ કરતાં જગન્નિયંતાની અનાદિતા આવીને ઉભી રહી. અનાદિતા તો એ બુદ્ધિને પણ સ્વીકાર્યા વિના ન ચાલ્યું.

દશ્યમાન વસ્તુની આદિ અને અંત જોવામાં પણ એ બુદ્ધિએ થાપ ખાધી. જ્યાં વસ્તુની આદિ જોઈ ત્યાં વસ્તુની આદિ નહોતી. જ્યાં વસ્તુનો અંત જોયો ત્યાં તેનો અંત નહોતો. આદિ હતી માત્ર વસ્તુના સ્વરૂપની. અંત હતો માત્ર વસ્તુના સ્વરૂપનો. મેઘ વરસ્યો અને જલની આદિ એ બુદ્ધિએ કલ્પી. પાણી સૂકાયું અને એનો અંત કલ્પ્યો. એ બુદ્ધિ ન જોઇ શકી કે જે પાણીના પરમાણુઓ આકાશમાં

હતા તેણે જ પાણીનો આકાર ધારણ કર્યો. તે જ પરમાણુઓ પાણી સૂકાવાની સાથે વરાળ રૂપે બન્યા. પરમાણુઓ હતા અને રહ્યા. બાહ્ય સ્વરૂપ બદલાયા કર્યું. માનવીની પરિમિત બુદ્ધિ તે ન સમજી શકી. એથી તેણે વસ્તુના આદિ અને અંત સ્વીકાર્યા. પરિણામે વિશ્વકર્ત્તાની કલ્પના ઊભી થઇ. જે અનાદિતાને ટાળવા વિશ્વકર્તૃત્વની માન્યતા ઉદ્ભવી તે જ અનાદિતા જગત્કર્તૃત્વની માન્યતામાં આવીને ઉભી રહી. ધારણા ધૂળમાં મળી.

કયો એવો સમય હશે કે જ્યારે દિવસ અને રાત્રિ નહિ હોય? કયો એવો સમય હશે કે જ્યારે પ્રભાત અને સંધ્યા નહિ હોય? કયો એવો સમય હશે કે જ્યારે 'સમય' નહિ હોય? ક્યારેય કાળ નહોતો એમ કેમ કલ્પી શકાય? કાળ સદાકાળ હતો એમ એક જ ઉત્તર મળે છે. કાળ સદા હતો અને રહેશે. આત્મા અને પુદ્ગલ સદા હતા અને સદા રહેશે. પરિવર્તન થયા કરે છે, કાળના બાહ્ય સ્વરૂપનું, આત્માના બાહ્ય સ્વરૂપનું અને પુદ્ગલના બાહ્ય સ્વરૂપનું.

કયારેક પ્રગતિનો કાળ હોય છે અને કયારેક અધોગતિનો. કયારેક સુખદ સમય હોય છે અને કયારેક દુઃખદ. કાળનું એ પરિવર્તન પણ નિયમાધીન છે. જૈન દષ્ટિએ કેટલાક ક્ષેત્રોમાં સર્વદા કાળ એક સ્વરૂપે હોય છે.

ભરતક્ષેત્રમાં કાળનું પરિવર્તન ક્રમપૂર્વક થાય છે. ગાડાંના ચક્ર જેવી એની ગતિ છે. એથી જ ચક્રની સાથે કાળની સરખામણી થાય છે અને અમુક સમયને કાળચક્ર કહેવાય છે.

જે કાળમાં દરેક ક્ષેત્રોમાં ક્રમશઃ પ્રગતિ સધાય છે તે કાળ ઉત્સર્પિણી તરીકે લેખાય છે. જે કાળમાં ક્રમશઃ અધોગતિ થતી આવે છે તેને અવસર્પિણી કાળ કહેવામાં આવે છે. પ્રગતિની દૃષ્ટિએ ઉત્સર્પિણી તથા અવસર્પિણી, બંને કાળના છ ભેદ છે. શાસ્ત્રીય પરિભાષામાં તેને છ આરા તરીકે ઓળખવામાં આવે છે. એક ઉત્સર્પિણી તથા એક અવસર્પિણી મળીને એક કાળચક્ર બને છે. એવા અનંત કાળચક્રમાંથી આ જગત પસાર થયું છે અને થશે.

અનંતકાળથી સંસારી આત્માનું જગતનું પરિભ્રમણ ચાલુ છે. વિધવિધ સ્વરૂપો કરીને, વિધવિધ પુદ્ગલોને ગ્રહણ કરીને, વિશ્વમાં આત્મા વિહરી રહ્યો છે.

વિહરણ શરૂ થયા પહેલાનું આત્માનું સ્થાન સૂક્ષ્મનિગોદ છે. લોકાકાશમાં તે પ્રસરેલું છે. ત્યાં અનંત આત્માઓ એક જ દેહમાં રહીને દુઃખમાં રિબાય છે. વેદનાની તીવ્રતા એટલી છે કે નારકીની વેદના નજીવી ગણાય. આવું તીવ્ર દુઃખ હોય ત્યાં ભાન તો ક્યાંથી જ હોય? મૂળ સ્થાનમાં આત્માનું જ્ઞાન આવરિત હોય છે. પરિણામે વેદના તીવ્ર હોવા છતાં વ્યક્ત રીતે તે અનુભવાતી નથી. અવ્યક્ત રીતે તીવ્ર વેદના અનુભવતાં આત્મા અનંતાનંત વર્ષો વીતાવે છે.

ક્યારેક સદ્ભાગ્ય જાગે છે અને કોઈ આત્મા સૂક્ષ્મ નિગોદમાંથી બહાર સંચરણ કરે છે. નિયમ એવો છે કે જે સમયે એક આત્મા સિદ્ધિ સ્થાન પ્રાપ્ત કરે તે સમયે એક આત્મા

સૂક્ષ્મ નિગોદની વેદનામાંથી મુક્ત થઈને તેનું પરિભ્રમણ શરુ કરે. ધન્ય છે સિદ્ધના આત્માઓને કે જેઓ છેલ્લે છેલ્લે શિવ-મંદિરમાં જતાં જતાં પણ એક આત્માને અપાર વેદનામાંથી ઉગારે છે !

ચેતનની મુસાફરી ત્યારથી શરુ થાય છે. સૂક્ષ્મ નિગોદનું સ્થાન છોડીને એ બાદર નિગોદમાં આવે છે. ત્યાં પણ અનંત આત્માઓને રહેવા માટે માત્ર એક જ દેહ મળે છે. દુઃખ અપાર અને અવ્યક્ત છે. બાદર નિગોદ ચર્મચક્ષુથી નિહાળી શકાય છે. અનંત આત્માઓને રહેવાને માત્ર એક જ કાયા હોવાથી બાદર નિગોદને અનંત કાય પણ કહેવાય છે. તે સ્થિતિમાં જીવ અનંતકાળ સુધી ફરે છે. અનેક રૂપો બદલે છે અને અનેક પરાવર્તનો કરે છે.

એમ અનંતકાળ વીત્યે જીવ એ સ્થાનથી સહેજ આગળ આવે છે. પ્રત્યેક વનસ્પતિકાયમાં આવીને એ રહે છે. ફળમાં અને ફુલમાં, મૂળમાં અને પત્રમાં, શાખામાં અને થડમાં આત્મા આશ્રય લે છે. એક આત્માને રહેવાને એક અલગ દેહ મળે છે. કયારેક કમળમાં તો કયારેક ગુલાબમાં, કયારેક આમ્રફળમાં તો કયારેક લીંબુમાં, કયારેક પરવરમાં તો કયારેક કારેલામાં એમ અનેક સ્થનોમાં આત્મા વસે છે. એક આશ્રય સ્થાનનો વધીને દશ હજાર વર્ષો સુધી આત્મા ઉપયોગ કરી શકે છે. ઇંદ્રિય માત્ર સ્પર્શના જ હોય છે. પ્રત્યેક વનસ્પતિ કાયમાં અસંખ્યકાળ સુધી અવ્યક્ત વેદના અનુભવે છે.

અસંખ્યકાળ વીત્યે દેહનું સ્વરૂપ બદલાય છે. માટીને આત્મા દેહ બનાવે છે. એ દેહમાં પણ અનેક રૂપો કરે છે. ઘડીમાં હીરાને દેહ બનાવે છે તો ઘડીમાં પત્થરને. ઘડીમાં સુવર્ણને દેહ બનાવે છે તો ઘડીમાં પિત્તળને; ઘડીમાં અબરખને તો ઘડીમાં માટીને. ચર્મ ચક્ષુથી જે ન નિહાળી શકાય, જેનો કોઈ નાશ ન કરી શકે, અગ્નિ જેને બાળે નહિ, શસ્ત્રો જેને કાપે નહિ, પાણી જેને ડૂબાડે નહિ, ઝેર જેને મારે નહિ, પર્વતો જેને માર્ગ આપે, લોખંડની દીવાલો જેને આડે ન આવે, એવા અજેય સૂક્ષ્મ દેહમાં પણ આત્મા કયારેક વસે. ત્યાં પણ વેદના પુષ્કળ. સૂક્ષ્મ દેહ હોય કે બાદર દેહ, માટીના એક દેહમાં બાવીશ હજાર વર્ષ આત્મા રહી શકે. પૃથ્વિ રૂપ શરીરના અનેક સ્વરૂપો કરતો આત્મા અસંખ્ય કાળ પસાર કરે અને અપાર વેદનાને સહે.

ત્યાંનો વસવાટ પૂરો થાય છે અને આવે છે એ અપ્કાયમાં. જળ કે જળનો પિંડ એજ તે જીવનો દેહ. હિમ, કરા, વાદળાં, ઝાકળ વગેરે શરીરોમાં એ જીવને વસવાનું સ્થાન. કયારેક બાદર દેહે તો કયારેક સૂક્ષ્મ દેહે અસંખ્ય વર્ષો સુધી અવ્યક્ત વેદના જીવ વેઠે. વધીને સાત હજાર વર્ષની લાંબી વય વીતાવવાની હોય.

અપ્કાયમાં યુગો વીતાવીને, અગ્નિકાયમાં આત્મા આવે છે. અનેકને એ જળાવે છે, અનેકને એ પોષણ આપે છે અને અનેકને ગતિ આપે છે. અંગારા અને આગીયા,

જ્વાળા અને વીજળી વિગેરે અગ્નિકાયના જીવો છે. અગ્નિનો દેહ સૂક્ષ્મ અથવા બાદર હોય છે. એક દેહમાં વધીને ત્રણ અહોરાત્રિ સુધી આત્મા દુઃખ સહન કરે છે. ફરી બીજા અગ્નિ દેહને ધારણ કરે છે. એ ક્રમ ચાલે છે અસંખ્ય વર્ષો સુધી.

ત્યાંથી છૂટીને જીવ આવે છે વાયુને આશ્રયે. ઉદ્‌ભ્રામક વાયુ અને ઉત્કલિક વાયુ. મંડલીક વાયુ અને ગુંજારવ વાયુ. ઘનવાત અને તનવાત વિગેરેમાં તે વસે છે. ઝડપથી તે ગતિ કરે છે. ગતિની તીવ્રતા સમયે પર્વતોને તે ડોલાવે છે. પ્રલયકાળને જાણે કે નજીક લાવે છે. સૂક્ષ્મ કે બાદર. એક દેહમાં વધીને ત્રણ હજાર વર્ષો સુધી રહેવાનું હોય છે. તીવ્ર અવ્યક્ત વેદનામાં અસંખ્ય વર્ષો આત્મા ગાળે છે.

સૂક્ષ્મ નિગોદમાંથી નીકળ્યાને અનંતકાળ વહી ગયો. સુંદર ભવિતવ્યતાના યોગે વધુ પ્રગતિ હવે સધાય છે.આત્મા ભાનમાં આવે છે જ્ઞાન, સમજણ અને અનુભવ વધે છે. દુઃખનો એ વ્યક્ત રીતે અનુભવ કરે છે. એથી ત્રાસીને તે નાસે છે. સુખ દેખાય ત્યાં જાય છે. સ્થિર દેહની મુસાફરી પૂરી કરી ત્રસ દેહમાં તે આવે છે. ઈચ્છાશકિત મળવાથી ઈચ્છાપૂર્વક ગતિ કરે છે.

ત્રસ દેહમાં કેટલોક સમય બે ઇંદ્રિય સહિત, કેટલોક સમય ત્રણ ઇંદ્રિયો સહિત, કેટલોક સમય ચાર ઇંદ્રિયો સહિત અને કેટલોક સમય પાંચ ઇંદ્રિયો સહિત આત્મા ભ્રમણ કર્યા કરે છે.

ઉપરોક્ત સ્વરૂપોમાં અનિયત ક્રમથી આત્માનું પર્યટન અનાદિ કાળથી ચાલુ છે. વિશ્રાંતિ કદી તેને મળી નથી. અવિરત મુસાફરી આત્માને અનંત રિબામણનો અનુભવ કરાવે છે. સુખ શોધ્યું જડતું નથી. પર પુદ્‌ગલો સુખાભાસ માત્ર આપે છે અનંત પુદ્‌ગલોનું ગ્રહણ અને પરિણમન આત્માને સુખ નથી આપી શકતું.

પરિભ્રમણથી કંટાળી સદાકાળની વિશ્રાંતિ જે અભિલષે તે વિશ્રાંતિ જરૂર મેળવે. ઇંદ્રિય પરાજય કરનાર પર્યટનનો અંત આણી શાશ્વત કાળનું વિશ્રાંતિ સુખ પ્રાપ્ત કરે.

**उवलेवो होइ भोगेसु, अभोगी नोवलिप्पइ ।**
**भोगी भमइ संसारे, अभोगी विप्पमुच्चइ ॥१८॥**

**ગાથાર્થ**:—ભોગ સુખોમાં લિપ્તતા હોય છે, જ્યારે અભોગી અલિપ્ત હોય છે. ભોગી સંસારમાં પરિભ્રમણ કરે છે અને અભોગી તેથી મુક્ત બને છે.

**વિશેષાર્થ**:— અપાર સંસારની અગાધ અટવીમાં પરિભ્રમણનું મુખ્ય કારણ માયા છે. મમત્વનો પ્રેરાયો પ્રાણી અનેક સંબંધો યોજે છે. એ સંબંધો એક યા બીજા સ્વરૂપે આત્માને પરિભ્રમણ કાળમાં સતાવે છે. બંધાયેલા સંબંધો વાસના મૂકતા જાય છે. ફરી એ સંબંધો સંધાય છે અને વાસના જાગ્રત થાય છે. આ પ્રમાણે ક્રમ ચાલ્યો જ જાય છે. વાસનાને જ્યારે દૂર ઠેલાય અને માયાને

જ્યારે કોરે મૂકાય ત્યારે સંબંધોનો અંત આવે. સંબંધોના અંતની સાથે સંસારછેદ સુલભ બને છે.

વાસનાને વશ કરનાર અને માયાને વેગળી મૂકનાર આત્મા સંસારસુખોથી અલિપ્ત રહી શકે છે. સંસારસુખોમાં ઉત્તમ આત્મા ભીનો ન બને તે ભીનો બને આત્મસુખના આસ્વાદમાં, વિશ્વ કારુણ્યમાં અને પરમાત્મભક્તિમાં. એ ભીનાશ સંસાર ચક્રવાલનો અંત આણે છે. જ્યારે ભોગસુખોની ભીનાશ ભ્રમણ લંબાવે છે.

अल्लो सुक्को य दो छूढा गोलया मट्टिआमया ।
दोवि आवडिआ कूडे, जो अल्लो तत्थ लग्गइ ॥ १९ ॥
एवं लग्गंति दुम्मेहा, जे नरा कामलालसा ।
विरत्ता उ न लग्गंति, जहा सुक्के अ गोलए ॥ २० ॥

**ગાથાર્થ**:—માટીના બે પિંડ, એક ભીનો અને એક સૂકો, ભીંત સાથે જ્યારે અફાળવામાં આવે ત્યારે માત્ર ભીનો પિંડ ભીંત સાથે ચોંટી જાય છે. તે જ રીતે દુર્બુદ્ધિ અને વિષય લાલચુ મનુષ્યો લિપ્ત બને છે જ્યારે વિરાગી આત્માઓ અલિપ્ત રહે છે.

**વિશેષાર્થ**:—ભીની માટીનો પિંડ ભીંત સાથે ચોંટી જવામાં ભીનાશ કારણ છે. માટીના પિંડમાંથી ભીનાશ દૂર કરવામાં આવે તો ભીંત સાથે અફળાઈને તે પાછો

પડશે. એ જ રીતે સંસારની સુખદ સામગ્રીમાં આત્મા અફળાય ત્યારે જો એ વાસના વિહોણો હોય, મમત્વ રહિત હોય,તો એ ત્યાંથી પાછો પડે. સુખદ સામગ્રીઓનો સંયોગ એને સતાવે નહિ, એને રક્ત બનાવે નહિ. પાર્થિવ સુખો એને ન આકર્ષે. પરંતુ જે આત્મા મમત્વ અને માયાની ભીનાશથી, વાસના અને રાગની ચીકાશથી યુક્ત છે તે આત્મા સુખદ સામગ્રીઓમાં ચોંટી જાય છે અને તેમાં એકમેક બની જાય છે. ત્યાંથી છૂટવાનો તેને વિચાર આવતો નથી. સુખદ સંયોગનો ત્યાગ કરવાનો બોધ એને વિટંબણા રૂપ ભાસે છે. પાપોદયે તે સામગ્રીઓ છૂટે તો પણ તેનું દિલ ત્યાંથી ખસતું નથી. વિષયનો તે લાલચુ બની જાય છે. અનંત શક્તિશાળી આત્મા દીન અને અનાથ બની જાય છે. એની બુદ્ધિ બહેર મારી જાય છે. એને એટલું યે ભાન નથી રહેતું કે જે સંયોગો એને આકર્ષે છે અને જે સંબંધો એને ખેંચે છે તે જ સંયોગો અને સંબંધો તેનું સત્યાનાશ આણવા સર્જાયા છે. બુદ્ધિનો નિધાન માનવી શૂન્ય મનસ્ક અને વિવેકહીન બની જાય છે. સુખદ સામગ્રીની શોધમાં એના મનને એ બહેકાવી મૂકે છે. વિષય લાલસા માનવીને સાચે જ દુર્બુદ્ધિ બનાવે છે.

तण कट्ठे हि व अग्गी, लवण समुद्दो नईसहस्सेहिं।
न इमो जीवो सक्को, तिप्पेउं कामभोगेहिं ॥ २१ ॥

ગાથાર્થ :— જેમ તૃણ અને કાષ્ઠથી અગ્નિ

અને હજારો નદીઓથી લવણુ સમુદ્ર તેમ કામભોગોથી આ આત્મ તૃપ્ત ન જ થઇ શકે.

**વિશેષાર્થ**:—અગ્નિને તૃણુ અને કાષ્ઠ પ્રજ્વલિત બનાવે. તેને શાંત કરવા માટે જળ જોઇએ સ્નેહની આગમાં જલતા જીવને સુખના સાધનો શાંતિ ન આપે. ઊલટું તે વધુ અને વધુ જલાવે. કામાગ્નિ વિષય સાધનોની સહાયથી માનવીને વધુ વધુ બાળે. જેને એ આગ ઠારવી છે અને દેહ અને આત્માને પ્રશાંત બનાવવા છે તેને વિષય સુખોનો ત્યાગ કર્યે જ છૂટકો. સંયમ આત્માને ઠારશે. વિરાગ આત્માને પ્રસન્નતા આપશે. ત્યાગ આત્માને આનંદ આપશે.

સહસ્ર સરિતાઓ લવણુ સમુદ્રને સંતોષી શકતી નથી. અનેક સરિતાઓ સાગરની સાથે એકમેક બની જાય છે. પોતાની જાતને વિશાળકાય ઉદધિમાં સમાવી દે છે. પોતાના સ્વતંત્ર વ્યક્તિત્વને ભૂસી નાંખે છે. છતાંયે લંપટ લવણુ સમુદ્ર તૃપ્ત નથી થતો. એને તો જોઇએ છીએ રોજ નવી નવી નદીઓ સાથે આલિંગન.

સરિતાથી સાગર તૃપ્ત ન થાય તેમ સુખોથી જીવ તૃપ્ત ન થાય. સુખોપભોગ સાથે સુખની તૃષ્ણા વધતી ચાલે. તૃષ્ણા છે ત્યાં સુધી સાચું સુખ નથી; સાચી શાંતિ નથી. અતૃપ્ત આત્મા અનેક સુખોમાં મ્હાલતાં છતાં દુઃખી છે. જે તેની પાસે છે તેથી વધુ સારૂં મેળવવાની ઈચ્છા તેને દુઃખી

બનાવે છે. સુખ છે અભિલાષાના અભાવમાં. ચિત્તની અનેરી પ્રસન્નતા નિરીહ આત્મા જ અનુભવી શકે. સંયોગોમાં સુખ નથી તેમ સમજનાર આત્મા નિરીહ બની શકે. સંયોગોના ત્યાગથી, સંબંધોના ત્યાગથી, ઇંદ્રિય દમનથી અને સંયમથી આત્મા તૃપ્તિ અનુભવશે. પછી એને સ્નેહની જ્વાળા નહિ બાળે; વાસનાની આગ નહિ દઝાડે; ભૌતિક સુખો નહિ આકર્ષે.

**भुत्तूण वि भोगसुहं, सुरनरखयरेसु पुण पमाएणं ।**
**पिज्जइ नरएसु भेरव, कलकलतउतंबपाणाइं ॥२२॥**

**ગાથાર્થ** :—સુરલોકમાં, નરલોકમાં અને વિદ્યાધરોના સ્થાનમાં ભોગ સુખનો અનુભવ કરીને પણ ફરી પ્રમાદને પરિણામે પ્રાણી ભયંકર નરકને વિષે ઉકળતા સીસાના અને ત્રાંબાના રસનું પાન કરે છે.

**વિશેષાર્થ** :— સુખના આસ્વાદ સમયે માનવી માને છે કે જે સુખ તે ભોગવી રહ્યો છે તે શાશ્વત છે. સદાકાળ તેને માટે સુખદ અવસ્થા સર્જાઈ હોય તે જાતનું તેનું વર્તન જણાય છે. સુખમાં ભાનભૂલો બનેલો માનવી ભૂલી જાય છે કે તેને આકર્ષી રહેલું સુખ ચપળ છે; આંખના પલકારામાં વિલીન થઈ જાય તેવું છે. વિવેક ભૂલવાથી માનવી મત્ત બને છે. સુખનો નશો ઉતરે છે અને પોતાની જાતને ગર્ત્તામાં ડૂબેલી તથા દુઃખથી ઘેરાયલ તે જૂએ છે.

દેવલોકનાં દિવ્ય સુખો, વિદ્યાધરોના રમ્ય અને મનોહર

વિલાસો, પુષ્પ શય્યામાં વિરાજતા અને સાગરની લહરીઓમાં ઝૂલતા માનવીઓનાં સુખો એક દિવસ અદૃશ્ય બનશે. દિવ્ય સુખોમાં મ્હાલનારા તે દેવો, ચિત્તહર વિલાસોમાં રમતા તે વિદ્યાધરો, ગગનચુંબી પ્રાસાદોમાં મીઠી લહેર અનુભવનાર તે માનવો ભયંકર નારકીય દુઃખોની વેદના પામશે ત્યારે તેમનું શું થશે? અમૃતપાન કરનાર આત્માઓ ઉકળતું સીસું અને ઉકળતું ત્રાંબુ શી રીતે પીશે? એમની અકથ્ય વેદનાનું વર્ણન શી રીતે થઇ શકે?

**को लोहेण न निहिओ, कस्स न रमणीहिं भोलिअं हिअयं।**
**को मच्चुणा न गहिओ, को गिध्धा नेव विसएहिं ॥ २३ ॥**

**ગાથાર્થ**:—લોભથી કોણ નથી હણાયું? રમણીએ કોનું હૃદય નથી ભોળવ્યું? મૃત્યુથી કોણ અગૃહિત રહી શક્યું છે? વિષય સુખોમાં કોણ લુબ્ધ નથી બન્યું?

**વિશેષાર્થ**:— ઉચ્ચ શિખરેથી આત્માને પટકવા મોહરાજાએ માયા રચી. સુંદર વસ્તુઓ મેળવવા માનવીને લલચાવ્યો. નારીસૌંદર્યથી માનવીનું દિલ પીગળી નાંખ્યું. વિષયસુખોમાં આત્માને ભાનભૂલો બનાવ્યો. સમગ્ર માનવજાત મોહસૈન્યથી ઘેરાઇ ગઇ અને મોહરાજાની ગુલામ બની. એનું સ્વતંત્ર વ્યક્તિત્વ એ ભૂલી ગઈ. મોહ નચાવે તેમ એ નાચવા મંડી. એના ચાલુ નૃત્યમાં, મોહ-

દત્ત માયાવી સુખ કાળ રાજાએ ખેંચી લીધું. મોહની માયાથી અને કાળની કરાળતાથી કોણ બચી શક્યું છે? કો'ક વિરલ યોદ્ધો કર્મરાજાના પ્રબળ સૈન્ય સામે ટકી શકે. પામર માનવીનું શુ ગજું?

खणमित्तसुक्खा बहुकालदुक्खा, पगामदुक्खा अनिकामसुक्खा ।
संसारमुक्खस्स विपक्खभूआ, खाणी अणत्थाण उ कामभोगा ॥ २४ ॥

**ગાથાર્થ:—** કામભોગો ક્ષણમાત્ર સુખદ અને દીર્ઘકાળ દુઃખદ છે. એ અત્યંત દુઃખદાયી અને અલ્પ સુખદાયી છે. સંસારથી મુક્તિમાં તે વિપક્ષભૂત છે તથા અનર્થોની ખાણ રૂપ છે.

**વિશેષાર્થ:—** અલ્પ અને ક્ષણિક વિષયસુખને પરિણામે આવતું દુઃખ અત્યંત અને દીર્ઘકાલીન છે. વિષયોથી મળતું સુખ આભાસ માત્ર છે. તેથી આવતું દુઃખ એ એક વેદનાભરી હકીકત છે. મધુબિંદુના પાનથી આવતું અસહ્ય દુઃખ નજર સમક્ષ રાખીએ. અસિધારા ઉપર ચોપડેલ મધ ચાટતાં તે ધારની તીક્ષ્ણતા ન ભૂલીએ. અપાર અટવીમાં રઝળાવતા વિષયસુખોથી ન આકર્ષાઈએ. અનંતસુખથી આત્માને વંચિત રાખતા ભોગસુખોથી ન ભરમાઈએ. સમજીએ કે તે સુખોનો ભોગવટો અનર્થની પરંપરા આણે છે. સમજીએ કે પાર્થિવ સુખો, અનિષ્ટોની,

ખૂટે નહિ તેવી ખાણ છે. સમજીએ કે આત્માને ઉંડી ગર્ત્તામાં ફેંકી દે તેવાં એ સુખો છે.

सव्वगहाणं पभवो महागहो सव्व दोसपायट्टी ।
कामग्गहो दुरप्पा, जेणभिभूअं जगं सव्वं ॥ २५ ॥

ગાથાર્થ:-સર્વ ગ્રહોનો ઉત્પાદક અને સર્વ દોષોનો પ્રકાશક મહાન ગ્રહ રૂપ કામગ્રહ દુરાત્મા છે કે જેનાથી સમગ્ર વિશ્વ દબાયું છે.

વિશેષાર્થ:—પ્રચલિત માન્યતા છે કે ગ્રહ માણસને પીડે છે ત્યારે માણસ દુ:ખી દુ:ખી થઇ જાય છે. ભિન્ન ભિન્ન ગ્રહો ભિન્ન ભિન્ન રીતે માણસને પીડે છે. ખરું જોતાં પીડા આપતા તે બધા ગ્રહોનો ઉત્પાદક કામરૂપી ગ્રહ છે. જેને કામગ્રહ નથી પકડી શકતો તેને કોઇ ગ્રહો પીડા નથી આપી શકતા.

અન્ય ગ્રહોની પકડ અમુક અમુક આત્માઓ ઉપર જ હોય છે. જ્યારે કામગ્રહ એવો દુરાત્મા છે કે તે કોઈને છોડતો નથી. ત્યાગી, વિરાગી અને યોગીઓને પણ કંઈકવાર તે પટકી નાંખે છે.

કામગ્રહની અસર થતાં વેંત જ આત્મ ગુણો સંતાઈ જાય છે અને દોષો પ્રગટ તરી આવે છે. માટે તે ગ્રહથી સદાકાળ સાવધ રહેવાનું છે.

जह कच्छुल्लो कच्छुं, कंडुअमाणो दुहं मुणइ सुक्खं ।
मोहाउरा मणुस्सा तह कामदुहं सुहं बिंति ॥ २६ ॥

ગાથાર્થ:—ખરજ રોગથી ગ્રસિત જેમ ખરજને ખણતી સમયે દુઃખને સુખરૂપ માને છે, તેમ મોહાતુર મનુષ્યો કામદુઃખને સુખ કહે છે.

વિશેષાર્થ:—ઈચ્છા માત્ર દુઃખ છે. ઈચ્છાની જેમ તીવ્રતા તેમ દુઃખની તીવ્રતા. વિષયેચ્છા ખૂબ તીવ્ર હોય છે તેથી તેમાં ખૂબ દુઃખ સમાયું છે. વિરહજ્વાળામાં બળતા વિયોગીઓને એ દુઃખનો સારી પેઠે અનુભવ હોય છે. છતાં યે કમનસીબ છે કે અણુસમજુ માનવી વિષયેચ્છામાં સુખ સમાયેલું જુએ છે. વિવેકદૃષ્ટિ અંધ થવાને પરિણામે તેમ બને છે. મોહાધીન માનવીને વાસના સુખરૂપ જણાય છે, તે તેના આત્માને લાગેલ રોગનું પરિણામ છે. ખરજ જેવો જ તે રોગ છે. ખરજ ખણવાને પરિણામે જ્યારે ચાંદાં પડી જાય છે અને લોહી વહે છે ત્યારે સમજાય છે કે સુખની માન્યતા એક ભ્રમણા હતી. તેમ જ અનુભવે જ્યારે આત્માની વિવેક બુદ્ધિ પ્રગટે છે ત્યારે ભોગસુખની ઇચ્છાને તે દુઃખરૂપ સમજે છે.

सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।
कामे य पत्थेमाणा, अकामा जंति दुग्गइं ॥ २७ ॥

ગાથાર્થ:—વાસનાઓ શલ્ય છે; વાસનાઓ એ વિષ છે; વાસનાઓ આશી વિષસર્પ સમ છે. વિષયની

ઇચ્છા માત્રથી – તૃપ્તિ તો દૂર રહી – જીવો દુર્ગતિમાં જાય છે.

**વિશેષાર્થ**:—વીરના દેહમાં પણ ભોંકાયેલું શર ખૂબ ખટકે છે. તે ખેંચી કાઢવામાં ન આવે ત્યાં સુધી ચેન ન પડે. બીજું કશું સૂઝે નહિ. ચિત્ત તેમાં જ પરોવાયેલું રહે. એક કાંટો માત્ર વાગે છે ત્યારે પણ મન તેમાંથી ખસતું નથી તો બાણ જેને ભોંકાયું હોય તેની અવદશા કેટલી હોય ?

વિષયેચ્છા શલ્ય જેવી જ છે. તે માણસને સતાવે છે ત્યારે માણસ મૂઢ બની જાય છે. આસપાસના વાતાવરણને પણ અનેકવાર ભૂલી જાય છે. ચિત્ત વાસનામાં જ ચોંટેલુ રહે છે. એની સ્થિતિ એટલી વિચિત્ર હોય છે કે જોનારને કયારેક હસવું આવે. વિષયની વેદના અને વિટંબણા અનુભવતા આત્માને નિહાળીને કરુણા ઉદ્ભવે.

દેહમાંથી શલ્ય દૂર ન થાય તો દેહનો વિલય થાય. આત્મામાંથી વિષયેચ્છા દૂર ન થાય તો આત્માનો હ્રાસ થાય. તે શલ્યને દૂર કર્યે જ છૂટકો.

શરીરમાંથી શલ્ય કાઢવાને જેમ અનેકવાર શસ્ત્ર ક્રિયાના આકરાં ઉપાયો અજમાવવા પડે છે તેમ દિલમાંથી વાસના શલ્યને દૂર કરવા શસ્ત્રક્રિયા કરતાં પણ કઠિન પ્રયોગોની અજમાયશ કરવી પડે. સુખદ સંયોગોને તિલાંજલિ આપવી

પડે. મીઠાં મધુરાં વચનોનું શ્રવણ બંધ કરવું પડે, મનોહર સૌંદર્ય સામે આંખો બંધ કરવી પડે, અને કુમળા હૈયાને વજ્ર જેવું કરવું પડે; ત્યારે જ વાસના શલ્ય દૂર ફેંકાય. શલ્ય નીકળી ગયા પછી આત્મા અનેરો આહ્લાદ અનુભવે. સહજ સુખનો અંશ આસ્વાદે.

વાસના, શલ્યની જેમ આત્માને ભોંકે છે અને વિષની જેમ આત્માનું મૃત્યુ આણે છે. વિષય તૃપ્ત આત્મા ક્ષણે ક્ષણે ભાવ મરણ અનુભવે છે. નિજ સ્વભાવથી આત્મા જ્યારે વેગળો હોય ત્યારે તે મરેલો જ છે. વિષની અસર મંત્ર, તંત્ર, દવા આદિ પ્રયોગોથી દૂર પણ થઈ શકે પરંતુ વિષયવિષની અસર ટાળી શકાતી નથી. આશીવિષ જેમ નિયમા મૃત્યુ લાવે તેમ વિષયવિષ આત્માનું મૃત્યુ આણે.

વિષ તો સારું. ખાવાથી જ દેહનો અંત આવે, જ્યારે વિષયવિષની ઇચ્છા માત્રથી આત્મા પટકાય છે.

**विसए अवईक्खंता, पडंति संसारसायरे घोरे।**
**विसएसु निराविक्खा, तरंति संसारकांतारे ॥ २८ ॥**

**ગાથાર્થ :—** વિષયકામુકો ઘોર સંસારસાગરમાં ડૂબે છે. વિષયનિરપેક્ષ આત્માઓ સંસાર અટવીને તરે છે.

**વિશેષાર્થ:—**અગાધ ઉદધિનો તાગ ન આવે. વિશાળ મહાસાગરનો કિનારો નજરે ન ચડે. વિશાળ સમુદ્રના

ભયંકર વર્તુળોમાં અટવાયેલો માનવી ભાગ્યે જ બચી શકે. પરંતુ જે આત્મા જહાજની સહાયે સાગર પાર કરે છે તેને સાગરનાં તોફાનો કે સાગરની ઊંડાઈ અસર નથી કરતી.

સંસારસાગર અપાર અને અગાધ હોવા છતાં, જે આત્માઓ તેની સપાટી ઉપર નિરીહપણે રહી શકે છે તે આત્માઓ તેમાં ડૂબતા નથી. યુવાનીના તોફાનો, વાસનાના મોજાંઓ અને વિષયનાં ભયંકર વર્તુળો તેઓને અસર નથી કરતા. પરંતુ જેને પર પ્રત્યે પ્રેમ છે, જેને આત્માનું ઓજસ ઓળખ્યું નથી અને જેને બાહ્ય વસ્તુઓ લલચાવે છે, તે આત્માઓ સંસાસાગરમાં દયાજનક રીતે ડૂબકીઓ મારે છે. સાગરમાં ઊંડે ઊંડે તેઓ ધકેલાઇ પડે છે. મુક્તિકિનારો તેમને નજરે પણ નથી ચઢતો.

ભયંકર અટવીને ઊતરવામાં નિરીહ આત્માને મુશ્કેલી ન નડે. કષાયો રુપી જંગલી જાનવરો તેનાથી દૂર નાસે. વિષયનાં વાવાઝોડાં તેને ન સ્પર્શે. પરિણામે તે સહેલાઈથી સંસારાટવી ઊતરી શકે.

**छलिआ अवईक्खंता, निरावइक्खा गया अविग्घेणं ।**
**तम्हा पवयणसारे, निरावईक्खेण होअव्वं ॥ २९ ॥**

ગાથાર્થ:— વિષયની અપેક્ષા રાખતા આત્માઓ ઠગાયા છે, જ્યારે વિષયથી નિરપેક્ષ જીવો છળ વિનાના પરમ પદને પામ્યા છે. તેથી નિરપેક્ષ બનવું એ જ પ્રવચનનો સાર છે.

**વિશેષાર્થ**:—દુઃખ માત્રનું કારણ ઈચ્છા છે. જેમણે સુખની અપેક્ષા રાખી છે. તેઓએ આત્મવંચના જ કરી છે. તેઓ નથી સુખ મેળવી શકયા, નથી તૃપ્તિ મેળવી શકયા કે નથી ઈચ્છાને સફળ કરી શકયા! મૃગજળ માટે નાખેલા ઝાં'વા જેમ નિષ્ફળ જાય છે તેમ સુખ માટેના તેમના અથાગ પ્રયાસો નિષ્ફળ જાય છે; ઉલટું દુઃખકારક બને છે. સાચે જ તેઓની મિથ્યા માન્યતાથી તેઓ છેતરાયા છે.

પરંતુ નિરપેક્ષ આત્માઓ પાર્થિવ સુખની કદી પરવા કરતા નથી. તેઓ સમજે છે કે તે સુખ પરાધીન છે, કર્માધીન છે. મળે તો પણ ક્ષણિક અને દુઃખપ્રાપક છે. એવું સુખ તેમને નથી આકર્ષતું. સુખ માટે પોતાના ઉપર જ આધાર રાખવો તેમને ગમે છે. તેઓ જાણે છે કે શાશ્વતકાળ સુધી ટકી શકે તેવું અનંત સુખ તેમનામાં પડયું છે. એનો ઉપભોગ કરવાની કળાથી તેઓ પરિચિત છે. પર વસ્તુથી તદ્દન નિરપેક્ષ રહીને આત્મિક સુખની લહરીમાં તેઓ સમય પસાર કરે છે. કંઈ નિરપેક્ષ આત્માઓ પરમ પદને પામી ગયા છે. જયાં દુઃખ નથી, જયાં કલહ નથી, જયાં પરાધીનતા નથી, જયાં આસુરી વાસના નથી, જયાં ચિત્તની ચંચળતા નથી, જયાં માનસિક વિકૃતિ નથી, જયાં દેહના રોગો નથી, જયાં જન્મ અને મૃત્યુની પણ વેદના નથી, જયાં અનંત સુખ છે, જયાં અનંત શક્તિ છે, જયાં અનંત જયોત છે, જયાં અનંત જ્ઞાન છે, જયાં અનંત

આનંદની લહરીઓ છે ત્યાં અનંત આત્માઓ નિરીહ બનીને અનંતકાળ સુધી રહેવા માટે ચાલી ગયા છે. આપણે પણ નિરીહ બની એવા ઉચ્ચતમ સ્થાનમાં બિરાજવાનાં સ્વપ્નો સેવીએ. વીર પરમાત્મા કહે છે કે સ્વપ્નો સફળ થશે જ. પરમાત્માની વાણીમાં વિશ્વાસ મૂકીએ. અખિલ વિશ્વના ઉદ્ધાર માટે તેમણે વાણીનો ધોધ વહાવ્યો, તેઓ જનતાને બોધ આપે છે કે અનુપમ સુખનું સ્થાન નિરપેક્ષ જીવન જીવવાથી મળશે. એમની વાણી અન્યથા ન થાય. જન કલ્યાણ માટે વર્ષો સુધી એમણે જે વાણી વહાવી છે તેનો સાર "નિરપેક્ષ બનો" એ બે શબ્દોમાં સમાઈ જાય છે.

विसयाविक्खो निवडइ, निरविक्खो तरइ दुत्तरभवोघं ।
देवीदीवसमागयभाउअजुअलेण दिट्ठंतो ॥ ३० ॥

ગાથાર્થ:—વિષયની અભિલાષા સેવતો આત્મા ભવસમુદ્રમાં ડૂબે છે; જ્યારે વિષય નિરપેક્ષ આત્મા દુસ્તર ભવોદધિને પણ તરી જાય છે. રત્નદેવીના દ્વિપ ઉપર ગયેલા બે ભાઈઓના દૃષ્ટાંતથી તે જોઈ શકાય છે.

વિશેષાર્થ:—વિષય જેને ગમે તે ભવસાગરમાં ભટકે. તેની જન્મ મરણોની ઘટમાળ ઘટે નહિ. વિષય પ્રત્યે અરુચી ઉત્પન્ન થાય અને બાહ્ય સુખો કંટાળો આપે ત્યારે આત્મા સંસારસાગરને સહેલાઇથી તરી જાય.

જિનરક્ષિત અને જિનપાળનું દૃષ્ટાંત ઉપરનો બોધ સુંદર રીતે સમજાવી જાય છે.

બે ભાઈઓ હતા. પરસ્પર અનેરો સ્નેહ હતો. બંને સાહસિક હતા. અર્થસેવાની બંનેને લગની હતી. ખૂબ ધન એકઠું કરવાની તેમને તમન્ના હતી. અગીયાર વાર દૂર દૂરની ભૂમિની મુસાફરી કરી હોવા છતાં બારમી વાર સાહસ ખેડવા તૈયારી કરી. માતાપિતા પરદેશ જવાની અનુજ્ઞા ન આપી શકયાં. સાહસિક બુદ્ધિને અને ધનની અભિલાષાને કારણે માતાપિતાની ઇચ્છાને તેમણે અવગણી સાગરની મુસાફરી શરૂ કરી. દૂર જતાં પવન પ્રતિકૂળ થયો. સાગરમાં તોફાન મચ્યું. જહાજ ભાંગી ગયું. પાટિયાને આશ્રયે બંને ભાઈઓ તરવા મંડયા. તરતાં તરતાં તેઓ પહોંચ્યા રત્નદ્વિપે. ત્યાં વસતી દેવીએ તેમને સત્કાર્યા. વિધવિધ જાતનાં ભોજન આપ્યાં. મહામૂલા રત્નો આપ્યા. એટલું જાણે કે પૂરું ન હોય તેમ દેવીએ તેનો દેહ તેમને સોંપ્યો અને અનુપમ સ્નેહ દર્શાવ્યો.

આનંદની લહરીઓમાં ભાઈઓ ઝૂલે છે. વિશ્વનું બધુંયે સુખ એમના ચરણને ચૂમી રહ્યું છે. સુખદ દિવસો વ્યતીત થયે જાય છે.

એક દિવસ રયણદેવીને બહાર જવાનું છે. પ્રિયતમની પાસે તે આવે છે અને બહાર જવાની ઈચ્છા વ્યક્ત કરે છે. થોડા સમયમાં પોતે પાછી ફરશે એમ તે જણાવે છે. સ્વામીને સૂચવે છે કે દક્ષિણ દિશા સિવાયની દિશાઓમાં રહેલા વનોમાં તેઓ સુખપૂર્વક વિહરી શકશે. દક્ષિણ દિશાના

વનમાં ભયંકર દૃષ્ટિવિષ સર્પ રહે છે એમ કહી ત્યાં ન જવાની આજ્ઞા કરે છે.

રયણુદેવી જાય છે. બન્ને ભાઈઓ ત્યાં આનંદથી રહે છે. સૃષ્ટિસૌંદર્યને જોઈને સંતોષ અનુભવે છે. દક્ષિણ દિશામાં આવેલ વનનું સૌંદર્ય જોવા એક વાર દિલ લલચાયું. રયણુદેવીની આજ્ઞા યાદ આવી. પરંતુ તેની આજ્ઞાએ તો તેમની ઉત્સુકતા વધારી મૂકી હતી.

દેવીની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને તેમણે દક્ષિણ દિશામાં પ્રયાણ આદર્યું. કેટલેક દૂર જતાં લોહી માંસની દુર્ગંધ આવી. એટલામાં એક પુરુષ તેમણે જોયો. શૂળી સાથે તે બંધાયેલો હતો. મરતો નહોતો અને રિબાતો ખૂબ. એની અવદશા જોઈ બન્ને ભાઈઓ કંપી ઊઠયા. તેમને કરૂણા ઊપજી અને એની દુઃખી દશાનું કારણ પૂછ્યું. તે પુરુષે પોતાની કથની કહી. તેની આ દશા રયણુદેવીએ કરી મૂકી છે તેમ જણાવ્યું. દેવી સૌના એ જ હાલ કરે છે તેમ કહ્યું.

ભાઈઓ ગભરાયા. ઊગરવાનો માર્ગ તે પુરુષને પૂછયો. માર્ગ શેલગ યક્ષની સેવામાં છે એમ તેણે સલાહ આપી.

થોડે દૂર શેલગ યક્ષનું સ્થાનક હતું. ભાઈઓ ત્યાં ગયા અને યક્ષને ખૂબ વિનવણી કરી. યક્ષે ઉગારવાનું કબૂલ્યું. રત્નદ્વિપની બહાર મૂકી જવાનું તેણે માથે લીધું. બન્ને ભાઈઓને પોતાના સ્કંધ ઉપર બેસાર્યા. પાછળ નહિ

જોવા ચેતવ્યા. પાછળ જોનારને સ્કંધ ઉપરથી તે ઉછાળી મૂકશે તેમ સ્પષ્ટ કહી દીધું. પાછળ નહિ જોવા ભાઈઓએ કબૂલ્યું.

યક્ષ ભાઈઓને લઈ જાય છે. દેવી પાછળ આવે છે. પ્રિયતમને પાછા વળવાનો આદેશ કરે છે. આદેશને તેઓ અવગણશે તો તલવારથી તેમના ટુકડા કરશે એમ ચેતવણી આપે છે. યક્ષ ભાઈઓને હિંમત આપે છે અને દેવીની આજ્ઞા નિરર્થક જાય છે.

દેવી ફરી પ્રયાસો આદરે છે. વ્હાલભરી વાણીથી સ્વામીને આમંત્રે છે. અસીમ સ્નેહ વ્યક્ત કરે છે. અનુપમ વિલાસોથી રીઝવવા મથે છે. વિનવણી નહિ સ્વીકારાય તો પોતે વિજોગણ બનશે અને અસહ્ય દુઃખમાં સબડશે એવી દીનતાભરી વાણી વદે છે.

છતાંએ ભાઈઓ અડગ રહે છે. પ્રેમભર્યાં મધૂરાં વચનો માટે હૃદય બૂઠું કરે છે. દેવી મૂંઝાય છે. વળી નવી યુક્તિ આદરે છે. બંને ભાઈઓમાં ભેદ પાડવા મથે છે. જિનપાલિતને સંબોધીને જિનરક્ષિતની કઠોરતાને વખોડે છે. તેને નિર્દય કહી તેની નિંદા કરે છે, જિનપાલિતની પ્રશંસા કરે છે. તેના પૂર્વ સ્નેહને તાજો કરે છે. તેની દયાને વખાણે છે.

જિન પાલિતનું હૈયું ભીનું બને છે. સ્નેહ અને દયાનો એમાં સંચાર થાય છે. સ્નેહભર્યા હૈયે તે દેવી સન્મુખ જુએ છે. તે જ ક્ષણે શેલગ યક્ષ સ્કંધ ઉપરથી

તેને ફેંકી દે છે. દેવી તેને પકડી લે છે તેની આજ્ઞાને અવગણવા માટે, તેનાથી નાસી જવા માટે અને તેના વહાલભર્યાં વચનોનો અનાદર કરવા માટે અંગાર ઝરતી વાણી દેવી ત્યાં વરસાવે છે અને અસિધારથી જિનપાલિતના ટુકડા કરે છે.

જિનરક્ષિત અનુકૂળ ઉપસર્ગમાં ટકી રહે છે અને યક્ષની સહાયથી ઊગરી જાયં છે.

વિષયવિમુખતાથી જિનરક્ષિતની જેમ ઊગરી શકાય છે. વિષય સેવાથી જિનપાલિતની જેમ સત્યાનાશ વળી જાય છે.

जं अइतिक्खं दुक्खं, जं च सुहं उत्तमं तिलोयंमि ।
तं जाणसु विसयाणं वुड्ढिक्खयहेउअं सव्वं ॥ ३१ ॥

ગાથાર્થ--સકલ જગતમાં જે અતિ તીક્ષ્ણ દુઃખ અને જે અત્યુત્તમ સુખ છે, તે બધું જ વિષયોની વૃદ્ધિ તથા ક્ષયનું પરિણામ છે તેમ જાણ.

**વિશેષાર્થ**:—ચિત્તના ભાવો તથા દેહની ક્રિયાઓ બંધ અને મોક્ષમાં મુખ્ય કારણ છે. જેમ જેમ વિષયવૃત્તિ વધુ તેમ તેમ કર્મબંધની તીવ્રતા. જેમ જેમ તે અલ્પ તેમ તેમ કર્મબંધ અલ્પ. તીવ્ર કર્મબંધ ઉદય સમયે તીવ્ર વિપાકનો અનુભવ કરાવે. કર્મનો રસોદય એટલો તીવ્ર હોય છે કે આત્મા તે સમયે અપાર વેદના અનુભવે.

વિષયવૃત્તિના અભાવમાં કર્મનો અભાવ હોય. આત્મ-સુખનો અનુભવ કરવામાં અંતરાય રૂપ કોઈ કર્મ ન હોય.

પરિણામે ઉચ્ચતમ સુખનો અનુભવ થઈ શકે. માટે વિષયવૃત્તિનો સદંતર ક્ષય કરવાની આવશ્યકતા છે.

**इंदियविसयपसत्ता, पडंति संसारसायरे जीवा ।**
**पक्खिव्व छिन्न पक्खा, सुसीलगुणपेहुणविहूणा ॥३२॥**

**ગાથાર્થ**—છેદાયેલી પાંખોવાળા પક્ષીઓની જેમ સારી શીલગુણ રૂપ પાંખો વિનાના અને ઇંદ્રિય વિષયમાં આસક્ત આત્માઓ સંસારસાગરમાં પડે છે.

**વિશેષાર્થ** :—જે પક્ષીની પાંખો સુંદર હોય તે ગગનમાં આનંદથી ઊડે. ઉડ્ડયનમાં કોઈ તેને અટકાવી ન શકે. શિકારીનું બાણુ પણુ ઘણું ખરું નિષ્ફળ જાય. તે રીતે જે આત્માની શીલગુણુ રૂપી પાંખો સુંદર છે તે આત્મ-સુખની અનેરી કલ્પનાઓમાં લહેરથી ઊડે. વિષયવિલાસો અને રમણીના નયનબાણોની કશી અસર તેને ન થાય. આત્માનંદની લહરિઓમાં તે ઝૂલે. સ્વભાવની તેનામાં મોજ મચી રહે.

શીલગુણુ રૂપી પાંખો જેની વિકળ છે કે છેદાઈ ચૂકી છે, તે, છેદાયેલી પાંખવાળા પક્ષીની જેમ, પતન પામે છે. વિકળ પાંખવાળા પક્ષીને શિકારીનું બાણુ જેમ ઘડીમાં પટકી નાંખે છે તેમ તે આત્માને, સ્ત્રીઓનાં કટાક્ષબાણો ઘડીમાં પટકી નાંખે છે. વિષયવિલાસને પરિણામે એવા દુઃખમાં તે સબડે કે પડેલા પંખીની જેમ તરફડિયા મારવા સિવાય તેને માટે અન્ય કોઈ માર્ગ ન હોય. ઇંદ્રિયોના નિર્માલ્ય

વિષયોની પ્રસક્તિનું ભયંકર પરિણામ જોઈને વિવેકી આત્મા સાવધ બને.

न लहइ जहा लिहंतो मुहल्लिअं अट्ठिअं जहा सुणओ ।
सोसइ तालुअरसिअं विलिहंतो मन्नए सुक्खं ॥३३॥

महिलाण कायसेवी, न लहइ किंचिवि सुहं तहा पुरिसो ।
सो मन्नए वराओ, सयकायपरिस्समं सुक्खं ॥ ३४ ॥

ગાથાર્થ :—પોતાના જ મુખથી આર્દ્ર થયેલ અસ્થિને ચાટતાં પોતાના જ તાલુને તે સૂકવી રહ્યો છે તે જેમ શ્વાન નથી જાણતો અને અસ્થિ ચાટતાં સુખ માને છે તેમ સ્ત્રીસેવનમાં કશુંયે સુખ ન મળવા છતાં નારીદેહને સેવતો પામર પુરુષ સ્વ-દેહના પરિશ્રમને જ સુખ માને છે.

વિશેષાર્થ :—હાડકું જોવે અને કૂતરું ચાટવા દોડે ચાટવાની એટલી તાલાવેલી હોય છે કે તેમાં રસ છે કે નહિ તે જોવા તે ઊભું નથી રહેતું. સીધું જ ચાટવા મંડે છે. તેમાં તેને ખૂબ સ્વાદ આવે છે. રસવિહોણા અસ્થિમાં સ્વાદ શો ? સ્વાદ છે પોતાના જ તાલુના રસમાં. તાલુ સાથે કઠણ હાડકું અથડાય છે અને આળી ચામડીમાંથી લોહી ઝરે છે. મૂર્ખ શ્વાનને સમજ નથી કે અસ્થિ ચાટતાં તેના જ તાલુને તે નુકશાન કરી રહ્યો છે. ઊલટું તેમાં તે સુખ માણી રહ્યો છે.

નારી દેહ હાડકાંનું ખોખું જ છે ને! તેમાં રસ શો હોઈ શકે? છતાં યે તેને જોતાંની સાથે જ પામર પુરુષ તેના તરફ દોડે છે, શ્વાન અસ્થિ જોઈને દોડે તેમ. એ દેહમાંથી સ્વાદ મેળવવા અનેક કુચેષ્ટાઓ કરે છે. ભાનભૂલો પુરુષ સમજતો નથી કે તેની ચેષ્ટાઓ તેના જ દેહને થકવે છે અને તેને હતાશ બનાવે છે. કટુ અનુભવ વારંવાર મળવા છતાં મૂર્ખ માનવી વાસનાનો પ્રેર્યો ફરી ફરી વિષયોના સાધનો પ્રત્યે દોડે છે. બુદ્ધિને નેવે મૂકી હોય તો જ આમ બને ને? અમૂલ્ય બુદ્ધિશક્તિ આમ વેડફાઈ જવા માટે જ માનવીને મળી હશે?

सुट्ठुवि मग्गिज्जंतो, कत्थवि कयलीइ नत्थि जह सारो ।
इंदियविसएसु तहा, नत्थि सुहं सुट्ठुवि गविठ्ठं ॥३५॥

**ગાથાર્થ** :— સારી રીતે શોધતાં કેળમાં ક્યાંઈ સાર જણાતો નથી. તેમજ ઈંદ્રિયોના વિષયોમાં સારી રીતે શોધતાં છતાં સુખ જણાતું નથી.

**વિશેષાર્થ** :—કચરાંમાં સોનું શોધનારાઓ કેટલી કાળજી અને જહેમતથી સોનું શોધવા મથે છે! છતાં યે તે ન જ જડે ત્યારે શોધનાર કપાળ કૂટે. કચરામાંથી તો કદાચ સુવર્ણ જડે પણ ખરું પરંતુ ઇંદ્રિયોના વિષયોમાં અથાગ જહેમત અને ખંતથી સુખને શોધવા કોઈ મથે તો પણ તેને તેમાંથી સુખ પ્રાપ્ત ન થાય. રેતી પીલીને તેલ મેળવવાની મહેનતની જેમ તેની મહેનત વ્યર્થ જાય.

વિશાળ કેળવૃક્ષનું થડ વિસ્તૃત હોવા છતાં પોલું હોય છે. પાનના પડ એક પછી એક ઉખેળાય પણ કાષ્ઠ ન મળે. કેળનું થડ જેમ નિ:સાર છે તેમ સુખદ ભાસતા વિષયસુખો પણ નિ:સાર છે.

**सिंगारतरंगाए, विलासवेलाइ जुव्वणजलाए ।**
**के के जयंमि पुरिसा, नारीनईए न बुड्डन्ति ॥ ३६ ॥**

**ગાથાર્થ** :—શૃંગાર જેના તરંગો છે, વિલાસ જેનો કિનારો છે, અને યૌવન જેનું જળ છે, તે નારીનદીમાં જગતના કયા કયા આત્માઓ નથી ડૂબતા ?

**વિશેષાર્થ** :—જોશભેર મોજાંઓ ઊછળી રહ્યાં હોય, તોફાની વેગથી પૂર આવી રહ્યું હોય અને પાણી ખૂબ ચઢી રહ્યું હોય, તે નદીમાં કોણ ન ડૂબે ?

સ્ત્રીસરિતા તેવી જ તોફાની છે. યૌવન એનું જળ છે. વિલાસનો પ્રવાહ તેમાં સતત વહે છે. શૃંગારના તરંગો ખૂબ જોશથી ઊછળે છે. ઉન્માદી નારીનદીમાં અનેક ડૂબ્યા. મદભરી માનુનીમાં અજબ શક્તિ છે. એની એક જ દષ્ટિએ કંઈક આત્માઓને પટકયા; યોગીને ભોગી બનાવ્યા; ત્યાગીને ગૃહવાસી બનાવ્યા; વિરાગીને રાગી બનાવ્યા; રાગીને રખડતા બનાવ્યા અને લાલચુને ધૂળ ચાટતા બનાવ્યા.

તોફાની વેગે ધસી રહેલી નદીના પૂરમાંથી બચવા તેનાથી દૂર દૂર નાસવું જ પડે. જેને જીવનનૈયાને સ્ત્રી-

સરિતામાં નથી હોમી નાંખવી તેને નારીનદીથી દૂર નાસવું જ રહ્યું.

**सोअसरी दुरिअदरी, कवडकुडी महिलिआ किलेसकरी ।**
**वइरविरोयणअरणि, दुक्खखणी सुक्खपडिवक्खा ॥ ३७ ॥**

**ગાથાર્થ** :—સ્ત્રી શોકની સરિતા છે, દુરિતની ગુફા છે, કપટની કુંડી છે, કલેશકારી છે, વૈરાગ્નિને ઉત્પન્ન કરવામાં અરણી છે, દુઃખની ખાણુ છે અને સુખને રોકનારી છે.

**વિશેષાર્થ** :—નદીમાંથી જેમ જળ વહે તેમ સ્ત્રીની આંખમાંથી અશ્રુ વહે. સાલ્લાને છેડે જ બાંધી રાખ્યા હોય. વાતવાતમાં સ્ત્રી રડી પડે. રડવાનો દંભ કરતાં પણ તેને સરસ આવડે.

સ્ત્રીનો સંસર્ગ પુરુષમાં શોક ઉત્પન્ન કરે છે. રાગ હોય ત્યાં શોકના અનેક પ્રસંગો બને જ.

નારીહૃદયમાં કોઈ વાત ન રહે. એ જણને જણાવે ત્યારે જ તેને સંતોષ થાય, પરંતુ જાતે સેવેલું પાપ તે કોઇની આગળ ન પ્રકાશે. તે છૂપું રાખવા અનેક જૂઠાણાં-ઓનો આશ્રય લે. અનેક જાતની માયા રચે. ગુફામાં જેમ જંગલી પ્રાણી સંતાઈ રહે તેમ સ્ત્રીનું પાપ તેના હૃદયમાં જ સંતાઇ રહે. માટે તો એ દુરિતની ગુફા ગણાઈ. પાપને રહેવાનું સ્થાન નારી હોવાથી તે દુરિતની ગુફા ગણાઈ.

ઇચ્છિત પ્રાપ્ત કરવા માટે સ્ત્રી જે ચાલાકી વાપરી શકે છે તે અકળ હોય છે. ચાલાકી હોય ત્યાં કપટ તો હોય જ. કપટ કલેશને ઉત્પન્ન કર્યા વિના ન રહે. કલેશ વૈરમાં પરિણમે. વૈરમાંથી દુઃખ ઉદ્ભવે. દુઃખ હોય ત્યાં સુખ તો આપોઆપ જ આવતું અટકે.

જે મહાત્માઓએ સ્ત્રીને રત્નકુક્ષિ લેખી છે, જેમણે સ્ત્રીને કોટિશઃ વંદન કર્યાં છે, જેમણે સ્ત્રીશકિત સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકે તેમ ડિંડિમ વગાડીને જણાવ્યું છે, સ્ત્રીઓના ગુણોનું વર્ણન જેમણે મુકત કંઠે કર્યું છે, રોજ પ્રાતઃકાલમાં સ્ત્રીઓનું નામસ્મરણ કરી પોતાની જાતને જેઓ ધન્ય માને છે તે મહાત્માઓ જયારે સ્ત્રીની એક બાજુ વર્ણવે ત્યારે સ્ત્રીજાત પ્રત્યે તેમને દ્વેષ નહોતો એમ માન્યે જ છૂટકો. તે મહાત્માઓના ધ્યેયને બહુ બારીકાઈથી સમજવાની આવશ્યકતા છે.

વિદ્વાન અને અનુભવી મહાત્માઓ જાણે છે કે શીલનું પાલન ખૂબ કઠિન છે. દીપકની જયોતમાં મીણ ઓગળે અને સ્ત્રીની સાંનિધ્યમાં પુરુષ ઓગળે. મોહિત પુરુષની જ્ઞાનચક્ષુ આવરિત હોય છે. અશુચિભર્યા નારીદેહમાં અનુપમ સૌંદર્ય તે જુએ છે. સ્ત્રીના વિલાસ અને વિષયવૃત્તિમાં નિઃસ્વાર્થ સ્નેહ તે જુએ છે. ભયંકર દુઃખપ્રદ વિષયોમાં તે અનેરું સુખ જુએ છે.

પુરુષ વિકૃત દૃષ્ટિથી જોતો અટકે એ શુભ ધ્યેયથી અનેક પ્રકારનો બોધ મહાપુરુષોએ આપ્યો. સત્ય વસ્તુ-

સ્થિતિ જનતા સમક્ષ મૂકી વિષયોની અસારતા સમજાવી. સ્રીદેહની અશુચિ બતાવી. નારીમાનસની વિકૃતિ પ્રકાશમાં આણી. સ્રીની સુંદર બાજુને આગળ કરી તેની સ્તવના કરી. સતી સ્રીઓની મુક્તકંઠે પ્રશંસા કરી એની અનુપમ સહનશક્તિ પ્રેરણાદાયી જણાવી. મહાન પુરુષોની જન્મદાત્રી સ્રી સૌની વંદનીય બની.

પરંતુ જે સ્રી વિલાસમાં રક્ત બની, જે સ્રી સતીત્વ મૂકી, પરપુરુષને પોતાના પાશમાં સપડાવવા મથી, દુષ્ટ ઈચ્છિત પ્રાપ્ત કરવા જેણે અકળ માયા રચી, સ્વાર્થ-સાધનામાં અનેકનો ભોગ લેતાં જે ન અટકી, અસત્ય આચરી અનેક ભોળા જનોને જેણે ભરમાવ્યા, તે સ્રીએ મહાત્માઓની જાણે કે ખફગી વહોરી. સ્રીની તે બાજુ મહાપુરુષોએ વિના સંકોચે જગત સમક્ષ મૂકી. પુરુષની સામે લાલબત્તી ધરી. ઊંડી ગર્ત્તામાં પડતાં પુરુષને તેમણે ચેતવ્યો.

વિષયસુખનું મુખ્ય સાધન સ્રી હોવાથી વિષય પ્રત્યેની ઘૃણા વ્યકત કરવા તેના સાધન પ્રત્યે ઘૃણા વ્યકત કરી. વિષયસુખ અનિષ્ટ માટે તેનું સાધન પણ અનિષ્ટ. ભોગ-સુખ દુર્ગતિદાયક માટે તેનું સાધન પણ દુર્ગતિદાયક. વાસના ભયંકર માટે તેનું સાધન પણ ભયંકર. કામલાલસા માનવીને ભાનભૂલો અને અંધ બનાવે તેમ તેનું સાધન પણ વિષયપિપાસા શોકમાં અને પાપમાં પરિણમે માટે તેનું સાધન પણ શોક અને પાપમાં પરિણમે. વિષયેચ્છા કલેશ

અને વૈરની ઉત્પાદક તેમ તેનું સાધન પણ. એ રીતે નારી-નેહથી ઉદ્ભવતા અવગુણો નિરાગી પુરુષોએ નિહાળ્યા અને વ્યક્ત કર્યા.

શાસ્ત્ર રચયિતાઓ સામાન્ય પુરૂષો હોત તો સ્ત્રીને દેવી કહીને તેઓ નવાજત. સર્વગુણનું તે ભાજન છે એમ કહી તેની તેઓ સ્તવના કરત. દેખીતું જ છે કે સ્ત્રીના દોષો સામાન્ય માનવીની નજરે ઓછા ચડે છે. એની આંખ સામે તરે છે તેના ગુણો અને એથી જ સ્ત્રીનું દોષવર્ણન તેને અસહ્ય જણાય છે.

શાસ્ત્રરચયિતાઓ મહાન માનવીઓ હતા. મોહથી તેઓ પર હતા; દ્વેષથી તેઓ પર હતા. નહોતો તેમને પુરુષ પ્રત્યે પક્ષપાત અને નહોતી તેમને સ્ત્રી પ્રત્યે દ્વેષ-વૃત્તિ. વસ્તુસ્થિતિનું તેમને ભાન હતું. જગતની પ્રગતિનું એમનું લક્ષ્ય હતું. પરિણામે સત્ય સમજાવી જગતને વિલાસને માર્ગે જતું વાળવા એમણે એમનાથી બનતું કર્યું.

શાસ્ત્રરચયિતાઓ પુરુષો હતા માટે તેમણે સ્ત્રીજાતને ઊતરતી પંક્તિની લેખી એમ કહેવામાં તે મહાત્માઓને અન્યાય છે; તેમના દષ્ટિબિંદુનું અજ્ઞાન છે. સ્ત્રી અને પુરૂષ બંનેને લક્ષ્યમાં રાખીને, અને બંનેના હિતાર્થે શાસ્ત્રો રચાયાં છતાં બંનેને સંબોધીને અને ઉદ્દેશીને તે ન લખી શકાય તે સ્વાભાવિક છે. એમ કરવા જતાં સાહિત્ય ખામી-ભર્યું બને. એ સાહિત્યમાં રસદર્શન ન થાય. વારંવાર સ્ત્રી

પુરૂષની ભિન્નતાનું સ્મરણ વાચકને ખટકે. શાસ્ત્રકથનો બંને માટે છે એ ખ્યાલ શાણા વાચકને હોય જ. વાચકની બુદ્ધિ ઉપર થોડો આધાર રાખ્યા વિના સાહિત્યકારને છૂટકો નહિ.

આજે પણ ધારાપોથીઓમાં "પુરૂષ" શબ્દના અર્થમાં "સ્ત્રી"નો સમાવેશ થઈ જાય છે. સભાઓમાં પ્રમુખસ્થાને વિરાજતી લલનાઓને "Mr. Chairman" કહીને સંબોધન થાય છે. ઈંગ્લેંડની આમસભામાં સ્ત્રીએ પૂછેલા પ્રશ્નોનો જવાબ વાળતાં પ્રધાનો તેને 'Sir' કહીને સંબોધે છે.

પુરૂષોની વિરૂદ્ધ શાસ્ત્રરચયિતાઓએ કશું નથી કહ્યું તે માન્યતા ભૂલભરેલી છે. હલકામાં હલકી કોટિના વિચારો પુરૂષો સેવી શકે છે પરંતુ સ્ત્રી નહિ એમ તેમણે કહ્યું. પુરૂષની દુષ્ટ મનોવૃત્તિ સાતમી નારકીનું અતિ નિકૃષ્ટ દુઃખ આણે છે, જયારે સ્ત્રીની મનોવૃત્તિ ગમે એટલી દુષ્ટ હોય તોપણ છઠ્ઠી નારકીના દુઃખ આપીને અટકે છે. ઉચ્ચ મનોવૃત્તિ સ્ત્રી અને પુરૂષ બન્નેની સમાન હોઈ શકે છે. સર્વોત્તમ સિદ્ધિ સ્થાનને બન્ને પ્રાપ્ત કરી શકે છે. આવું સ્પષ્ટ નિદર્શન કરનાર મહાત્માઓને સ્ત્રીજાતને હલકી ચિતરવાની ઈચ્છા ન હોઈ શકે.

માત્ર સ્ત્રી અને પુરૂષની વિષયવૃત્તિની સરખામણી કરીજોતાં સ્ત્રીની વિષયવૃત્તિ તેમને તીવ્ર જણાઈ. સામાન્ય રીતે પુરૂષ કરતાં આઠગણી. નારીજાત તેની તીવ્ર વાસના સંતોષવા અનેક જાતના પ્રપંચો રચી શકે છે, અનેકને ઊખેડી નાંખે છે,

અનેકને રઝળતા કરી મૂકે છે, અનેકનો વિશ્વાસઘાત કરી શકે છે એવું તે જ્ઞાનીઓએ જોયું અને જગત સમક્ષ તે રજૂ કર્યું.

સ્પષ્ટ નિદર્શન માટે બંનેએ તે મહાત્માઓનો ઉપકાર માનવો ઘટે.

**अमुणिअमणपरिकम्मो, सम्मं को नाम नासिउं तरइ ।**
**वम्महसरपसरोहे, दिट्ठिच्छोहे मयच्छीणं ॥ ३८ ॥**
**परिहरसु तओ तासिं, दिट्ठिं दिट्ठिविसस्सव्व अहिस्स ।**
**जं रमणीनयणबाणा, चरित्तपाणे विणासंति ॥ ३९ ॥**

ગાથાર્થ:—ચિત્તનું સંસ્કરણ જાણ્યા વિના, મૃગાક્ષીઓના કટાક્ષો રૂપી કામબાણુના વિસ્તૃત સમૂહથી સારી પેઠે નાસવાને કોણ સમર્થ છે?

તેથી દૃષ્ટિવિષસર્પની દૃષ્ટિની જેમ તેની દૃષ્ટિમાં ન આવ. કારણ કે રમણીના નયણબાણો ચારિત્રપ્રાણોનો વિનાશ કરે છે.

વિશેષાર્થ:—ઘાતકી શિકારીઓથી જાતનું રક્ષણ કરવા મૃગને કુદરતે ચકોર ચક્ષુ બક્ષી છે. નારીનયન મૃગચક્ષુ જેવા ચપળ છે. પરંતુ બંનેની ચપળતાનો ઉપયોગ ભિન્ન રીતે થાય છે. એકની નયનચપળતા શિકારીના નયનથી પોતાને બચાવે છે, જ્યારે બીજાની નયનચપળતા સ્વપરને મારે છે. સ્ત્રીના ચક્ષુમાંથી બાણો છૂટે છે. જેની સામે ફેંકાય તેને તે વીંધી નાંખે છે. શિકારીનું શર ઘણી વાર

નિષ્ફળ જાય પરંતુ નારી નયનમાંથી નિકળેલું કટાક્ષબાણુ પુરૂષમૃગને ભોંકાયા વિના ભાગ્યે જ રહે. વીંધાયેલ પુરૂષ ઘવાયેલ મૃગની જેમ તરફડિયાં મારે.

દુઃખદ તો એ છે કે શરથી વીંધાવા છતાં તેથી દૂર રહેવાની પુરૂષને ઇચ્છા પણુ થતી નથી. નારીનયનબાણુમાં અજબ શક્તિ છે. ઘવાયેલાને તે વહાલું લાગે છે. શલ્ય રહિત બનવાની તો વાત જ કયાં?

માટે સ્ત્રીની દૃષ્ટિનો દૃષ્ટિવિષસર્પની દૃષ્ટિની જેમ ત્યાગ કર. સર્પની દૃષ્ટિમાં ઝેર છે. જેની સામે ફેંકાય તેના પ્રાણોનો વિયોગ થાય. સ્ત્રીની દૃષ્ટિ પણુ તેવી ભયંકર છે. જેની સામે તે ફેંકાય તે ઘાયલ થાય. તેનું ચેતન હરાઈ જાય; સાત્ત્વિકતા દબાઈ જાય; વિવેક શક્તિ કુંઠિત થાય; જ્ઞાનચક્ષુ ઢંકાઈ જાય અને આત્મજાગૃતિનો અંત આવે. પરિણામે આત્માના ચારિત્રરૂપી ભાવપ્રાણોનો વિનાશ થાય.

રે આત્મન્! સમજ અને નારી નયનશરથી દૂર રહે.

**सिद्धंतजलहिपारगओ वि विजिइंदिओवि सूरोवि ।**
**दढचित्तो वि छलिज्जइ, जुवइपिसाईहिं खुड्डाहिं ॥४०॥**

**ગાથાર્થ:**—અગાધ સમુદ્રને પાર કરનાર, ઇંદ્રિયોનો વિજેતા, શૂરવીર કે દઢ ચિત્તવાળો આત્મા પણ યુવતિ રૂપી ક્ષુદ્ર પિશાચણીઓથી ઠગાય છે.

**વિશેષાર્થ**:—યુવતિની આકર્ષણશકિત અજબ છે. જે પુરુષને પોતાના પાશમાં સપડાવવા ઇચ્છે તેને સહેલાઈથી તે

સપડાવી શકે. એનો વિલાસ, એના હાવભાવ, એની દષ્ટિ અને એની મધુરવાણી માનવીને મુગ્ધ કરે. સામાન્ય માનવી જ એમાં અટવાય એમ નહિ પરંતુ જે અનુપમ જ્ઞાની છે, જે જગતની અસારતા જાણે છે, જે ઇંદ્રિયોને સ્વાધીન કરી ચૂકયા છે, જે માનસિક સ્થિરતા પ્રાપ્ત કરી ચૂકયા છે અને જે અતુલ બળી છે એવા મહાન્ આત્માઓ પણ સ્ત્રીના સ્નેહપાશમાં સપડાય છે. સૌએ સાવધ રહ્યા વિના કેમ ચાલે ?

**मयणनवणीयविलओ, जह जायइ जलण संनिहाणंमि ।**
**तह रमणिसंनिहाणे, विद्दवइ मणो मुणीणं पि ॥ ४१ ॥**

ગાથાર્થ :—અગ્નિના સાંનિધ્યમાં મીણ અને માખણ જેમ ઓગળે તેમ સ્ત્રીના સાંનિધ્યમાં મુનિઓનું પણ મન ઓગળે.

વિશેષાર્થ :—તીવ્ર સંયમ સાધનાથી દઢ બનેલું મુનિવરોનું દિલ પણ સ્ત્રીસંગથી વિકળ બની જાય છે. દીપકની જ્યોતમાં જેમ મીણ અને માખણ વિલય પામે છે તેમ મુનિવરોની ઉત્તમતા રમણીઓના સાંનિધ્યમાં વિલય પામે છે. વર્ષોની સાધના અને કઠોર સંયમ અદશ્ય થઈ જાય છે. આગમધરો અને પૂર્વધરો પટકાય છે.

સ્ત્રીસંગ પોતાને કશું ન કરી શકે એવું અભિમાન સામાન્ય માનવી શી રીતે લઈ શકે ? ખૂબ સાવચેતીથી ચાલવાનું છે. લપસણી ભૂમિમાં ચાલતાં રખાતી સાવ-

ચેતીથી વધુ સાવચેતી સ્ત્રી સાંનિધ્યમાં રાખવી ઘટે. નારી-જાતથી વેગળા રહેવું ઇચ્છનીય છે.

**नीअंगमाहिं सुपउराहिं, उप्पिच्छमंथरगइहिं ।**
**महिलाहिं निम्मगाहि व, गिरिवरगुरुआ वि भिज्जंति ॥४२॥**

**ગાથાર્થ** :—નીચાણુના ભાગમાં વહેતી અને દર્શનીય મંદગતિ વાળી ઘણી નદીઓથી જેમ મહાન્ પર્વતો પણ ભેદાઈ જાય તેમ દુર્ગુણોના નીચે પંથે જનારી અને મોહક મંદગતિ વાળી અનેક સ્ત્રીઓથી મહાન્ પુરુષો પણ ચલિત થઈ જાય છે.

**વિશેષાર્થ** :—ક્યાં સુકોમળ સરિતા અને ક્યાં કઠોર પર્વત ? પરંતુ શક્તિ સરિતાને વરી છે. કઠોર પર્વતને તે ભેદી શકે છે. પોલાદી શસ્ત્રો જ્યાં નિષ્ફળ જાય ત્યાં સરિતા સફળ થાય. ગિરીવરમાં ફાટ પાડવા માટે, તેને ગગડાવવા માટે સરિતા એનાં ઉપાયો અજમાવે છે. નીચાણમાં મંદગતિથી પાણીના પ્રવાહને વહાવીને પર્વતને તે ભેદી શકે છે.

એવી જ રીતે બળવાન પુરુષને અબળા નારી સહેલાઇથી જીતી શકે છે. પુરુષપર્વતને સ્ત્રી સરિતા ભેદી નાંખે છે. એના પુષ્ટ પયોધરો, એની ગજગામિની ગતિ અને એના રમ્ય વિલાસો ગિરીવર જેવા નિશ્ચળ પુરુષને ચલિત કરે છે. તેની શક્તિને ક્ષીણ કરે છે અને તેને ઢીલોઢફ બનાવી મૂકે છે. સ્ત્રીસંગથી પુરુષ ભાંગી જાય છે.

**विसयजलं मोहकलं, विलासविब्वोअ जलयराइन्नं ।**
**मयमयरं उत्तिन्ना, तारुण्णमहन्नवं धीरा ॥ ४३ ॥**

**ગાથાર્થ**:—વિષયજળથી ભરેલ, મોહ કાદવથી યુક્ત, વિલાસ તથા હાવભાવ રૂપી જલચરોથી આકીર્ણ અને મદ રૂપી મગરથી યુક્ત તારુણ્ય રૂપી મહાર્ણવને ધીર પુરુષો જ તરી શકયા છે.

**વિશેષાર્થ**:–યૌવન મહાસાગર સમું છે. અગાધ જળથી જેમ ઉદધિ ભર્યો છે તેમ તીવ્ર વાસનાજળથી યૌવન ભર્યું છે. સાગરમાંના જળચરો માનવીને જેમ હંફાવે છે તેમ યૌવનના વિલાસો અને હાવભાવો પુરૂષને પરેશાન બનાવે છે, મગર જેમ માનવીનો નાશ કરે છે તેમ યુવાવયમાં અભિમાન માનવીનો નાશ નોતરે છે. યૌવન સાગરના મોહકાદવમાં માનવી લપટાય છે. તારુણ્ય મહાસાગર તરવાનું કામ કપરું બને છે. ધીર પુરૂષો જ તેને તરી શકે.

વાસના અને વિલાસો મોહ અને મદ. અણમોલા યૌવનને વેડફી નાંખે છે. યુવાવયમાં જોર કરતાં તે દુર્ગુણોમાં માણસ તણાઈ જાય છે. આત્મભાન ભૂલી જાય છે અને લાભ હાનિનો ખ્યાલ દૂર રહી જાય છે. પરિણામે ક્ષણિક આનંદમાં જીવનના મોંઘામૂલા વર્ષો વીતી જાય છે.

સંયમસાધના, ઈંદ્રિયદમન અને અખૂટ આત્મશકિતથી વાસનાને નિર્મળ બનાવીને ધીર–પુરૂષ યૌવન સાગર તરી જાય છે.

**जइवि परिच्चत्तसंगो, तवतणुअंगो तहावि परिवडइ।**
**महिलासंसग्गिए, कोसा भवणूसिय मुणिव्व ॥४४॥**

**ગાથાર્થ :—** સર્વસંગને પરિત્યાગ કર્યાં છતાં અને તપથી દેહને કૃશ કર્યાં છતાં, મહિલા સંસર્ગથી, સાધુનું, કોશાના ભુવનમાં વસેલા મુનિની જેમ, પતન થાય છે.

**વિશેષાર્થ :—**તીવ્ર તપ તપતા મુનિ, કૃશ દેહને ધરતા મુનિ અને સર્વ સંગના ત્યાગી મુનિ સ્રીસંગે પટકાયા. ગણિકાના દેહમાં મુગ્ધ બન્યા. તેના સૌંદર્યમાં પાગલ બન્યા. વિલાસ ભુવનમાં ભાનભૂલા બન્યા. એક વેશ્યાનું દિલ જીતવા અપાર કષ્ટો સહ્યાં. સંયમને કોરે મૂકયું. પવિત્રતાને પરવારી ચૂકયા. છતાં એનું દિલ ન મળ્યું તે ન જ મળ્યું.

સિંહગુફાવાસી મુનિની કથની કોણ નથી જાણતું? સંયમની અનુપમ આરાધના માટે એમણે જાતને નિચોવી નાંખેલી. તીવ્ર તપશ્ચર્યાથી દેહને સૂકવી દીધેલો. ભયંકર જંગલી જાનવરોથી નિર્ભયતા કેળવેલી. ચાર ચાર માસ સુધી સિંહની ગુફા ઉપર અડગ ઊભા રહીને કાયાનો ઉત્સર્ગ કરેલો.

એવા મહા મુનિ પણ ઈર્ષ્યાને આધીન બન્યા. નિજ શક્તિનું અભિમાન આણ્યું અને પટકાયા. શ્રી સ્થુલિભદ્ર મુનિની ગુરુમુખેથી થતી પ્રશંસા તેઓ ન સહી શકયા.

ઓી સાંનિધ્યમાં આત્માને ઉન્નત રાખવાનું કાર્ય પોતાને માટે સહેલું છે તેવા અભિમાને તેઓ ચડયા. ગુરુની ઈચ્છાનો અનાદર કરીને ગણિકાગૃહે સિધાવ્યા. ત્યાં પગ મૂકતાં જ પટકાયા. મનોહર વિલાસભુવન, રમ્ય ચિત્રો અને ગણિકાનું દૈવી સૌંદર્ય મુનિદિલને દ્રવીભૂત થવા માટે પુરતાં હતાં. વર્ષોનુ સંયમ બચાવી ન શકયું. તીવ્ર તપની સાધના સહાય ન કરી શકી. એ તો પડયા. વાસના વધી ગઈ. ગણિકાની ગુલામી સેવવા તત્પર બન્યા.

પરંતુ ગણિકા રીઝે તેમ નહોતું. તે સાધ્વી ઓી બની ચૂકી હતી. વિષયોને તેણે તરછોડયાં હતાં. અનુપમ વિલાસ-ભુવનમાં વસવા છતાં સંયમની સાધનામાં તે લીન બની હતી. પતનને માર્ગે જતા મુનિને ઉગારી લેવાની તેને તમન્ના જાગી. યુક્તિ એક સૂઝી આવી. મુનિ પાસે રત્ન કંબળની માંગણી કરી. નિર્ગ્રંથમુનિ પાસે મહામૂલી કંબળ કયાંથી ? તે મેળવવાનો માર્ગ ગણિકાએ બતાવ્યો. માર્ગ ખૂબ મુશ્કેલ હતો. તીવ્ર વાસનાથી તપતા મુનિએ, વિકટ માર્ગે પણ કંબળ લાવવાનું માથે લીધું. એકાદ બે વાર નિષ્ફળતા મળ્યાં છતાં અનેક કષ્ટોનો સામનો કરીને અંતે રત્નકંબળ મુનિએ આણી આપી. ગણિકાએ તે લઈને નગરખાળમાં નાખી.

મુનિથી તે ન જોઈ શકાયુ. અથાગ મહેનત અને અપાર કષ્ટો પછી મેળવેલી મહામૂલી કામળ આમ વેડફાઈ

જતી જોઈને એનું હૈયું ઘવાયું. ગણિકાનું કાર્ય એને મૂર્ખાઈ ભર્યું ભાસ્યું.

ગણિકા શાણી હતી. સાધુને તે સમજાવવા મંડી. રત્ન કંબળ કરતાં કેઈગુણા કીમતી ચારિત્રરત્નને અથાગ પરિશ્રમથી મેળવ્યા પછી નગરખાળ રૂપી ગણિકાના દેહમાં ફેંકી દેતાં સાધુને તેણીએ ચેતવ્યા. સાધુની ગુમાવેલી સાન ઠેકાણે આવી. પતનથી એ ઊગર્યા.

આવા મુનિવર મહિલાસંસર્ગે ચારિત્ર ચૂકયા. સામાન્ય માનવીની શી દશા? એણે તો શીલના જતન ખાતર સ્ત્રી સંસર્ગથી દૂર રહ્યે જ છૂટકો. મુનિવર તો સાધ્વી સ્ત્રીની સાહાય્યે ઊગરી શકયા. પરંતુ સામાન્ય માનવીને પતનની ખીણમાં પડતાં કોણ ઉગારે?

सव्वग्गंथविमुक्को, सीईभूओ पसंतचित्तो अ।
जं पावइ मुत्तिसुहं, न चक्कवट्टी वि तं लहई ॥४५॥

ગાથાર્થ :—સર્વ બંધનથી વિમુક્ત, શાંત અને પ્રસન્નચિત્ત આત્મા મુક્તિનું જે સુખ પ્રાપ્ત કરે છે તે સુખ ચક્રવર્તી પણ નથી પામતો.

વિશેષાર્થ:–માનવી માને છે કે સામગ્રીની વિપુલતામાં સુખ સમાયું છે આજ્ઞાંકિત પત્નિ, વિપુલ લક્ષ્મી, અનુકૂળ સ્નેહીઓનો પરિવાર, ચોમેર પ્રસરાતી કીર્તિ વિગેરે માનવીને સુખના સાધનો ભાસે છે. પરંતુ તે એની ભ્રમણા છે. સુખ બાહ્ય સાધનોમાં નથી.

સામગ્રી ઉપાધિરૂપ છે. જેમ જેમ સામગ્રીની વિશાળતા વધુ તેમ તેમ આત્માની વ્યાકુળતા વધુ. આત્માને તે ઠરીઠામ બેસવા ન દે. અશાંતિ દિનરાત રહ્યા કરે. જીવન જંજાળ રૂપ બની જાય.

બાહ્ય સામગ્રીનો ત્યાગ આત્માને શાંતિ અર્પે, ઓજસ્ અર્પે અને સમાધિસુખ અર્પે. દિલની પ્રસન્નતા, ચિત્તની શાંતિ અને સમભાવ આત્માને અનેરો આનંદ આપે છે. ચક્રવર્તીઓ અને અનુત્તરવાસી દેવો દિવ્ય ઋદ્ધિના ઉપભોગમાં જે આનંદ નથી મેળવી શકતા તે આનંદ સર્વસંગત્યાગી અને પ્રસન્નચિત્ત આત્મા અનુભવી શકે છે.

સાંસારિક સંયોગોનો પરિહાર કરીને, નિર્ગ્રન્થતાને સ્વીકારીને આયુકર્મ સિવાય સાત કર્મોની સ્થિતિ ઘટાડીને એક કોટાકોટિ સાગરોપમ સુધી લાવીને, આત્માની અપૂર્વ શક્તિ સ્ફોરવીને, અપૂર્વ આનંદ અનુભવતાં અપૂર્વ કરણ કરીને, રાગદ્વેષની નિબિડ ગ્રન્થિનો ફરી કદી ન બંધાય એવી રીતે અનિવૃત્તિકરણથી ભેદીને સમ્યક્ શ્રદ્ધા પ્રાપ્ત કરીને, સ્વ પરનું ભેદજ્ઞાન મેળવીને, ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરીને અને આત્મશાંતિ અનુભવીને, જે આત્મા, આત્માનંદની લહરીઓમાં ઝૂલે છે, તેના આહ્લાદની ઝાંખી પણ સંસાર સામગ્રીમાં રક્ત રહેનાર માનવીને મુશ્કેલ છે. નરવરોનું અને સુરવરોનું સુખ જ્યારે આકર્ષતું અટકશે, ત્યારે સહજાનંદની સહેજ ઝાંખી અનુભવાશે.

**खेलंमि पडिअ मप्पं, जह न तरइ मच्छिआवि मोएउं ।**
**तह विसयखेलपडिअं, न तरइ अप्पंपि कामंधो ॥४६॥**

**ગાથાર્થ**:—શ્લેષ્મમાં પડેલી પોતાની જાતને, જેમ માખી પણ મુક્ત કરી શકતી નથી તેમ વિષય શ્લેષ્મમાં પડેલો કામાંધ આત્મા પોતાની જાતને પણ તેમાંથી મુક્ત કરી શકતો નથી.

**વિશેષાર્થ** :—શ્લેષ્મની ચીકાશ માખીને એટલી લપેટી નાંખે છે કે તેથી તે છૂટી શકતી નથી. વિષય શ્લેષ્મમાં લપટાયેલ માનવીની પણ એવી જ દશા છે.

વાસનાનો ભમાવ્યો માનવી અંધ બન્યો છે. શ્લેષ્મથી પણ વધુ ગંદકી અને ચીકાશયુક્ત વિષયોમાં લપટાવા જતાં તેથી છૂટવાની ઇચ્છા પણ માણસને થતી નથી. કોઇ દયાળુ સજ્જન છોડાવવા મથે તો તેને તે તિરસ્કારી કાઢે છે. કામાંધ માનવીને વિષયો વહાલા લાગે છે. છોડવાની તો વાત જ કયાં ?

અંધત્વ ખસી જાય અને વિષયોથી છૂટવાની અભિલાષા જાગે તો પણ છૂટવું સહેલું નથી. સ્નેહતંતુનું પ્રાબલ્ય પુષ્કળ છે. તે સહેલાઈથી ન તૂટે. દિલને કઠોર બનાવાય અને સ્વપરનું ભેદજ્ઞાન નસેનસમાં ઉતારાય તો જ તે ત્રુટે. જેમણે તે ત્રોડયા, તેઓ પણ ગબડયા અને ફરી વિષય-શ્લેષ્મમાં લપેટાયા. પતંગ દીપકમાં ઝંપલાય તેમ તેઓ વાસ-

નામાં ઝંપલાયા અને વિનાશ નોતર્યો. માટે ખૂબ સાવધાનીની આવશ્યકતા છે.

**जं लहइ वीअराओ, सुक्खं तं मुणइ सुच्चिय न अन्नो ।**
**नहि गत्तासूअरओ, जाणइ सुर लोइअं सुक्खं ॥४७॥**

**ગાથાર્થ** :—વીતરાગ પરમાત્મા જે સુખ અનુભવે છે, તે તેઓ જ જાણે છે; અન્ય નહિ. સુરલોકનું સુખ ગર્ત્તાશૂકર ન જાણે.

**વિશેષાર્થ**:—આખું યે વિશ્વ કૂવામાં જ સમાયું છે તેમ કાચબો માને. વિષ્ટાનો કીટ સઘળું સુખ તેમાં જ જુએ. ભિક્ષુક એની હાંલ્લીમાં જ સુખ જુએ. સ્વાદ ઉકરડામાં જ સમાયો છે તેમ શૂકર માને. પીધેલો માનવી મદ્યમાં જ મોજ જુએ. ચિત્તભ્રમથી પીડાતો માનવી વિચિત્ર માનસિક તરંગોમાં જ લહેર અનુભવે. તેમ રાગરોગથી ગ્રસિત બનેલો આત્મા રાગમાં અને રાગના સાધનોમાં જ સુખ માને. રાગના અભાવમાં રહેલુ નિરુપાધિક સુખ તે ન સમજી શકે. વીતરાગતાના અનંત અવ્યાબાધ સુખની કલ્પના પણ તેને શી રીતે આવે? એને તો એમજ લાગે કે મુક્તિમાં શું સુખ હોઈ શકે? "જ્યાં સૌંદર્યનું દર્શન નહિ, જ્યાં મધુરા ગાનનું શ્રવણ નહિ, જ્યાં સુકોમળ પુષ્પોની સુવાસ નહિ, જ્યાં સ્વાદની મીઠાશ નહિ, જ્યાં સ્પર્શની મોહકતા નહિ, જ્યાં પ્રેમ નહિ, જ્યાં નૃત્ય નહિ, જ્યાં પત્ની નહિ, જ્યાં પુત્ર નહિ, ત્યાં આનંદ અને સુખ શાં? એમ વિચાર-

नारने भान नथी के तेनी सुखनी कल्पना विष्टाकीटनी कल्पना जेवी छे.

બાહ્ય સંયોગોનું સુખ વાસ્તવિક સુખ નથી. માત્ર દુઃખથી ઉદ્ભવેલી ઈચ્છાનું ક્ષણિક સાંત્વન છે. એકનું એક રૂપ રોજ નથી આકર્ષતું. એકનું એક ગીત રોજ સાંભળીને કંટાળો ઉપજે છે. એક જ મીઠાઈ રોજ આરોગવાથી તેના ઉપર સૂગ ચઢે છે. એક જ સ્રીના સદાના સહવાસે મધુર કલ્પનાઓનો અંત આવે છે. માનવી માગે છે નવીનતા. ઈચ્છિત વસ્તુ ન મળે ત્યાં સુધી તેને મેળવવા અહોનિશ તે ઝંખે છે, મળ્યા પછી તેની કિંમત ખલાસ થાય છે. અન્ય વસ્તુની ઈચ્છા ઉદ્ભવે છે અને ઇચ્છાનું દુઃખ અનુભવે છે. એમ ક્રમ ચાલ્યા જ કરે છે.

આ માનવસ્વભાવ વિચારક લેખાતો માનવી પણ લક્ષ્યમાં લેતો નથી. પરિણામે દુઃખના સાધનમાં તે સુખ કલ્પે છે અને વીતરાગતાના સુખથી વંચિત રહે છે, વિરાગનું સુખ અનુભવનાર વીતરાગતાનું સુખ સમજી શકે.

**जं अज्ञवि जीवाणं, विसएसु दुहासवेसु पडिबंधो ।**
**तं नज्जइ गुरुआण वि, अलंघणिज्जो महामोहो ॥४८॥**

ગાથાર્થ :— દુઃખદાયી વિષયો પ્રત્યે હજુ પણ જીવોને જે મમત્વ છે, તેથી જોઈ શકાય છે કે મહા મોહ ભલભલાને ય અલંઘ્ય છે.

વિશેષાર્થ :- વિષયોની અસારતા અને દુઃખકારકતાનો બોધ મળવા છતાં તથા તેના કટુ પરિણામો પ્રત્યક્ષ અનુભવતાં છતાં તેના પ્રત્યે જનતાનું ખેંચાણ જોઈને લાગે છે કે મોહનો જય ભારે કઠિન છે. મહાપુરુષો પણ મોહને જીતવામાં અસમર્થ બને છે. કોઈક વિરલ આત્મા જ મોહને જેર કરી શકે. સાચે જ મોહની શક્તિ અજોડ છે.

**जे कामंधा जीवा, रमंति विसएसु ते विगयसंका ।**
**जे पुण जिणवयणरया, ते भीरू तेसु विरमंति ॥४९॥**

ગાથાર્થ :— જે કામાંધ જીવો છે તે શંકારહિત થઈને વિષયોમાં રમે છે; પરંતુ જે જિનવચનમાં રક્ત છે તે પાપભીરુ આત્માઓ વિષયોથી વિરમે છે.

વિશેષાર્થ— વિષયી જીવોમાં નફ્ટાઈ સહેજે આવે છે. પરિણામની કે ઔચિત્યની કશીયે પરવા કર્યા વિના તેમણે માનેલા સુખમાં નિર્લજ્જતાથી તેઓ વિહરે છે. તીવ્ર વિષયપિપાસા એમને એવા તો અંધ બનાવે છે કે સદસદ્નો વિવેક તેઓ ભૂલી જાય છે. કટુ પરિણામો પ્રત્યે આંખને તેઓ મીંચી રાખે છે.

જેઓની સામે તે કટુપરિણામો તરવરે છે, જેઓ પાપથી ત્રાસે છે અને જેઓ જિનવાણીમાં પ્રીતી ધરાવે છે તેઓ વિષયોને દુઃખદાયી જાણી તેથી વિરમે છે, ઇંદ્રિય દમન કેળવે છે અને સ્વાધીન સુખ મેળવે છે.

**असुइमुत्तमलपवाहरूवयं, वंतपित्तवसमज्जफोफसं ।**
**मेयमंसबहुहड्डकरंडयं, चम्म मित्तपच्छाइअं जुवइ अंगयं ॥५०॥**

ગાથાર્થ :— અશુચિ, મૂત્ર અને મળના પ્રવાહ રૂપ; વમન, પિત્ત, નસો, ચરબી અને ફેફસાં યુક્ત; તથા મેદ, માંસ અને અસ્થિના કરંડીયા રૂપ યુવતિનો દેહ માત્ર ચામડીથીજ ઢંકાયેલો છે.

વિશેષાર્થ :– દુર્ગંધી વસ્તુઓથી ભરેલ કરંડીયામાં કોણ લુબ્ધ બને? યુવતીનો દેહ પણ તેવો જ છે. અનેક જાતની અશુચિ પુષ્કળ પ્રમાણમાં તેમાં ભરી છે. બાર દ્વારો દ્વારા અશુચિ વહે છે. તે ઢંકાયેલી છે માત્ર આછી પાતળી ચામડીથી. દેહના આલિંગનમાં અશુચિનું આલિંગન નથી શું?

શ્રીમતિ મલ્લિકુમારીએ તેમના પ્રત્યે આકર્ષાયેલા છ રાજવીઓને દેહની અશુચિ દર્શાવીને ઉગાર્યા. પ્રેમમાં પાગલ બનેલા તે રાજાઓને પોતાને ત્યાં નોતર્યા. પિતાજીએ તેમનું સન્માન કર્યું. શ્રી મલ્લિકુમારીના દર્શનાર્થે એક જ ઓરડામાં ભિન્ન ભિન્ન દ્વારથી તેઓ પહોંચ્યા.

વિશાળ ખંડમાં તેમને સૌંદર્યભરી એક યુવતીનું દર્શન થયું. પાગલ બન્યા અને તેને ભેટવા ઉદ્યુક્ત થયા. એવામાં વિરાગની અનુપમ લહરીઓમાં ઝૂલતાં શ્રી મલ્લિ કુમારી અદશ્ય રહીને પધાર્યાં. પેલી યુવતિનાં મસ્તક

ઉપરનું ઢાંકણુ ખેંચી લીધું. બદબો વહેવા મંડી. સમજાયું કે દેખાતી મનોહર યુવતિ માત્ર અશુચિભરી પુતળી જ હતી. ગંધાઈ ઊઠેલા અન્નથી એ ભરેલી હતી. શ્રી મલ્લિકુમારી પ્રગટ થયાં. નારી દેહની અશુચિ રાજવીઓને પુતળીના દષ્ટાંતથી સમજાવી. રાજવીઓ ચેત્યા. પાપને પંથે પટકાતી પોતાની જાતને ઉગારી લીધી.

એ પુતળીમાં અને જીવતા જાગતા નારી દેહમાં અશુચિની દષ્ટિએ ખાસ ફરક નથી. આછી પાતળી ચામડીથી ઢંકાયેલી અશુચિ પ્રત્યે આપણું લક્ષ્ય નથી જતું એ કમનસીબ છે.

मंसं ट्ठमं मुत्तपुरीसमीसं, सिंधाणखेलाइअ निज्झरंतं ।
एअं अणिच्चं किमिआण वासं, पासं नराणं मइबाहिराणं ॥५१॥

ગાથાર્થ:— માંસલ, મૂત્ર, અને મળયુક્ત, લીંટ અને શ્લેષ્મ ઝરતું તથા કૃમિઓના વાસરૂપ આ અનિત્ય શરીર, મતિરહિત મનુષ્યોને પાશ રૂપ છે.

વિશેષાર્થ:— આત્મસાધનામાં અનુપમ સાધન માનવદેહ છે. માનવદેહી જ ઉચ્ચ ગુણુસ્થાનકોની પ્રાપ્તિ કરી શકે છે. માનવદેહી જ વીતરાગ બની શકે છે. એ દષ્ટિએ માનવદેહ ખૂબ કીંમતી છે.

જેને તેની કીંમત નથી સમજાઈ તે અનુપમ માનવ-દેહને વેડફી નાંખે છે અને તેને દુઃખ તથા દુર્ગતિનું સાધન બનાવે છે. દેહને તે પંપાળે છે. તેને ખાતર સદ્ગુણોને તે

ચૂકી જાય છે. પરિણામે દુર્લભ માનવદેહ તેને સખ્ત બંધનની ગરજ સારે છે.

સુજ્ઞ જન અનિત્ય દેહમાં મમત્વ ન રાખે.

**पासेण पंजरेण य, बज्झंति चउप्पया य पक्खी ई ।**
**इय जुवइपंजरेण य, बद्धा पुरिसा किलिस्सन्ति ॥५२॥**

ગાથાર્થ:—ચોપગાં પ્રાણીઓ પાશથી અને પંખીઓ પિંજરાથી બંધાય છે તેમ યુવતિરૂપી પિંજરથી બંધાયેલા પુરુષો ક્લેશ પામે છે.

વિશેષાર્થ:—સ્વતંત્રતા સૌને વહાલી હોય. પશુ પંખીઓને પણ બંધન ન ગમે. સુવર્ણ પિંજરમાં પૂરાયેલો પોપટ મુક્ત થવા ઝંખે છે, ખીલે બાંધેલું જાનવર છૂટવા મથે છે. પૂરી સમજ નહિ ધરાવનાર પશુ પંખીઓને બંધન બંધન રૂપે ભાસે છે.

પરંતુ પોતાની જાતને જકડી રાખતા બંધનને બુદ્ધિ-શાળી લેખાતો માનવી નથી ઓળખતો. પુરુષને માટે સ્ત્રી બંધન છે. રોજ રાતના પુરુષે ઘેર આવવું જ પડે. અર્થની ઉપાસના રોજ કરવી જ પડે. ઘરમાં કે ઘરની બહાર, પુરુષનું ઘણુંખરું કાર્ય તો સ્ત્રી માટે જ. અનેક કષ્ટો સહન કરાય સ્ત્રી માટે. સ્ત્રીને રક્ષવા કે રીઝવવા જાતનો પણ તે ભોગ આપે. સીતાને રીઝવવા જતાં રામે લંકાનું યુદ્ધ વહોર્યું. સ્ત્રીને સુખી ન કરી શકે તો પુરુષ દુ:ખી થાય. નારીની નારાજીથી નરનું મ્હોં વીલું બને.

એક બંધન જાણે કે પૂરતું ન હોય તેમ અનેક બંધનો ઉત્પન્ન થાય. સ્ત્રી એક અને સંતાન અનેક. બંધનોની પરંપરા ચાલે. તે બંધનો પુરૂષને વધુ ને વધુ જકડે.

પરિસ્થિતિ આમ સ્પષ્ટ હોવા છતાં, સ્વતંત્રતાનો પૂજારી બંધનોમાં જકડાવા ઇચ્છે છે. અજ્ઞાન પશુપંખીઓ બંધનમાંથી છૂટવા મથે છે ત્યારે વિદ્વાન પુરુષો બંધનોને હોંશભેર બાથ ભીડે છે. ધન્ય છે માનવીની વિદ્વત્તાને !

**अहो मोहो महा मल्लो, जेण अम्हारिसा वि हु ।**
**जाणंता वि अणिच्चत्तं, विरमंति न खणंपि हु ।।५३।।**

ગાથાર્થ:—અહો ! મોહ એ મહા મલ્લ છે; જેથી અનિત્યતા જાણતાં છતાં, અમારા જેવા પણ ક્ષણ માત્ર વિરમતા નથી.

વિશેષાર્થ:—મોહમલ્લની શક્તિ અચિંત્ય છે. મૂઢ અને અજ્ઞાનીને તે મૂંઝવે છે એટલું જ નહિ, પરંતુ મોહની અનિષ્ટતા જાણનારને પણ તે મૂંઝવે છે. સૌંદર્યને અસ્થિર જાણનાર તેમાં લપટાય છે. નારીદેહને નાશવંત નિહાળનાર તેમાં મુગ્ધ બને છે. ધનને ચંચળ જાણનાર તેને તિજોરીમાં મૂકે છે. દેહને ક્ષણિક સમજનાર, તેને સાચવવા આકાશ પાતાળ એક કરે છે. અનેક પતિની પત્ની ધરિત્રી બની ચૂકી છે તેમ જાણનાર તેના ઉપર આધિપત્ય ભોગવવા સંહારલીલા રચે છે. રાગી અને ત્યાગી, યોગી અને ભોગી, સૌ મોહમાયામાં લપટાય છે.

અગાધ શક્તિ મોહને વરી હોવાથી પ્રગતિપિપાસુએ ખૂબ સાવધ રહેવું ઘટે.

**जुवइहिं सह कुणंतो संसग्गिं कुणइ सयलदुक्खेहिं ।**
**नहि मूसगाणं संगो, होइ सुहो सह बिडालेहिं ॥५४॥**

**ગાથાર્થ:**—મૂષકને માર્જારનો સંગ સુખ ન આપે તેમ યુવતિઓની સાથે કરાતો સંસર્ગ સકલ દુઃખનું કારણ છે.

**વિશેષાર્થ:**—સ્ત્રીની આંખમાં આવનાર પુરુષની અવદશા, બિલ્લીના મ્હોંમાના ઉંદર જેવી, હોય છે. પુરુષ પટકાય છે અને રિબાય છે. સ્ત્રીની ચિંતા તે અહોરાત કરે છે. એના દર્શનની તીવ્ર અભિલાષા જાગે છે. તેને નિરખવા અનેક પ્રયાસો તે કરે છે. "અહીંથી તહીં અને "તહીંથી અહી" આંટા મારે છે. તો'યે સોહામણા મુખચંદ્રનું દર્શન થતું નથી. બિચારો પુરુષ હતાશ બનીને દીર્ઘ નિઃશ્વાસ મૂકે છે. વાસના અને વેદનાને પરિણામે એનું અંગ તપી જાય છે. દેહમાં બળતરા વધે છે. વિચારવાયુમાં એને કશું સૂઝતું નથી. અન્ન ઉપર અરૂચિ ઉપજે છે. નથી ભાવતું ખાવું કે નથી ભાવતું પીવું. તેથી શરીર સૂકાય છે. અંગમાંથી ધ્રુજારી પસાર થઈ જાય છે. દેહ કંપવા માંડે છે.

વિયોગની તીવ્ર વેદનામાં તે ભાન ભૂલી જાય છે. પોતે શું બોલે છે અને શું કરે છે તેની ગતાગમ નથી હોતી. અજાણ્યાને લાગે કે કોઈ દારૂ પીધેલો હશે. વિરહની

વેદનામાં બળતો માનવી મૃત્યુની નજીક આવી જાય છે. કયારેક મરી પણ જાય છે. તીવ્ર વાસના મૃત્યુમાં પરિણમે તેમાં કશું આશ્ચર્ય નથી. કામની દશ દશા જાણનાર તે હકીકત સારી રીતે સમજે છે.

**हरिहरचउराणण चंद–सुरखंदाइणो वि जे देवा ।**
**नारीण किंकरत्तं, कुणंति धिध्धी विसयतिन्हा ॥५५॥**

**ગાથાર્થ:**—વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા, ચંદ્ર, સૂર્ય અને કાર્તિકસ્વામિ વિગેરે દેવો પણ નારીની ગુલામી કરે છે. ધિક્કાર છે વિષય તૃષ્ણાને !

**વિશેષાર્થ:**—વિષયની તરસ માનવીને પામર દશામાં મૂકી દે છે. વાસનાથી પીડાતા પુરુષની દીનતાભરી ચેષ્ટા દુઃખદ છે. મહાન્ લેખાતા માનવીઓ, અભિમાનમાં ઉંચે ચઢનાર માંધાતાઓ અને અતુલ બળધારી પુરુષો પણ સ્ત્રી સાંનિધ્યમાં દીન બની જાય છે. તેની આજ્ઞા માથે ચઢાવે છે. માનવો તો શું, દેવો પણ લલનાના ગુલામ બને છે.

વીણાવાદને ગોપીઓને આકર્ષતા વિષ્ણુ, ભીલડીના સૌંદર્યે પાગલ બનતા પાર્વતિપતિ, તિલોત્તમાના નૃત્યે ઈંદ્રાસન ગુમાવીને ગર્દભમુખવાળા બનતા બ્રહ્મા વિગેરે તેજસ્વી દેવોનું દાસત્વ સ્ત્રીશક્તિની પ્રચંડતાની અને પુરુષની વિષયાધીનતાની ઝાંખી કરાવે છે.

**सीअं च उण्हं च सहंति मूढा, इत्थीसु सत्ता अविवेअवंता ।**
**इलाइपुत्तं व चयंति जाइं. जीअं च नासंति अ रावणुव्व ॥५६॥**

**ગાથાર્થ**:—અવિવેકી આત્માઓ સ્રીઓમાં આસક્ત થઈને ઠંડી અને ગરમી સહે છે; ઈલાચી-પુત્રની જેમ જાતિનો ત્યાગ કરે છે અને રાવણની જેમ જીવિતનો પણ નાશ કરે છે.

**વિશેષાર્થ**:—મૂર્ખ માનવી નારીનેહમાં સુખ નિહાળે છે. તે ભૂલી જાય છે કે સુખદ ભાસતા સ્નેહને કારણે અનેક કષ્ટો તેને સહવા પડે છે, અનેક ભોગ આપવા પડે છે. ઠંડી સહન કરવી પડે છે, દાહમાં દાઝવું પડે છે અને દીનતા ભોગવવી પડે છે. રાગ માટે બધો જ ભોગ આપવા માનવી તૈયાર હોય છે. ઇલાચિપુત્રે જાતિનો ત્યાગ કર્યો. રાવણે જીવિતનો ત્યાગ કર્યો. આવો દુઃખકારી નારીનેહ કોને આકર્ષે ?

શ્રી ઈલાચિપુત્રને ભોગસુખ નહોતું ખેંચતું. વિરાગ એમના દિલમાં ઝળહળતો. પરંતુ કોઇ કમનસીબ ક્ષણે ઉપવનમાં એક નર્ત્તિકાનું નૃત્ય નિહાળ્યું. નર્ત્તિકાના દર્શનમાં તેઓ લીન બન્યા, ભાનભૂલ્યા અને પટકાયા.

દિલ ઉદ્વિગ્ન બન્યું. ખેદનું કારણ મિત્રો પાસેથી પિતાએ જાણ્યું. અપ્સરા સમ યુવતિઓ સાથે લગ્ન કરવા પિતાએ સમજાવ્યું. પરંતુ પુત્રને જોઈતી હતી નર્ત્તકી જ.

થાકીને, નર્ત્તિકાના પિતાને, પિતાએ આમંત્ર્યા. નર્તકીનું વાગ્દાન મેળવવા અભિલાષા વ્યક્ત કરી. પુત્રીને, જ્ઞાતિ-

બહાર પરણાવવા, નર્ત્તિકાના પિતા તૈયાર નહોતા. નૃત્ય-કળામાં ઈલાચિપુત્ર પ્રવિણતા પ્રાપ્ત કરે તો લગ્ન થઇ શકે. પ્રવીણ નટ બનવાનું ઈલાચિપુત્રે માથે લીધું.

ઉત્તમ જાતિનો ત્યાગ કરી નટજીવન એમણે શરૂ કર્યું દિવ્ય નૃત્યકળા પ્રાપ્ત કરી. રાજાને રીઝવવા કળાનું પ્રદર્શન કર્યું. પરંતુ રાજાની દૃષ્ટિ કળાદર્શનમાં નહોતી. તેની દૃષ્ટિ ચોંટી હતી નર્ત્તિકાના ખીલતા સૌંદર્ય ઉપર. નર્ત્તિકાને પોતાની બનાવવા રાજાનું દિલ તલસી રહ્યું. નટ નૃત્ય કરતાં પટકાય અને સ્વધામ પહોંચે એવી અભિલાષા રાજાએ સેવી. પાપી અભિલાષાને ઈલાપુત્ર પારખી શકયો.

નૃત્ય કરતાં એક ગૃહ સમક્ષ એની દૃષ્ટિ પડી. દેવાંગના સમી યુવતિ મુનિરાજને મોદક પડિલાભતી તેણે જોઈ. મુનિરાજની ઢળેલી દૃષ્ટિ અને તેમનો મૂર્ત્તિમંત વિરાગ ઈલાપુત્રની પ્રેમની આગને બુઝવવા બસ હતા. તેમનું ચિત્ત શાંત બન્યું. ભાવનાએ તેઓ ચઢયા થોડી જ ક્ષણોમાં આત્મદર્શન કર્યું. અનંત જ્ઞાન પ્રાપ્ત કર્યું. જંજાળો ત્રોડી.

દેવોએ ઉત્સવ રચ્યો. નર્ત્તિકા અને રાજા, સૌ પ્રતિબોધ પામ્યા. તેઓ પણ આત્મદર્શન કરી કૈવલ્ય પામ્યા.

ઈલાપુત્ર જેવા તદ્દ્ભવ મુકિતગામી આત્મા નર્ત્તિકાના નૃત્યે આકર્ષાયા, પટકાયા અને જાતિનો ત્યાગ કર્યો. તો સામાન્ય માનવીની શી દશા ?

સીતાના સૌંદર્ય પાછળ ભટકતા રાવણની અવદશા કોણ નથી જાણતું ? વાસનાતૃપ્તિ માટે એણે જીવનનો નાશ

નોતર્યો પરંતુ તૃપ્તિ ન થઈ તે ન જ થઇ.

સ્ત્રી સંગ હાનિકર જાણીને સૌ તેને ત્યજે એ અભિલાષા.

**बुत्तुण वि जीवाणं, सुदुक्करायन्ति पावचरिआइं ।**
**भयवं जा सा सा सा, पच्चाएसो हु इणमो ते ॥५७॥**

**ગાથાર્થ:**—કહેવા પણ અતિમુશ્કેલ હોય તેવા પાપચરિતો જીવોના છે. "ભગવન્! જે તે તે તે?" પ્રશ્નનો જવાબ પણ તે જ છે.

**વિશેષાર્થ:**—માનવીનું પાપાચરણ એટલું કુટિલ હોય છે કે લોકોની હાજરીમાં તે પ્રકાશતાં પણ લાજ આવે. ભયંકર પાપાત્માઓનું પાપ જાહેર થતાં કંપારી છૂટે. પાપનો પશ્ચાત્તાપ થાય તે બને પરંતુ સરલ દિલે પાપ જાહેર કરવાની હિંમત કો'ક વિરલ હૃદયમાં જ હોય.

એ હિંમતને અભાવે પલ્લિપતિ ચોરે, સમવસરણમાં વિરાજીને અમૃતવાણી વહાવતાં વીરપ્રભુને, ગૂઢ ભાષામાં પ્રશ્ન કર્યો. પ્રભુએ તે જ ભાષામાં પ્રત્યુત્તર આપ્યો. પ્રશ્નોત્તરમાં રહેલો ગૂઢાર્થ પર્ષદા ન સમજી શકી. શ્રી ઇંદ્રભૂતિજીએ અર્થ વિશદ કરવા વિનંતિ કરી. વીર વિભુએ વિનંતિ સ્વીકારી અને પલ્લપતિની કહાણી કહી સંભળાવી.

પ્રશ્નકાર પાંચશો ચોરના જુથમાં અધિપતિ હતો. જૂથના સમગ્ર ચોરો વચ્ચે એક જ પત્નિ હતી. તીવ્ર વાસનાથી તે પીડાતી. પાંચસો પતિથી તેને તૃપ્તિ નહોતી.

ચોરોને તેની તીવ્રવાસનાની જાણ નહોતી. એમને એ સ્ત્રીની દયા આવી. સૌને સંતોષતાં તે દુઃખી દુઃખી થઈ જતી હશે એમ કલ્પીને તેને રાહત આપવા એક અન્ય સ્ત્રી તેમણે રાખી.

પ્રથમની પત્ની આ જોઈને ઇર્ષ્યાની આગમાં બળી ગઈ. સપત્નીને તે સહન ન કરી શકી. એને મારીને જ તે જંપી.

પલ્લીપતિએ આ જોયું. પત્નીની તીવ્ર વાસના જોઈને તેણે દુઃખ અનુભવ્યું. પોતાના પૂર્વ દિવસો તેને યાદ આવ્યા. તે એક કુટુંબમાં જન્મેલો. એક બહેન તેને હતી. ઘણી યે વાર બાળપણમાં બહેન ખૂબ રડતી. કેમેય કરીને છાની ન રહે. એક વાર અચાનક ભાઈનો હસ્ત બહેનના ગુહ્યાંગને સ્પર્શ્યો. બહેન છાની રહી ગઈ. છાની રાખવાની રીત ભાઈના હાથમાં આવી. જ્યારે જ્યારે બહેન રડે ત્યારે ભાઈ તે રીતે છાની રાખે. કુટુંબના વડીલોએ તે જોયું. ભાઈને તિરસ્કારી ઘર બહાર કાઢી મૂક્યો.

રખડતાં રખડતાં ભાઈ પાંચસો ચોરના જૂથનો સ્વામી બન્યો. એક વાર કોઈ ગામમાં તે જૂથ સહિત ગયો. ત્યાં એક સ્ત્રી તેમને જોઈને આકર્ષાઈ. તેમની પત્ની બનાવવા તેણે ચોરોને વિનવ્યું. વિનતિ ચોરોએ સ્વીકારી.

પૂર્વ દિવસોની સ્મૃતિ તાજી થતાં પલ્લીપતિને યાદ આવ્યું કે તેની બહેનની વાસના તેની પત્નીની વાસના જેવી જ તીવ્ર હતી· "કદાચ એની પત્ની એની બહેન તો નહિ હોય!"

એ જાતની શંકા ઉદ્‌ભવી. શંકાસમાધાન કરવા તે આવ્યો વીર વિભુની પાસે પૂછ્યું કે "જે તે તે તે ?" એટલે કે 'જે પત્ની તે બ્હેન ?' પ્રભુએ તે જ શબ્દોમાં ઉત્તર આપ્યો. "જે તે તે તે," એટલે કે 'જે પત્ની તે બ્હેન. પલ્લીપતિ પોતાનું પાપ સ્પષ્ટ રીતે ન પ્રકાશી શકયો એટલે ગૂઢ શબ્દોમાં એણે પ્રશ્ન પૂછયો. પ્રભુએ પણ તે જ રીતે ઉત્તર આપ્યો. પછી તો પ્રભુએ બન્નેના પૂર્વ ભવોની કહાણી કહી સંભળાવી. પૂર્વભવની તીવ્ર વાસના આ ભવમાં ઊતરી હોવાને પરિણામે બાળપણમાં તે સ્ત્રી રડતી અને ભાઇના સ્પર્શથી તૃપ્તિ અનુભવતી એમ સૌ શ્રોતાઓને સમજાયું.

તીવ્ર પાપનું સ્પષ્ટ નિવેદન કરતાં સંકોચ થાય તે સહજ છે.

**जललवतरलं जीअं, अथिरा लच्छीवि भंगुरो देहो ।**
**तुच्छा य कामभोगा, निबंधणं दुक्खलक्खाणं ॥५८॥**

**ગાથાર્થ:** — તૃણના અગ્રભાગ ઉપર રહેલા જળબિંદુ જેવું જીવિત છે, લક્ષ્મી અસ્થિર છે, દેહ ભંગુર છે તથા કામભોગો તુચ્છ અને લાખો દુઃખોનું કારણ છે.

**વિશેષાર્થ:**—માનવીને અતિપ્રિય જીવિત ક્ષણમાં વિલય પામે છે. જે જીવિતને ટકાવવા માનવી અથાગ પરિશ્રમ કરે છે, અનેકને છેહ દે છે, અનેકની ગુલામી સેવે છે, તે જીવિત માનવીને છેહ દે છે. ઘડીમાં તે વિલય પામે

છે; જાણે કે તૃણના અગ્રભાગ ઉપર રહેલું જલબિંદુ-જોતજોતામાં સંકેલાઇ જતાં જીવનમાં વિશ્વાસ શાને ?

દેહ ટકે ત્યાં સુધી જીવન ટકે. માટીનો દેહ પુષ્ટ બને કે સૂકાઇ જાય, તેમાં લોહી વધે કે વાયુ વધે, તે સુડોળ બને કે કરચલીઓ યુક્ત બને, અંતે એનો નાશ છે. એ દેહ પ્રત્યે પ્રેમ શાને ?

પ્રારબ્ધ-સર્જ્યાં સુખ દુઃખ પ્રાણીને પ્રાપ્ત થાય છે. નથી સુખ શાશ્વત કે નથી દુઃખ સંયોગમાં પરિવર્ત્તન થયાં જ કરે છે. મહાપ્રયત્ને મેળવેલ લક્ષ્મી થોડો સમય રહીને ચાલી જાય છે. ભોક્તાથી કંટાળવાનો લક્ષ્મીનો સ્વભાવ છે. તે કંટાળે ત્યારે તેને ચાલી જતી રોકનાર કોઇ નહિ. ચપળ લક્ષ્મીને કોણ સુજ્ઞ પકડી રાખે ?

આત્માના અનંત આનંદની સરખામણીમાં પાર્થિવ સુખો તુચ્છ જણાય. જે સુખના ભોગવટા પછી અનંત દુઃખની પરંપરા ચાલે તેને સમજુ માનવી ન અભિલષે.

ભંગુર દેહ, ક્ષણિક જીવિત, ચપલ લક્ષ્મી તથા દુઃખદાયી અને તુચ્છ વિષયો આત્માની અવનતિ ન આણે તેની સાવચેતી સૌએ રાખવી ઘટે.

**नागो जहा पंकज लावसन्नो, दट्ठुं थलं नाभिसमेइ तीरं ।**
**एवं जिआ कामगुणेसु गिद्धा, सुधम्ममग्गे न रया हवंति ॥५९॥**

ગાથાર્થઃ—કાદવ યુક્ત જળમાં ખૂંચાઈ ગયેલો હસ્તિ સ્થળને જોવા છતાં કિનારે આવી શકતો નથી

તેમ વિષયોમાં ગૃદ્ધ જીવો સુધર્મમાર્ગમાં રક્ત બનતાં નથી.

**વિશેષાર્થ**:—શક્તિવંત હાથી કાદવમાં ખૂંચે છે ત્યારે શક્તિ નકામી બને છે. કાદવમાં તે વધુ વધુ ખૂંચાતો જાય છે. કિનારે આવવાનો તેનો તલસાટ ભાગ્યે જ ફળે છે.

અનંત શક્તિવંત આત્મા વાસના રૂપી કીચડમાં ખૂંચાવાથી તેની શક્તિ હણાઈ ગઈ છે. હાથી કરતાં પણ વધુ પામર તે બની ગયો છે. હાથી તો કિનારે આવવા તલસે છે, પરંતુ વિષયગૃદ્ધ આત્માને સુધર્મમાર્ગ રૂપી કિનારા પ્રત્યે દૃષ્ટિ ફેંકવાની યે ઇચ્છા નથી.

કદાચ કિનારા પ્રત્યે દૃષ્ટિ પડે તો યે ત્યાં પહોંચવાનો તેને ઉત્સાહ નથી. જિનોક્ત ત્યાગ માર્ગ આરાધવાની અભિલાષાને તેની વિષયલાલસાએ હણી નાંખી છે. આ પરિસ્થિતિમાં સુધર્મમાર્ગ રૂપી કિનારો પ્રાપ્ત કરવાની વાત જ ક્યાં ?

સત્યનું પરિશીલન કરીને સુધર્મ માર્ગ પ્રત્યે જે પ્રેરાય તે સ્વશક્તિનો ઉપયોગ કરીને વાસનાના કીચડમાંથી નીકળી શકે.

**जह विठ्ठपुंजखुत्तो, किमी सुहं मन्नए सयाकालं ।**
**तह विसयासुइरत्तो, जीवो वि मुणइ सुहं मूढो ॥६०॥**

**ગાથાર્થ**:—વિષ્ટાના સમૂહમાં ખૂંચી રહેલો કીડો જેમ સદાકાળ સુખ માને છે તેમ વિષય અશુચિમાં રક્ત મૂઢ જીવ પણ સુખ માને છે.

**વિશેષાર્થ** :- માનવીની પ્રજ્ઞાચક્ષુ બીડાઈ ગઈ છે. અશુચિમાં તે સુખ અનુભવે છે. મલિન પદાર્થોમાં ઉત્પન્ન થતો કીડો પોતાની જાતને સુખી માને છે, તેમ અશુચિમાંથી ઉત્પન્ન થતા આહારમાં માનવી સુખ માને છે. અશુચિભર્યા દેહના સ્પર્શે તે આનંદ અનુભવે છે. અશુચિ પદાર્થો શરીરમાં વધવાથી તે અભિમાન લે છે. નથી લાગતું કે વિષ્ટામાં ઉત્પન્ન થયેલ કીટ અને વિષય અશુચિમાં ખરડાયેલ માનવીમાં સારી એવી સમાનતા છે ?

સાચું સુખ ત્યારે જ મળશે કે જ્યારે મલિન વિષયો આંખને ખટકશે.

**मयरहरो व जलेहिं, तहवि हु दुप्पूरओ इमे आया ।**
**विसयामिसंमि गिद्धो, भवे भवे वच्चइ न तत्तिं ॥६१॥**

**ગાથાર્થ**:—જળથી સમુદ્ર ભરાવો જેમ મુશ્કેલ છે તેમ વિષયરૂપી માંસમાં લુબ્ધ બનેલ આ આત્માને પૂર્તિ થવી મુશ્કેલ છે. ભવે ભવે વિષયોનો ઉપભોગ કરવા છતાં તે તૃપ્તિ પામતો નથી.

**વિશેષાર્થ**:—અગાધ જળભર્યા સાગરમાં ગમે એટલું જળ ભરાય તો પણ તે અધૂરો જ રહે. જળથી એને તૃપ્તિ ન થાય

આત્માએ પણ અનંતકાળ સુધી અનંત વિષયોનો ઉપભોગ કર્યો. પરંતુ એ અધૂરો જ રહ્યો. વિષયાભિલાષા હજુ યે ન મટી. અભિલાષા હોય ત્યાં સુખ ન હોય; સંતોષ ન હોય

**विसयविसट्टा जीवा, उब्भड रूवाइएसु विविहेसु ।**
**भवसयसहस्सदुलहं, न मुणंति गयंपि निअजम्मं ॥६२॥**

**ગાથાર્થ:**—લાખો ભવે દુર્લભ એવો નિજ જન્મ ઉદ્ભટ રૂપ રસ વગેરે વિવિધ વસ્તુઓમાં ચાલી જાય છે. તે પણ વિષયવિષથી પીડિત આત્માઓ નથી જ જાણતા.

**વિશેષાર્થ:**—પૂર્વકૃત સત્કર્મને પરિણામે કોઇક જ વાર અણમોલ માનવ જન્મ ઉપલબ્ધ થાય; કીંમતી માનવ જીવનનો સદુપયોગ કરવાની ખૂબ આવશ્યકતા છે. અનંત સુખ આણી આપનાર માનવજીવન જો વેડફાઈ જાય તો અપાર દુઃખની ગર્ત્તામાં અનંતકાળ સુધી આત્માએ સબડવાનું રહે.

કમનસીબે ઉત્તમ સાધન સામગ્રીને માનવી દૂર હડસેલે છે. એને ગમે છે આત્મતત્ત્વથી પર એવું અચેતન પુદ્ગલ. એની આંખો ભટકે છે સૌંદર્યની શોધમાં. એની સ્પર્શના માંગે છે સુંવાળો સહચાર. એના શ્રોત્રો મુગ્ધ બને છે સંગીતના સુમધુર સ્વરે. એની રસના લુબ્ધ બને છે વિવિધ વાનીઓમાં. એની નાસિકાને ગમે છે મઝેની સુવાસ. એને આકર્ષે છે કાંતા અને કંચન.

પરિણામે લાખો ભવ ભટકતા ભાગ્યે જ મળે તે માનવ-ભવ અસ્થિર વસ્તુઓમાં વેડફાઈ જાય છે. સાચે જ વિષય રૂપી ઝેરની માનવને અસર થઈ છે. હડકાયા કૂતરાનું ઝેર

જેમ હડકવા ઉત્પન્ન કરે છે તેમ વિષયનું ઝેર માનવીને મત્ત બનાવે છે.

**चिट्ठंति विसयविवसा मुत्तुण लज्जंपि के वि गयसंका ।**
**न गणंति के वि मरणं, विसयंकुस सल्लिआ जीवा ॥६३॥**

ગાથાર્થ:—કેટલાક આત્માઓ વિષયોને પરવશ રહે છે, જ્યારે કેટલાક લજ્જા પણ મૂકીને નિઃશંક ( પાપના ભય વિનાના ) બની જાય છે; વળી વિષય અંકુશથી દ્યવાયેલા કેટલાક આત્માઓ મૃત્યુને પણ ગણતાં નથી.

વિશેષાર્થ:—વિષયપિપાસા બેપરવાઈ જન્માવે છે. સારાસાર અને કૃત્યાકૃત્યનો વિવેક તેથી ભૂલાય છે. બેફામ જીવન જીવવામાં અને જ્યાં ત્યાં જે તે પ્રકારની કુચેષ્ટાઓ કરવામાં વિષયી માનવીને શરમનો અંશ નથી હોતો. જનસમાજમાં રહીને જનસમાજના સામાન્ય નિયમોના પાલનની પણ તેને પરવા નથી હોતી.

પિપાસાને તૃપ્ત કરવા પાગલ માનવી જ્યાં ત્યાં દોડી જાય છે. સામે મૃત્યુ આવતું હોય તો'યે તેની તેને ચિંતા નથી. વિષયની બુભુક્ષા તેનો નાશ નોતરે છે. કામબાણુની અસર અજબ હોય છે.

**विसयविसेणं जीवा, जिणधम्मं हारिऊण हा नरयं।**
**वच्चंति जहा चित्तयनिवारिओ बंभदत्त निवो ॥ ६४ ॥**

ગાથાર્થ:— શ્રી ચિત્રક મુનિએ રોકવા છતાં,

બ્રહ્મદત્ત નૃપ જેમ નરકગામી બન્યા તેમ અહો ! વિષય વિષથી પીડિત આત્માઓ જિનધર્મને હારીને નરક પામે છે.

**વિશેષાર્થ:—** પરિણતિ પ્રધાન જિનધર્મ સમભાવની સાધના ઉપદેશે છે. જ્યાં સમભાવ છે ત્યાં જિનધર્મ છે. રાગાદિભાવો ઉપર વિજય મેળવીને સમભાવી બને તે જિન. જિનનો ધર્મ સમભાવમાં જ હોય.

જ્યાં રાગાદિ દોષો છે ત્યાં સમતાનો અભાવ છે. વિષયવિષથી પીડાતો આત્મા જિનધર્મથી ખૂબ દૂર છે. ઉત્તમ માનવજન્મ પામીને પણ જિનધર્મ રૂપી રત્નને તે હારી જાય છે.

પરિણામે વિષયો દુર્ગતિ તરફ ઘસડી જાય છે. સાંભળતાં હૈયું થરથરે અને દેહે કમકમાં આવે એવાં દુઃખો જે સ્થાનમાં છે તે નરકમાં વિષયી જીવો સબડે છે.

નરકગતિનું અપાર દુઃખ ચક્રવર્તી બ્રહ્મદત્તને પણ સહન કરવું પડેલું. પૂર્વજન્મમાં અખંડ સંયમની સાધના સાધતાં એકવાર શ્રી સનત્ચક્રીના મહારાણીનો કેશકલાપ વંદન ઝીલતાં સંભૂતિમુનિને સ્પર્શી ગયો. સુકોમળ સ્પર્શ તે ન જીરવી શકયા. હૈયું બગડયું અને સંયમના બદલા તરીકે એવા સ્રીરત્નની પ્રાર્થના કરી. વડીલબંધુ ચિત્રકમુનિએ એમ ન કરવા સમજાવ્યું. પરંતુ તેમની વિનવણી એળે ગઈ.

નિદાનને પરિણામે સંયમની સાધનાથી શ્રી સંભૂતિ મુનિને બીજા ભવમાં ચક્રવર્ત્તિત્વ મળ્યું. માગેલું સ્રીરત્ન પણ મળ્યું. બ્રહ્મદત્ત ચક્રી—પૂર્વના સંભૂતિમુનિ—તેમાં લુબ્ધ બન્યા.

જાતિસ્મરણ જ્ઞાનને પરિણામે પૂર્વ જન્મના બંધુ ચિત્ર મુનિ યાદ આવ્યા. ભાઈને ભેટવાની ભાવના જાગી. તેમને ઓળખવાને યુક્તિ શોધી. પૂર્વ પાંચ ભવો જણાવતો અર્ધ શ્લોક રચ્યો. શ્લોકની પૂર્ત્તિ કરી આપનારને ઈનામ આપવાનું જાહેર કર્યું. પૂર્વજન્મના ચિત્રમુનિ, જેઓ દીક્ષિત અવસ્થામાં પર્યટન કરતા હતા તેમણે, જાતિસ્મરણ જ્ઞાનના પ્રભાવથી, શ્લોકની પૂર્ત્તિ કરી. કોઈ રેંટ ચલાવનારે તે પૂર્ત્તિ બ્રહ્મદત્ત ચક્રીને જણાવી. માહિતી મળતાં મુનિને ચક્રીએ આમંત્ર્યા. ભાઈઓ ભેટયા.

ઉન્માર્ગે ઘસડી જતી ચક્રવર્ત્તીની વૃત્તિઓને નિહાળી, મુનિએ વ્યથા અનુભવી. ભાઈને ઉગારવાના તેમને કોડ જાગ્યા. એને રક્ષવા અમીઝરતી વાણી વહાવી. અનુપમ આત્મસુખની કીમત સમજાવી. ભૌતિક સુખની અસારતા દર્શાવી. માનવજીવનને તુચ્છ સુખોમાં વેડફી નાંખવામાં મૂર્ખતા જણાવી. પરંતુ ચક્રી ભાન ભૂલ્યા હતા. જડ સુખમાં તે મૂર્ચ્છિત બન્યા હતા. પરોક્ષ મુક્તિસુખમાં તેમને શ્રદ્ધા નહોતી. મધુરાં ભાસતાં સુખો છાંડવા તેઓ તૈયાર નહોતા. ભોગસુખને પરિણામે આવતી અપાર વેદના એમને ખટકતી નહોતી. પૂર્વભવોમાં અનુભવેલી વેદના સ્મૃતિપટ ઉપર તાજી હોવાં છતાં, તેઓ તુચ્છ વિષયસુખથી જકડાયા.

અમૃતવાણી સરી, પરંતુ ચક્રીની હૃદયભૂમિ ન ભીંજાઈ. મુનિના પ્રયાસો નિષ્ફળ ગયા. ચક્રી નરકગામી બન્યા.

ચક્રીની કહાણી આપણને ચેતવે છે.

**धिध्धी ताण नराणं, जे जिणवयणामयंपि मुत्तूणं ।**
**चउगइविडंबणकरं, पियंति विसयासवं घोरं ॥ ६५ ॥**

ગાથાર્થ:—જે મનુષ્યો જિનવચન રૂપી અમૃતને મૂકી ચઉગતિ વિટંબણાદાયી ઘોર વિષય મદિરાનું પાન કરે છે તેમને ધિક્કાર હો!

**વિશેષાર્થ** :–ભવાભિનંદી આત્માઓને ઉત્તમ વસ્તુઓ પ્રત્યે આકર્ષણ નથી હોતું. ભવનું ભ્રમણ વધારે અને દુ:ખને આણી આપે એવું જ તેઓનું વર્તન હોય છે.

હીરાની પરીક્ષા ઝવેરી કરે; રસ્તે રખડતો આદમી નહિ. અમૃતથી પણ અધિક મીઠી જિનવાણી છે તે ઉત્તમ આત્માઓને જ સમજાય, પામર માનવોને તે ન ભાવે. એમને તુચ્છ વિષયો જ આકર્ષે. વિષયમદિરા તેમનું ભાન ભૂલાવે, ભાન ભૂલેલા તેઓને જિન પ્રવચનની મધુરતાની શી રીતે સમજ પડે? જિનવાણી રૂપી પુણ્યપિયૂષનું પાન કરીને માનવજીવન સાર્થક બનાવવાનું તેમનું નસીબ નથી, અનંત દુ:ખદાયી વિષ પીનાર ધિક્કારને પાત્ર હોય તે સહજ છે.

**मरणे वि दीणवयणं, माणधरा जे नरा न जंपंति ।**
**ते वि हु कुणंति लल्लिं, बालाणं नेहगहगहिला ॥ ६६ ॥**

ગાથાર્થ:-માનયુક્ત જે માનવો મરતાં પણ દીનવચન વદતા નથી તેઓ પણ સ્નેહરૂપી ગ્રહથી પાગલ થઈને સ્ત્રીઓની ચાપલુસી કરે છે.

**વિશેષાર્થ**:—પોતાની જાતને મહાન્ માનનાર અને અન્યને તુચ્છકારી કાઢનાર અભિમાનીનું અભિમાન સ્ત્રીની સાંનિધ્યમાં ઓગળી જાય છે. રંક બનીને સ્ત્રી પાસે તે પ્રાર્થના કરે છે. બાલિશતાભર્યું તેનુ વર્ત્તન હાસ્યાસ્પદ હોય છે. ખરે જ, સ્નેહરાગરૂપી ગ્રહની પકડ અજબ છે. માંધાતાઓને તે દીન અને નિર્બળ બનાવી મૂકે છે. ધન્ય છે તેમને કે જેઓ તે પકડમાંથી મુક્ત રહી શકયા છે.

**सक्कोवि नेव खण्डइ, माहप्प मडुप्फुरं जए जेसिं ।**
**ते वि नरा नारीहिं, कराविआ निअय दासत्तं ॥ ६७ ॥**

ગાથાર્થ:-જગતમાં જેમનું માહાત્મ્ય અને આડંબર શક્ર પણ ન ખંડી શકે તેવા પણ માણસો પાસે સ્ત્રીઓએ પોતાનું દાસત્વ કરાવ્યું.

**વિશેષાર્થ** :—અબળા લેખાતી નારીમાં અનેરું બળ છે. કંઇક માંધાતાઓને આંખના પલકારામાં પોતાને ચરણે આળોટતા એણે કરી મૂકયા. શક્ર કરતાં વધુ ઐશ્વર્ય ભોગવતાં માનવો અને દેવોને એણે ક્ષણમાત્રમાં પોતાની પ્રાર્થના કરતાં કરી મૂકયા. આવી શક્તિ જેને વરી છે તે સ્ત્રીની ગુલામી મહાન્ લેખાતા માનવીઓ ન કરે તો કોની કરે? એને પણ કોઇકની ગુલામી તો જોઈએ જ ને! જગત આખું જેના ચરણે હોય તેણે પણ કોઈના ચરણે લેટવું જોઈએ ને?

પરંતુ જેને સાચે જ મહત્તા વરી છે તે વિરાગી અને જ્ઞાની સિવાય કોઈની ગુલામી ન કરે. વિષયની આગ જેણે

બુઝાવી છે, પ્રભુ ગુણુ રસમાં જે મગન બન્યા છે, ચિદાનંદની લહરિઓમાં જે ઝૂલી રહ્યા છે તેને અશુચિભર્યો નારી દેહ અપવિત્ર અને તુચ્છ ભાસે. એની આંખ ત્યાં ક્ષણુ પણુ ન ઠરે.

**जउनंदणो महप्पा, जिणभाया वयधरो चरमदेहो ।**
**रहनेमि राईमई, रायमइं कासि ही विसया ॥ ६८ ॥**
**मयणपवणेण जइ तारिसा वि सुरसेल निच्चला चलिआ ।**
**ता पक्कपत्तसत्ताण, इअरसत्ताण का वत्ता ॥ ६९ ॥**

**ગાથાર્થ**:—જિનભ્રાતા, વ્રતધારી, ચરમ શરીરી, યદુનંદન રથનેમિ પણુ રાજિમતિ પ્રત્યે રાગવાળા થયા. હા! ધિક્કાર છે વિષયોને! તેમના જેવા મેરૂ પર્વત સમાન નિશ્ચળ આત્મા પણુ મદનરૂપી પવનથી ચલિત થયા, ત્યારે પાકા પાન સમાન બીજા પામર માનવની શી વાત કરવી?

**વિશેષાર્થ**:—વિષયો શું કરી શકે એવું ગુમાન કોઈ રખે સેવે. મહાન્ સંયમીઓ, અવધૂત યોગીઓ, ગુફાવાસીઓ, તીવ્ર તપસ્વીઓ, મહામુનિઓ અને મોક્ષગામી આત્માઓ પણુ વિષયોના નચાવ્યા નાચ્યા અને પોતાની જાતને પતનની ખીણુમાં ધકેલી ગયા. સ્ત્રીના સાંનિધ્યે તેઓ ચૂકયા, ઉચ્ચ સ્થાનથી પટકાયા અને અવનતિ વહોરી. અનુકૂળતામાં પાગલ બનનારા માનવજંતુનું શું ગજું?

શ્રી રથનેમિને દુ:ખદ અનુભવ જૈનો તો જાણે જ છે. પરમ બ્રહ્મચારી ભગવાનના એ ભાઈ હતા. ચરણે આવતા વિષયોને લાત મારનાર પ્રભુના એ શિષ્ય હતા. મુક્તિ-

વધૂના એ ભાવિ પતિ હતા. પતિને પગલે ચાલી ઝળહળતું સતિત્વ પ્રગટ કરતાં સાધ્વીના એક કાળના એ હિયર હતા. ઉત્તમ યદુકુળના એ ચંદ્રમા હતા. સુખોને તરછોડનાર તે મહાત્મા હતા. ઉપસર્ગોને આવકારનાર એ મહર્ષિ હતા.

પાપી જગતથી દૂર ખસીને ગિરનારની ગુફામાં આત્મ-ધ્યાનમાં તે લીન બન્યા. દેહને વોસિરાવીને કાયોત્સર્ગ ધ્યાનમાં તે પરોવાઇ ગયા. આત્મવિચારણામાં તેઓ આગળ વધ્યા.

એમની પ્રગતિ કર્મરાજાથી સહન ન થઇ. મહામુનિને પટકાવવા તેણે બાજી રચી.

મહામુનિ ધ્યાનસ્થ હતા તે ગુફામાં અંધકાર પુરો છવાઇ ગયેલો. તેમાં ઝળહળતું 'તુ માત્ર મહામુનિનું ધ્યાન તેજ. એ તેજ પણ ગુફાથી ન સહન થયું.

અંધારી ગુફામાં શ્રીમતિ રાજીમતી સાધ્વીજી સંયમની સાધના અર્થે અને અપ્કાય જીવોની દયા અર્થે પધાર્યા. વરસતા વરસાદમાં ભીંજાયેલા વસ્રોને તેમણે સૂકવ્યાં.

શ્રી રથનેમિજી ધ્યાનમાંથી ચલિત થયા અને રાજીમતીજી પ્રત્યે દૃષ્ટિ પડી. શ્રીમતી રાજિમતીજીનો ચમકતો દેહ અંધારામાં પણ છાનો ન રહે. ભાભીને જોયાં અને ભાવના પલટાઇ. વર્ષોનું સંયમ ઘડીમાં વિલય પામ્યું. ભ્રાતૃ-પત્નીને સ્વપત્ની બનાવવાના કોડ જાગ્યા. ભાભી પાસે અણુછાજતી અભિલાષા વ્યક્ત કરી. અંધારી ગુફા વધુ અંધારી બની.

પરંતુ હજુ એમાં રાજીમતીજીના સતિત્વ તેજનો દીવડો જળહળતો હતો. એ દીવડે રથનેમિનો બુઝાયેલો

દીવડો પ્રગટાવ્યો. શ્રી રથનેમિજીની ભાવના શુદ્ધ કરી. એમની અશુદ્ધિને ખંખેરી નાખી. એકવાર ફેંકી દીધેલી અપવિત્રતાને ફરી સ્વીકારતાં રાજીમતીએ અટકાવ્યા. વમન કરેલી વસ્તુનું ભક્ષણ શ્વાન કરે. યદુકુળના નંદન અગન્ધન કુળના નાગ બરોબર હોય. વમેલું વિષ તે ન ચૂસે. શ્રી રથનેમિ ચૂસે તો યદુકુળને લાંછન લાગે.

શ્રી રથનેમિજી જાગૃત બન્યા. સંયમની સાધનામાં ફરી લીન બન્યા અને જગતની સાંકળ સદાને માટે ત્રોડી.

મેરૂ પર્વત સમાન નિશ્ચળ રથનેમિજીને ચલિત થતાં વાર ન લાગી તો પામર માનવીનું શું ગજું? જેનામાં જરા પણ સત્ત્વ નથી, જેને પર પદાર્થ આકર્ષી રહ્યા છે, જેને શીલની કીમત સમજાઈ નથી તેનું પતન થતાં વાર ન લાગે. પાકું પાન સહેજ પવનથી ખરી પડે તેમ સહેજ અનુકૂળ સંયોગોમાં એ આત્માનું શીલધન ખરી પડે.

શ્રી રથનેમિજી તો સમજ્યા. એમને ફાળે વર્ષોનું સંયમ હતું; અનુપમ આત્મ સાધના હતી. વિરાગ અને ત્યાગ જીવનમાં વણાઈ ચૂકયા હતા. પરંતુ આજના માનવીને પતનથી બચાવી લે એવું તેની પાસે શું છે? કમનસીબ તો એ છે કે છતાં યે શીલની નવવાડની કીમત આજના માનવીને નથી. અધૂરાંનું એ અભિમાન નહિ તો અન્ય શું?

जिप्पंति सुहेणं चिय, हरिकरिसप्पाइणो महाकूरा ।
इक्कुच्चिय दुज्जेओ, कामो कयसिवसुहविरामो ॥ ७० ॥

ગાથાર્થ:—સિંહ, હસ્તિ અને સર્પાદિ મહા ક્રૂર

પ્રાણીઓ હજી જીતવા સહેલા, પરંતુ શિવસુખને રોકનાર એક કામદેવ ખરેખર દુર્જેય છે.

વિશેષાર્થ:—દેહબળ અલ્પ ધરાવનાર માનવીનું બુદ્ધિબળ વિશેષ છે. તેથી મહાબલિષ્ટ અને ક્રૂર એવા સિંહ વાઘ વિગેરે પશુઓને તે જીતી શકે છે. તેમની શક્તિ કુંઠિત કરી શકે છે અને તેમને પરેશાન બનાવી મૂકે છે.

પરંતુ કામદેવને જીતવા માટે માનવીની બુદ્ધિ બુઠ્ઠી બને છે. દિવસ અને રાત પસીનો ઉતારીને, અનેકની ગાળો ખાઇને પણ, કામદેવની વફાદારીભરી ગુલામી હસતે હૈયે જે સ્વીકારે છે, તેને યુદ્ધ કરીને વિજયને વરવાનો અભિલાષા જ ન હોય. કોઈ વિરલ આત્માને પુણ્યોદયે તે ગુલામીમાંથી મુક્ત થવાની ઈચ્છા જાગે છે. ત્યાર પછી છૂટવાને માર્ગે પગરણ માંડતાં પણ બહુ મુશ્કેલી પડે છે. કેટલીક વાર મુશ્કેલીમાં તે હારી જાય છે અને જાગૃત થયેલી ઈચ્છા શમી જાય છે.

કોઈ શક્તિશાળી આત્મા મુક્તિ મેળવવા દૃઢનિશ્ચયી બને છે. ખૂબ સિફતથી તે કામદેવ સાથે યુદ્ધ આદરે છે. તેમાં કયારેક મળતી હારથી તે ડગતો નથી. અંતિમ વિજય સત્યનો જ હોય. અનંત શક્તિવંત આત્મા એની સર્વ શક્તિ એકત્ર કરી કામદેવ સામે સમરાંગણે ચડે ત્યારે તાકાત નથી કામદેવની કે તે વિજય મેળવી જાય. અનંત સુખને રોકી રાખતો કામદેવ પરાજીત થાય જ.

**विसमा विसयपिवासा, अणाइ भवभावणाइ जीवाणं ।**
**अइ दुज्जेआणि इंदिआणि तह चंचलं चित्तं ॥ ७१ ॥**

**ગાથાર્થ:**—વિષય તૃષ્ણા વિષમ છે; જીવોની સંસાર-વાસના અનાદિ કાળની છે; ઇંદ્રિયો અતિ દુર્જેય છે અને ચિત્ત ચંચળ છે.

**વિશેષાર્થ:**—સાંસારિક સુખની અભિલાષા અને વિષય તૃષ્ણા દુ:ખજનક છે. ધોમ ધોખતા તાપમાં પુષ્કળ પાણી પીવા છતાં તૃષ્ણા છીપતી નથી, તેમ વિષયનો ઉપભોગ ખૂબ થયા છતાં વિષયતૃષ્ણા છીપતી નથી. ઊલટું સાગરના જળનું પાન જેમ તૃષ્ણા અને દાહ વધારે તેમ વિષય સેવન તૃષ્ણા અને તાપ વધારે છે. વિષયવિમુખતાથી વિષય-તૃષ્ણા ઘટે છે. સતત અભ્યાસથી આત્માનો બ્રહ્મચર્ય સ્વભાવ પ્રગટે છે; પરનું આકર્ષણ અટકે છે.

જીવોની અનાદિથી સંસાર પ્રત્યે દષ્ટિ છે. આત્મલક્ષ્ય કદી ન કર્યું હોવાથી ભૌતિક સુખો એમને આકર્ષે છે. તેના અભાવમાં તેઓ રિબાય છે. ઇંદ્રિયોને તેઓ આધીન બન્યા છે. ઇંદ્રિયોને ગમે તે તેમને ગમે. એ જાતની પરાધીનતા ભોગવી રહેલો આત્મા ઇંદ્રિયજય ન કરી શકે. આત્મસ્વભાવની રૂચિ પ્રગટયા વિના વિજય વરવાનું શકય નથી.

ચિત્તની ઉગ્ર ચંચળતાને કારણે આત્મધ્યાનમાં તે ક્ષણ વાર પણ એકાકાર નથી બની શકતું. તેને સ્થિર રાખવાના પ્રયાસો તીવ્ર સાધના અને સતત અભ્યાસ વિના અફળ જાય

વિષયોની વિષમતા, ભવ ભાવના, ચિત્તની ચંચળતા અને ઇંદ્રિયોની દુર્જેયતા સાધનાના માર્ગમાં ખડક રૂપે પડયા છે.

અથાગ શક્તિ, ખંત અને ધૈર્ય વિના તે ખડકો ઉપડી શકે તેમ નથી. અનંત કૃપાળુ પરમાત્માની સહાયથી, સર્વ શક્તિ સ્ફોરવીને આત્મા સ્વભાવની પ્રાપ્તિ કરે તે અભિલાષા.

कलमल अरइ असुक्खं, वाही दाहाइ विविहदुक्खाइं ।
मरणं पिअ विरहाइसु, संपज्जइ कामतविआणं ॥ ७२ ॥

ગાથાર્થ :—કામતપ્તોને કલમલ, અરતિની પીડા તેમજ વ્યાધિ, દાહ આદિ વિવિધ દુઃખો પ્રાપ્ત થાય છે અને વિરહ વિગેરેમાં તો મરણ પણ.

વિશેષાર્થ:—વાસનાથી પીડિત અવસ્થા કો'ક વિરલ આત્માએ નહિ અનુભવી હોય. વિષયેચ્છા પ્રત્યક્ષ દુઃખદાયી હોવાનો સૌનો અનુભવ છે. વાસના હોય ત્યાં ગભરાટ અને શોક હોય; અશાંતિ અને અપ્રસન્નતા હોય; વેદના અને વિરહની જ્વાળા હોય. વિરહની આગમાં ક્યારેક જીવન હોમાઇ પણ જાય.

આત્મજ્ઞાનની ઉછળતી છોળોમાં ન્હાવાથી વાસનારૂપી મલિનતા દૂર થાય.

पंचिंदियविसय पसंगकरेसि, मणवयण काय नवि संवरेसि ।
तं वाहिसि कत्तिअ गलपएसि, जं अट्ठ कम्म नवि निज्जरेसि ॥ ७३ ॥

ગાથાર્થ:—પંચેન્દ્રિયના વિષયોનો જો તું સંગ કરે છે, મન, વચન અને કાયાને જો તું પાપથી અટકાવતો નથી અથવા અષ્ટકર્મની જો નિર્જરા નથી કરતો તો તું ગળા ઉપર કાતર ચલાવે છે.

વિશેષાર્થ:—રે આત્મન્! સ્થિર અને શાંત થા! ચિત્તને ચકડોળે ચઢતું અટકાવ. દેહ અને વાણી ઉપર સંયમ રાખ. ઇન્દ્રિયોની ગુલામીથી મુક્ત બન. કર્મક્ષય કરવામાં પ્રયત્નશીલ થા. એમ નહિ કર તો તારે જ હાથે તારો નાશ તું નોતરીશ. રખે માનતો કે કર્મસત્તા તને છોડશે. એની પકડમાંથી તું નહી ઉગરી શકે. કર્મ સત્તાએ તને રિબાવવા આઠ સૈન્યો સમરાંગણે છોડી મૂકયાં છે. આઠે દિશાએથી આવી એ તને રાંક બનાવશે. તારી જ્ઞાન શક્તિ કુંઠિત કરશે. તારી દર્શન શક્તિનો તે હ્રાસ કરશે. તારી આત્મરમણતામાં તે પૂળો મૂકશે. તારા શક્તિ અને સુખને તે હણી લેશે. જગતમાં તારી ઠેકડી કરાવશે. દુઃખથી સતાવશે. અને સુખાભાસમાં મુંઝવશે. કર્મસત્તાની વિશાળ શક્તિ પાસે તું નહિ ઊગરી શકે.

ઊગરવાનો એક જ માર્ગ છે. કર્મસત્તા સામે તું જ યુદ્ધ કર. રાગ અને દ્વેષ રૂપી તેની સેનાને દૂર રાખ. સેનાના વિષય સામગ્રીરૂપી હથિયારથી વેગળો રહે. એમ થશે તો કર્મસત્તા થાકીને વિદાય લેશે. વિદાય પહેલાં, તારી સાથે રહેશે ત્યાં સુધી, તારી આજ્ઞા શિરે ચઢાવશે.

**किं तुमंधो सि किंवा सि धत्तूरिओ,**

**अहव किं संनिवाएण आऊरिओ ।**

**अमय समधम्म जं विसव अवमन्नसे,**

**विसयविस विसम अमियं व बहुमन्नसे ॥ ७४ ॥**

ગાથાર્થ:—તું શું અંધ છે? કે શું તને ધત્તૂરાથી નશો ચઢયો છે? અથવા સંનિપાતથી તું પીડાય છે શું?

કે જેથી અમૃતસમ ધર્મને તું વિષની જેમ અવગણે છે અને વિષયરૂપી વિષમ વિષનો તું અમૃતની જેમ બહુ આદર કરે છે.

**વિશેષાર્થ**:—અંધ માનવી વસ્તુને ન જોઈ શકે. મદ્યપાનથી મત્ત બનેલો વસ્તુને અન્ય સ્વરૂપે જોવે. સંનિપાતનો રોગી વસ્તુ સ્વરૂપ ઊલટું નિહાળે. ત્રણમાંથી કોઈ વસ્તુનું સત્ય સ્વરૂપ ન નિહાળે.

ઝેરી વિષયોને અમૃતસમ અને અમૃતસમધર્મને વિષસમ લેખનાર માનવી અંધ હોય, મત્ત હોય કે સંનિપાતથી ગ્રસ્ત હોય. ચર્મચક્ષુ હોવા છતાં એની જ્ઞાનચક્ષુ બિડાયેલી છે. વ્યવહારિક ડહાપણ હોવા છતાં એની વિવેક બુદ્ધિ બહેર મારી ગઈ છે. દેહ સુંદર અને સુદૃઢ હોવા છતાં એનો આત્મા સંનિપાત વ્યાધિથી પીડાઇ રહ્યો છે. તેથી આત્માને અમરત્વ અર્પનાર ધર્મ અળખામણો લાગે છે અને આત્માનું સત્યાનાશ આણનાર વિષયો મીઠા લાગે છે.

બિડાયેલી જ્ઞાનચક્ષુઓ ઉઘડે એ અભિલાષા.

**तुज्ज तह नाणविन्नाणगुणडंबरो,**
**जलणजालासु निवडंतु जिय निब्भरो ।**
**पयइवामेसु कामेसु जं रज्जसे,**
**जेहिं पुण पुण वि निरयानले पच्चसे ॥ ७५ ॥**

**ગાથાર્થ**:—રે આત્મન્ ! જ્ઞાન, વિજ્ઞાન અને ગુણનો તારો ઘણો પણ આડંબર અગ્નિ જવાલામાં પડો ! કે તે હોવા છતાં પણ, જે વિષયો સ્વભાવથી જ વક્ર છે અને જેનાથી તું ફરી ફરી નરકના અગ્નિમાં પકાય છે તેમાં તું આનંદ પામે છે.

**વિશેષાર્થ**:-જે વિષયો સ્વભાવથી જ આત્મ પ્રગતિમાં અવરોધક છે તેમાં આનંદ માનનારની શક્તિ અને મહત્તા, જ્ઞાન અને વિજ્ઞાન હાનિકર છે. આત્મજ્ઞાનના અભ્યાસ વિનાની શક્તિઓ ન હોય તે સારું. અવાસ્તવિક અને દાંભિક મહત્તા અગ્નિશરણુ થાય તે ઈષ્ટ છે.

રે આત્મન્ ! પુનઃ પુનઃ નર્કાગ્નિમાં પકાવતા કામભોગો તને આકર્ષે છે માટે તારા જ્ઞાન, વિજ્ઞાન અને ગુણા-ડંબરથી સર્યું.

**दहइ गोसीससिरिखंड छारकए,**

**छगलगहणट्ठ मेरावणं विक्कए ।**

**कप्पतरु तोडि एरंड सो वावए,**

**जुज्झि विसएहिं मणुअत्तणं हारए ॥ ७६ ॥**

**ગાથાર્થ**:—તુચ્છ વિષયો માટે મનુષ્યભવને જે ગુમાવે છે તે રાખ મેળવવાને ગોશીર્ષ ચંદનને બાળે છે, અજ મેળવવાને ઐરાવણને વેચે છે અને કલ્પતરુ ત્રોડી એરંડાને વાવે છે.

**વિશેષાર્થ**:-અણમોલ માનવ જીવનને તુચ્છ વિષયોની પ્રાપ્તિ માટે વેડફી નાંખવામાં મૂર્ખતા છે. કીમતી ગોશીર્ષ ચંદન બાળીને રાખ મેળવવા જેવું અને ઐરાવણ વેચીને અજ ખરીદવા જેવું તે વર્ત્તન છે.

**अधुवं जीविअं नच्चा, सिद्धिमग्गं विआणिआ ।**

**विणिअट्टिज्ज भोगेसु, आउं परिमिअ मप्पणो ॥ ७७ ॥**

**ગાથાર્થ**:— નિજ આયુ પરિમિત છે. જીવિતને

અસ્થિર જાણી સિદ્ધિમાર્ગને સમજનાર આત્માએ ભોગોથી વિરમવું જોઈએ.

વિશેષાર્થઃ-મહામોલું માનવજીવન ટુંકું છે. જવાનું નિશ્ચિત હોવા છતાં અણધાર્યા સમયે જવાનું હોય છે. જવાની તૈયારી માટે દિવસો નહિ મળવાથી સતત તૈયારી રાખ્યા વિના છૂટકો નહિ. ભાવિની તૈયારી માનવ દેહે જ થઇ શકે. તૈયારી કરનાર દિવ્ય સુખો પ્રાપ્ત કરે છે જ્યારે તૈયારી સામે આંખમિચામણાં કરનાર અનંતકાળ દુઃખમાં વિતાવવાની પૂર્વભૂમિકા રચે છે.

જ્યાં સદાકાળ સુખ છે, જ્યાં જ્ઞાનજ્યોતિ જળહળે છે, જ્યાં અનંત શક્તિનો આવિષ્કાર છે, જ્યાં સંપૂર્ણ સમાધિ છે, તે સ્થાન મેળવવાની ભૂમિકા રચાય છે માનવદેહે. સિદ્ધિ માર્ગ તરીકે ઓળખાતી એ ભૂમિકાનો આશ્રય લેનાર અવશ્ય સિદ્ધિસ્થાન પ્રાપ્ત કરે.

મુક્તિમાર્ગ સુખદ છે. જે માર્ગમાં વીતરાગ ઉપરની અવિચળ શ્રદ્ધા તરવરતી હોય, વિશ્વનું સત્ય નિદર્શન થતું હોય, આત્માનંદમાં રમણતા અનુભવાતી હોય, એ માર્ગમાં અપાર સુખ હોય. અનુભવીઓ જ તે સુખ સમજી શકે. એ માર્ગમાં મિથ્યા મંતવ્યો ન હોય; કુત્સિત પદાર્થો ઉપર પ્રેમ ન હોય; તુચ્છ ભોગસુખનો આદર ન હોય; દેહ પ્રત્યે મમત્વ ન હોય; ઇંદ્રિયોની આધીનતા ન હોય અને સંયોગજન્ય દુઃખોની વેદના ન હોય. વિયોગજન્ય વાસ્તવિક સુખ ત્યાં વર્તે; પરપદાર્થોના ત્યાગથી મળતી સમાધિ ત્યાં અનુભવાય; સ્થિર ચિત્તનો આહ્લાદ ત્યાં મળે. ત્યાં રમી

રહે સંયમ સાધનાનું સુખ; ત્યાં પરિચય થાય પરિષહો અને ઉપસર્ગોમાં રહેતી અડોલતાનો, ત્યાં પથરાય વાસના-ત્યાગની શાંતિ. પરિણામે ઇંદ્રિયો આરામ અનુભવે.

સિદ્ધિપથે સંચરનારને ધન્ય છે. આપણે તે માર્ગે પ્રયાણ આદરીએ.

**सिवमग्गसंठिआण वि, जह दुज्जेआ जिआण पणविसया ।**
**तह अन्नं किंपि जए, दुज्जेअं नत्थि सयले वि ॥ ७८ ॥**

**ગાથાર્થ** :—મોક્ષની સાધનામાં સ્થિત આત્માઓને પણ પંચ વિષયો જેટલા દુર્જેય છે તેટલું દુર્જેય સમગ્ર જગતમાં અન્ય કશું નથી.

**વિશેષાર્થ** :— પંચેંદ્રિયના વિષયોરૂપી રિપુઓથી મહાત્માઓનું આત્મસુખ જોયું જતું નથી. શત્રુઓ સિદ્ધિ-માર્ગમાં કંટક પાથરી પ્રતિકૂળ અને અનુકૂળ ઉપસર્ગો ઉત્પન્ન કરે છે, મહાપુરુષો સામે તેઓ યુદ્ધની નોબતો ગગડાવે છે.

શત્રુનું યુદ્ધ ભિન્ન તરેહનું હોય છે. વજ્રના હથિયારનો ઉપયોગ કરવાનો તેને નથી હોતો. સળગતી બોંબવર્ષા કરવાની તેને જરૂર નથી. દિલને પીગાળી નાંખે એવા અનોખાં તેના શસ્ત્રો છે. કનક અને કાન્તા, વાજીંત્રો અને વાદ્યો, ભવ્ય પ્રાસાદો અને મનોરમ ઉદ્યાનો, સૌરભભર્યાં પુષ્પો અને રસભર્યાં પકવાનો વગેરે વિષયરિપુઓના તેજસ્વી શસ્ત્રો છે.

સર્વસંગનો ત્યાગ કરવાની શક્તિ ધરાવનાર વીર-પુરુષો પણ ક્યારેક યુદ્ધમાં હારે છે અને મુક્તિમાર્ગથી વિચ્યુતિ પામે છે.

सविडं उब्भडरूवा, दिट्ठा मोहेइ जा मणं इत्थी ।
आयहियं चिंतंता, दूरयरेणं परिहरंति ॥ ७९ ॥

ગાથાર્થ :—પ્રગટ ઉદ્‌ભટ રૂપ ધરતી જે સ્ત્રી જોવામાત્રથી દિલને મુગ્ધ બનાવે છે. તેનો આત્મહિત-ચિંતકો દૂરથી જ પરિહાર કરે છે.

વિશેષાર્થ :—વિષયેચ્છા ક્ષણમાં આત્માની અધોગતિ આણે છે. તીવ્ર તપશ્ચર્યાથી પ્રાપ્ત કરેલ સદ્‌ગુણો રુંધાઈ જાય છે, પવિત્રતા પરવારી ચૂકે છે અને પાપની ગર્ત્તામાં સબડાવાનું શરૂ થાય છે.

નિજહિતની ચિંતા રાખનાર સતત સાવચેતીપૂર્વક આત્મધનને રક્ષે. એ જાણે કે સ્ત્રીસંગ આત્માને વિકળ બનાવે છે અને તુચ્છ વિષયસુખોમાં ગૃદ્ધ બનાવે છે. અવનતિને અટકાવવા ભવભીરુ માનવી સ્ત્રીસંગને ત્યાગે.

सच्चं सुअं पि सीलं, विन्नाण तह तवं पि वेरग्गं ।
वच्चइ खणेण सव्वं, विसयविसेणं जईणंपि ॥ ८० ॥

ગાથાર્થ :—મુનિવરોનું સત્ય અને શ્રુત, શીલ અને વિજ્ઞાન, તથા તપ અને વૈરાગ્ય, એ સર્વ વિષયવિષથી ક્ષણમાત્રમાં વિનાશ પામે છે.

વિશેષાર્થ :—સર્પદંશથી ચેતનવંતો દેહ નિશ્ચેષ્ટ બને છે, યુવાનીનું ઉકળતું લોહી ઠરી જાય છે, થનગનતાં ગાત્રો શિથિલ થઈ જાય છે અને ચૈતન્યશક્તિ મૂર્ચ્છિત બની જાય છે.

ઝેરથી જે દશા દેહની થાય છે એવી જ કંઈક દશા વિષયવિષથી આત્માની થાય છે. આત્મગુણો વિલય પામે છે; જ્ઞાન અને અભ્યાસ અભરાઈએ ચઢે છે; તપ નેવે મુકાય છે, સત્ય સદંતર ચૂકી જવાય છે, વિરાગની ચિરાગ બુઝાય છે, સંયમ તથા શીલની ચ્યુતિ થાય છે અને આત્મશક્તિ હણાય છે. વિષયભુજંગનું ઝેર મહામુનિઓને પણ પરેશાન કરે છે.

માનવી સમજે અને સ્વઉન્નતિ સાધે એ અભિલાષા.

**रे जीव मइ विगप्पिय, निमेस सुहलालसो कहं मूढ ।**
**सासयसुह मसमतमं, हारिसि ससिसोअरं च जसं ॥८१॥**

**ગાથાર્થ** :—રે મૂર્ખ જીવ ! મતિકલ્પનાના ક્ષણિક સુખનો લાલચુ થઈ અનુપમેય શાશ્વત સુખને અને શશી સમાન ઉજ્વળ યશને શાને હારે ?

**વિશેષાર્થ**:—આત્મન્ ! તારી ભ્રમણાથી તને દુઃખમાં સુખ ભાસે છે. નિમેષ માત્ર સુખ દેખાય છે તે પણ આભાસ છે. કાલ્પનિક સુખના ઉપભોગથી શાશ્વતકાળનું મોક્ષસુખ દૂર જાય છે. જ્યોત્સ્ના સમી ઉજ્વળ કીર્તિ કલંકની કાલિમાથી ગ્રસિત બને છે.

આત્મન્ ! હવે તો સમજ અને ભોગસુખથી વિરામ.

**पज्जलिअ विसय अग्गी, चरित्तसारं डहिज्ज कसिणंपि ।**
**सम्मत्तंपि विराहिअ, अणंतसंसारिअं कुज्जा ॥ ८२ ॥**

**ગાથાર્થ** :—પ્રજ્વલિત વિષયાગ્નિ ચારિત્રના સઘળા

એ સારને ભસ્મીભૂત કરીને, સમ્યકત્વને પણ વિરાધીને, અનંત સંસારી બનાવે છે.

**વિશેષાર્થ**:—વિષયમાં લયલીન આત્મા ભાનભૂલો બને છે. પ્રેમની આગમાં તે અનુપમ શક્તિઓને હોમે છે. સત્યને તે ચૂકે છે. આત્મગુણોનો તે હ્રાસ કરે છે. પરિણામે ચારિત્રધન લૂટાઈ જાય છે અને ભવવનભ્રમણ અનંત બને છે.

**भीसणभवकंतारे, विसमा जीवाण विसय तिन्हाओ ।**
**जीए नडिआ चउदसपुव्वी वि रुलंति हु निगोए ॥ ८३ ॥**

**ગાથાર્થ**:— ભીષણ ભવાટવીમાં જીવોની વિષય-તૃષ્ણાઓ વિષમ છે, કે જેથી પીડિત ચૌદ પૂર્વધરો પણ નિગોદમાં રુલે છે.

**વિશેષાર્થ** :—અપાર નુકશાનને આપનારી વિષય-પિપાસા ચૌદ પૂર્વધર મહાત્માઓને પણ મૂંઝવે છે. જે મુનિપુંગવો શ્રુતનું અગાધ જ્ઞાન ધરાવે છે, જેઓ નિયમા મોક્ષગામી છે, જેમનું ચારિત્ર તેજસ્વી છે, જેમનો વિરાગ તીર્થંકરની વીતરાગતાની ઝાંખી કરાવે છે, તેઓ પણ વિષયતૃષ્ણાથી ન જ પીડાય એવો નિયમ નહિ. તેઓ પણ પટકાય અને નિગોદમાં રુલે. જ્યાં અનંત દુઃખ છે, જ્યાં એક જ દેહમાં અનંત આત્માઓનો વાસ છે, જ્યાં સદાકાળ મૂર્ચ્છિત દશામાં રહેવાનું છે, જ્યાં જ્ઞાન તદ્દન અલ્પ છે, તે સ્થાનમાં અગાધ જ્ઞાનીઓને અને અનંતચારિત્રસુખનો આસ્વાદ લેનાર મહાત્માઓને પણ વાસ કરવો પડે.

**हा विसमा हा विसमा, विसया जीवाण जेहि पडिबद्धा।**
**हिंडंति भवसमुद्दे, अणंत दुक्खाइं पावंता ॥ ८४ ॥**

**ગાથાર્થ**:—જીવોના હા! અત્યંત વિષમ વિષયસંગો કેવા! કે જેથી જકડાયેલા જીવો અનંત દુઃખોને પ્રાપ્ત કરતાં કરતાં ભવસમુદ્રમાં ભટકે છે.

**વિશેષાર્થ**:—અલ્પકાલીન સુખોપભોગના પરિણામે અનંતકાળ સુધી આત્માનું ભ્રમણ ચાલુ રહે છે. વિષયસેવન એટલે અનંત દુઃખ પ્રાપ્ત કરવાનો પ્રયાસ.

વિષયો દુઃખમાં પરિણમે છે એ સૌના અનુભવનો વિષય છે. પરંતુ માનવીની દૃષ્ટિ ક્ષણિક જણાતા સુખ તરફ છે; તેથી ઉપજતા દુઃખ તરફ નહિ. બિલ્લીની દૃષ્ટિ દૂધ તરફ હોય; ડાંગ તરફ નહિ. અણુસમજુ બિલ્લીની દૂધની અભિલાષા ક્ષમ્ય છે, પરંતુ બુદ્ધિશાળી માનવીનો વિષય તલસાટ ક્ષમ્ય નથી.

**मायींदजालचवला, विसया जीवाण विज्जुतेअसमा।**
**खण दिट्ठा, खण नट्ठा, ता तेसिं को हु पडिबंधो ॥८५॥**

**ગાથાર્થ** :— માયાવી ઇંદ્રજાળ જેવા ચપળ અને ક્ષણમાં દૃષ્ટિગોચર થઈ ક્ષણમાં નષ્ટ થતા વીજળીના ચમકાર જેવા વિષયો જીવોને છે. માટે તે ઉપર, અરે! પ્રીતિ કેવી?

**વિશેષાર્થ** :—વીજળી ચમકીને ચાલી જાય છે. વૈક્રિય પુદ્ગલોથી રચેલી દૈવીમાયા થોડા સમયમાં અદૃશ્ય થાય

છે. પૌદ્ગલિક સુખ પણ ખરતા તારલાની જેમ ઘડીમાં ખરી જાય છે. સુખદ ભાસતી વસ્તુ કાળ વિત્યે અપ્રિય થઈ પડે છે. પ્રિય વસ્તુઓને તિલાંજલી આપવી પડે છે. ચલ ભૌતિક સુખની અભિલાષા રાખવી તે જાણી-બુઝીને દુઃખ વહોરવા જેવું છે. પાર્થિવ પદાર્થો પ્રત્યે પ્રેમ શાને?

**सत्तु विसं पिसाओ, वेआलो हुअवहो वि पज्जलिओ।**
**तं न कुणइ जं कुविआ, कुणंति रागाइणो देहे ॥ ८६ ॥**

**ગાથાર્થ :—** કુપિત રાગાદિ દેહમાં જે ભયાનકતા કરે છે, તે શત્રુ, વિષ, પિશાચ, વેતાલ કે પ્રજ્વલિત અગ્નિ પણ નથી કરતો.

**વિશેષાર્થ :—**પ્રીતિ અને અપ્રીતિ આત્મગુણોના ઘાતક છે. જ્યાં રાગ અને દ્વેષ છે ત્યાં ઉકળાટ અને ધમધમાટ છે; દુઃખ અને શોક છે; અશાંતિ અને અસ્થિરતા છે; અપ્રસન્નતા અને નિર્બળતા છે. તીવ્ર રાગ સેવતાં દેહની શક્તિ ક્ષીણ થાય છે; અંગ તપ્ત બને છે અને ધ્રૂજે છે. ક્રોધથી આંખો લાલ બને છે, લોહી તપે છે અને શરીર બળે છે. રાગાદિ દોષોના સેવનથી દીર્ઘકાળ સુધી શરીર અસ્વસ્થ રહે છે અને શક્તિનો હ્રાસ થયેલો અનુભવાય છે. એ સ્થિતિમાં જીવવું પણ અકારું થઈ પડે છે.

રાગાદિ દોષોથી થતાં નુકશાનની સરખામણીમાં બાહ્ય પ્રતિકૂળ પદાર્થોથી થતું નુકશાન બિંદુવત્ જણાય. શું

પિશાચ કે શું વેતાલ, શું વિષ કે શું અગ્નિ, શું શત્રુ કે શું વિકરાળ પશુ, એ સૌ બહુ બહુ તો દેહને નુકશાન પહોંચાડી શકે. આત્મગુણોને તે ન અસર કરી શકે. જાગૃત આત્મા બાહ્ય દુશ્મનો પ્રત્યે દયા લાવે અને આત્મગુણોને અનેરી રીતે ખીલવે.

जो रागाईण वसे, वसंमि सो सयल दुक्खलक्खाणं ।
जस्स वसे रागाई, तस्स वसे सयलसुक्खाइं ॥ ८७ ॥

**ગાથાર્થ** :—જે રાગાદિને આધીન છે તે સકલ પ્રકારના લાખો દુઃખોને આધીન છે. રાગાદિ જેને આધીન છે તેને સકલ સુખો આધીન છે.

**વિશેષાર્થ** :—દુઃખની જનેતા પ્રીતિ અને અપ્રીતિ છે. સુખની જનેતા સમાધિ છે. સ્નેહ અને દ્વેષનો પ્રેર્યો જે પ્રેરાય તે દુઃખને વહોરે. સમભાવથી આકર્ષાયો જે સમાધિમાં રમે તે અપાર સુખને અનુભવે. રાગાદિ દોષોની આધીનતા એટલે દુઃખની આધીનતા. વાસના અને વેર ઉપર જેણે વિજય મેળવ્યો છે, તેને સકળ જગતનું સુખ આધીન છે.

केवल दुहनिम्मविए, पडिओ संसारसायरे जीवो ।
जं अणुहवइ किलेसं, तं आसवहेउअं सव्वं ॥ ८८ ॥

**ગાથાર્થ** :—કેવલ દુઃખ જ જ્યાં નિર્માયું છે તે સંસારસાગરમાં પડેલો આત્મા, જે વ્યથા અનુભવે છે તે સઘળી આશ્રવથી ઉત્પન્ન થયેલી છે.

**વિશેષાર્થ** :—અણુભાવતું દુઃખ ન આવે તે માટે દિનરાત માનવી શ્રમ ઉઠાવે છે. જેમ જેમ દુઃખ દૂર કરવા વધુ જહેમત તે ઉઠાવે છે, તેમ તેમ તેનું દુઃખ વધતું જ જાય છે. બિચારો માનવી! એ નથી સમજતો કે એના પ્રયાસો ઊલટા માર્ગે જઇ રહ્યા છે; એ નથી સમજતો કે દુઃખમય સંસારમાં સુખ શોધવું તે રેતીમાં તેલ શોધવા સમાન છે અને એ નથી સમજતો કે હરહમેશ નિષ્ફળ જતા પ્રયાસો ફરી ફરી કરવામાં મૂર્ખાઈ છે. પરંતુ સમજ્યા વિના છૂટકો પણ ક્યાં છે? સુખ ઇચ્છનારે સુખનો માર્ગ લેવો જ રહ્યો અને દુઃખનો માર્ગ મૂકવો જ રહ્યો.

અનુભવે ચિંતક સમજે કે સુખ દેખાય છે ત્યાં સુખ નથી. સુખ નથી રમામાં કે નથી રામામાં; નથી બાગમાં કે નથી બંગલામાં; નથી પુત્રમાં કે નથી પરિવારમાં; નથી મનગમતા દૃશ્યો નિહાળવામાં કે નથી મનભાવતી વસ્તુઓ આરોગવામાં. સુખ છે સંયમ અને સમભાવમાં; વિરાગ અને ત્યાગમાં. સુખ છે આત્મામાં.

માટે જ સુખ મળે આત્મ લક્ષ્યે. જ્યાં પરનું લક્ષ્ય ત્યાં પાપ. પાપ દુઃખનું કારણ અને પાપનું કારણ અશુભ આશ્રવ. અશુભ કર્મને આવવાના દ્વારનું નામ છે અશુભ આશ્રવ.

વિવિધ પ્રકારના દૃષ્ટિગોચર પુદ્ગલો જેમ જગતમાં છે તેમ દૃષ્ટિને અગોચર વિવિધ પુદ્ગલો પણ વિશ્વમાં પડેલા

છે. શબ્દ પુદ્ગલો અદ્દશ્યપુદ્ગલોનું જ્વલંત ઉદાહરણ છે. એવા જ અદ્દશ્ય કર્મવર્ગણાના પુદ્ગલો આ વિશ્વમાં અનંતા પડ્યા છે. માનવી તેને ભલે ન નિહાળી શકે પરંતુ તેને પ્રતિસમયે તે ગ્રહે છે. તે પુદ્ગલો આત્માને આલિંગે છે અને તેનું ભાવિ નક્કી કરે છે.

જગતના સૌ જીવોને નચાવે છે તે પુદ્ગલો. એને આધીન રહ્યા છે સૌ પ્રાણીઓ. એની આજ્ઞાને નથી લોપી શકતા માંધાતાઓ. દુઃખ એ આપે છે; સુખ એ આપે છે. પ્રીતિ એ કરાવે છે; અપ્રીતિ એ જન્માવે છે. કીર્ત્તિની ટોચે તે ચઢાવે છે અને ત્યાંથી પટકે છે પણ તે. જીવાડે છે એ અને મારે છે પણ એ. મ્હોટાઈ આપે છે એ અને ઝૂંટવી લે છે પણ એ. એના આપ્યાં આવે છે બુદ્ધિ અને ડહાપણ. એના આપ્યા આવે છે મૂર્ખાઈ અને ગાંડપણ. અનંતશક્તિ ભરી છે એ પુદ્ગલોમાં.

આત્મા વિધવિધ વ્યાપારોથી તે પુદ્ગલોને ગ્રહે છે. શુભ વ્યાપારથી શુભ પુદ્ગલો ગ્રહાય છે અને અશુભ વ્યાપારથી અશુભ. શુભ પુદ્ગલો સુખ આપે છે અને અશુભ પુદ્ગલો દુઃખ આપે છે. શુભ પુદ્ગલો આત્માની પ્રગતિ સાધી આપે છે અને અશુભ પુદ્ગલો આત્માની અવનતિ આણે છે.

પ્રગતિ વાંછુ અશુભ પુદ્ગલોને ઉપાર્જતો અટકે. ઇંદ્રિયોની સેવા, કષાયની આધીનતા, અવ્રતની આચરણા,

મન, વાણી અને દેહનું છૂટાપણું વિગેરેથી અશુભ કર્મપુદ્ગલોનું આત્મા પાસે આગમન થાય છે. હિંસા અને અસત્ય, ચોરી અને અબ્રહ્મ, પરિગ્રહ અને મમત્વ અશુભ પુદ્ગલોને વેગપૂર્વક ખેંચી લાવે છે. રાગ અને રોષ, માન અને રીસ, માયા અને વાસના જ્યાં હોય ત્યાં અશુભ કર્મ-પુદ્ગલો દોડયા દોડયા આવે. જ્યાં મન ભટકે અને વાણી સ્વચ્છંદી બને, જ્યાં દેહને છૂટો મુકાય અને ઇંદ્રિયોને મોકળી રખાય ત્યાં અશુભ કર્મો વિના આમંત્રણે આવે.

અશુભ કર્મ પુદ્ગલોને આવવાના ઉપરોક્ત માર્ગોનું નામ છે અશુભ આશ્રવ. સુખની અભિલાષા સેવનારે એ માર્ગોને બંધ કરવાં જ રહ્યા.

**ही संसारे विहिणा, महिला रूवेण मंडिअं जालं।**
**बज्झंति जथ्थ मूढा, मणुआ तिरिया सुरा असुरा ॥ ८९ ॥**

**ગાથાર્થ** :—હા ! સ્ત્રી રૂપી જાળ વિધિએ વિશ્વમાં રચી છે; મૂર્ખ માનવો, તિર્યંચો, દેવો અને દાનવો તેમાં ફસાય છે.

**વિશેષાર્થ** :—નિખિલ જગતના પ્રાણીઓ સાથે વિધાતાને શું યે વેર હશે? આત્માની અવનતિ આણવા સમગ્ર જગતમાં તેણે જાળ બિછાવી. સૌ તેમાં લલચાયા. સુખ મેળવવા તિર્યંચો અને માનવો, દેવો અને દાનવો તેની તરફ દોડયા અને તેમાં ફસાયા.

મલિનતાથી ઝરતા નારીદેહનો સંગ સુખદ ભાસ્યો, દારૂથી મત્ત બનેલો માનવી અનુભવે છે તેવું સુખ તેમણે અનુભવ્યું. દારૂડિયાની જેમ તેમાં તેમણે સુખ કલ્પ્યું. પરિણામે જાળમાં વધુ અને વધુ તેઓ સપડાયા.

સામાન્ય જાળ કરતાં આ જાળ કંઇક જૂદી. સામાન્ય જાળ તો સપડાયા પહેલાં જ સારી લાગે, પછી તો અકારી થઈ પડે. પરંતુ આ જાળ તો સપડાયા પછી પણ મીઠી લાગે. મીઠા ઝેરની જેમ આત્માનો તે સત્યાનાશ આણે.

સામાન્ય જાળ તો અમુક જ જગ્યા ઉપર પથરાયેલ હોય. ચેતીને ચાલનાર તેનાથી બચી શકે. પરંતુ સ્ત્રી રૂપી જાળ તો વિધિએ આખા જગતમાં પાથરી. જ્યાં જુઓ ત્યાં નજરે ચડે. સહેજ ભૂલ્યા કે ફસાયા. માર્જારના મ્હોંમાં સપડાયેલ મૂષક જેવી માનવીની સ્થિતિ થાય. ફેરક એટલો કે મૂષક છૂટવા મથે જ્યારે માનવી પોતાની જાતને કૃતકૃત્ય માને. વિધાતાએ બિછાવેલી જાળ અજબ છે.

विसमा विसयभुअंगा, जेहिं डंसिआ जिआ भववणंमि ।
कीसंति दुहग्गीहिं, चुलसीईजोणिलक्खेसु ॥ ९० ॥

ગાથાર્થ :—વિષય ભુજંગો વિષમ છે. તેનાથી ડંસ પામેલા જીવો ભવવનમાં ચોરાશી લક્ષયોનિ વિષે દુઃખાગ્નિથી કલેશ અનુભવે છે.

વિશેષાર્થ :— સામાન્ય સર્પનું વિષ પ્રયોગોથી ઉતારી શકાય છે. વળી તેની અસર મૃત્યુ સુધી એટલે થોડા કલાકો સુધી જ રહે છે. વિના વિષે પણ જે જીવનનો અંત આવનાર જ છે તે જીવનના અંતમાં સર્પનું વિષ નિમિત્ત બને છે. એથી વધુ નુકશાન સર્પના વિષથી ન થાય.

વિષયરૂપી સર્પનું ભયંકર વિષ આત્માને અનંત કાળ સુધી રિબાવે છે. તે વિષને પરિણામે અનેક દેહનું ગ્રહણ અને વિસર્જન શરૂ થાય છે. શરીર ગ્રહણ કરતાં દુ:ખ, ટકાવતાં દુ:ખ અને વિસર્જન કરતાં પણ દુ:ખ. દિવ્યદેહ કે માનવદેહ, પશુદેહ કે પંખીદેહ, વિકલેંદ્રિયદેહ કે સ્થાવરદેહ, કોઈપણ દેહ ધારણ કરતાં અને મૂકતાં દુ:ખ તો ખરું જ; અને તે પણ ઓછું નહિ.

અથાગ શક્તિ સ્ફોરવી. સંયમની સાધના કર્યાં વિના વિષય ભુજંગનું વિષ ઊતરે તેમ નથી.

**संसारचारगिम्हे, विसयकुवाएण लुक्किआ जीवा ।**
**हिअमहिअं अमुणंता अणुहवंति अणंतदुक्खाइं ॥ ९१ ॥**

ગાથાર્થ :— સંસારભ્રમણ રૂપ ગ્રીષ્મ ઋતુમાં, વિષય રૂપી ખરાબ પવનથી લુક પામેલા જીવો હિતા-હિતને નહિ જાણવાથી અનંત દુ:ખનો અનુભવ કરે છે.

વિશેષાર્થ:—પ્રચંડ સૂર્ય તપી રહ્યો હોય, ધરતી ધખી રહી હોય, ઊકળતો પવન ફૂંકાઈ રહ્યો હોય અને વનરાજિનો

વિલય થઈ ગયો હોય એવે સમયે રણમાં રખડતો માનવી જે વેદના અનુભવે તેથી કંઈગુણી વેદના, સંસાર રૂપી ગ્રીષ્મ ઋતુના તાપમાં વિષયરૂપી અનિષ્ટ પવનથી તપ્ત થયેલા આત્માએ અનુભવે છે. વેદના એટલી તીવ્ર હોય છે કે તે અનુભવતાં સારાસારનો વિવેક આત્મા ભૂલી જાય છે.

**हा हा दुरंत दुट्ठा, विसयतुरंगा कुसिक्खिआ लोए ।**
**भीसणभवाडवीए, पाडंति जिआण मुद्धाणं ॥ ९२ ॥**

ગાથાર્થ :—હા ! હા ! લોકમાં વિષયરૂપી અત્યંત દુષ્ટ અને કુશિક્ષિત અશ્વો મુગ્ધજીવોને ભીષણ ભવાટવીમાં પાડે છે.

વિશેષાર્થ:—દુષ્ટ અશ્વ ઉપર આરૂઢ થયેલા બાળકને અશ્વ ભયંકર અટવીમાં ખેંચી જઇને જ્યારે પટકે છે ત્યારે તેની જે અવદશા થાય છે તેવી અવદશા વિષય રૂપી દુષ્ટ અશ્વો મુગ્ધ આત્માની કરે છે. ભયંકર ભવાટવીમાં ભટકાવીને તે પટકે છે. ત્યાં કોઇ રાહ માનવીને સૂઝતો નથી. તેની બુદ્ધિ વિકળ બની જાય છે અને શક્તિ ક્ષીણ થઇ જાય છે. અપાર આકુળતા ત્યાં અનુભવાય છે.

**विसयपिवासातत्ता, रत्ता नारीसु पंकिलसरंमि ।**
**दुहिआ दीणा खीणा, रुलंति जीवा भववणंमि ॥ ९३ ॥**

ગાથાર્થ :— વિષયપિપાસાથી તપ્ત, નારી રૂપી કાદવના સરોવરમાં રક્ત, દુઃખિત, દીન અને ક્ષીણ આત્માએ ભવવનમાં રૂલે છે.

વિશેષાર્થ :—રણમાં તૃષાથી પીડાતો આત્મા તૃષા છિપાવવા આખુંયે રણ ફરી વળે છે પરંતુ તેની તૃષા છિપતી નથી. તેમ વિષયતૃષાથી પીડાતો આત્મા ભવાટવીમાં ભટકયા જ કરે છે પરંતુ તૃપ્તિ કદિ નથી અનુભવતો.

કાદવયુકત સરોવરમાં ખૂંચી ગયેલો આત્મા જે દીનતા અનુભવે છે તેવી દીનતા નારી રૂપી કાદવયુકત સરોવરમાં રકત રહેનાર આત્મા અનુભવે છે.

વિષયપિપાસાથી દુઃખ પ્રાપ્ત થાય છે, આત્મશક્તિ ઓસરી જાય છે અને દીનતા અનુભવાય છે.

**गुणकारिआइं धणिअं, धिइरज्जुनियंतिआइं तुह जीव ।**
**निअयाइं इंदिआइं, वल्लिनिअत्ता तुरंगुव्व ॥ ९४ ॥**

ગાથાર્થ :—રે આત્મન્ ! લગામથી નિયંત્રિત અશ્વની જેમ સંતોષરજ્જુથી નિયંત્રિત થયેલી તારી ઈંદ્રિયો તને ખૂબ જ ગુણકારી બનશે.

વિશેષાર્થ :—વૈદ્ય વિષને અમૃત બનાવે છે. ખેડૂત શૂળને સોય બનાવે છે. તેમ ઉત્તમ આત્મા, કુમાર્ગે ઘસડાતી ઈંદ્રિયોને, સન્માર્ગમાં ઉપયોગી બનાવે છે.

સ્રીસૌંદર્યમાં લંપટ બનતી ચક્ષુઓને ત્યાંથી ખેંચીને જીનમુખ તરફ પ્રેમપૂર્વક યોજી શકાય છે. સમવસરણના સુંદર દશ્યો નિહાળી, બારપર્ષદાના દર્શન કરી, અષ્ટ પ્રાતિહાર્ય અને ચોત્રીશ અતિશયને નિરખી, આત્મા જે આહ્લાદ અનુભવે છે તે પરમપદની પ્રાપ્તિમાં પરમ સહાયક છે.

ભૌતિક સામગ્રી પ્રત્યેથી દૃષ્ટિ ખેંચી ધર્મસાધક સામગ્રી પ્રત્યે દૃષ્ટિ થાય ત્યારે અપૂર્વ પ્રગતિ સધાય.

સંગીત અને વાદ્યના સૂરમાં મધુરતા અનુભવવાને બદલે જીનગુણ શ્રવણ અને જીનવાણી શ્રવણમાં જ્યારે મધુરતા અને ચિત્તપ્રસન્નતા અનુભવાય છે ત્યારે કર્ણ ધન્ય બને છે. જીનવાણી રૂપી પુણ્યપિયૂષનું પાન કરનારને યંત્રો દ્વારા વિકૃત થતા સૂરો બેસૂરા લાગે.

રસવિહિન વસ્તુના સ્વાદમાં રસના પરોવાય ત્યારે સ્વાદિષ્ટ વસ્તુઓનો અભાવ જાગે. રસકસ વિહોણો ખોરાક આત્માની અનોખી પ્રગતિ સાધે.

પ્રભુપૂજનમાં અને મુનિવર્યોની ભક્તિમાં ઉપયોગમાં આવતી સામગ્રીઓની સુગંધ પારખવા નાસિકા ઉપયુક્ત બનશે ત્યારે આત્મપ્રગતિમાં તે સહાયક થશે.

જીનવર અને મુનિવરના પદપદ્મની પૂજનાથી સ્પર્શના સાર્થક થાય. મોહક સ્પર્શોથી સ્પર્શનાને અભડાવવામાં આત્માને કલંક લાગે.

આમ ઇંદ્રિયો જ્યારે સન્માર્ગે યોજાશે ત્યારે વીરતા-ભર્યા કાર્યો સધાશે, સાચી મહત્તા વરશે અને વજ્ર બંધનોથી આત્મા મુક્ત બનશે.

લગામરહિત અશ્વ માણસને રખડાવે અને પટકે, જ્યારે લગામ યુકત અશ્વ ધાર્યું કાર્ય સિદ્ધ કરી આપે. તેમ અનિયંત્રિત ઇંદ્રિયો આત્માને ભવવનમાં ભમાવે અને ઊંડી

ખીણમાં પટકે, જ્યારે સુનિયંત્રિત ઈંદ્રિયો અનંત અને અનુપમેય સુખ અપાવે.

જ્યારે સંતોષ ગુણ જન્મશે, પરપદાર્થની અભિલાષાનો અંત આવશે, ઈંદ્રિયોની ગુલામીના ખતરનાક પરિણામો ખટકશે ત્યારે ઇન્દ્રિયો આત્માને આધીન બનશે અને આત્મા સ્વતંત્ર થશે. સ્વતંત્ર આત્માના સુખની શી વાત ?

આત્મન્ ! સ્વતંત્ર બન, સ્વતંત્ર બન !

**मणवयणकायजोगा, सुनिअत्ता तेवि गुणकरा हुंति ।**
**अनिअत्ता पुण भंजंति मत्तकरिणुव्व सीलवणं ॥ ९५ ॥**

**ગાથાર્થ** :—મનોયોગ, વચનયોગ અને કાયયોગ –તે પણ સુનિયંત્રિત હોય તો – ગુણકર છે, પરંતુ અનિયંત્રિત થયેલા તે શીલ રૂપી વનને, મત્ત હાથીની જેમ ભાંગી ફોડી નાંખે છે.

**વિશેષાર્થ**:–મદોન્મત્ત હસ્તિ સુંદર ખીલેલા ઉદ્યાનને જેમ ઘડીમાં ઉખેડી નાંખે છે તેમ જ્યાં ત્યાં ભટકતું ચિત્ત, જેમ તેમ બોલતી જીભ અને ફાવે તેમ વર્ત્તતી કાયા આત્માના શીલ રૂપી બાગને, ઘડીમાં વેરવિખેર કરી નાંખે છે અને ચારિત્રરત્નને ધૂળમાં મેળવે છે.

વિચાર, વાણી અને વર્ત્તનના સંયમથી આત્મા સિદ્ધત્વની સન્મુખ આવે છે. સુપ્રયુકત ઈન્દ્રિયો જેમ ગુણકર છે તેમ સુપ્રયુકત મન વચન કાયા ગુણકર છે.

**जह जह दोसा विरमइ, जह जह विसएहिं होइ वेरग्गं ।**
**तह तह विन्नायव्वं, आसन्नं से अ परमपयं ॥ ९६ ॥**

**ગાથાર્થ**:—જેમ જેમ દોષો વિરામ પામે અને જેમ જેમ વિષયોથી વિરાગ થાય તેમ તેમ તેનું પરમપદ નજીક જાણવું.

**વિશેષાર્થ**:—એવું એક સ્થાન છે, જે સૌથી ઉત્તમ છે, સૌથી પરમ છે. ત્યાં નથી આકુળતા અને વ્યાકૂળતા. ત્યાં નથી આધિ અને વ્યાધિ. ત્યાં નથી ક્ષુધા અને તૃષા. ત્યાં નથી બંધન અને ગુલામી. માન અને અપમાન. ત્યાં નથી. રાગ અને રોષ ત્યાં નથી. છે ત્યાં અનંત સુખ અને અનંત શક્તિ. છે ત્યાં અનંત જ્ઞાન અને દર્શન. ત્યાં છે અવ્યાબાધ આનંદમાં રમણતા. ત્યાં છે અનોખી જ્યોતિનો જળહળાટ. ત્યાં છે પરમોત્તમ આત્માઓનો વસવાટ. ત્યાં છે પરમસુખી આત્માઓનું અનેરું ઐક્ય.

વાસના અને વિષયોનો જ્યાં અભાવ છે, તે સ્થાનની પ્રાપ્તિ, દોષોથી વિરામ પામનાર આત્મા કરી શકે. દોષ-ત્યાગ અને વિષયવિમુખતાથી સિદ્ધિસ્થાનની સમીપ આત્મા આવે છે.

**दुक्कर मेएहिं कयं, जेहिं समत्थेहिं जुव्वणत्थेहिं ।**
**भग्गं इंदिअसिन्नं, धिइ पायारं विलग्गेहिं ॥ ९७ ॥**

**ગાથાર્થ**:—ધૃતિ રૂપી કોટને આશ્રયે રહીને જે સમર્થ યુવાન આત્માઓથી ઇંદ્રિય સૈન્ય ભગ્ન થયું છે, તેમણે દુષ્કર કાર્ય કર્યું છે.

વિશેષાર્થ :—માંધાતા બની ધરતીને ધ્રૂજાવવી મુશ્કેલ નથી, જગતને આકર્ષવું મુશ્કેલ નથી, ભૂમિપતિ અને લક્ષ્મીપતિ બનવું મુશ્કેલ નથી. મુશ્કેલ છે નયનોને ભટકતા અટકાવવા. મુશ્કેલ છે રસનાને રસવિહોણી વસ્તુનો આસ્વાદ કરતી કરવી. મુશ્કેલ છે, સંગીતમાં લટ્ટુ બનતાં કર્ણોને ખેંચી લેવા. મુશ્કેલ છે સુવાસિત પુષ્પોની પરાગ અનુભવતી નાસિકાને પરાગથી વંચિત રાખવી. મુશ્કેલ છે સુકોમલ સ્પર્શનો ત્યાગ. કપરું છે ઇંદ્રિયો ઉપર સંયમ મેળવવાનું કામ.

ચક્રવર્તિઓ તે નથી કરી શકયા. ભૂમિપતિઓ તે નથી કરી શકયા. વિશ્વ વિજેતાઓ તે નથી કરી શકયા. સેવકો જેમના ચરણો ચૂમે છે, યશોગાન જેમના દિગંતમાં ગવાય છે, શક્તિ જેમના શબ્દોમાંથી ઝરે છે, તેઓ પણ વાસનાની ગુલામી નથી ટાળી શકયા.

અથાગ ધૈર્ય જેમણે કેળવ્યું છે, યૌવનની અખૂટ શક્તિ જેમણે સન્માર્ગે વહાવી છે, આત્મ પ્રગતિની નિરંતર ચિંતા જેમણે સેવી છે તેમણે ઇંદ્રિય સૈન્યને વેરવિખેર કરી નાખ્યું છે. મહાન્ કાર્ય તે મહાનુભાવોએ કર્યું છે. શક્તિશાળી માનવોથી જે નથી થઇ શકયું, અભિમાનમાં અક્કડાઈથી ફરતાં પુરુષોથી જે નથી થઈ શકયું, સમર્થ વિદ્વાનોથી જે નથી થઈ શકયું તે ધૈર્યશાળી યુવાનોથી થયું છે.

યુવાન અવસ્થામાં જયારે ઇંદ્રિયો મદમાતી બને છે,

જ્યારે શક્તિ છલકાવા માંડે છે, જ્યારે દિલ થનગન થાય છે, ત્યારે આત્મસંયમ કેળવી, વિષયોથી વિરામ પામી, અને સાધનામાં દિલને પરોવી, મોહ સેનાને પરાજિત કરવા જેવું કપરું કાર્ય બીજું શું હોઇ શકે ? તે દુષ્કર કાર્યને સિદ્ધ કરનારને કોટિશ: વંદન હો !

**ते धन्ना ताण नमो, दासो हं ताण संजमधराणं ।**
**अद्धच्छीपिच्छरिओ, जाण न हिअए खडक्कंति ॥ ९८ ॥**

**ગાથાર્થ** :—" અર્ધ ચક્ષુએ દૃષ્ટિ ફેંકનારી જેમના હૃદયમાં વસતી નથી, તેમને ધન્ય છે, તેમને નમસ્કાર હો ! તે સંયમધરોનો હું દાસ છું.

**વિશેષાર્થ** :—નારીના નયનશર જેમને ઘાયલ નથી કરતાં તે સાચે જ શક્તિવંત છે. તેમનું જીવન ધન્ય છે. તે સંયમધર મુનિઓની જેટલી સેવા થાય તેટલી ઓછી. મહાભાગ્ય હોય તો એમના ચરણમાં લેટવાનું મળે. અપૂર્વ પુણ્યોદય હોય ત્યારે તે મહાત્માઓના દર્શને શિર ઝૂકે. એમના દાસ બનવામાં અનોખી મહત્તા છે. સૌ કોઈ એ મહત્તાને વરો એ અભિલાષા.

**किं बहुणा जइ वंछसि, जीव तुमं सासयं सुहं अरुअं ।**
**ता पिअसु विसयविमुहो, संवेगरसायणं निच्चं ॥ ९९ ॥**

**ગાથાર્થ** :—કિં બહુના ! રે આત્મન્ ! રોગ-રહિત શાશ્વત સુખ માટે જો તું તલસે છે, તો વિષયવિમુખ બનીને સંવેગ રસાયણનું નિત્ય પાન કર.

**વિશેષાર્થ** :—આત્મન્ ! ખૂબ કહેવાથી શું ? સદા કાળ જો તારે સુખ જોઈએ, દુઃખના અંશ રહિત સુખને જો તું ઈચ્છે, નિરાબાધ આનંદને જો તું અભિલષે તો તને તે મળશે. માત્ર વિષયવિમુખતા તારે કેળવવી જોઇશે અને સંવેગ રસાયણનું પાન સદા કરવું જોઈ શે.

વિષયો પ્રત્યે ઘડી ઘડી આકર્ષાતી તારી દષ્ટિને તું ખેંચી લે. સંસાર સુખથી તું ઉભગો બન. તુચ્છ વિષયસુખો તીવ્ર વેદનાનું સાધન છે એમ માન. ભોગસુખો તારી અવનતિ આણશે—એમ જાણ. વિરાગની ચિરાગને પ્રગટાવ અને સદા પ્રદિપ્ત રાખ.

એ વિરાગ દીવડામાં વિષય વિમુખતા રૂપી તેલને રોજ પૂરજે. સંયમ રૂપી વાટ અખંડ રાખજે. વિરાગ દીવડાને અનિમેષ નયણે જોયા જ કરજે.

વિરાગ રૂપી પુણ્યપિયૂષનું પાન તને અમર બનાવશે. તારી જળહળતી જ્યોત ઝગમગાવશે. આનંદની અનેરી લહરિઓ તને આપશે.

અરુજ બનજે અજર બનજે, અમર બનજે !
અલખ બનજે, અદેહી બનજે, અમોહી બનજે !

———

## શ્રી રત્નશેખર સૂરિ વિરચિત

# શ્રી શ્રાદ્ધવિધિ

'सिरिवीरजिणं पणमिअ, सुआउ साहेमि किमवि सड्ढविहिं ।
रायगिहे जगगुरुणा, जहभणिअं अभयपुट्ठेणं ॥ १ ॥'

ગાથાર્થ:-રાજગૃહ નગરને વિષે શ્રી અભયકુમારના પૂછવાથી, જગદ્ગુરુ શ્રી વીરપ્રભુએ શ્રાદ્ધવિધિ--શ્રાવક સામાચારી—જે પ્રમાણે કહી, તે હું, શ્રી વીર જિનેશ્વરને પ્રણામ કરીને, શ્રુતાનુસારે કિંચિત્ કહું છું.

'दिणरत्तिपव्वचउमाससंवच्छरजम्मकिच्चदाराइं ।
सड्ढाणणुग्गहट्ठा, सड्ढविहीए भणिज्जंति ॥ २ ॥'

ગાથાર્થ:-દિનકૃત્ય, રાત્રિકૃત્ય, પર્વકૃત્ય, ચાતુર્માસિક કૃત્ય, સાંવત્સરિક કૃત્ય અને જન્મ કૃત્ય એ છ દ્વારો શ્રાવકના અનુગ્રહ માટે શ્રાદ્ધવિધિમાં આલેખાયા છે.

'सड्ढत्तणस्सजुग्गो, भद्दगपगई विसेस निउणमई ।
नयमग्गरई तह दढनियवयणठिई विणिद्दिट्ठो ॥ ३ ॥'

ગાથાર્થ:-સરલ સ્વભાવી, વિશેષ નિપુણમતિ, ન્યાય માર્ગમાં પ્રીતિ ધરનાર અને પ્રતિજ્ઞાપાલનમાં દૃઢ આત્મા શ્રાવકપણાને યોગ્ય કહ્યો છે.

'नामाई चउभेओ, सड्ढो भावेण इत्थ अहिगारो ।
तिविहो अ भावसड्ढो, दंसणवयउत्तरगुणेहिं ॥ ४ ॥'

ગાથાર્થ :–નામાદિ ચાર પ્રકારના શ્રાવક છે. તેમાં અહીં ભાવશ્રાવકનો અધિકાર છે. દર્શન, વ્રત અને ઉત્તર ગુણો વડે ભાવશ્રાવકના ત્રણ ભેદ છે.

'नवकारेण विबुद्धो, सरेइ सो सकुल धम्म नियमाई ।
पडिकमिअसुइपूइअ, गिहे जिणं कुणइ संवरणं ॥ ५ ॥'

ગાથાર્થ :–નવકાર સહિત જાગૃત થયેલો તે પોતાના કુલ, ધર્મ અને નિયમ વિગેરેનું સ્મરણ કરે. પ્રતિક્રમણ કરી, પવિત્ર થઈ અને ગૃહમંદિરમાં જિનેશ્વરની પૂજા કરી તે પ્રત્યાખ્યાન કરે.

'विहिणा जिणं जिणगिहे, गंतुं अच्चेइ उचिअचिंतरओ ।
उच्चरइ पच्चक्खाणं, दढपंचाचारगुरुपासे ॥ ६ ॥'

ગાથાર્થ :—ઉચિતચિંતામાં રક્ત એવો શ્રાવક જિન-મંદિરે જઈને વિધિપૂર્વક જિનપૂજા કરે. ત્યારબાદ દૃઢ પંચાચારને પાલનાર ગુરુની પાસે તે પચ્ચક્ખાણ ઉચ્ચરે.

'ववहारसुद्धि देसाइविरुद्धच्चाय उचियचरणेहिं ।
तो कुणइ अत्थचिंतं, निव्वाहिंतो निअं धम्मं ॥ ७ ॥'

ગાથાર્થ :–વ્યવહારશુદ્ધિ, લોકવિરુદ્ધનો ત્યાગ અને

ઔચિત્ય–એના પાલનપૂર્વક સ્વધર્મને સાચવતો તે અર્થ-ચિંતા કરે.

'मज्झण्हे जिणपूआ, सुपत्तदाणाइजुत्ति भुंजित्ता ।
पच्चक्खाइ अ गीअत्थअंतिए कुणइ सज्झायं ॥ ८ ॥'

**ગાથાર્થ** :–મધ્યાહ્ને શ્રાવક જિનપૂજા કરે અને સુપાત્ર દાન વિગેરેની વ્યવસ્થા કરે. ભોજન પછી પ્રત્યાખ્યાન લે અને ગીતાર્થની સાંનિધ્યમાં સ્વાધ્યાય કરે.

'संझाइ जिणं पुणरवि, पूअइ पडिक्कमइ कुणइ तह विहिणा ।
विस्समणं सज्झायं, गिह गओ तो कहइ धम्मं ॥ ९ ॥'

**ગાથાર્થ** :–સંધ્યા સમયે ફરી પણ જિનપૂજન, પ્રતિક્રમણ, વિધિપૂર્વક મુનિવરોની ભક્તિ અને સ્વાધ્યાય કરે. ત્યારબાદ ઘેર ગયેલો તે સ્વજનોને ધર્મોપદેશ આપે.

'पायं अबंभविरओ, समए अप्पं करेइ तो निद्दं ।
निद्दोवरमे थीतणुअसुइत्ताई विचिंतिज्जा ॥ १० ॥'

**ગાથાર્થ** :–પ્રાયઃ અબ્રહ્મથી વિરત એવો તે, અવસરે અલ્પનિદ્રા લે. નિદ્રાનો અંત આવતાં સ્ત્રી શરીરની અશુચિ આદિનું તે ચિંતવન કરે.

'पव्वेसु पोसहाई बंभ अणारंभ तव विसेसाई ।
आसोअचित्त अट्ठाहि अ पमुहेसु विसेसेणं ॥ ११ ॥'

**ગાથાર્થ** :–પર્વ દિવસોમાં તથા આશ્વિન અને ચૈત્ર

માસની અઠ્ઠાઈ વિગેરેમાં સવિશેષપણે પૌષધ, બ્રહ્મચર્ય, આરંભવર્જન અને તપ વિગેરે શ્રાવક વિશેષે કરે.

'पइचउमासे समुचिअनियमगहो पाउसे विसेसेण ।
पइवरिसं संघच्चण साहम्मिअभत्ति जत्ततिगं ॥ १२ ॥'

'जिणगिहिण्हवणं जिणधणवुड्ढी महपूअ धम्मजागरिआ ।
सुअपूआ उज्जवणं, तह तित्थपभावणा सोही ॥ १३ ॥'

ગાથાર્થ :–પ્રત્યેક ચાતુર્માસમાં તથા વર્ષાઋતુમાં સવિશેષપણે સમુચિત નિયમો તે ગ્રહણ કરે, તેમજ પ્રતિવર્ષે શ્રી સંઘપૂજા, શ્રી સાધર્મિક ભક્તિ, યાત્રાત્રિક, સ્નાત્ર-મહોત્સવ, જિનદ્રવ્યવૃદ્ધિ, મહાપૂજા, ધર્મજાગરિકા, શ્રુતપૂજા ઉદ્યાપન, શાસનની પ્રભાવના અને આલોચના કરે.

'जम्मंमि वासठाणं, तिवग्गसिद्धीइ कारणं उचिअं ।
उचिअं विज्जागहणं, पाणिग्गहणं च मित्ताइ ॥ १४ ॥'

'चेइय पडिम पइट्ठा, सुआइपव्वावणाय पयठवणा ।
पुत्थयलेहणवायण, पोसहसालाइकारवणं ॥ १५ ॥'

'आजम्मं सम्मत्तं, जहसत्ति वयाइदिक्खगह अहवा ।
आरंभचाउ बंभं, पडिमाई अंतिआराहणा ॥ १६ ॥'

ગાથાર્થ :–ત્રિવર્ગની સિદ્ધિ માટેના જન્મ કૃત્યો :– ઉચિત નિવાસ સ્થાન, ઉચિત વિદ્યાગ્રહણ, પાણિગ્રહણ, મિત્રો વિ. કરવા, ચૈત્ય કરાવવું, પ્રતિમા ભરાવવી, પ્રતિષ્ઠા

કરવી, પુત્રાદિની પ્રવ્રજ્યાની ઉજવણી, પદપ્રદાનનો મહોત્સવ, પુસ્તક લખાવવું તથા વંચાવવું, પૌષધશાળા વિ. કરાવવું, આજન્મ સમ્યક્ત્વનું પાલન, યથાશક્તિ વ્રતનું પાલન અથવા દીક્ષાનો સ્વીકાર, આરંભનો ત્યાગ, બ્રહ્મચર્યનું સેવન, શ્રાવકની પ્રતિમાનું વહન અને અંતિમ આરાધના.

"एअं गिहिधम्मविहिं, पइदिअहं निव्वहंति जे गिहिणो।
इ भवि परभवी निव्वुइसुहं लहुं ते लहंति धुवं ॥१७॥"

ગાથાર્થ :-જે ગૃહસ્થો ગૃહસ્થધર્મની આ વિધિનું પ્રતિદિન પાલન કરે છે, તેઓ, ખરે જ આ ભવમાં, પરભવમાં અને સિદ્ધિસ્થાનમાં સહેલાઈથી સુખ પ્રાપ્ત કરે છે.

# શ્રી
# વૈરાગ્ય શતક

---

संसारंमि असारे, नत्थि सुहं वाहिवेअणापउरे ।
जाणंतो इह जीवो, न कुणइ जिणदेसियं धम्मं ॥१॥

**ગાથાર્થ** :–વ્યાધિ અને વેદનાથી ભરેલા આ અસાર સંસારમાં સુખ નથી તેમ જાણતાં છતાં આ જીવ જિન-કથિત ધર્મને સેવતો નથી.

अज्जं कल्लं परं परारिं, पुरिसा चिंतंति अत्थसंपत्तिं ।
अंजलिगयं व तोयं, गलंत माउं न पिच्छंति ॥ २ ॥

**ગાથાર્થ** :–અર્થની પ્રાપ્તિ આજે થશે, કાલે થશે, પોર થશે અને પરાર થશે એમ પુરુષો ચિંતવે છે પરંતુ અંજલિમાંના નિર્ગળતા પાણીની જેમ રોજ અલ્પ થતાં આયુષ્ય તરફ તેઓ જોતાં નથી.

जं कल्ले कायव्वं, तं अज्जं चिय करेह तुरमाणा ।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ ३ ॥

**ગાથાર્થ** :–જે કાલે કર્તવ્ય છે તે આજે ત્વરાથી કરો. એક મુહૂર્ત્ત પણ અનેક વિઘ્નોવાળું છે; પાછલા પહોરની રાહ ન જુઓ.

ही संसारसहावं, चरियं नेहाणुरायरत्ता वि ।
जे पुव्वण्हे दिट्ठा, ते अवरण्हे न दीसंति ॥ ४ ॥

ગાથાર્થ :–પ્રેમાળ સ્નેહી જનો, જેમનું પ્રભાતે દર્શન થયું છે તેઓ પણ સાંજે અદૃશ્ય હોય છે. હા ! સંસાર સ્વભાવનું આચરણ કેવું ખેદજનક છે !

मा सुअह जग्गिअव्वे, पलाइअव्वंमि कीस वीसमेह ।
तिन्नि जणा अणुलग्गा, रोगो अ जरा अ मच्चू अ ॥ ५ ॥

ગાથાર્થ :–જાગવાની જગ્યાએ સૂઈ ન રહો. પલાયન કરવાની જગ્યાએ વિશ્રામ શાને લ્યો ? કારણ કે ત્રણ જણા પાછળ પડેલા છે—વ્યાધિ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ.

दिवसनिसाघडिमालं, आउसलिलं जिआण घित्तूणं ।
चंदाइच्चबइल्ला, कालरहट्टं भमाडंति ॥ ६ ॥

ગાથાર્થ :–દિવાકર અને નિશાકર રૂપી બેલ દિનરાત રૂપી ઘટની માળાથી જીવોનું આયુષ્ય રૂપી જળ ગ્રહીને કાળ રેંટને ફેરવ્યા કરે છે.

सा नत्थि कला तं नत्थि, उसहं तं नत्थि किंपि विन्नाणं ।
जेण धरिज्जइ काया, खज्जंती कालसप्पेणं ॥ ७ ॥

ગાથાર્થ :–તેવી કોઇ કલા નથી, તેવું કોઈ ઔષધ નથી અને તેવું કોઈ પણ વિજ્ઞાન નથી કે જે વડે કાળ-સર્પથી આરોગાતી કાયાને ઉગારી શકાય.

दीहरफणिंदनाले, महिअरकेसरदिसामहदलिल्ले ।
उ पीअइ कालभमरो, जणमयरंदं पुहविपउमे ॥ ८ ॥

ગાથાર્થ :-દીર્ઘ સર્પ જેની નાળ છે, પર્વત જેની કેસરા છે અને દિશાઓ જેના પત્રો છે તે પૃથ્વિપદ્મના માનવ મકરંદને કાળભ્રમર પીએ છે.

छायामिसेण कालो, सयल जिआणं छलं गवेसंतो ।
पासं कहवि न मुंचइ, ता धम्मे उज्जमं कुणह ॥ ९ ॥

ગાથાર્થ :-સકલ જીવોનું છિદ્ર શોધતો કાળ, પડછાયાની જેમ કોઈ રીતે પીછો છોડતો નથી. માટે ધર્મમાં ઉદ્યમ કરો.

कालंमि अणाईए, जीवाणं बिविहकम्मवसगाणं ।
तं नत्थि संविहाणं, संसारे जं न संभवइ ॥ १० ॥

ગાથાર્થ :-એવું કોઈ સંવિધાન ( એકેંદ્રિયાદિક ભેદ ) નથી કે જે અનાદિકાલીન સંસારમાં, વિવિધ કર્મવશ જીવોને પ્રાપ્ત થયું ન હોય.

बंधवा सुहिणो सव्वे, पिअ माया पुत्त भारिया ।
पेअवणाउ निअत्तंति, दाऊणं सलिलंजलिं ॥ ११ ॥

ગાથાર્થ :-બંધુઓ, મિત્રો, માતા, પિતા, પુત્ર અને પત્નિ, તે સૌ જળની અંજલિ આપીને શ્મશાનથી પાછા ફરે છે.

विहडंति सुआ विहडंति, बंधवा वल्लहा य विहडंति ।
इक्को कहवि न विहडइ, धम्मो रे जीव जिणभणिओ ॥१२॥

**ગાથાર્થ** :-પુત્રો છૂટા પડે છે, બંધુઓ છૂટા પડે છે અને વલ્લભા પણ વેગળી થાય છે. રે આત્મન્! એક જિનકથિત ધર્મ કદિ પણ વેગળો નથી થતો.

अडकम्मपासबद्धो, जीवो संसारचारए ठाइ ।
अडकम्मपासमुक्को आया सिवमंदिरे ठाइ ॥ १३ ॥

**ગાથાર્થ** :—અષ્ટ કર્મ રૂપી પાશથી બંધાયેલો આત્મા સંસાર રૂપી કારાગૃહમાં વસે છે; અષ્ટ કર્મના પાશથી મુક્ત આત્મા શિવમંદિરમાં વસે છે.

विहवो सज्जणसंगो, विसयसुहाइं विलासललिआइं ।
नलिणीदलग्गघोलिर, जललव परिचंचलं सव्वं ॥ १४ ॥

**ગાથાર્થ** :-ધન, સ્વજન સંબંધ અને વિલાસભર્યાં સુંદર વિષયસુખો, તે સર્વ કમલપત્રના અગ્રભાગ ઉપર ઘૂમરાતા જલબિંદુની જેમ અતિશય ચંચળ છે.

तं कत्थ बलं तं कत्थ, जुव्वणं अंगचंगिमा कत्थ ।
सव्वमणिच्चं पिच्छह, दिट्ठं नट्ठं कयंतेण ॥ १५ ॥

**ગાથાર્થ** :-તે બળ ક્યાં? તે યૌવન ક્યાં? તે દેહ-સૌષ્ઠવ ક્યાં? નિરખેલું તે બધું યમદેવથી નષ્ટ થયું. જુઓ, બધુંયે અનિત્ય છે.

घणकम्मपासबद्धो, भवनयरचउप्पहेसु विविहाओ ।
पावइ विडंबणाओ, जीवो को इत्थ सरणं से ॥ १६ ॥

ગાથાર્થ :–નિબિડ કર્મના પાશથી બંધાયેલો આત્મા ભવનગરના ચૌટામાં વિવિધ વિટંબણાઓ પામે છે. તેને શરણભૂત કોણ છે ?

घोरंमि गब्भवासे, कलमलजंबालअसुइबीभच्छे ।
वसिओ अणंतखुत्तो, जीवो कम्माणुभावेण ॥ १७ ॥

ગાથાર્થ :–કલમલના સમૂહ રૂપ કાદવની અશુચિથી બીભત્સતા યુક્ત ઘોર ગર્ભાવાસમાં કર્મના પ્રભાવથી આત્મા અનંત વાર વસેલો છે.

चुलसीइ किर लोए, जोणीणं पमुहसयसहस्साइं ।
इक्किक्कंमिअ जीवो, अणंतखुत्तो समुप्पन्नो ॥ १८ ॥

ગાથાર્થ:-લોકમાં ચોરાશી લાખ જીવાયોની છે અને પ્રત્યેકમાં જીવ અનંતવાર ઉત્પન્ન થયો છે.

मायपियबंधूहिं, संसारत्थेहिं पूरिओ लोओ ।
बहुजोणीनिवासीहिं, न य ते ताणं च सरणं च ॥ १९ ॥

ગાથાર્થ :–સંસારમાં બહુ જીવાયોનિમાં નિવાસ કરીને રહેલા માતા, પિતા અને સ્નેહી જનોથી સમગ્ર લોક ભરેલો છે. નથી તેઓ રક્ષક કે આશ્રયદાતા.

जीवो वाहिविलुत्तो, सफरो इव निज्जले तडप्फडइ ।
सयलो वि जणो पिच्छइ, को सक्को वेअणाविगमे ॥२०॥

ગાથાર્થ :–જળ વિના તરફડતાં માછલાની જેમ, વ્યાધિથી ત્રાસી ગયેલો જીવ તરફડે છે. સૌ એને જુએ છે પરંતુ એની વેદના ટાળવા કોણ સમર્થ છે ?

मा जाणसि जीव तुमं, पुत्तकलत्ताइ मज्झ सुहहेऊ ।
निउणं बंधणमेयं, संसारे संसरंताणं ॥ २१ ॥

ગાથાર્થ :–આત્મન્! "પુત્ર, પત્નિ, વિગેરે મારા સુખના હેતુ છે." એમ તું જાણતો નહિ. ઊલટું સંસારમાં ભ્રમણ કરનારને તે અતિશય બંધન રૂપ છે.

जणणी जायइ जाया, जाया माया पियाय पुत्तोय ।
सअणवत्था संसारे, कम्मवसा सव्वजीवाणं ॥ २२ ॥

ગાથાર્થ :–માતા પત્નિ રૂપે બને છે, પત્નિ માતા રૂપે બને છે, પિતા પુત્ર રૂપે બને છે અને પુત્ર પિતા રૂપે બને છે. સંસારમાં કર્માધીનતાને કારણે સર્વ જીવોની સ્થિતિ અનેક પ્રકારની હોય છે.

न सा जाई न सा जोणी, न तं ठाणं न तं कुलं ।
न जाया न मूआ जत्थ, सव्वे जीवा अणंतसो ॥ २३ ॥

ગાથાર્થ :–નથી એવી કોઈ જાતિ, નથી એવી કોઈ યોનિ, નથી એવું કોઈ સ્થાન અને નથી એવું કોઈ કુલ

કે જ્યાં સર્વ જીવો અનંતવાર ઉત્પન્ન ન થયા હોય તથા મૃત્યુ ન પામ્યા હોય.

तं किंपि नत्थि ठाणं, लोए वालग्गकोडिमित्तंपि ।
जत्थ न जीवा बहुसो, सुहदुक्खपरंपरं पत्ता ॥ २४ ॥

ગાથાર્થ :–લોકમાં વાળના અગ્રભાગના માત્ર છેડા જેવડું પણ સ્થાન એવું નથી કે જ્યાં જીવોએ અનેકવાર સુખ દુ:ખની પરંપરાને પ્રાપ્ત કરી ન હોય.

सव्वाओ रिद्धीओ, पत्ता सव्वेवि सयणसंबंधा ।
संसारे ता विरमसु, तत्तो जइ मुणसि अप्पाणं ॥ २५ ॥

ગાથાર્થ :–સર્વ ઋદ્ધિઓ સંસારમાં પ્રાપ્ત થઈ છે. સર્વ સ્વજનસંબંધ મળી ચૂકયા છે. માટે જો તું આત્માને જાણે છે તો તેનાથી વિરમ.

एगो बंधइ कम्मं, एगो वहबंधमरणवसणाइं ।
विसहइ भवंमि भमडइ, एगुच्चिअ कम्मवेलविओ ॥ २६ ॥

ગાથાર્થ :–જીવ એકલોજ કર્મબંધ કરે છે; એકલોજ વધ, બંધન, મરણ અને આપત્તિઓને સહન કરે છે; કર્મથી ઠગાયેલો તે એકલોજ ભવમાં ભમે છે.

अन्नो न कुणइ अहियं, हियंपि अप्पा करेइ न हु अन्नो ।
अप्पकयं सुहदुक्खं, भुंजसि ता कीस दीणमुहो ॥ २७ ॥

ગાથાર્થ :–અન્ય કોઈ અહિત નથી કરતું. હિત પણ

આત્મા કરે છે, અન્ય કોઈ નહિ. આત્મકૃત્ સુખદુઃખ તું ભોગવે છે, માટે શાને દીનતાભર્યું મ્હોં રાખે ?

बहुआरंभविढत्तं, वित्तं विलसंति जीव सयणगणा ।
तज्जणियपावकम्मं, अणुहवसि पुणो तुमं चेव ॥ २८ ॥

ગાથાર્થ :–રે આત્મન્ ! બહુ આરંભથી તેં ઉપાર્જન કરેલ ધનનો ઉપભોગ સ્વજન સમૂહ કરે છે. પરંતુ તે આરંભથી થયેલ પાપકર્મ તું એકલોજ અનુભવે છે.

अह दुक्खिआइ तह, भुक्खिआइ जह चिंतिआइडिंभाइ ।
तह थोवंपि न अप्पा, विचिंतिओ जीव किं भणिमो ॥२९॥

ગાથાર્થ :–આત્મન્ ! "હવે દુઃખી છે તથા ભૂખ્યા છે," એમ બાળકોની ચિંતા જેમ તેં કરી તેમ થોડી પણ આત્મચિંતા તેં ન કરી. માટે તને અમે શું કહીએ ?

खणभंगुरं सरीरं, जीवो अन्नो अ सासयसरूवो ।
कम्मवसा संबंधो निब्बंधो इत्थ को तुज्झ ॥ ३० ॥

ગાથાર્થ :–દેહ ક્ષણભંગુર છે; આત્મા તેનાથી ભિન્ન છે અને શાશ્વત સ્વરૂપ છે. દેહનો સંયોગ કર્માધીન છે. તેમાં તને રાગ શાને ?

कह आयं कह चलियं, तुमंपि कह आगओ कहं गमिही ।
अन्नुन्नंपि न याणह, जीव कुडुंबं कओ तुज्झ ॥३१॥

ગાથાર્થ :–આત્મન્ ! કુટુંબ કેમ આવ્યું અને કેમ ગયું ? તું પણ કેમ આવ્યો અને કેમ જઈશ ? જ્યારે એકબીજાને જાણતાં નથી ત્યારે કુટુંબ તારું ક્યાંથી ?

खणभंगुरे सरीरे, मणुअभवे अब्भपडलसारिच्छे।
सारं इत्तिमेत्त, जं किरइ सोहणो धम्मो ॥३२॥

ગાથાર્થ :–વાદળના સમૂહ સમાન મનુષ્યમાં, ક્ષણભંગુર દેહે જે સુંદર ધર્મ કરાય છે તેટલોજ માત્ર સાર છે.

जम्मदुक्खं जरादुक्खं, रोगाय मरणाणि य
अहो दुक्खो हु संसारो, जत्थ कीसंति जंतुणो ॥३३॥

ગાથાર્થ :–જન્મનું દુઃખ, જરાનું દુઃખ, રોગો અને મરણો ! અહો ! સંસાર જ દુઃખરૂપ છે કે જ્યાં જીવો પીડા અનુભવે છે.

जाव न इंदियहाणी, जाव न जररक्खसी परिप्फुरइ।
जाव न रोगविआरा, जाव न मच्चू समुल्लिअइ ॥३४॥

ગાથાર્થ :–જ્યાં સુધી ઇંદ્રિયોની ક્ષીણતા નથી, જ્યાં સુધી વૃદ્ધાવસ્થા રૂપી રાક્ષસી વ્યાપતી નથી, જ્યાં સુધી રોગના વિકારો નથી અને જ્યાં સુધી મૃત્યુ ભેટતું નથી, ત્યાં સુધીમાં હે આત્મન્! ધર્મનું સેવન કરી લે.

जह गेहंमि पलित्ते, कूवं खणिउं न सक्कए कोइ।
तह संपत्ते मरणे, धम्मो कह कीरए जीव ॥ ३५ ॥

ગાથાર્થ :–જેમ ઘર બળતું હોય ત્યારે કૂવો ખોદવાને કોઈ શક્તિવંત ન હોય તેમ મૃત્યુ નજીક આવતાં ધર્મ શી રીતે કરી શકાય?

रूव मसासय मेयं, विज्जुलयाचंचलं जए जीअं ।
संझाणुराग सरिसं, खणरमणीअं च तारुण्णं ॥ ३६ ॥

ગાથાર્થ :–આ રૂપ અશાશ્વત છે. જગતમાં જીવિત વિદ્યુલ્લતા જેવું ચપલ છે. અને યૌવન સંધ્યારંગની જેમ ક્ષણમાત્ર રમણીય છે.

गयकन्नचंचलाओ, लच्छीओतिअसचावसारिच्छे ।
विसयसुहं जीवाणं, बुज्झसु रे जीव मा मुज्झ ॥ ३७ ॥

ગાથાર્થ :–લક્ષ્મી હાથીના કાન જેવી ચંચળ છે. જીવોનું વિષયસુખ ઇંદ્રધનુષ્ય જેવું છે. રે જીવ! તું સમજ અને મોહ ન પામ.

जह संझाए सउणाणं, संगमो जह पहे अ पहिआणं ।
सयणाणं संजोगो, तहेव खणभंगुरो जीवो ॥ ३८ ॥

ગાથાર્થ :–આત્મન્! સંધ્યા સમયે પંખીઓનો સંગમ અને માર્ગમાં જેમ પથિકોનો સમાગમ ક્ષણિક છે તેમ સ્વજનોનો સંયોગ ક્ષણભંગુર છે.

निसाविरामे परिभावयामि, गेहे पलित्ते किमहं सुयामि ।
डज्झंत मप्पाण मुवक्खयामि, जं धम्मरहिओ दिअहा
गमामि ॥ ३९ ॥

ગાથાર્થ :–રાત્રિના અંતે ફરી ફરીને વિચારૂં છું કે, "બળતા ઘરમાં હું કેમ સૂઈ રહ્યો છું? બળી રહેલા

આત્માને હું ઉપેક્ષી રહ્યો છું, અને ધર્મરહિત દિવસો પસાર કરૂં છું"

जा जा वच्चइ रयणी, न य सा पडिनियत्तइ ।
अहम्मं कुणमाणस्स, अहला जंति राइओ ॥ ४० ॥

ગાથાર્થ :–જે જે રાત્રિ જાય છે તે ફરી આવતી નથી. અધર્મ કરનારની રાત્રિઓ અફળ જાય છે.

जस्स ऽत्थि मच्चुणा सक्खं, जस्स व ऽत्थि पलायणं ।
जो जाणे न मरिस्सामि, सो हु कंखे सुए सिया ॥ ४१ ॥

ગાથાર્થ :-જેને મૃત્યુ સાથે મિત્રતા છે અથવા જેને એનાથી નાસવાનું છે અથવા "મરીશ નહિ" એમ જે જાણે છે તે "આવતી કાલે ધર્મ થશે" એવી ઈચ્છા કદાચિત્ કરે તો ભલે.

दंडकलिअं करित्ता, वच्चंति हु राइओ य दिवसाय ।
आउसं संविल्लंता, गयावि न पुणो नियत्तंति ॥ ४२ ॥

ગાથાર્થ :–દંડથી ઉખેળાતા સૂત્રની જેમ રાત્રિદિવસો આયુષ્યને ઉખેળી રહ્યા છે. પરંતુ ગયેલા તે ફરી પાછા આવતા નથી.

जहेह सीहो व मियं गहाय, मच्चू नरं णेइ हु अंतकाले ।
न तस्स माया न पिया न भाया, कालंमि तंमि सहरा
भवंति ॥ ४३ ॥

**ગાથાર્થ** :–આ લોકમાં જેમ સિંહ મૃગને પકડીને લઈ જાય છે તેમ અંતસમયે મૃત્યુ માણસને પકડીને લઈ જાય છે. તે સમયે માતા, પિતા કે ભાઈ સહાયક બનતા નથી.

**जीअं जलबिंदुसमं, संपत्तीओ तरंग लोलाओ ।**
**सुमिणयसमं च पिम्मं, जं जाणसु तं करिज्जासु ॥ ४४ ॥**

**ગાથાર્થ** :–જીવિત જલબિંદુ જેવું છે; સંપત્તિઓ જળના તરંગની જેમ ચંચળ છે અને સ્નેહ સ્વપ્ન સમાન છે. જે જાણુ તે કર.

**संझरागजलबुब्बुओवमे, जीविए अ जलबिन्दुचंचले ।**
**जुव्वणे य नइवेगसंनिभे, पावजीव ! कि मियं न बुज्झसे ॥**

**ગાથાર્થ** :–સંધ્યાના રંગ અને પાણીના પરપોટા સમાન જીવિત જળબિંદુ જેવું ચંચળ હોવા છતાં અને યૌવન નદીના પૂર જેવું હોવા છતાં, હે પાપાત્મન્! તું બોધ કેમ પામતો નથી ?

**अन्नत्थ सुआ अन्नत्थ, गेहिणी परिअणोवि अन्नत्थ ।**
**भूअबलिब्वकुडुंबं, पक्खित्तं हयकयंतेण ॥४६॥**

**ગાથાર્થ** :–હા! ભૂતને ફેંકાતા બલિની જેમ યમદેવે કુટુંબને છૂટું છવાયું ફેંકયું છે; પુત્રને અન્યત્ર, પત્નિને અન્યત્ર અને સ્વજનોને પણ અન્યત્ર.

जीवेण भवे भवे, मिलियाइ देहाइ जाइ संसारे।
ताणं न सागरेहिं, कीरइ संखाअणंतेहिं ॥ ४७ ॥

ગાથાર્થ :–સંસારમાં ભવે ભવે જે શરીરો જીવે પ્રાપ્ત કર્યાં છે તેની સંખ્યા અનંત સાગરોથી નથી કરી શકાતી.

नयणोदयंपि तासिं, सागरसलिलाओ बहुयरं होइ ।
गलियं रुअमाणीणं, माऊणं अन्नमन्नाणं ॥ ४८ ॥

ગાથાર્થ :–ભિન્ન ભિન્ન જન્મોમાં મળેલી માતાઓના નયનમાંથી રડતી સમયે વહેતું જળ પણ સાગરના જળથી અધિક હોય છે.

जं नरए नेरइया, दुहाइ पावंति घोरणंताइ ।
तत्तो अणंतगुणियं, निगोअमज्झे दुहं होइ ॥ ४९ ॥
तंमि वि निगोअमज्झे, वसिओ रे जीव विविहकम्मवसा ।
विसहंतो तिक्खदुहं, अणंतपुग्गलपरावत्ते ॥ ५० ॥

ગાથાર્થ :–નરકમાં નારકો જે ઘોર અને અનંત દુઃખો પામે છે તેથી અનંતગુણું દુઃખ નિગોદમાં હોય છે.

રે આત્મન્! વિવિધ કર્મની આધીનતાથી તે નિગોદમાં પણ અનંત પુદ્ગલપરાવર્ત્ત સુધી તીક્ષ્ણ દુઃખ સહન કરતો તું રહ્યો.

निहरीअ कहवि तत्तो, पत्तो मणुअत्तणंपि रे जीव ।
तत्थवि जिणवरधम्मो, पत्तो चिंतामणिसरिच्छो ॥ ५१ ॥

ગાથાર્થ :—રે જીવ, ત્યાંથી કોઈ પણ રીતે નિકળીને મનુષ્યપણું પણ તું પામ્યો; તેમાં પણ ચિંતામણી સદશ જિનધર્મ તને પ્રાપ્ત થયો.

पत्तेवि तंमि रे जीव, कुणसि पमायं तुमं तयं चेव ।
जेणं भवंधकूवे पुणोवि पडिओ दुहं लहसि ॥ ५२ ॥

ગાથાર્થ :—તે પ્રાપ્ત થયાં છતાં પણ, રે જીવ, તે જ પ્રમાદ તું કરે છે કે જે પ્રમાદથી ભવાંધકૂપમાં ફરી વાર પણ પડીને તું દુઃખ પામે.

उवलद्धो जिणधम्मो, न य अणुचिण्णो पमायदोसेणं ।
हा जीव अप्पवेरि अ, सुबहुं परओ विसूरिहिसि ॥ ५३ ॥

ગાથાર્થ :—રે આત્મન્ ! જિન ધર્મ મળ્યો પરંતુ પ્રમાદ દોષથી તેનું સેવન ન થયું. અરે આત્મવેરી, પરલોકમાં તું ખૂબ ખેદ પામીશ.

सोअंति ते वराया, पच्छा समुवट्ठियंमि मरणंमि ।
पावपमायवसेणं, न संचियो जेहि जिणधम्मो ॥ ५४ ॥

ગાથાર્થ :—પાપરૂપ પ્રમાદને આધીન થઈને જેઓએ જિનધર્મનો સંચય નથી કર્યો તે રંકજનો પછી મરણ ઉપસ્થિત થતાં શોક કરે છે.

धी धी धी संसारं, देवो मरिऊण जं तिरी होइ ।
मरिऊण रायराया, परिपच्चइ निरयजालाए ॥ ५५ ॥

ગાથાર્થ :—જે સંસારમાં દેવો મૃત્યુ પામીને તિર્યંચ બને છે અને રાજાધિરાજ મરણ પામીને નરકની જ્વાલાથી અતિશય પકાય છે તે સંસારને ધિક્કાર હો ! ધિક્કાર હો ! ધિક્કાર હો !

जाइ अणाहो जीवो, दुमस्स पुप्फं व कम्मवायहओ ।
धणधन्ना हरणाइं, घरसयणकुडुंब मिल्लेवि ॥ ५६ ॥

ગાથાર્થ :—કર્મરૂપી પવનથી હણાયેલો આત્મા ધન, ધાન્ય, આભરણ, ઘર, સ્વજન અને કુટુંબને મૂકીને, પવનથી પડી ગયેલા વૃક્ષના પુષ્પની જેમ અનાથ બનીને જાય છે.

वसियं गिरीसु वसियं, दरीसु वसियं समुद्दमज्झंमि ।
रुक्खग्गेसु य वसियं, संसारे संसरंतेणं ॥ ५७ ॥

देवो नेरइओत्तिय, कीड पयंगु त्ति माणुसो एसो ।
रूवस्सी य विरूवो, सुहभागी दुक्खभागीय ॥ ५८ ॥

राउत्ति य दमगुत्तिय, एस सवागुत्ति एस वेयविऊ ।
सामी दासो पुज्जो, खलोत्ति अधणो धणवइत्ति ॥ ५९ ॥

नवि इत्थ कोइ नियमो, सकम्मविणिविट्ठसरिसकयचिट्ठो ।
अन्नुन्नरूववेसो, नडुव्व परिअत्तए जीवो ॥ ६० ॥

ગાથાર્થ :—સંસારમાં પર્યટન કરતાં તારો નિવાસ ગિરિમાં થયો છે, ગુફામાં થયો છે, મધ્ય સમુદ્રમાં થયો છે અને વૃક્ષની ટોચે પણ થયેલો છે.

તું દેવ બન્યો છે અને નારક બન્યો છે; કીડો અને પતંગ થયો છે; અને મનુષ્ય પણ થયેલો છે. તે જ તું સોહામણો અને કુરૂપ બન્યો છે; સુખી બન્યો છે અને દુઃખી બન્યો છે.

તું રાજા અને ભિખારી બન્યો છે. તે જ તું ચંડાળ અને વેદપાઠી, સ્વામિ અને દાસ, પૂજ્ય અને દુર્જન, નિર્ધન અને ધનવાન થયો છે.

એમાં કોઈ નિયમ નથી. સ્વકૃત કર્મની રચના પ્રમાણે ચેષ્ટા કરતો જીવ નટની જેમ ભિન્ન ભિન્ન રૂપ અને વેષ ધારણ કરીને પરાવર્ત્તન પામે છે.

**नरएसु वेअणाओ, अणोवमाओ असायबहुलाओ ।**
**रे जीव तएपत्ता, अणंतखुत्तो बहुविहाओ ॥ ६१ ॥**
**देवत्ते मणुअत्ते, पराभिओगत्तणं उवगएणं ।**
**भीसणदुहं बहुविहं, अणंतखुत्तो समणुभूअं ॥ ६२ ॥**
**तिरियगइं अणुपत्तो, भीममहावेअणा अणेगविहा ।**
**जम्मणमरणरहट्टे, अणंतखुत्तो परिब्भमिओ ॥ ६३ ॥**

**ગાથાર્થ** :—રે જીવ ! દુઃખથી ભરપૂર અને ઉપમા-રહિત બહુવિધ વેદનાઓ નારકીમાં અનંતીવાર તેં પ્રાપ્ત કરી છે.

દેવભવમાં અને માનવભવમાં, પરાધીનતાને પામીને, અનેક પ્રકારનું ભીષણ દુઃખ તેં અનભવ્યું છે.

અનેક પ્રકારની મહાભયંકર વેદનાયુક્ત તિર્યંચગતિને પામીને ત્યાં જન્મ મરણ રૂપ રેંટમાં અનંતી વાર પરિભ્રમણ તેં કર્યું છે.

जावंति केवि दुक्खा, सारीरा माणसा व संसारे ।
पत्तो अणंतखुत्तो, जीवो संसारकंतारे ॥ ६४ ॥

ગાથાર્થ :—સંસારમાં જેટલાં શારીરિક અને માનસિક દુઃખો છે તે સર્વ જીવે ભવાટવીમાં અનંતીવાર પ્રાપ્ત કર્યાં છે.

तण्हा अणंतखुत्तो, संसारे तारिसी तुमं आसी ।
जं पसमेउं सव्वोदहीणमुदयं न तीरिज्जा ॥ ६५ ॥

ગાથાર્થ :—સંસારમાં અનંતવાર તને એવી તૃષા થઈ હતી કે જેને શમાવવાને સકલ સાગરનું પાણી અસમર્થ થાય.

आसी अणंतखुत्तो, संसारे ते छुहावि तारिसिया ।
जं पसमेउं सव्वो, पुग्गलकाओवि न तीरिज्जा ॥ ६६ ॥

ગાથાર્થ:—સંસારમાં અનંતીવાર તારી ભૂખ પણ એવા પ્રકારની હતી કે જે શમાવવાને સર્વ પુદ્ગળો અસમર્થ થાય.

काऊण मणेगाइं, जम्मणमरण परिअट्टणसयाइं ।
दुक्खेण माणुसत्तं, जइ लहइ जहिच्छियं जीवो ॥ ६७ ॥
तं तह दुल्लहलंभं, विज्जुलयाचंचलं च मणुअत्तं ।
धम्मंमि जो विसीयइ, सो काउरिसो न सप्पुरिसो ॥ ६८ ॥

ગાથાર્થ :—અનેક જન્મ મરણોના સેંકડો પરાવર્તનો કરીને મહા કષ્ટે જ્યારે જીવ મનુષ્યપણું પામે છે ત્યારે તેનું યથેચ્છિત તે પ્રાપ્ત કરે છે.

પરંતુ તે દુર્લભ અને વિદ્યુલ્લતા જેવું ચપળ મનુષ્યપણું પામીને જે ધર્મકાર્યમાં ખેદ કરે છે તે ક્ષુદ્ર પુરૂષ છે, સત્પુરૂષ નહિ.

**माणुस्स जम्मे तडि लद्धयंमि, जिणिंदधम्मो न कओ य जेणं।**
**तुट्टे गुणे जह धाणुकएणं, हत्था मलेब्वा य अवस्स तेणं ॥६९॥**

ગાથાર્થ :—જેમ ધનુર્ધારીની દોરી તૂટી ગયા પછી તેને અવશ્ય હાથ ઘસવા પડે છે તેમ સંસારસાગરના કિનારા રૂપી માનવજન્મને પામીને જેણે જિનેંદ્રધર્મનું સેવન નથી કર્યું તેને અવશ્ય હાથ ઘસવાનું રહેશે.

**रे जीव निसुणि चंचलसहाव, मिल्हेविणु सयल वि बज्झभाव।**
**नवभेयपरिग्गहविविहजाल, संसारि अत्थि सहु इंदयाल ॥**

ગાથાર્થ :—રે આત્મન્ ! સાંભળ, ચંચળ સ્વભાવવાળા સકલ બાહ્ય ભાવોને અને નવવિધ પરિગ્રહની વિવિધ જાળને મૂકીને જવાનું છે. માટે સંસારમાં સઘળું ઇંદ્રજાળ જેવું છે.

**पियपुत्तमित्तघरघरणीजाय, इहलोइय सव्व नियसुहसहाय।**
**न वि अत्थि कोई तुह सरणि मुक्ख, इक्कल्लु सहसि तिरि-**
**निरयदुक्ख ॥ ७१ ॥**

**ગાથાર્થ** :—હે મૂર્ખ ! આ લોકમાં પિતા, પુત્ર, મિત્ર, ગૃહિણી વિગેરેનો સમૂહ પોતાનું સુખ શોધવાના સ્વભાવવાળો છે. કોઈ તને શરણરૂપ નથી. તિર્યંચ અને નરકના દુઃખો તું એકલોજ સહન કરીશ.

**कुसग्गे जह ओसबिंदुए, थोवं चिट्ठइ लंबमाणए ।**
**एवं मणुआण जीवियं, समयं गोयम मा पमायए ॥७२॥**

**ગાથાર્થ** :—જેમ ડાભના અગ્રભાગે ઝુલતું જળબિંદુ થોડીજ વાર ટકે છે, તેમ મનુષ્યનું જીવિત થોડી જ વાર ટકે છે. હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કર.

**संबुज्झह किं न बुज्झह, सबोही खलु पिच्च दुल्लहा ।**
**नो हु उवणमंति राइओ, नो सुलहं पुणरवि जीवियं ॥७३॥**

**ગાથાર્થ** :—તમે બોધ પામો. તમે શાને બોધ નથી પામતા? ખરેખર, મૃત્યુ પામ્યા પછી અન્ય ભવમાં બોધિબીજ દુર્લભ છે. જેમ ગયેલા રાત્રિદિવસો નિશ્ચે પાછા આવતા નથી તેમ જીવિત ફરીફરી સુલભ નથી.

**डहरा बुड्ढा य पासह, गब्भत्था वि चयंति माणवा ।**
**सेणे जह वट्टयं हरे, एव माउक्खयंमि तुट्टइ ॥ ७४ ॥**

**ગાથાર્થ** :—જુઓ ! બાળકો, વૃધ્ધો અને ગર્ભમાં રહેલા મનુષ્યો પણ મૃત્યુ પામે છે. બાજ પક્ષી જેમ તેતરનું હરણ કરે છે તેમ આયુષ્યનો ક્ષય થતાં યમદેવ જીવિતને હરે છે.

तिहुयणजणं मरंतं, दट्ठूण नयंति जे न अप्पाणं।
विरमंति न पावाओ, धी धी धीट्ठतणं ताणं ॥ ७५ ॥

**ગાથાર્થ** :—ત્રણ ભુવનનાં જનોને મરતાં જોઈને જેઓ આત્માને ધર્મમાર્ગે દોરતાં નથી અને પાપથી અટકતાં નથી તેમની ધષ્ટતાને ધિક્કાર થાઓ.

मा मा जंपह बहुयं जे बद्धा चिक्कणेहि कम्मेहिं।
सव्वेसि तेसि जायइ, हिओवएसो महादोसो ॥ ७६ ॥

**ગાથાર્થ** :—ચિકણાં કર્મથી જે બંધાયેલા છે, તેમને બહુ બોધ ન આપો. તે સૌને હિતોપદેશ મહાદ્વેષમાં પરિણમે છે.

कुणसि ममत्तं धणसयणविहवपमुहेसु अणंतदुक्खेसु।
सिढिलेसि आयरं पुण, अणंतसुक्खंमि मुक्खंमि। ७७॥

**ગાથાર્થ** :—અનંતદુઃખના કારણરૂપ એવા ધન, સ્વજન અને વૈભવ વિગેરેમાં તું મમત્વ કરે છે પરંતુ અનંતસુખરૂપ મોક્ષમાં તું આદરને શિથિલ કરે છે.

संसारो दुहहेउ, दुक्खफलो दुसहदुक्खरूवो य।
न चयंति तंपि जीवा, अइबद्धा नेहनिअलेहिं ॥ ७८ ॥

**ગાથાર્થ** :—દુઃખનું જે કારણ છે, દુઃખનું જે ફલ છે અને જે અસહ્ય દુઃખ રૂપ છે તે સંસારને પણ સ્નેહની સાંકળથી અતિશય બંધાયેલા જીવો ત્યજતા નથી.

नियकम्मपवणचलिओ, जीवो संसारकाणणे घोरे ।
का का विडंबणाओ, न पावए दुसहदुक्खाओ ॥ ७९ ॥

ગાથાર્થ :—ઘોર સંસાર અટવીમાં સ્વકર્મરૂપી પવનથી ચલિત થયેલો જીવ અસહ્ય વેદના યુક્ત કઈ કઈ વિટંબણાઓ પામતો નથી ?

सिसिरंमि सीयलानिललहरिसहस्सेहिं भिन्नघणदेहो ।
तिरियत्तणंमि ऽरण्णे, अणंतसो निहण मणुपत्तो ॥ ८० ॥
गिम्हायवसंतत्तो, ऽरण्णे छुहिओ पिवासिओ बहुसो ।
संपत्तो तिरिय भवे, मरणदुहं बहु विसूरंतो ॥ ८१ ॥
वासासु ऽरण्णमज्झे, गिरिनिज्झरणोदगेहि वज्झंतो ।
सीयानिलडज्झविओ, मओसि तिरियत्तणे बहुसो ॥ ८२ ॥
एवं तिरियभवेसु, कीसंतो दुक्खसयसहस्सेहिं ।
वसिओ अणंतखुत्तो, जीवो भीसणभवारण्णे ॥ ८३ ॥

ગાથાર્થ :—તિર્યંચભવે અરણ્યમાં, શિશીર ઋતુના શીતલપવનના હજારો સુસવાટાથી તારો પુષ્ટ દેહ ના ભેદાયો છે અને અનંતવાર તું મૃત્યુને પ્રાપ્ત થયો છે.

તિર્યંચભવે અરણ્યમાં ગ્રીષ્મ ઋતુના તાપથી અત્યંત તપેલો અનેકવાર ક્ષુધા તથા તૃષા વાળો તું ઘણોજ ખેદ પામતો મરણદુઃખ પામ્યો છે.

તિર્યંચભવે અટવીમાં વર્ષા ઋતુમાં ગિરિનિર્ઝરણાના

જળથી તણાતો અને શીતળ વાયુથી દાઝેલો તું અનેકવાર મૃત્યુ પામ્યો છે.

ભીષણ ભવવનને વિષે તિર્યંચભવમાં જીવ એવી રીતે લાખો દુઃખોથી પીડાતો, અનંતીવાર વસેલો છે.

दुट्ठट्ठकम्मपलयानिलपेरिउ भीसणंमि भवरण्णे ।
हिंडंतो नरएसु वि, अणंतसो जीव पत्तोसि ॥ ८४ ॥
सत्तसु नरयमहीसु, वज्जानलदाहसीयवियणासु ।
वसियो अणंतखुत्तो, विलवंतो करूणसद्देहिं ॥ ८५ ॥

ગાથાર્થ :—રે જીવ ! દુષ્ટ અષ્ટ કર્મરૂપી પ્રલયના પવનથી પ્રેરાઈને ભીષણ ભવાટવીમાં ભટકતાં નારકીમાં પણ તું જઈ ચૂક્યો છે.

જ્યાં વજ્રના અગ્નિ જેવો દાહ છે અને અતિશય ઠંડી છે તે સાત નરકપૃથ્વી વિષે કરુણ શબ્દોથી વિલાપ કરતો તું અનંતીવાર વસેલો છે.

पियमायसयणरहिओ, दुरंतवाहीहि पीडिओ बहुसो ।
मणुअभवे निस्सारे, विलाविओ किं न तं सरसि ॥ ८६ ॥

ગાથાર્થ :—નિઃસાર માનવભવમાં, પિતા, માતા અને સ્વજનવિહોણો તથા દુરંત વ્યાધિથી અનેકવાર પીડાતો તું વિલાપ કરતો હતો તે તું કેમ યાદ કરતો નથી ?

पवणुव्व गयणमग्गे, अलक्खिओ भमइ भववणे जीवो ।
ठाणट्ठाणंमि समुज्झिऊण धणसयणसंघाए ॥ ८७ ॥

ગાથાર્થ :—સ્થાને સ્થાને ધન અને સ્વજનના સમૂહને મૂકીને ભવવનમાં જીવ, ગગનમાર્ગમાંના પવનની જેમ અદૃશ્ય રહીને, ભમે છે.

विद्धिज्जंता असयं, जम्मजरामरणतिक्खकुंतेहिं ।
दुहमणुहवंति घोरं, संसारे संसरंत जिआ ॥ ८८ ॥

तहवि खणंति कयावि हु, अन्नाणभुयंगडंकिया जीवा ।
संसारचारगाओ, नय उव्विज्जंति मूढमणा ॥ ८९ ॥

ગાથાર્થ :—સંસારમાં ભટકતા જીવો જન્મ, જરા અને મૃત્યુરૂપ તીક્ષ્ણ ભાલાઓથી અનેકવાર વીંધાતાં ઘોર દુઃખ અનુભવે છે.

તોપણ અજ્ઞાનસર્પથી ડસાયેલા મૂઢમનવાળા જીવો સંસારકારાગૃહથી ખરેજ, કદિ પણ ક્ષણમાત્ર ઉદ્વેગ અનુભવતાં નથી.

कीलसि कियंतवेलं, सरीरवावीइ जत्थ पइसमयं ।
कालरहट्ट घडीहिं, सोसिज्जइ जीविअंभोहं ॥ ९० ॥

ગાથાર્થ :—જે દેહ વાવડીમાં પ્રતિસમય કાળરૂપી રેંટના ઘડાઓ વડે જીવિતરૂપી જળસમૂહ શોષાઈ જાય છે ત્યાં તું કેટલો સમય ક્રીડા કરીશ ?

रे जीव बुज्झ मा मुज्झ मा पमायं करेसि रे पाव ।
किं परलोए गुरुदुक्खभायणं होहिसि अयाण ॥ ९१ ॥

**ગાથાર્થ**:—રે આત્મન્! બોધ પામ. મોહ ન કર. રે પાપ! પ્રમાદ ન કર. રે અજાણુ! પરલોકમાં ભારે દુ:ખનું ભાજન શામાટે થાય છે?

**बुज्झसु रे जीव तुमं, मा मुज्झसु जिणमयंमि नाऊणं ।**
**जम्हा पुणरवि एसा, सामग्गी दुल्लहा जीव ॥ ९२ ॥**

**ગાથાર્થ**:—રે જીવ, બોધ પામ, જિનમત જાણીને મોહ ન પામ. કારણુ કે, હે જીવ, આ સામગ્રી ફરીને મળવી દુર્લભ છે.

**दुलहो पुण जिणधम्मो, तुमं पमायायरो सुहेसीय ।**
**दुसहं च नरयदुक्खं, कह होहिसि तं न याणामो ॥ ९३ ॥**

**ગાથાર્થ**:—જિનધર્મની પુનઃ પ્રાપ્તિ દુર્લભ છે; તું પ્રમાદી અને સુખનો અભિલાષી છો; નરકદુઃખ દુઃસહ છે. તારૂં શું થશે તે અમે નથી જાણુતા.

**अथिरेण थिरो समलेण, निम्मलो परवसेण साहीणो ।**
**देहेण जइ विढप्पइ, धम्मो ता किं न पज्जत्तं ॥ ९४ ॥**

**ગાથાર્થ**:—અસ્થિર, મલિન અને પરાધીન દેહથી જો સ્થિર, નિર્મળ અને સ્વાધીન ધર્મ ઉપાર્જન થઈ શકે છે તો તને શું પ્રાપ્ત નથી થયું?

**जह चिंतामणिरयणं, सुलहं न हु होइ तुच्छविहवाणं ।**
**गुणविहववज्जियाणं, जियाण तह धम्मरयणंपि ॥ ९५ ॥**

ગાથાર્થ:—તુચ્છ વિભવવાળાઓને જેમ ચિંતામણિ-રત્ન સુલભ નથી હોતું તેમ ગુણ રૂપી વિભવથી રહિત જીવોને ધર્મરત્ન પણ સુલભ નથી હોતું.

जह दिट्ठीसंजोगो, न होइ जच्चंधयाण जीवाणं ।
तह जिणमयसंजोगो, न होइ मिच्छंधजीवाणं ॥ ९६ ॥

ગાથાર્થ:—જન્માંધ જીવોને જેમ ચક્ષુનો યોગ ન હોય તેમ મિથ્યાત્વથી અંધજીવોને જિનધર્મનો યોગ ન હોય.

पच्चक्ख मणंतगुणे, जिणिंदधम्मे न दोसलेसो वि ।
तहवि हु अन्नाणंधा, न रमंति कयावि तंमि जिया ॥९७॥

ગાથાર્થ:—જિનેન્દ્રધર્મમાં પ્રત્યક્ષ અનંતગુણો છે અને દોષ લેશમાત્ર નથી તો પણ અજ્ઞાનથી અંધજીવો, ખરેજ, તેમાં રમણ કરતાં નથી.

मिच्छे अणंत दोसा, पयडा दीसंति न वि य गुणलेसो ।
तहवि य तं चेव जिया, ही मोहंधा निसेवंति ॥ ९८ ॥

ગાથાર્થ:—મિથ્યાત્વમાં અનંતદોષો પ્રગટ દેખાય છે અને તેમાં ગુણ લવલેશ પણ નથી. છતાં મોહાંધજીવો તેનેજ સેવે છે. હા ખેદ !

घिद्धि ताण नराणं, विन्नाणे तह गुणेसु कुसलत्तं ।
सुहसच्चधम्मरयणे सुपरिक्खं जे न जाणंति ॥ ९९ ॥

ગાથાર્થ:—જેઓ સુખદ સત્યધર્મરૂપ રત્નની સારી

રીતે પરીક્ષા નથી કરી શકતા તે પુરૂષોની વિજ્ઞાનની અને ગુણુની કુશળતાને ધિક્કાર હો ! ધિક્કાર હો !

जिणधम्मो ऽयं जीवाणं, अपुव्वो कप्पपायवो ।
सग्गापवग्गसुक्खाणं, फलाणं दायगो इमो ॥ १०० ॥

ગાથાર્થ:—આ જિનધર્મ જીવોને માટે અપૂર્વ કલ્પતરુ છે; સ્વર્ગ અને મુક્તિના સુખરૂપ ફલને તે આપનાર છે.

धम्मो बंधु सुमित्तो य, धम्मो परमो गुरु ।
मुक्खमग्गपयट्टाणं, धम्मो परमसंदणो ॥ १०१ ॥

ગાથાર્થ:--ધર્મ બંધુ અને સુમિત્ર છે; ધર્મ પરમ-ગુરૂ છે. મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થયેલાઓને ધર્મ પરમ રથ સમાન છે.

चउगइणंतदुहानलपलित्तभवकाणणे महाभीमे ।
सेवसु रे जीव तुमं, जिणवयणं अमियकुंडसमं ॥ १०२ ॥

ગાથાર્થ:—ચતુર્ગતિ રૂપ અનંત દુ:ખાગ્નિથી જળતાં મહાભયંકર ભવવનમાં અમૃતકુંડ સમાન જિનવાણીને, રે જીવ, તું સેવ.

विसमे भवमरुदेसे अणंतदुहगिम्हतावसंतत्ते ।
जिणधम्मकप्परुक्खं, सरसु तुमं जीव सिवसुहदं ॥ १०३ ॥

ગાથાર્થ:—રે જીવ, અનંતદુઃખરૂપ ગ્રીષ્મઋતુના તાપથી સંતપ્ત અને વિષમ એવા સંસારરૂપ મરુદેશમાં શિવસુખને આપનાર જિનધર્મરૂપી કલ્પવૃક્ષનો તું આશ્રય કર.

किं बहुणा जिणधम्मे, जइयव्वं जह भवोदहिं घोरं ।
लहु तरिय मणंतसुहं, लहइ जिओ सासयं ठाणं ॥ १०४ ॥

ગાથાર્થ:—કિં બહુના ! ઘોર ભવોદધિને સહેલાઈથી તરીને અનંતસુખનું શાશ્વત સ્થાન જે રીતે જીવ પ્રાપ્ત કરે તે રીતે જિનધર્મમાં યત્ન કરવો જોઈએ.

શ્રી

# સંબોધ સિત્તરિ

---

नमिऊण तिलोअगुरुं, लोआलोअप्पयासयं वीरं ।
संबोहसत्तरि महं, रएमि उद्धार गाहाहिं ॥ १ ॥

ગાથાર્થ :—ત્રિલોકના ગુરુ તથા લોકાલોકપ્રકાશક શ્રી વીરપ્રભુને નમસ્કાર કરીને, ઉધ્ધૃત ગાથાઓ વડે હું સંબોધસપ્તતિકાને રચું છું.

सेयंबरो य आसंबरो य, बुद्धो अ अहव अन्नो वा ।
समभाव भाविअप्पा, लहेइ मुक्खं न संदेहो ॥ २ ॥

ગાથાર્થ :—શ્વેતાંબર હો કે દિગંબર, બૌદ્ધ હો કે અન્ય કોઈ, જે સમભાવથી ભાવિત આત્મા છે તે નિઃસંદેહ મોક્ષ મેળવે છે.

अट्ठदसदोसरहिओ, देवो धम्मो वि निउणदयसहिओ ।
सुगुरू वि बंभयारी, आरंभपरिग्गहा विरओ ॥ ३ ॥

ગાથાર્થ :—અઢાર દોષથી રહિત તે દેવ છે, નિપુણ દયાથી યુક્ત તે ધર્મ છે, તથા બ્રહ્મચારી અને આરંભપરિગ્રહથી વિરક્ત તે સદ્‌ગુરુ છે.

अन्नाण कोह मयमाण, लोह माया रइ य अरइ य ।
निद्दा सोअ अलियवयण, चोरिआ मच्छर भयाय ॥ ४ ॥

पाणिवह पेम कीलापसंग, हासाय जस्स ए दोसा ।
अठारस वि पणट्ठा, नमामि देवाहिदेवं तं ॥ ५ ॥

ગાથાર્થ :—અજ્ઞાન, ક્રોધ, મદ, માન, લોભ, માયા, રતિ અને અરતિ, નિદ્રા, શોક, અસત્યભાષણ, ચોરી, મત્સર અને ભય; પ્રાણિવધ, પ્રેમ, ક્રીડાપ્રસંગ અને હાસ્ય તે અઢારે ય દોષો જેમના સદંતર નાશ થયા છે તે દેવાધિદેવને હું નમું છું.

सव्वाओ वि नईओ, कमेण जह सायरंमि निवडंति ।
तह भगवइ अहिंसं, सव्वे धम्मा संमिल्लंति ॥ ६ ॥

ગાથાર્થ :—બધીજ સરિતાઓ ક્રમથી જેમ સાગરમાં પડે છે તેમ સર્વે ધર્મો ભગવતિ અહિંસામાં સમ્મિલિત થાય છે.

ससरीरे वि निरीहा, बज्झब्भिंतरपरिग्गहविमुक्का ।
धम्मोवगरणमित्तं, धरंति चारित्तरक्खट्ठा ॥ ७ ॥

पंचिंदियदमणपरा, जिणुत्तसिद्धंतगहियपरमत्था ।
पंचसमिया तिगुत्ता, सरणं मह एरिसा गुरुणो ॥ ८ ॥

ગાથાર્થ :—સ્વશરીરમાં નિરીહ, બાહ્યાભ્યંતર પરિગ્રહથી વિમુક્ત, ચારિત્રની રક્ષા માટે ધર્મોપકરણમાત્ર ધારનાર, પાંચ ઇંદ્રિઓનું દમન કરનાર, જિનોક્ત સિદ્ધાંતના પરમાર્થના જાણકાર, પાંચ સમિતિથી સહિત અને ત્રણ-ગુપ્તિથી યુક્ત એવા ગુરુઓ મારૂં શરણ છે.

पासत्थो ओसन्नो, होइ कुसीलो तहेव संसत्तो ।
अहछंदो वि य एए, अवंदणिज्जा जिणमयंमि ॥ ९ ॥

ગાથાર્થ :—પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ તેમજ સંસક્ત અને યથાછંદી—એ જિનમતમાં અવંદનીય છે.

पासत्थाई वंदमाणस्स, नेव कित्ती न निज्जरा होइ ।
जायइ कायकिलेसो, बंघो कम्मस्स आणाई ॥ १० ॥

ગાથાર્થ :—પાર્શ્વસ્થ વિગેરેને વંદન કરતાં, નથી થતી કીર્તિ કે નથી થતી નિર્જરા; થાય છે કાયક્લેશ, કર્મબંધ અને આજ્ઞાભંગ.

जे बंभचेरभट्ठा, पाए पाडंति बंभयारीणं ।
ते हुंति टुंटमुंटा, बोहि वि सुदुल्लहा तेसिं ॥ ११ ॥

ગાથાર્થ :—જે બ્રહ્મચર્યભ્રષ્ટો બ્રહ્મચારીઓ પાસે વંદન કરાવે છે, તેઓ પાંગળા બને છે; બોધિબીજ પણ તેમને અત્યંત દુર્લભ હોય છે.

दंसण भट्ठो भट्ठो, दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।
सिज्झंति चरणरहिआ, दंसणरहिआ न सिज्झंति ॥१२॥

ગાથાર્થ :—દર્શનથી ભ્રષ્ટ આત્મા ભ્રષ્ટ છે. દર્શનથી ભ્રષ્ટ આત્માની મુક્તિ નથી. ચારિત્રથી રહિત આત્માઓ સિદ્ધિપદ પામે છે પરંતુ દર્શનથી રહિત આત્માઓ સિદ્ધિ પામતા નથી.

तित्थयर समो सूरी, सम्मं जो जिणमयं पयासेई ।
आणाइ अइक्कंतो, सो कापुरिसो न सप्पुरिसो ॥१३॥

ગાથાર્થ :—જિનેશ્વરદેવના સિદ્ધાંતને જે આચાર્ય સમ્યક્ સ્વરૂપે પ્રકાશે છે તે તીર્થંકરની સમાન છે. જિનાજ્ઞાને જે ઓળંગે છે, તે સત્પુરૂષ નથી કિંતુ કુત્સિત પુરૂષ છે.

जहलोहसिला अप्पंपि, बोलए तह विलग्ग पुरिसंपि ।
इय सारंभो य गुरू, परमप्पाणं च बोलेई ॥ १४ ॥

ગાથાર્થ :—લોખંડની શિલા જેમ પોતાની જાતને તથા તેના આશ્રિત પુરૂષને ડુબાડે છે તેમ આરંભથી યુક્ત ગુરુ સ્વ અને પરને ડુબાડે છે.

किइकम्मं च पसंसा, सुहसीलजणंमि कम्मबंधाय ।
जे जे पमायठाणा, ते ते उववूहिआ हुंति ॥ १५ ॥
एवं णाऊण संसग्गिं, दंसणलावसंथवं ।
संवासं च हियाकंखी, सव्वो वाएहिं वज्जए ॥ १६ ॥

ગાથાર્થ :—સુખશીલીઆને વંદન અને પ્રશંસા કર્મબંધ માટે થાય છે; જે જે પ્રમાદસ્થાને છે તે તે તેથી વૃદ્ધિ પામે છે.

એમ જાણીને હિતને ઈચ્છુક આત્મા તેવાઓને સંસર્ગ તથા સહવાસ, તેમના દર્શન અને સ્તુતિ તથા તેમની સાથે આલાપ સર્વ ઉપાયે વડે ત્યજી દે.

अहिगिलइ गलइ उअरं, अहवा पच्चुग्गलंति नयणाइं ।
हा विसमा कज्जगई, अहिणा छच्छुंदरि गहिज्जा ॥१७॥

ગાથાર્થ :—હા ! કાર્યની ગતિ એવી વિષમ થઈ કે સર્પે છછુંદરીને પકડી છે; છછુંદરને તે ગળી જાય તો તેનું ઉદર ગળી જાય અને જો બહાર કાઢી નાખે તો તેના નેત્રો નાશ પામે.

को चक्कवट्टिरिद्धिं, चइउं दासत्तणं समभिलसई ।
को व रयणाइं मुत्तुं, परिगिन्हइ उवलखंडाई ॥ १८ ॥

ગાથાર્થ :— ચક્રવર્તીની ઋદ્ધિ ત્યજીને ગુલામીને કોણ ઇચ્છે ? વળી રત્નો મૂકીને પત્થરના ટુકડાઓ કોણ ગ્રહણ કરે ?

नेरइयाण वि दुक्खं, जिज्जइ कालेण किं पुण नराणं ।
ता न चिरं तुह होई, दुक्ख मिणं मा समुच्चियसु ॥ १९ ॥

ગાથાર્થ :—નારકોનું પણ દુઃખ કાળ વિત્યે ક્ષય થઈ જાય છે તો પછી મનુષ્યોના દુઃખનું શું ? માટે તારું આ દુઃખ લાંબુ નથી; તુ ખેદ ન કર.

वरं अग्गिम्मि पवेसो, वरं विसुद्धेण कम्मणा मरणं ।
मा गहियव्वयभंगो, मा जीअं खलिअसीलस्स ॥ २० ॥

ગાથાર્થ ;—ગ્રહણ કરેલ વ્રતના ભંગ કરતાં અને સ્ખલિત શીલ વાળાના જીવન કરતાં અગ્નિમાં પ્રવેશ સારો તથા વિશુદ્ધ કર્મથી મૃત્યુ સારું.

अरिहं देवो गुरुणो, सुसाहुणो जिणमयं महपमाणं ।
इच्चाइ सुहो भावो, सम्मत्तं बिंति जगगुरुणो ॥ २१ ॥

ગાથાર્થ :—"અરિહંત તે દેવ, સુસાધુ તે ગુરૂ અને જિનમત તે મારે પ્રમાણભૂત," વિગેરે શુભભાવને જગદ્‌ગુરુઓ સમ્યક્ત્વ કહે છે.

लब्भइ सुरसामित्तं, लब्भइ पहुअत्तणं न संदेहो ।
एगं नवरि न लब्भइ, दुल्लहरयणं व सम्मत्तं ॥ २२ ॥

ગાથાર્થ :— ઇંદ્રપણું મળે છે અને પ્રભુત્વ મળે છે તેમાં સંદેહ નથી. નથી મળતું એકમાત્ર દુર્લભ એવું સમ્યક્ત્વ રત્ન.

सम्मत्तंमि उ लद्धे, विमाणवज्जं न बंधए आउं ।
जइवि न सम्मत्त जढो, जइव न बध्धाउओ पुव्विं ॥ २३ ॥

ગાથાર્થ :—જેણે પૂર્વે આયુષ્યનો બંધ કર્યો નથી ~~અને જે~~ સમ્યક્ત્વથી ચ્યુત થયેલ નથી તે આત્મા સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી વૈમાનિક દેવ સિવાયનું આયુષ્ય ન બાંધે.

दिवसे दिवसे लक्खं, देइ सुवण्णस्स खंडियं एगो ।
एगो पुण सामाइयं, करेइ न पहुप्पए तस्स ॥ २४ ॥

ગાથાર્થ :—પ્રતિદિન લાખખાંડીનું દાન કરનાર એક વ્યકિત, સામાયિક કરનાર એક વ્યકિત ઉપર પ્રભુત્વ ન મેળવી શકે.

निंदपसंसासु समो, समो अ माणावमाणकारीसु ।
समसयणपरयणमणो, सामाइयसंगओ जीवो ॥ २५ ॥

सामाइयं तु काउं, गिहिकज्जं जो विचिंतए सड्ढो ।
अट्टवसट्टोवगओ, निरत्थयं तस्स सामाइयं ॥ २६ ॥

ગાથાર્થ :—નિંદા અને સ્તુતિમાં જે સમભાવી છે માન અને અપમાન કરનાર ઉપર જે સમાનતા રાખે છે અને સ્વજન તથા પરજન જેને મન સરખા છે તે આત્મા સામાયિકમાં જ સ્થિત છે.

પરંતુ સામાયિક કરીને જે શ્રાવક ગૃહકાર્યનું ચિંત્વન કરે છે. તે આર્ત્ત અને રૌદ્રધ્યાનને આધીન થાય છે અને તેનું સામાયિક નિરર્થક જાય છે.

पडिरूवाइ चउद्दस, खंतीमाई य दसविहो धम्मो ।
बारस य भावणाओ, सूरिगुणा हुंति छत्तीसं ॥ २७ ॥

ગાથાર્થ :—"પ્રતિરૂપ" વિગેરે ચૌદ, "ક્ષમા" આદિ દશ પ્રકારનો ધર્મ અને બાર ભાવનાઓ, તે છત્રીસ આચાર્યના ગુણો છે.

छव्वय छकायरक्खा, पंचिंदिय लोहनिग्गहो खंती ।
भावविसुद्धि पडिलेहणाइकरणे विसुद्धी य ॥ २८ ॥

संजमजोए जुत्तो, अकुसलमणवयणकायसंरोहो ।
सीयाइपीडसहणं, मरणं उवसग्गसहणं च ॥ २९ ॥

सत्तावीसगुणेहिं, एएहिं जो विभूसिओ साहू ।
तं पणमिज्जइ भत्तिब्भरेण हियएण रे जीव ॥ ३० ॥

ગાથાર્થ :—છ વ્રત, છકાયની રક્ષા, પાંચ ઈંદ્રિય તથા લોભનો નિગ્રહ, ક્ષમા, ભાવવિશુધ્ધિ, પ્રતિલેખનની ક્રિયામાં વિશુદ્ધિ, સંયમયોગથી યુક્ત, અકુશલ મનવચન-કાયાનો સંરોધ, શીતાદિ પીડાનું સહન કરવું અને મરણાંત ઉપસર્ગનું સહન કરવું—એ સત્તાવીશ ગુણોથી જે સાધુ વિભૂષિત છે તેમને, રે આત્મન્! ભક્તિભર્યા હૈયે નમન કરીએ.

धम्मरयणस्स जुग्गो, अक्खुद्दो रूववं पगइसोमो ।
लोगप्पिओ अक्रूरो, भीरू असढो सुदक्खिन्नो ॥ ३१ ॥

लज्जालू अ दयालू, मज्झत्थो सोमदिट्ठी गुणरागी ।
सक्कह सुपक्खजुत्तो, सुदीहदंसी विसेसन्नू ॥ ३२ ॥

वुड्ढाणुगो विणीओ, कयन्नुओ परहिअत्थकारी अ ।
तहचेव लद्धलक्खो, इगवीसगुणो हवइ सड्ढो ॥ ३३ ॥

ગાથાર્થ :—ધર્મરત્નને યોગ્ય શ્રાવક એકવીસ ગુણ સહિત હોય તેઃ-અક્ષુદ્ર, રૂપવાન્, સૌમ્યપ્રકૃતિવાળો, લોકપ્રિય, અક્રૂર, પાપભીરુ, અશઠ, સુદાક્ષિણ્યવાન, લજ્જાળુ, દયાળુ, મધ્યસ્થ, સૌમ્યદષ્ટિ, ગુણરાગી, સત્યભાષી, સુપક્ષ યુક્ત, સુદીર્ઘદર્શી, વિશેષજ્ઞ, વૃધ્ધાનુસારી, વિનીત, કૃતજ્ઞ, પરહિતકારી, લબ્ધલક્ષ્ય.

कत्थ अम्हारिसा पाणी, दूसमादोसदूसिआ ।
हा अणाहा कहं हुंता, न हुंतो जइ जिणागमो ॥ ३४ ॥

ગાથાર્થ :—જો જિનાગમ ન હોત તો અમારા જેવા અનાથ અને દૂષમ કાળના દોષથી દૂષિત આત્માઓ ક્યાં અને કઈ દશામાં હોત ?

आगमं आयरंतेणं, अत्तणो हियकंखिणो ।
तित्थनाहो गुरू धम्मो, सव्वे ते बहुमन्निया ॥ ३५ ॥

ગાથાર્થ :—આત્મહિત સાધવાના અભિલાષીને આગમના આદરની સાથે, તીર્થપતિ, ગુરુ અને ધર્મ તે બધા બહુમાનનીય છે.

सुहसीलाओ सच्छंदचारिणो, वेरिणो सिवपहस्स ।
आणाभट्ठाओ बहुजणाओ, मा भणह संघुत्ति ॥ ३६ ॥

ગાથાર્થ :—સુખશીલીયા સ્વચ્છંદાચારી, મુક્તિમાર્ગના વૈરી અને આજ્ઞાભ્રષ્ટ એવા બહુ માણસોના સમુદાયને સંઘ ન ગણ

एगो साहू एगा, य साहुणी सावओ य सड्ढी य ।
आणा जुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ ॥ ३७ ॥

ગાથાર્થ :—આણાયુક્ત એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા તે સંઘ છે; બાકીનો સમુદાય અસ્થિનો સમૂહ છે.

निम्मलनाणपहाणो, दंसणजुत्तो चरित्तगुणवंतो ।
तित्थयराण य पुज्जो, वुच्चइ एयारिसो संघो ॥ ३८ ॥

ગાથાર્થ:—નિર્મલ જ્ઞાનની પ્રધાનતાયુક્ત, દર્શનગુણ-યુક્ત, ચારિત્રગુણ યુક્ત અને તીર્થંકરોને પણ પૂજ્ય એવા સમાજને સંઘ કહેવાય છે.

जहतुसखंडण मयमंडणाइ रुण्णाइ सुन्नरन्नंमि ।
विहलाई तह जाणसु, आणारहियं अणुट्ठाणं ॥ ३९ ॥

ગાથાર્થ:—ફોતરાંનું ખંડન, શબને શણગાર અને શૂન્ય અરણ્યમાં રુદન જેમ નિષ્ફળ છે તેમ આજ્ઞાવિનાનું અનુષ્ઠાન નિષ્ફળ જાણ.

आणाइ तवो आणाइ संजमो तहय दाणमाणाए ।
आणारहिओ धम्मो, पलाल पूलव्व पडिहाई ॥ ४० ॥

ગાથાર્થ:— આજ્ઞામુજબ તપ, આજ્ઞામુજબ સંયમ તથા આજ્ઞામુજબ દાન શોભે છે. આજ્ઞા વિનાના ધર્મની શોભા તૃણનાં સમૂહ જેવી છે.

आणाखंडणकारी, जइवि तिकालं महाविभूईए ।
पूएइ वीयरायं, सव्वंपि निरत्थयं तस्स ॥ ४१ ॥

ગાથાર્થ:—આજ્ઞાનું ખંડન કરનાર આત્મા શ્રી વીતરાગ દેવનું મહાન્ વિભૂતિઓ વડે ત્રિકાળપૂજન કરે તો પણ તેની તે બધી ક્રિયા નિરર્થક છે.

रन्नो आणाभंगे इक्कुच्चि य होइ निग्गहो लोए ।
सव्वन्नुआणभंगे, अणंतसो निग्गहो होई ॥ ४२ ॥

**ગાથાર્થ**:—લોકમાં રાજાની આજ્ઞાના ભંગથી એક જ વાર દંડ થાય છે; સર્વજ્ઞદેવની આજ્ઞાના ભંગથી અનંતવાર દંડ થાય છે.

जह भोयण मविहिकयं, विणासए विहिकयं जियावेइ ।
तह अविहिकओ धम्मो, देइ भवंविहिकओ मुक्खं ॥४३॥

**ગાથાર્થ**:—જેમ અવિધિથી કરેલું ભોજન વિનાશ કરે છે અને વિધિથી કરેલું જીવન આપે છે તેમ અવિધિથી કરેલ ધર્મ સંસાર અને વિધિથી કરેલ ધર્મ મોક્ષ આપે છે.

मेरुस्स सरिसवस्स य, जत्तियमित्तं तु अंतरं होई ।
दव्वत्थयभावत्थयाण, अंतरं तत्तियं नेयं ॥ ४४ ॥

**ગાથાર્થ**:—મેરૂ અને સરસવનું જેટલું અંતર છે તેટલું અંતર અહીં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું જાણવું.

उक्कोस दव्वत्थयं आराहिय जाइ अच्चुयं जाव ।
भावत्थएण पावइ, अंतमुहुत्तेण निव्वाणं ॥ ४५ ॥

**ગાથાર્થ**:—ઉત્કૃષ્ટ દ્રવ્યસ્તવનું આરાધન કરીને, આત્મા અચ્યુત દેવલોક સુધી જાય છે, જ્યારે ભાવસ્તવથી તે અન્તર્મુહૂર્ત્તમાં નિર્વાણ પ્રાપ્ત કરે છે.

जत्थ य मुणिणो कयविक्कयाइ कुव्वंति निच्चपब्भट्ठा ।
तं गच्छं गुणसायर, विसं व दूरं परिहरिज्जा ॥ ४६ ॥

ગાથાર્થ:—જ્યાં નિત્ય ભ્રષ્ટાચારી મુનિઓ ક્રય વિક્રય વિગેરે કરે છે, તે ગચ્છને, હે ગુણસાયર, વિષની જેમ દૂર પરિહર.

जत्थ य अज्जालद्धं पडिग्गह माइय विविह मुवगरणं ।
पडिभुज्जइ साहूहिं, तं गोयम केरिसं गच्छं ॥ ४७ ॥

ગાથાર્થ:—હે ગૌતમ, જ્યાં સાધ્વીએ મેળવેલ પાત્રાદિ વિવિધ ઉપકરણો સાધુઓ વાપરે છે તે કઈ જાતનો ગચ્છ ?

जहिं नत्थि सारणा वारणा, य पडिचोयणा य गच्छंमि ।
सो अ अगच्छो गच्छो, संजमकामीहि मुत्तव्वो ॥ ४८ ॥

ગાથાર્થ:—જે ગચ્છમાં સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા નથી, તે ગચ્છ ગચ્છ નથી; સંયમના અર્થીઓએ તે ગચ્છ ત્યજવા યોગ્ય છે.

गच्छं तु उवेहंतो, कुव्वइ दीहं भवे विहीएओ ।
पालंतो पुण सिज्झइ, तइय भवे भगवई सिद्धं ॥ ४९ ॥

ગાથાર્થ:—ગચ્છની ઉપેક્ષા કરીને આત્મા અનેક ભવો કરે છે; જ્યારે એનું વિધિપૂર્વક પાલન કરવાથી ત્રીજે ભવે તે મુક્તિ પામે છે એમ શ્રી ભગવતી સૂત્રમાં સિદ્ધ છે.

जत्थ हिरन्नसुवन्नं, हत्थेण पराणगंपि नो छिप्पइ ।
कारणसमिप्पयं * पि हु, गोयम गच्छं तयं भणियं ॥५०॥

ગાથાર્થઃ—પારકું એવું હિરણ્ય અને સુવર્ણ સકારણ અર્પિત થયા છતાં, જ્યાં મુનિઓ હસ્તથી તેનો સ્પર્શ પણ કરતાં નથી તે ગચ્છ કહેવામાં આવ્યો છે.

पुढविदग अगणिमारुअवणस्सइ तह तसाण विविहाणं ।
मरणंते वि न पीडा, कीरइ मणसा तयं गच्छं ॥ ५१ ॥

ગાથાર્થઃ—તે ગચ્છ છે કે જેમાં પૃથ્વીના, પાણીના, અગ્નિના, વાયુના અને વનસ્પતિના જીવોને તથા વિવિધ પ્રકારના ત્રસ જીવોને મરણાન્તે પણ મનથી પીડા કરવામાં નથી આવતી.

मूलगुणेहिं विमुक्कं, बहुगुणकलियंपि लद्धिसंपन्नं ।
उत्तमकुले वि जायं, निद्धाडिज्जइ तयं गच्छं ॥ ५२ ॥

ગાથાર્થઃ—અનેક ગુણોથી અલંકૃત, લબ્ધિસંપન્ન અને ઉત્તમ કુળમાં જન્મ પામેલ હોવા છતાં મૂળ ગુણોથી રહિત મુનિને, જ્યાં બહાર કાઢવામાં આવે છે તે ગચ્છ છે.

---

* નોંધઃ—પાઠાંતર—समल्लियंपि । ગાથાર્થઃ–પારકું એવું હિરણ્ય અને સુવર્ણ, કારણ પ્રાપ્ત થયા છતાં, જ્યાં મુનિઓ હસ્તથી તેનો સ્પર્શ પણ કરતાં નથી તે ગચ્છ કહેવામાં આવ્યો છે.

जत्थ ॥ उसहादीणं, तित्थयराणं सुरिंद महियाणं ।
कम्मट्ठविमुक्काणं, आणं न खलिज्जइ स गच्छो ॥ ५३ ॥

ગાથાર્થ:—દેવો અને ઈંદ્રોથી પૂજિત અને અષ્ટકર્મથી રહિત ઋષભાદિ તીર્થંકરોની આજ્ઞા જ્યાં સ્ખલના પામતી નથી તે ગચ્છ છે.

जत्थ य अज्जाहिं समं, थेरावि न उल्लवंति गयदसणा ।
न य झायंतित्थीणं, अंगोवंगाइं तं गच्छं ॥ ५४ ॥

ગાથાર્થ:—જેમના દાંત ગયેલા છે એવા સ્થવિરો પણ જે ગચ્છમાં સાધ્વીઓ સાથે સંભાષણ કરતાં નથી તથા સ્ત્રીઓના અંગોપાંગનું ધ્યાન કરતાં નથી તે ગચ્છ છે.

वज्जेइ अप्पमत्तो, अज्जासंसग्गि अग्गिविससरिसी ।
अज्जाणुचरो साहू, लहइ अकित्ति खु अचिरेण ॥ ५५ ॥

ગાથાર્થ ;— અગ્નિ અને વિષ જેવો સાધ્વીનો સંસર્ગ અપ્રમત્ત મુનિ ત્યજે છે. સાધ્વીની પાછળ ફરનાર સાધુ, ખરેજ, અલ્પકાળમાં અપકીર્તિ પામે છે.

जो देइ कणयकोडिं, अहवा कारेइ कणयजिणभवणं ।
तस्स न तत्तिय पुन्नं, जत्तिय बंभव्वए धरिए ॥ ५६ ॥

ગાથાર્થ:—જે કોટિ સુવર્ણનું દાન કરે છે કે સુવર્ણનું જિનમંદિર બનાવે છે, તેનું પુણ્ય તેટલું નથી કે જેટલું બ્રહ્મચર્યવ્રતના પાલનમાં હોય છે.

सीलं कुलआहरणं, सीलं रूवं च उत्तमं होइ ।
सीलं चिय पंडित्तं, चिय निरुवमं धम्मं ॥ ५७ ॥

ગાથાર્થ :--શીલ એ કુળનું આભૂષણ છે, શીલ એ ઉત્તમ રૂપ છે, શીલ એજ પાંડિત્ય છે અને શીલ એજ અનુપમ ધર્મ છે.

वरं वाही वरं मच्चू, वरं दारिद्दसंगमो ।
वरं अरण्णवासो अ, मा कुमित्ताण संगमो ॥ ५८ ॥

ગાથાર્થ :--કુમિત્રોની સંગતિ ન હો. તેવી સંગતિ કરતાં તો વ્યાધિ સારો, મૃત્યુ સારું, દારિદ્ર સારું અને અરણ્યવાસ પણ સારો.

अगीयत्थ कुसीलेहिं, संगं तिविहेण वोसिरे ।
मुक्खमग्गम्मीमे विग्धं, पहंमि तेणगो जहा ॥ ५९ ॥

ગાથાર્થ :—અગીતાર્થ અને કુશીલીયા સાથેની સંગતિ મનથી, વચનથી અને કાયાથી એમ ત્રણે પ્રકારે ત્યજી દેવી; માર્ગમાંના ચોરની જેમ તેઓ મોક્ષમાર્ગમાં વિઘ્ન રૂપ છે.

उम्मग्ग देसणाए, चरणं नासंति जिणवरिंदाणं ।
वावन्नदंसणा खलु, नहु लब्भा तारिसं (सा) दट्ठुं ॥६०॥

ગાથાર્થ :--જેઓ મિથ્યાત્વ પામેલા છે, તેઓ ઉન્માર્ગના ઉપદેશથી જિનેશ્વર ભગવંતના માર્ગનું ચારિત્ર નાશ કરે છે. તેવાઓને જોવાનું પણ યોગ્ય નથી.

**परिवारपूअहेऊ, ओसन्नाणं च आणुवित्तीए ।**
**चरणकरणनिगूहइ, तं दुलहबोहिअं जाण ॥६१॥**

ગાથાર્થ :--પરિવાર વડે પૂજાવાના હેતુથી જે અવસન્ન સાધુને અનુસરે છે અને ચરણસિત્તરિ તથા કરણસિત્તરિને ગોપવે છે તે દુર્લભબોધી જાણ.

**अंबस्स ण निंबस्स य, दुण्हंपि समागयाइं मूलाइं ।**
**संसग्गेण विणट्ठो, अंबो निंबत्तणं पत्तो ॥ ६२ ॥**

ગાથાર્થ :–આમ્રવૃક્ષના અને લીમડાના, બન્નેના, મૂળો એકત્ર થયા અને તે સંસર્ગથી લીમડાપણાને પામેલ આંબો વિનષ્ટ થયો.

**पक्कणकुले वसंतो, सउणीपारो वि गरहिओ होई ।**
**इय दंसणसुविहिआ, मज्झि वसंता कुसीलाणं ॥ ६३ ॥**

ગાથાર્થ:—શુકનશાસ્ત્રનો પારંગત પણ ચાંડાળ-કુળમાં વસીને નિંદિત થાય છે; તેમ સમ્યક્ત્વથી સુવિહિત મુનિ કુશીલોની વચ્ચે રહીને નિંદિત બને છે.

**उत्तमजण संसग्गो, सील दरिद्दंपि कुणइ सीलड्ढं ।**
**जह मेरुगिरि विलग्गं, तणंपि कणगत्तणमुवेइ ॥६४॥**

ગાથાર્થ:—જેમ મેરૂ પર્વતને વળગેલું ઘાસ પણ સુવર્ણપણું પામે છે તેમ ઉત્તમજનનો સંસર્ગ શીલથી રહિત પુરુષને પણ શીલ ગુણથી વિભૂષિત કરે છે.

न वि तं करेइ अग्गी, नेव विसं नेव किण्ह सप्पो अ ।
जं कुणइ महादोसं, तिव्वं जीवस्स मिच्छत्तं ॥ ६५ ॥

ગાથાર્થ:—આત્માનું તીવ્ર મિથ્યાત્વ જે મહાન્ નુકશાન કરે છે તેવું નુકશાન અગ્નિ, વિષ અને કાળો સર્પ પણ નથી કરી શકતાં.

कट्ठं करेसि अप्पं, दमेसि अत्थं चयंसि धम्मत्थं ।
इक्कं न चयंसि मिच्छत्तविसलवं जेण बुडिहिसि ॥६६॥

ગાથાર્થ:—આત્મન્! તું કષ્ટ કરે છે, દેહદમન કરે છે અને ધર્મ માટે ધનને છોડે છે, પરંતુ એક મિથ્યાત્વ રૂપી વિષના બિંદુને તું પરિહરતો નથી, જેથી તું ભવ-સાગરમાં ડૂબીશ.

जयणा य धम्मजणणी, जयणा धम्मस्स पालणी चेव ।
तववुड्ढिकरी जयणा, एगंत सुहावहा जयणा ॥ ६७ ॥

ગાથાર્થ:—યતના એ ધર્મની માતા છે, યતના એ ધર્મની પાલનહાર છે. યતનાં તપની વૃધ્ધિ કરનારી છે અને યતના એકાંત સુખાવહ છે.

जं अज्जिअं चरित्तं, देसुणाए वि पुव्वकोडीए ।
तं पुण कसायमित्तो, हारेइ नरो मुहुत्तेणं ॥ ६८ ॥

ગાથાર્થ:—કાંઈક ન્યૂન એવા પૂર્વ ક્રોડ વર્ષેયે જે ચારિત્રરત્ન પ્રાપ્ત કરેલું છે તે પણ અલ્પ કષાય કરવા માત્રથી એક મુહૂર્ત્તમાં માણસ હારી જાય છે.

कोहो पीइं पणासेई, माणो विणयनासणो ।
माया मित्ताणि नासेई, लोहो सव्वविणासणो ॥ ६९ ॥

ગાથાર્થ:—ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રોનો નાશ કરે છે અને લોભ સર્વનો વિનાશ કરે છે.

खंती सुहाण मूलं, मूलं धम्मस्स उत्तमा खंती ।
हरइ महाविज्जा इव, खंती दुरियाइं सव्वाइं ॥७०॥

ગાથાર્થ:—સુખનું મૂળ ક્ષમા છે; ધર્મનું મૂળ પણ ઉત્તમ ક્ષમા છે. મહાવિદ્યાની જેમ ક્ષમા સર્વ દુરિતોને હરે છે.

सयं गेहं परिच्चज्ज, परगेहंमि वावडे ।
निमित्तेण य ववहरइ, पावसमणु त्ति वुच्चई ॥ ७१ ॥

ગાથાર્થ:—સ્વગૃહને ત્યજીને પરગૃહે જે વ્યાપાર કરે છે અને જે નિમિત્તશાસ્ત્ર વડે વ્યવહાર કરે છે તે પાપ શ્રમણ કહેવાય છે.

दुद्ध दही विगईओ, आहारेई अभिक्खणं ।
न करेइ तवोकम्मं, पावसमणु त्ति वुच्चई ॥ ७२ ॥

ગાથાર્થ:—દુધ અને દહીં વિગઈઓનું જે નિરન્તર સેવન કરે છે અને જે તપશ્ચરણ નથી કરતો તે પાપશ્રમણ કહેવાય છે.

मज्जं विसय कसाया, निद्दा विकहा य पंचमी भणिया ।
ए ए पंच पमाया, जीवं पाडंति संसारे ॥ ७३ ॥

ગાથાર્થ:—મદ, વિષય, કષાય, નિદ્રા અને પાંચમી વિકથા, એ પાંચ પ્રમાદો જીવને સંસારમાં પાડે છે.

जइ चउदसपुव्वधरो, वसइ निगोएसुऽणंतयंकालं ।
निद्दापमायवसगो ता होहिसि कह तुमं जीव ॥ ७४ ॥

ગાથાર્થ:—નિદ્રા અને પ્રમાદને આધીન બનીને ચૌદ પૂર્વધર પણ જો અનંત કાળ સુધી નિગોદમાં રહે છે તો હે આત્મન્ તારું શું થશે?

हयं नाणं कियाहीणं, हया अन्नाणओ किया ।
पासंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंधओ ॥ ७५ ॥
संजोग सिद्धिअ फलं वयंति, नहु एग चक्केण रहो पयाइ ।
अंधो य पंगुय वणे समिच्चा, ते संपणट्ठा नगरं पविठ्ठा ॥

ગાથાર્થ:—દેખતો પંગુ દાઝયો અને દોડતો આંધળો દાઝયો તેમ ક્રિયા વિનાનું જ્ઞાન હણાયું અને અજ્ઞાનથી ક્રિયા હણાઈ.

બન્નેના સંયોગની સિધ્ધિથી ફળની પ્રાપ્તિ છે તેમ પ્રાજ્ઞ પુરૂષો કહે છે. એક ચક્રથી રથ ગતિમાન નથી થતો. અંધ અને પંગુ વનમાં મળ્યા અને પરસ્પર મળેલા તેઓ નગરમાં પ્રવેશ્યા.

सुबहुं पि सुअमहीअं, किं काही चरणविप्पहीणस्स ।
अंधस्स जह पलित्ता, दीवसयसहस्सकोडी वि ॥ ७७ ॥
अप्पं पि सुअमहीअं, पयासगं होइ चरणजुत्तस्स ।
इक्को वि जह पईवो, स चक्खुअस्सा पयासेइ ॥ ७८ ॥

ગાથાર્થ:—પ્રજવલિત એવા લાખો અને ક્રોડો પણ દીપકો જેમ અંધને નિરર્થક છે તેમ ચારિત્રવિહિન આત્માને ઘણો પણ શ્રુતનો અભ્યાસ શું કરશે ?

જેમ એક દીપક પણ ચક્ષુવંતને પ્રકાશ આપે છે તેમ શ્રુતનો અલ્પ પણ અભ્યાસ ચારિત્રવંતને પ્રકાશ આપે છે.

दंसण वय सामाइय, पोसेहपडिमा अबंभ सच्चित्ते ।
आरंभ पेस उद्दिट्ठ, वज्जए समणभूएअ ॥ ७९ ॥

ગાથાર્થ:—શ્રાવકની અગીયાર પ્રતિમા:—સમકિત, વ્રત, સામાયિક, પૌષધ, અબ્રહ્મપરિહાર, સચિત્તપરિહાર, આરંભપરિહાર, પ્રેષણુપરિહાર, ઉદ્દિષ્ટ પરિહાર અને શ્રમણભૂત.

संपत्तदंसणाई, पईदियह जइ जणाओ निसुणेइ ।
सामायारिं परमं, जो खलु तं सावगं बिंति ॥ ८० ॥

ગાથાર્થ:—દર્શન, જ્ઞાન અને ચારિત્રને સારીરીતે પ્રાપ્ત કરીને મુનિવરો પાસેથી પ્રતિદિન શ્રેષ્ઠ સામાચારી જે જનો સાંભળે છે તેને નિશ્ચે શ્રાવક કહેવામાં આવે છે.

जहा खरो चंदणभारवाही, भारस्स भागी न हु चंदणस्स ।
एवं खु नाणी चरणेण हीणो, भारस्स भागी न हु सुग्गईए ॥

ગાથાર્થ:—ચંદનનો ભાર વહન કરનાર ગર્દભ જેમ ભારનો ભાગી છે પરંતુ ચંદનનો ભાગી નથી તેમ ચારિત્રથી રહિત જ્ઞાની ભારનો ભાગી છે પરંતુ સદ્‌ગતિનો ભાગી નથી.

**तहिं पंचिंदिआ जीवा, इत्थी जोणी निवासिणो ।**
**मणुआणं नवलक्खा, सव्वे पासेई केवली ॥ ८२ ॥**

ગાથાર્થ:—સ્ત્રીની યોનિમાં નિવાસ કરનાર પંચિંદ્રિય જીવોમાં નવલાખ મનુષ્યો છે, તે સર્વને સર્વજ્ઞ જુએ છે.

**इत्थीणं जोणीसु, हवंति बेइंदिया य जे जीवा ।**
**इक्को य दुन्नि तिन्नि वि, लक्खपहुत्तं तु उक्कोसं ॥ ८३ ॥**

ગાથાર્થ:—સ્ત્રીઓની યોનિ વિષે જે બેઇંદ્રિય જીવો છે તે એક લાખ, બે લાખ, ત્રણ લાખ અને વધીને લાખ પૃથક્ત્વ ( નવ લાખ ) સુધીની સંખ્યામાં છે.

**पुरिसेण सहगयाए, तेसिं जीवाण होइ उद्दवणं ।**
**वेणुअ दिट्ठंतेणं, तत्ताइ सिलागनाएणं ॥ ८४ ॥**

ગાથાર્થ:—તપાવેલી સળી દાખલ કરેલી ભૂંગળીના દૃષ્ટાંત મુજબ પુરૂષના સમાગમથી તે જીવોનું મૃત્યુ થાય છે.

**इत्थीण जोणि मज्झे, गब्भगयाइं हवंति जे जीवा ।**
**उप्पज्जंति चयंति य, समुच्छिमा असंखया भणिया ॥८५॥**

ગાથાર્થ:—સ્ત્રીઓની યોનિ વિષે ગર્ભગત જે જીવો

છે તે ઉપજે છે અને ચ્યવે છે. સંમૂચ્છિંમ જીવો તો અસંખ્ય કહ્યા છે.

मेहुणसन्नारूढो, नवलक्ख हणेइ सुहुम जीवाणं ।
तित्थयरेणं भणियं, सद्दहियव्वं पयत्तेणं ॥ ८६ ॥

ગાથાર્થઃ—મૈથુન સંજ્ઞામાં આરૂઢ થયેલ માણસ નવલાખ સૂક્ષ્મ જીવોને હણે છે એમ તીર્થંકર ભગવાને કહ્યું છે, તે પ્રયત્નપૂર્વક સદ્દહવું.

असंखया थी नर मेहुणाओ, मुच्छंति पंचिंदिय माणुसाओ ।
निसेस अंगाण विभत्ति चंगे, भणइ जिणो पन्नवणा उवंगे ॥८७॥

ગાથાર્થઃ—જીવાજીવાદિકના વિવરણ વડે સર્વ અંગોને વિષે મનોહર એવા પ્રજ્ઞાપના ઉપાંગમાં શ્રી જિનેશ્વર ભગવાન કહે છે કે સ્ત્રી પુરુષના મૈથુનથી અસંખ્ય સંમૂચ્છિંમ પંચેંદ્રિય મનુષ્યો ઉત્પન્ન થાય છે.

मज्जे महुंमि मंसंमि, नवणीयंमि चउत्थए ।
उप्पज्जंति असंखा, तव्वन्ना तत्थ जंतुणो ॥ ८८ ॥

ગાથાર્થઃ—મદ્યમાં, મધમાં, માંસમાં, અને ચોથું માખણમાં, તે જ રંગના અસંખ્ય જીવો ઉત્પન્ન થાય છે.

आमासु अ पक्कासु अ, विपच्चमाणासु मंसपेसीसु ।
सययं चिय उववाओ, भणिओ अ निगोअ जीवाणं ॥८९॥

ગાથાર્થ:—કહ્યું છે કે અપકવ, પકવ અને પકાવાતી માંસની પેશીમાં નિગોદના જીવો નિરંતર ઉત્પન્ન થાય છે.

आजम्मं जं पावं, बंधइ मिच्छत्त संजुओ कोइ।
वयभंगं काउमणो, बंधइ तं चेव अट्ठगुणं ॥ ९० ॥

ગાથાર્થ:—મિથ્યાત્વથી યુક્ત કોઈ પ્રાણી જન્મથી માંડીને જે પાપ બાંધે છે તેથી આઠગણું પાપ વ્રતભંગ કરવાનો વિચાર કરનાર બાંધે છે.

सयसहस्साण नारीणं पिट्टं फाडेइ निग्घिणो।
सत्तट्ठमासिए गब्भे, तप्फडंते निकत्तइ ॥ ९१ ॥
तं तस्स जत्तियं पावं, तं नवगुणियं मेलियं हुज्जा।
एगित्थि य जोगेणं, साहु बंधिज्ज मेहुणओ ॥ ९२ ॥

ગાથાર્થ:—જે ઘાતકી માણસ લાખ સ્ત્રીઓનાં ઉદરને ફાડીને સાત આઠ મ સના તરફડતા ગર્ભને કાપી નાંખે છે, તેનું તેને જેટલું પ પ લાગે છે તેથી નવગુણું પાપ એક સ્ત્રીના યોગ વડે મૈથુનથી સાધુ બાંધે.

अखंडीय चारित्तो, वयधारी जो व होइ गीहत्थो।
तस्स सगासे दंसणवयगहणं सोहिकरणं च ॥ ९३ ॥

ગાથાર્થ:—અખંડિત ચારિત્રવંત પાસે અથવા જે ગૃહસ્થ વ્રતધારી છે તેની પાસે સમ્યક્ત્વગ્રહણ, વ્રતગ્રહણ તથા તેનુ શુદ્ધિકરણ કરવું.

अद्दामलय पमाणे, पुढवीकाए हवंति जे जीवा ।
तं पारेव य मित्ता, जंबूदोवे न मायंति ॥ ९४ ॥
एगंमि उदगबिंदुंमि, जे जीवा जिणवरेहिं पन्नत्ता ।
ते जइ सरिसवमित्ता, जंबूदीवे न मायंति ॥ ९५ ॥
बरंट तंदुलमित्ता, तेउकाए हवंति जे जीवा ।
ते जइ खसखसमित्ता, जंबूदीवे न मायंति ॥ ९६ ॥
जे लिंबपत्तमित्ता, वाऊकाए हवंति जे जीवा ।
तं मत्थयलिक्खमित्ता, जंबूदीवे न मायंति ॥ ९७ ॥

ગાથાર્થ:—લીલા આમળા પ્રમાણે પૃથ્વિકાયમાં જે જીવો છે તે પારેવાના કદના હોય તો જંબૂદ્વીપમાં ન સમાય.

પાણીના એક બિંદુમાં જે જીવો જિનેશ્વરોએ પ્રરૂપ્યા છે તે જો સરસવપ્રમાણુ હોય તો જંબૂદ્વીપમાં ન સમાય.

બંટી અને ચોખાના દાણા જેટલી જગ્યામાં તેઉકાયના જે જીવો છે તે જો ખસખસ પ્રમાણુ હોય તો જંબૂદ્વીપમાં ન સમાય.

લીમડાના પાન જેટલી જગ્યામાં જે વાયુકાય જીવો છે તે મસ્તકની લીખના કદના હોય તો જંબૂદ્વીપમાં ન સમાય.

असुइठाणे पडिआ, चंपकमाला न कीरइ सीसे ।
पासत्थाई ठाणे, सुवट्टमाणो तह अपुज्जे ॥ ९८ ॥

ગાથાર્થ:—અશુચિસ્થાનમાં પડેલી ચંપકમાળા જેમ મસ્તક ઉપર ધારણ કરાય નહિ તેમ પાર્શ્વસ્થાદિકના સ્થાનકમાં રહેનાર અપૂજનીય છે.

छट्ठठ्ठम दसम दुवालसेहिं, मासद्धमासखमणेहिं ।
इत्ताउ अणेगगुणा, सोहा जिमियस्स नाणिस्स ॥ ९९ ॥

ગાથાર્થ:—છટ્ઠ, અઠ્ઠમ, દશમ, દુવાલસ, અર્ધમાસખમણ અને માસખમણ વડે જે શોભા છે એથી અનેકગુણી શોભા જમતા એવા જ્ઞાનીની છે.

जं अन्नाणी कम्मं, खवेइ बहुआइं वासकोडीहिं ।
तन्नाणी तिहिंगुत्तो. खवेइ उस्सास मित्तेणं ॥ १०० ॥

ગાથાર્થ:—જે કર્મનો ક્ષય અજ્ઞાની બહુ ક્રોડ વર્ષોંયે કરે છે તે કર્મનો ક્ષય ત્રણ ગુપ્તિથી યુક્ત જ્ઞાની એક ઉચ્છ્વાસ માત્રમાં કરે છે.

जिणपवयण वुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।
रक्खंतो जिणदव्वं, तित्थयरत्तं लहइ जीवो ॥ १०१ ॥

ગાથાર્થ:—જિનપ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન-દર્શન ગુણનું પ્રભાવક એવા જિનદ્રવ્યનું રક્ષણ કરનાર આત્મા તીર્થંકરપણું પામે છે.

जिणपवयण बुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।
भक्खंतो जिणदव्वं, अणंतसंसारिओ होई ॥ १०२ ॥

ગાથાર્થ:—જિનપ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન-દર્શનગુણનું પ્રભાવક એવું જિનદ્રવ્ય ભક્ષણ કરનાર અનંત સંસારી થાય છે.

भक्खेई जो उवेक्खेइ, जिणदव्वं तु सावओ ।
पन्नाहीणो भवे जीवो, लिप्पइ पाव कम्मुणा ॥ १०३ ॥

ગાથાર્થ:—જે શ્રાવક જિનદ્રવ્યનું ભક્ષણ કરે અથવા તેની ઉપેક્ષા કરે છે તે પ્રજ્ઞાહીન બને છે અને પાપકર્મથી લેપાય છે.

चेइअदव्वविणासे, रिसिघाए पवयणस्स उड्डाहे ।
संजइचउत्थभंगे, मूलग्गी बोहिलाभस्स ॥ १०४ ॥

ગાથાર્થ :—ચૈત્યદ્રવ્યના વિનાશમાં, ઋષિઘાતમાં, પ્રવચનના ઉડ્ડાહમાં અને સાધ્વીના ચતુર્થવ્રતનો ભંગ કરવામાં બોધિબીજના લાભ રૂપ વૃક્ષના મૂળમાં અગ્નિ મૂકાય છે.

सुव्वइ दुग्गयनारी, जगगुरुणो सिंदुवारकुसुमेहिं ।
पूआ पणिहाणेणं, उप्पन्ना तियसलोगंमि ॥ १०५ ॥

ગાથાર્થ:—સંભળાય છે કે એક ગરીબ સ્ત્રી સિંદુવારના પુષ્પોથી જગદ્ગુરૂની પૂજા કરવાના ચિંતવનથી દેવલોકમાં ઉત્પન્ન થઈ.

तित्थयरत्तं सम्मत्तखाइयं सत्तमीइ तइयाए ।
साहुण वंदणएणं, बद्धं च दसारसीहेणं ॥ १०६ ॥

ગાથાર્થ:—મુનિઓને વંદનથી શ્રી કૃષ્ણે તીર્થંકરપણું, ક્ષાયિક સમ્યક્ત્વ અને સાતમીનારકીના આયુષ્યમાંથી ત્રીજી નારકીનો આયુષ્યબંધ, પ્રાપ્ત કર્યાં.

अकसिणपवत्तगाणं, विरया विरयाण एस खलु जुत्तो ।
संसारपयणुकरणे, दव्वत्थए कूवदिठ्ठंतो ॥ १०७ ॥

ગાથાર્થ:—સંપૂર્ણરીતે નહિ પ્રવર્ત્તમાન અવિ- અવિરતિ સમ્યગ્દષ્ટિ અને દેશવિરતિ શ્રાવકોને, સંસાર પાતળો કરવા માટે, દ્રવ્યસ્તવ ઉપર કૂવાનું દષ્ટાંત છે.

अणथोवं वणथोवं, अग्गीथोवं कसायथोवं च ।
न हु ते विससिअव्वं, थोवंपि हु तं बहू होई ॥ १०८ ॥

ગાથાર્થ:—અલ્પઋણ, અલ્પવ્રણ, અલ્પ અગ્નિ અને અલ્પ કષાય પણ, ખરેજ, વિશ્વાસ કરવા યોગ્ય નથી; થોડું પણ તે ઘણું થઈ જાય છે.

जं दुक्कडं ति मिच्छा, तं भुज्जो कारणं अपूरंतो ।
तिविहेण पडिक्कंतो, तस्स खलु दुक्कडं मिच्छा ॥ १०९ ॥

ગાથાર્થ:—દુષ્કૃતને જે મિથ્યા કરે છે અને તે દુષ્કૃતનું કારણ ફરી નહિ સેવીને, મન, વચન અને કાયાથી ત્રણે પ્રકારે જે પ્રતિક્રમણ કરે છે તેનું દુષ્કૃત સાચેજ મિથ્યા થાય છે.

जं दुक्कडं ति मिच्छा, तं चेव निसुणइ पुणो पात्रं ।
पच्चक्खमुसावाई, मायानियडिप्पसंगो अ ॥ ११० ॥

ગાથાર્થ:—જે દુષ્કૃતને મિથ્યા કરીને તે જ પાપનું ફરીને જે સેવન કરે છે, તે પ્રત્યક્ષમૃષાવાદી અને માયાકપટના પ્રસંગવાળો છે.

मिति मिउ मद्दवत्ते, छत्ती दोसाण छायणे होई ।
मित्तिअ मेराइट्ठिओ, दुत्ति दुगंछामि अप्पाणं ॥ १११ ॥
कत्ति कडं मे पावं, डत्तिय देवेमि तं उवसमेणं ।
एसो मिच्छा दुक्कड, पयक्खरत्थो समासेणं ॥ ११२ ॥

ગાથાર્થ:—"મિચ્છામિ દુક્કડ" પદના અક્ષરોનો સંક્ષિપ્ત અર્થ નીચે મુજબ છે:—

મિ—મૃદુ–માર્દવતા વિષે.
ચ્છ:—આચ્છાદન–દોષોના આચ્છાદન માટે.
મિ—મર્યાદામાં સ્થિત.
દુ—દુગંછા–જાતની દુગંછા કરું છું.
ક્ક—કરેલું–મારું કરેલું પાપ
ડં—દહન–ઉપશમથી તેને બાળું છું.

नामं ठवणातित्थं दव्वंतित्थं च भावतित्थं च ।
इक्किक्कंमि य इत्तो, ऽणेगविहं होई नायव्वं ॥ १२३ ॥

ગાથાર્થ:—નામતીર્થ, સ્થાપનાતીર્થ, દ્રવ્યતીર્થ અને ભાવતીર્થ તે દરકેના અનેક પ્રકાર જાણવા.

दाहोवसमं तण्हाई छेयणं मलपिवाहणं चेव ।
तिहिं अत्थेहिं निउत्तं, तम्हा तं दव्वओ तित्थं ॥ ११४ ॥

ગાથાર્થ :—દ્રવ્યતીર્થ :—દાહની શાંતિ, તૃષ્ણા વિગેરેને છેદ અને મળને ત્યાગ, એ ત્રણે અર્થો વડે તે નિયુક્ત છે તેથી તે દ્રવ્ય તીર્થ છે.

कोहंमिउ निग्गहिए, दाहस्स उवसमणं हवइ तित्थं ।
लोहंमिउ निग्गहिए, तण्हाए छेयणं होई ॥ ११५ ॥
अट्ठविहं कम्मरयं, बहुएहिं, भवेहिं संचियं जम्हा ।
तवसंजमेण धोवइ, तम्हा तं भावओ तित्थं ॥ ११६ ॥

ગાથાર્થ :—ભાવતીર્થ :— ક્રોધના નિગ્રહથી દાહની શાંતિ થાય છે, લોભના નિગ્રહથી તૃષ્ણાનો છેદ થાય છે અને બહુ ભવોથી સંચિત કરેલી અષ્ટકર્મરૂપી રજ તપ અને સંયમથી ધોવાય છે; તેથી તે ભાવતીર્થ છે.

दंसणनाणचरित्तेसु निउत्तं जिणवरेहिं सव्वेहिं ।
एएण होइ तित्थं, एसो अन्नो वि पज्जाओ ॥११७॥

ગાથાર્થ :—સર્વ જિનેશ્વરોએ દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં તીર્થની નિયોજના કરી છે, તેથી તે મુજબ તીર્થનો અન્ય પર્યાય પણ થાય છે.

सव्वो वि पुव्वकयाणं, कम्माणं पावए फलविवायं ।
अवराहेसु गुणेसु अ, निमित्तमित्तं परो होइ ॥ ११८ ॥

ગાથાર્થ :—પૂર્વકૃત કર્મના ફળવિપાકને સર્વે પામે છે. અપરાધ અને ઉપકારમાં અન્ય તો નિમિત્ત માત્ર છે.

धरिज्जइ इत्तो जलनिही, विकल्लोलभिन्नकुलसेलो ।
न हु अन्नजम्मनिम्मिय, सुहासुहो कम्मपरिणामो ॥११९॥

**ગાથાર્થ** :—મોજાંઓથી મોટા પર્વતને ભેદી નાંખનાર સાગરને પણ રોકી શકાય, પરંતુ અન્યજન્મમાં કરેલ શુભાશુભ કર્મના પરિણામને ન રોકી શકાય.

**अकयं को परिभुंजइ, सकयं नासिज्ज कस्स किर कम्मं ।**
**सकय मणुभुंजमाणो, कीस जणो दुम्मणो होई ॥१२०॥**

**ગાથાર્થ** :—નહિ કરેલું કર્મ કોણ ભોગવે છે ? સ્વકૃત કર્મ કોનું નાશ પામે છે ? પોતાનું જ કરેલું ભોગવતાં માણસ શાને દુઃખી થાય છે ?

**पोसेइ सुहभावे असुहाइ खवेइ नत्थि संदेहो ।**
**छिंदइ नरयतिरिगइ, पोसहविहिअप्पमत्तो य ॥१२१॥**

**ગાથાર્થ** :—પૌષધવિધિમાં અપ્રમત્ત રહેનાર શુભ ભાવનું પોષણ કરે છે, અશુભોનો ક્ષય કરે છે અને નરક તથા તિર્યંચગતિનો છેદ કરે છે, તેમાં સંદેહ નથી.

**वरगंध पुप्फ अक्खय पईवफलधूवनीरपत्तेहिं ।**
**नेविज्जविहाणेण य, जिणपूआ अट्ठहा भणिया ॥१२२॥**

**ગાથાર્થ** :—ઉત્તમ એવા ગન્ધ, પુષ્પ, અક્ષત, પ્રદીપ, ફલ, ધૂપ, જળપાત્ર અને નૈવેદ્યના વિધાન વડે અષ્ટપ્રકારની શ્રી જિનેશ્વરની પૂજા કહી છે.

**उवसमइ दुरियवग्गं, हरइ दुहं कुणइ सयलसुक्खाइं ।**
**चिंताईयं पि फलं, साहइ पूआ जिणिंदाणं ॥१२३॥**

**ગાથાર્થ** :—જિનેંદ્રોની પૂજા દુરિતના સમૂહને શાંત કરે છે, દુઃખનું હરણ કરે છે, સકલ સુખોને આપે છે અને અચિંત્ય ફળને પણ સાધી આપે છે.

धन्नाणं विहिजोगो विहिपक्खाराहगा सया धन्ना ।
विहिबहुमाणा धन्ना, विहिपक्ख अदूसगा धन्ना ॥१२४॥

**ગાથાર્થ** :—વિધિનો યોગ ધન્ય પુરુષોને થાય છે. વિધિપક્ષના આરાધકો સદા ધન્ય છે. વિધિનું બહુમાન કરનાર ધન્ય છે અને વિધિપક્ષમાં દૂષણ નહિ લગાડનાર ધન્ય છે.

संवेगमणो संबोहसत्तरिं, जो पढेइ भव्वजिओ ।
सिरिजयसेहरठाणं, सो लहई नत्थि संदेहो ॥१२५॥

**ગાથાર્થ** :—જે ભવ્યજીવ સંવેગયુક્ત મનથી સંબોધ સત્તરિને ભણે તે શ્રી જયશેખરસ્થાનને પામે છે એમાં સંદેહ નથી.

श्रीमन्नागपुरीयाह्व, तपोगणकजारुणाः ।
ज्ञानपीयूषपूर्णांगाः, सूरीन्द्रा जयशेखराः ॥१॥
तेषां पत्कजमधुपाः, सूरयोरत्नशेखराः ।
सारं सुत्रात् समुध्धृत्य चक्रुः संबोधसप्ततिम् ॥२॥

**ગાથાર્થ** :—શ્રી નાગપુરીય નામના તપગચ્છરૂપી કમળ માટે સૂર્ય સમાન અને જ્ઞાનામૃતથી પૂર્ણ એવા શ્રી જયશેખર સૂરીન્દ્રના પદપંકજને વિષે ભ્રમર સમાન શ્રી રત્નશેખર સૂરીશ્વરજીએ સૂત્રોમાંથી સાર સમુધ્ધૃત કરીને સંબોધસત્તરિની રચના કરી.

# જિનદ્રવ્ય

**चैत्यस्य निश्रितं द्रव्यम् देवद्रव्यम् ।**

**—द्रव्यसप्ततिका ।**

**અર્થ**:—ચૈત્યની નિશ્રાનું દ્રવ્ય તે દેવદ્રવ્ય.

—દ્રવ્યસપ્તતિકા.

**जिणदव्वं-किमित्याह—**

**जिनस्य स्थापनार्हतो द्रव्यं पूजार्थे निर्माल्याक्षयनिधि-स्वरूपं ।** **—दर्शनशुद्धि टीका ॥**

**અર્થ**:—જિનદ્રવ્ય શું છે? કહ્યું છે કે—જિનેશ્વરની પ્રતિમાનું દ્રવ્ય તે જિનદ્રવ્ય છે. તે પૂજાર્થ, નિર્માલ્ય અને અક્ષય નિધિ સ્વરૂપ છે.

—દર્શનશુદ્ધિ ટીકા.

ओहारण-बुद्धिए देवा–ईणं पकप्पियं च जया ।
जं धणधन्नपमुहं, तद्–द्व्वं तं इहं णेयं ॥

—द्रव्यसप्ततिका–गाथा २

અર્થ :–અવધારણ બુદ્ધિ વડે ધનધાન્ય વગેરે જે દ્રવ્ય, જ્યારે દેવ વગેરે માટે પ્રકલ્પિત કરાય, ત્યારે તે દ્રવ્ય દેવાદિ દ્રવ્ય જાણવું.

–દ્રવ્યસપ્તતિકા–ગાથા ૨

पवरगुणहरिसजणियं, पहाणपुरिसेहिं जं तयाइण्णं
एगाणेगेहिं कयं तं धीरा बिंति जिणद्व्वं ॥

—संबोधप्रकरण–गाथा ९५

અર્થ :–ઉત્તમ ગુણ અને હર્ષને ઉત્પન્ન કરનાર જે દ્રવ્ય, એક અથવા અનેક પ્રધાન પુરુષો વડે એકત્ર કરાયું છે, તેને ધીર પુરુષો દેવદ્રવ્ય કહે છે.

–સંબોધપ્રકરણ–ગાથા ૯૫

न हु देवाण वि दव्वं, संगविमुक्काण जुज्जए किमपि ।
नियसेवगबुद्धिए, कप्पियं देवदव्वं तं ॥९०॥

—संबोधप्रकरण

**ગાથાર્થ**:—સંગથી વિમુક્ત એવા દેવોને દ્રવ્ય હોવાનું કોઈ પણ રીતે યુક્ત નથી; પરન્તુ નિજ સેવક બુદ્ધિથી જે કલ્પિત કરેલ છે, તે દેવદ્રવ્ય છે.

—સંબોધપ્રકરણ

चैत्यद्रव्यं हिरण्यसुवर्णनाणकादि तथा काष्ठेष्टिकापाषाण-लेप्यतद्गतपीठफलकचन्द्रोदयभाजनसमुद्गत दीपादिकं उपकरणं अपि सर्वं चैत्यादि द्रव्यमुच्यते ।

—द्रव्यसप्ततिका

**અર્થ**:—ચૈત્ય દ્રવ્ય તે ચાંદી, સુવર્ણ, ધન વગેરે તથા કાષ્ટ, ઈંટ, પાષાણ, લેપ, તેની પીઠ, ફલક (બાજોઠ, પાટીયું વિ.), ચંદરવો, વાસણ, પેટી, દીપ વગેરે સર્વ ઉપકરણો ચૈત્ય દ્રવ્ય કહેવાય છે.

—દ્રવ્યસપ્તતિકા

चेइअदव्वं दुविहं, पूआ निम्मल्लभेअओ इत्थ ।
आयाणाइ दव्वं पूआरित्थं मुणेयव्वं ॥
अक्खय फल बलि वत्थाइ सपियं जं पुणो दविणजायं ।
तं निम्मलं वुच्चइ, जिणगिहकम्मंमि उवओगो ॥

–विचारसार प्रकरण

**અર્થ** :–ચૈત્ય દ્રવ્ય બે પ્રકારનું છે; એમાં પૂજા અને નિર્માલ્ય એ બે ભેદ છે. આદાનાદિ દ્રવ્ય પૂજા માટેનું જાણવું, તથા અક્ષત, ફલ, બલિ, વસ્ત્ર વગેરે સંબંધી જે દ્રવ્ય છે તે નિર્માલ્ય કહેવાય છે. તે જિનચૈત્યના કાર્યમાં ઉપયોગી છે.

–વિચારસાર પ્રકરણ

चेइयदव्वं दुविहं, पूआनिम्मल्लभेयओ तत्थ ।
आयाणाइ दव्वं पूआरित्थं मुणेयव्वम् ॥

–गाथासहस्री ॥३०१॥

**અર્થ** :–ચૈત્યદ્રવ્ય બે પ્રકારનું છે; એમાં પૂજા અને નિર્માલ્ય, તે બે ભેદ છે. આદાન વગેરે દ્રવ્ય પૂજા માટે જાણવું.

—ગાથાસાહસ્રી–૩૦૧

चेइअद्व्वं तिविहं, पूयानिम्मल्लकप्पिअं तत्थ ।
आयाणमाइ पूयाद्व्वं, जिणदेह परिभोगं ॥
अक्खयफलबलिवत्थाइ, सतियं (चं) जं पुणो द्विणजायं ।
तं निम्मल्लं वुच्चई, जिणगिहकम्मंमि उवओगं ॥
द्व्वंतरनिम्मविअं निम्मल्लंपि हु विभूसणाईहिं ।
तं पुण जिणंगसंगि हविज्ज णण्णत्थ तं भयणा ।
इड्ढिजुअ समएहिं सड्ढेहिं, अहवा अप्पणा चेव ।
जिणभत्तिइनिमित्तं जं चरियं (आयरियं) सव्वमुवओगि ॥
—संबोधप्रकरण गाथा ॥१६३-१६६॥

**અર્થ** :—ચૈત્ય દ્રવ્ય ત્રણ પ્રકારનું છે; પૂજા, નિર્માલ્ય અને કલ્પિત. તેમાં આદાન વગેરે પૂજાદ્રવ્ય જિનેશ્વરના દેહના પરિભોગવાળું છે. અક્ષત, ફળ, બલિ, વસ્ત્ર વગેરે સંબંધી જે કંઈ દ્રવ્યસંચય થયો હોય તે નિર્માલ્ય કહેવાય છે. તે જિનચૈત્યના કાર્યમાં ઉપયોગી છે. નિર્માલ્ય પણ જે વિભૂષણો દ્વારા દ્રવ્યાંતરમાં નિર્મિત થાય તે જિનપ્રતિમા માટે વાપરી શકાય છે. પરંતુ અન્ય નિર્માલ્ય જિનઅંગી નથી બની શકતું, માટે નિર્માલ્યમાં ભજના છે. (એટલે કે અમુક નિર્માલ્ય જિન પ્રતિમા માટે ઉપયોગી છે અને અમુક નથી.)

ઋદ્ધિયુક્ત શ્રાવકોએ એકત્ર મળીને અથવા સ્વયં પોતે જિન ભક્તિ નિમિત્તે જે દ્રવ્ય આચરેલ છે તે (આચરિત) દ્રવ્ય સર્વોપયોગી છે.

—સંબોધપ્રકરણ—ગાથા ૧૬૩—૧૬૬.

यत्र च ग्रामादौ आदानादिद्रव्यागमोपायो नास्ति,
तत्र अक्षतबलिआदिद्रव्येणैव प्रतिमाः पूज्यमानाः सन्ति ॥

--श्राद्धविधिटीका

**અર્થ**:-જ્યાં ગામ વગેરેમાં આદાન વગેરે દ્રવ્યની આવક માટે ઉપાય નથી, ત્યાં અક્ષત, બલિ વગેરે દ્રવ્યથી જ પ્રતિમાઓની પૂજા થાય છે.

--શ્રાદ્ધવિધિ ટીકા.

प्रश्नः-जिनालये धौतिढौकनं करोति तत्कस्मिन् सूत्रे प्रकरणे वाऽस्ति ? तथा कुमतिन इत्थं कथयन्ति धौतिढौकनं देवनिर्माल्यं जायते, तस्य पुष्पादि लात्वा कथं चटापयन्तीति प्रश्नोऽत्रोत्तरम् ।

उत्तरः-धौतिढौकनमिति परम्परा ज्ञायते, तथा तन्निर्माल्यं न कथ्यते, यतो 'भोगविणट्ठं दव्वं निम्मल्लं बिंति गीयत्था' इति श्राद्धविधिवृत्तावुक्तत्वात् इति ।

—सेनप्रश्न

**અર્થ**:-પ્રશ્ન:--જિનાલયમાં ધોતી ધરે છે તે કયા સૂત્ર કે પ્રકરણમાં છે? તથા કુમતિઓ એમ કહે છે કે ધરવામાં આવેલું ધોતી દેવનિર્માલ્ય બને છે તો તેનાં ફૂલ વગેરે લાવી કેમ ચડાવે છે? આ પ્રશ્ન છે. તેનો ઉત્તર:-

ઉત્તર:-ધોતી ધરવાની પરંપરા જણાય છે તથા તે નિર્માલ્ય નથી કહેવાતું; કારણ કે શ્રાદ્ધવિધિ ટીકામાં કહ્યું છે કે ભોગથી વિનષ્ટ થયેલ દ્રવ્યને ગીતાર્થો નિર્માલ્ય કહે છે.

—સેનપ્રશ્ન

मंगलदव्वं निहिदव्वं सासयदव्वं च सव्वमेगट्ठा ।
आसायणपरिहारा जयणाए तं खु ठायव्वं ॥

संबोधप्रकरण गाथा ॥९६॥

અર્થ:– મંગલ દ્રવ્ય, નિધિ દ્રવ્ય અને શાશ્વત દ્રવ્ય એ સર્વ શબ્દો એકાર્થવાચી છે; તે દ્રવ્ય, આશાતનાના ત્યાગપૂર્વક, યતના વડે, સ્થાપવું.

—સંબોધપ્રકરણ—ગાથા ૯૬

चैत्यद्रव्यस्य जिनभवनबिम्बयात्रास्नात्रादिप्रवृत्तिहेतोर्हिरण्यादिरूपस्य वृद्धिरुपचयरूपोचिता कर्तुमिति ॥

—उपदेशपद

અર્થ:–જિન ભવન, જિન બિમ્બ, જિન યાત્રા તથા જિનેશ્વરના સ્નાત્ર વગેરે પ્રવૃત્તિના હેતુરૂપ, હિરણ્ય વગેરે રૂપ ચૈત્ય દ્રવ્યની વૃદ્ધિ એટલે કે ઉપચય કરવાનું ઉચિત છે.

—ઉપદેશપદ

पंचदशकर्मादानकुव्यापारवर्जं सद्व्यवहारादिविधिनैव च तद्वृद्धिः कार्या । —श्राद्धविधि.

અર્થ:–પંદર કર્માદાન તથા કુવ્યાપાર વર્જીને સદ્વ્યવહારથી વિધિ મુજબ જ તેની વૃદ્ધિ કરવી.

—શ્રાદ્ધવિધિ

जिणवरआणारहियं वड्ढारंता वि के वि जिणदव्वं ।
बुड्डन्ति भवसमुद्दे मूढा मोहेण अन्नाणी ॥

—द्रव्यसप्ततिका

**અર્થ**:–જે અજ્ઞાની અને મોહમૂઢ મનુષ્યો શ્રી જિનેશ્વરની આણા રહિતપણે જિનદ્રવ્યની વૃદ્ધિ કરે છે તે ભવસમુદ્રમાં ડૂબે છે.

जिणपवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।
वड्ढन्तो जिणदव्वं, तित्थयरत्तं लहइ जीवो ॥

जिणपवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।
रक्खंतो जिणदव्वं परित्तसंसारिओ होइ ॥

—द्रव्यसप्ततिका गाथा ॥२३-२४॥

**અર્થ**:–જિનપ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન–દર્શન ગુણોના પ્રભાવક એવા દેવદ્રવ્યને વધારનાર આત્મા તીર્થંકરપણું પામે છે.

જિનપ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન–દર્શન ગુણોના પ્રભાવક એવા દેવદ્રવ્યનું રક્ષણ કરનાર પરિમિત સંસારી બને છે.

–દ્રવ્યસપ્તતિકા ગાથા ૨૩–૨૪

"न खलु जिनप्रवचनवृद्धिर्जिनवेश्मविरहेण भवति, न च तद् द्रव्यव्यतिरेकेण प्रतिदिनं प्रतिजागरयितुम् जीर्णं विशीर्णं वा पुनरुद्धर्तुम् पार्यते, तथा तेन पूजामहोत्सवादिषु श्रावकैः क्रियमाणेषु ज्ञानदर्शनचारित्रगुणाश्च दीप्यंते, यस्माद् अज्ञानिनो अपि 'अहो तत्त्वानुगामिनी बुद्धिरेतेषां,' इति उपबृंह्यतः क्रमेण ज्ञानदर्शनचारित्रगुणलाभभाजो भवंति ।"

—दर्शनशुद्धि टीका

**અર્થ**:—ખરે જ, જિનમંદિર વિના જિન પ્રવચનની વૃદ્ધિ નથી થતી; અને દ્રવ્ય વગર તે મંદિરની પ્રતિદિન સંભાળ કરી શકાતી નથી; તેમજ જીર્ણ, વિશીર્ણ થયેથી પુનરુધ્ધાર કરી શકાતો નથી, તથા તેના વડે શ્રાવકોથી કરાતાં પૂજા, મહોત્સવ વગેરેમાં જ્ઞાનદર્શન અને ચારિત્ર ગુણો દીપ્યમાન થાય છે; કારણ કે અજ્ઞાનીઓ પણ પ્રશંસા કરે છે કે, 'અહો, આ લોકોની બુધ્ધિ તત્ત્વાનુસારી છે." પરિણામે તેઓ ક્રમે કરીને, જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણના લાભને મેળવનારા બને છે.

—દર્શનશુદ્ધિ ટીકા

सति हि देवद्रव्ये प्रत्यहं चैत्यसमारचन्महापूजा सत्कारसंभवः । तत्र च प्रायो यतिजनसंपातः, तद्व्याख्यानश्रवणादेश्च जिनप्रवचनवृद्धिः । एवं ज्ञानादिगुणानां प्रभावना चेत्यर्थः ।

—श्राद्धविधि

**અર્થ**:—દેવદ્રવ્ય હોય તો પ્રતિદિન ચૈત્યનું સમારચન, મહાપૂજા તથા સત્કાર સંભવે છે અને ત્યાં પ્રાયઃ યતિજનોનું આગમન થાય છે; તેમના વ્યાખ્યાન શ્રવણ વગેરેથી જિન-પ્રવચનની વૃદ્ધિ થાય છે. અને એ રીતે જ્ઞાન વગેરે ગુણોની પ્રભાવના થાય છે તે તાત્પર્ય.

—શ્રાદ્ધવિધિ.

सति देवादिद्रव्ये प्रत्यहं चैत्यादि समारचन्महापूजा सत्कारसन्मानावष्टंभादिसंभवात् तत्र च प्रायो यतिजनसंपात: ॥

—द्रव्यसप्ततिका ।

અર્થ:–દેવાદિ દ્રવ્ય હોય તો પ્રતિદિન ચૈત્ય વગેરેનું સમારચન્, મહાપૂજા, સત્કાર, સન્માન, અવષ્ટંભ વગેરે સંભવે છે અને ત્યાં પ્રાયઃ યતિજનોનું આગમન હોય છે.

—દ્રવ્યસપ્તતિકા.

सति हि देवद्रव्ये प्रत्यहं जिनायतने पूजासत्कारसंभवः तत्र प्रायो यतिजनसंपातः ॥

श्राद्धदनिकृत्य, गाथा ॥१४२॥

**અર્થ**:–દેવદ્રવ્ય હોય તો જિન મંદિરમાં પ્રતિદિન પૂજા અને સત્કારનો સંભવ છે. ત્યાં પ્રાયઃ યતિજનોનું આગમન હોય છે.

–શ્રાદ્ધદિનકૃત્ય–ગાથા ૧૪૨

उदायनो मूलप्रतिमायै द्वादशग्रामसहस्राणि पूजार्थं प्रददौ ततः प्रभावती देवाज्ञया तां नूतनां मूर्त्तिमपूजयत् ॥

श्री पर्युषणाऽष्टाह्निका व्याख्यानम्
श्रीमद् विजयलक्ष्मी सूरि

**અર્થ**:–ઉદાયને મૂલપ્રતિમાજીની પૂજા માટે બાર હજાર ગામ આપ્યાં; ત્યાર પછી તેણે પ્રભાવતી દેવીની આજ્ઞાથી નૂતન પ્રતિમાજીની પૂજા કરી.

શ્રી પર્યુષણા અષ્ટાહ્નિકા વ્યાખ્યાન.
—શ્રી વિજયલક્ષ્મી સૂરિ.

भक्खेइ जो उविक्खेइ जिणदव्वं तु सावओ ।
पण्णाहीणो भवे जीवो, लिप्पई पावकम्मुणा ॥

–द्रव्यसप्ततिका गाथा ॥१३॥

**અર્થ**:–જે શ્રાવક જિનદ્રવ્યનું રક્ષણ કરે છે અથવા તેની ઉપેક્ષા કરે છે તે પ્રજ્ઞાહીન બને છે અને પાપકર્મથી લેપાય છે.

–દ્રવ્યસપ્તતિકા–ગાથા ૧૩.

तद्‌विनाशे कृते सति बोधिवृक्षमूलेऽग्निर्दत्तः ।
तथा सति पुनर्नवाऽसौ न भवति इत्यर्थः ।
अत्र इदं हार्दम्, चैत्यादिद्रव्यविनाशे पूजादिलोपः ।
ततस्तद्‌हेतुकप्रमोदप्रभावनाप्रवचनवृद्धेरभावः,
ततो वर्धमानगुणशुद्धेरोधः ततो मोक्षमार्गव्याघातः ।
कारणाभावे कार्यानुदयात् ॥

—द्रव्यसप्ततिका ।

તેનો (ચૈત્યદ્રવ્યનો) વિનાશ કરવાથી બોધિવૃક્ષના મૂળમાં અગ્નિ મુકાય છે. તેમ થવાથી પાછું તે નવું નથી બનતું એમ અર્થ છે. અહીં રહસ્ય આ છે: ચૈત્યાદિ દ્રવ્યનો વિનાશ થતાં પૂજા વિ.નો લોપ થાય છે. પરિણામે તેનાથી થતાં પ્રમોદ, પ્રભાવના તથા પ્રવચન–વૃદ્ધિનો અભાવ થાય છે; તેથી ગુણશુદ્ધિ વધતી અટકે છે. તેથી મોક્ષમાર્ગનો વ્યાઘાત થાય છે; કેમ કે કારણના અભાવમાં કાર્ય ન થઈ શકે.

—દ્રવ્યસપ્તતિકા

जेण चेइअदव्वं विणासियं, जिणबिंबपूआदंसणाणंदित हियआणं भवसिद्धिआणं सम्मदंसणसुअओहिमणपज्जव केवलणाणनिव्वाणलाभा पडिसिद्धा ।

—वसुदेवहिंडि

**અર્થ**:—જેના વડે ચૈત્ય દ્રવ્યનો વિનાશ થયો છે, તેના વડે જિનબિમ્બની પૂજા અને દર્શનથી આનંદિત થતાં ભવ સિદ્ધિઆત્માઓના સમ્યગ્દર્શન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃ-પર્યવજ્ઞાન, કેવલજ્ઞાન તથા નિર્વાણના લાભોનો પ્રતિષેધ કરાયો.

—વસુદેવહિંડી

प्रश्नः—ज्ञानाद्रव्यं देवकार्ये उपयोगि स्यान्नवा । यदि स्यात् तदा देवपूजायां प्रासादादौ वा इति ।

उत्तर:—एकत्रैव स्थानके देवरिक्त, क्षेत्रद्वय्यामेव तु ज्ञानरिक्तम् । सप्तक्षेत्र्याम् एव तु स्थापनीयं (साधारणं) श्री सिद्धान्तो जैन एवं ब्रवीति ॥२॥ एतत् काव्य उपदेशसप्ततिकाप्रान्तेऽस्ति, एतद् अनुसारेण ज्ञानद्रव्यं देवपूजायां प्रासादादौचोपयोगि भवतीति ।

—सेनप्रश्न ।

(वृद्धपण्डितकनकविजयगणिकृत प्रश्न)

**અર્થ**:—પ્રશ્ન:—જ્ઞાનદ્રવ્ય દેવકાર્યમાં ઉપયોગી હોઈ શકે કે નહિ? જો હોઈ શકે તો દેવપૂજામાં કે દેવમંદિર વગેરેમાં?

ઉત્તર:—દેવદ્રવ્ય એક જ ક્ષેત્રમાં, જ્ઞાનદ્રવ્ય બે જ ક્ષેત્રમાં અને (સાધારણ) દ્રવ્ય સાત ક્ષેત્રમાં જ વાપરી શકાય એમ શ્રી જૈન સિદ્ધાંત છે. એ મુજબનું કથન કરતો શ્લોક ઉપદેશ સપ્તતિકાના અંતભાગમાં છે. તે અનુસાર જ્ઞાનદ્રવ્ય દેવપૂજામાં અને દેવમંદિરમાં ઉપયોગી થાય છે.

—સેનપ્રશ્ન

(વૃદ્ધ પણ્ડિત કનકવિજયગણિ કૃત પ્રશ્ન.)

“જિનેશ્વર દેવના સ્થાપના નિક્ષેપાને માનનારને જિન ચૈત્યની, તેની પૂજાની, તે માટે જરૂરી ઉપકરણોની અને તેમાં ખામી ન આવે તે ખાતર, દેવદ્રવ્યની વૃદ્ધિની અને તેના સંરક્ષણની અનિવાર્ય આવશ્યકતા છે.”

–વિચારસમીક્ષા, પૃ. ૯૭

લેખક: મુનિ શ્રી રામવિજય

(હાલ–પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી.)

વર્તમાન સંયોગોમાં સરકારી ભયને કારણે દેવદ્રવ્યનો સુયોગ્ય રીતે વ્યય કરી દેવા માટે ઉપદેશ આપતાં પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબ નીચે મુજબ જણાવે છે:—

“કેટલાકો કહે છે કે–‘પછી અહીં પૂજા વગેરેની વ્યવસ્થા શી રીતે કરવી? શું એવા સારા શ્રાવકો ખૂટી ગયા છે કે–દેવદ્રવ્યમાંથી જ વ્યવસ્થા કરવી પડે? અથવા, સાધારણની રકમો કોઈ મંદિરના ઉપયોગ માટે મૂકી ગયું હોય, તો ય શું તેના વિના નહિ જ ચાલે? શ્રાવકો જો નક્કી કરે કે–‘અમારે શ્રી જિનની ભક્તિ કરવી છે’ તો આમાં કાંઈ ચિંતા કરવા જેવું છે જ નહિ. અવસર જોગ વર્તતાં આવડવું જોઈએ.”— (ચાર ગતિનાં કારણો–પહેલો ભાગ, પ્રથમ આવૃત્તિ, પૃષ્ઠ ૨૫૯.)

# મરણ સમાધિ વિચાર

પરમાણુંદ પરમપ્રભુ, પ્રણમું પાસ જિણુંદ;
વંદુ વીર આદે સહુ, ચઉવીશે જિનચંદ. ૧

ઇંદ્ર ભૂતિ આદે નમું, ગણધર મુનિ પરિવાર;
જિન વાણી હૈડે ધરી, ગુણવંત ગુરૂ નમું સાર. ૨

આ સંસાર અસારમાં, ભમતાં કાળ અનંત;
અસમાધે કરી આતમા, કીમહી ન પામ્યો અંત. ૩

ચઉગતિમાં ભમતાં થકાં, દુઃખ અનંતાનંત;
ભોગવીયાં એણે જીવડે, તે જાણે ભગવંત. ૪

કોઈ અપૂરવ પુન્યથી, પામ્યો નર અવતાર;
ઉત્તમકુળ ઉત્પન્ન થયો, સામગ્રી લહી સાર. ૫

જિન વાણી શ્રવણે સુણી, પ્રણમી તે શુભ ભાવ;
તિણુથી અશુભ ટળ્યાં ઘણાં, કાંઇક લહી પ્રસ્તાવ. ૬

વિરૂઆં ભવ દુઃખ ભાખીયાં, સુખ તો સહજ સમાધ;
તેહ ઉપાધિ મિટે હુએ, વિષય કષાય અગાધ. ૭

વિષય કષાય ટળ્યા થકી, હોય સમાધિ સાર;
તેણુ કારણુ વિવરી કહું, મરણસમાધિ વિચાર. ૮

મરણુ સમાધિ વરણવું, તે નિસુણો ભવી સાર;
અંત સમાધિ આદરે, તસ લક્ષણ ચિત્ત ધાર. ૯

જે પરિણામ કષાયના, તે ઉપશમ જબ થાય;
તેહ સરૂપ સમાધિનું, એ છે પરમ ઉપાય. ૧૦

સમ્યગ્દ્રષ્ટિ જીવને, તેહનો સહજ સ્વભાવ;
મરણસમાધિ વંછે સદા, થિર કરી આતમ ભાવ. ૧૧
રૂચિ ભઇ અસમાધિકી, સહજ સમાધિસું પ્રીત;
દિન દિન તેહની ચાહના, વરતે એહીજ રીત. ૧૨
કાળ અનાદિ અભ્યાસથી, પરિણતિ વિષયકષાય;
તેહની શાંતિ જબ હુએ, તેહ સમાધિ કહાય. ૧૩
અવસર નિકટ મરણતણો, જબ જાણે મતિવંત;
તવ વિશેષ સાધન ભણી, ઉલસિત ચિત્ત અત્યંત. ૧૪
જૈસે શાર્દૂલ સિંહકું, પુરૂષ કહે કોઈ જાય;
સૂતેં કયું નિર્ભય હુઈ, ખબર કહું સુખદાય. ૧૫
શત્રુકી ફોજાં ઘણી, આવે છે અતિજોર;
તુમ ઘેરણકે કારણે, કરતી અતિ ઘણોશોર. ૧૬
કિત્તેક તુમ સેં દૂર હે, તે વૈરીકી ફોજ;
ગુફા થકી નિકસો તુરત, કરો સંગ્રામકી મોજ. ૧૭
તુમ આગે સબ રંક હે, શત્રુકો પરિવાર;
પ્રાક્રમ દાખો આપણું, તુમ બળ શક્તિ અપાર. ૧૮
મહંત પુરૂષકી રીત એ, શત્રુ આવે જાંહી;
તવ તતખીણ સન્મુખ હુઈ; જીત લીયે ખીણમાંહી. ૧૯
વચન સુણી તે પુરૂષના, ઉઠયો શાર્દુલ સિંહ;
નિકસ્યો બાહિર તતખીણે, માનું અકલ અબીહ. ૨૦
ગર્જારવ કરે એહવો, મહા ભયંકર ઘોર;
માનું માસ અષાડ કો ઇંદ્ર ધનુષકો જોર. ૨૧
શબ્દ સુણી કેસરી તણો, શત્રુ કો સમુદાય;
હસ્તિ તુરંગમ પાય દળ, ત્રાસ લહે કંપાય. ૨૨

શત્રુ હૃદયમાં સંક્રમ્યો, સિંહ તણો આકાર;
તેણે ભયભીત થયા સહુ, ડગ ના ભરે લગાર. ૨૩

સિંહ પરાક્રમ સહનકું, સમરથ નહિ તિલ માત્ર;
જીતણકી આશાગઈ, શિથિલ ભયા સૌ ગાત્ર. ૨૪

સમ્યગ્દ્રષ્ટિ સિંહ છે, શત્રુ મોહાદિક આઠ;
અષ્ટ કર્મકી વર્ગણા, તે સેનાનો ઠાઠ. ૨૫

દુઃખદાયક એ સર્વદા, મરણ સમય સુવિશેષ;
જોર કરે અતિ જાલમી, શુદ્ધિ ન રહે લવલેશ. ૨૬

કરમોંકે અનુસાર એમ, જાણી સમકિતવંત;
કાયરતા દૂરે કરે, ધીરજ ધરે અતિ સંત. ૨૭

સમકિતદ્રષ્ટિ જીવકું, સદા સરૂપકો ભાસ;
જડ પુદ્ગલ પરિચય થકી, ન્યારો સદા સુખવાસ. ૨૮

નિશ્ચે દ્રષ્ટિ નિહાળતાં, કર્મકલંક ના કોય;
ગુણઅનંતકો પિંડ એ, પરમાણંદમય હોય. ૨૯

અમૂર્તિક ચેતન દ્રવ્યએ, લખે આપકું આપ;
જ્ઞાનદશા પ્રગટભઇ, મિટયો ભરમકો તાપ. ૩૦

આતમજ્ઞાનકી મગનતા, તિનમેં હોય લયલીન;
રંજત નહીં પર દ્રવ્યમેં, નિજ ગુણમેં હોય પીન. ૩૧

વિનાશિક પુદ્ગલ દશા, ખીણ ભંગુર સ્વભાવ;
મેં અવિનાશી અનંત હું; : શુદ્ધ સદા થિર ભાવ. ૩૨

નિજ સરૂપ જાણે ઇસો, સમકિત દ્રષ્ટિ જીવ;
મરણ તણો ભય નહિં મને, સાધ્ય સદા છે શિવ. ૩૩

ઐસે જ્ઞાની પુરૂષકે, મરણ નિકટ જબ હોય;
તવ વિચાર અંતરંગમેં, કરે તે લખિયે સોય. ૩૪

થિરતા ચિતમેં લાયકે, ભાવના ભાવે એમ;
અથિર સંસાર એ કારમો, ઇણશું મુજ નહિં પ્રેમ. ૩૫

એહુ શરીર શિથિલ હુઆ, શકિત હુઈ સબ ખીણ;
મરણ નજીક અબ જાણીએ, તેણે નહિ હોણા દીન. ૩૬

સાવધાન સબ વાતમેં હુઈ કરૂં આતમ કાજ;
કાલ કૃતાંતકું જીતકે, વેગે લહું શિવરાજ. ૩૭

રણ ભંભા શ્રવણે સુણી, સુભટવીર જે હોય;
તે તતખીણ રણમેં ચડે, શત્રુ જીતે સોય. ૩૮

એમ વિચાર હઇડે ધરી, મૂકી સબ જંજાળ;
પ્રથમ કુટુંબ પરિવારકું, સમજાવે સુરસાલ. ૩૯

સુણો કુટુંબ પરિવાર સહુ, તુમકું કહું વિચિત્ર;
એહ શરીર પુદ્ગલ તણો, કેસો ભયો ચરિત્ર. ૪૦

દેખતહી ઉત્પન્ન ભયા, દેખત વિલય તે હોય;
તિણે કારણ એ શરીરકા, મમત ન કરણા કોય. ૪૧

એહ સંસાર અસારમેં, ભમતાં વાર અનંત;
નવ નવ ભવ ધારણ કર્યા, શરીર અનંતાનંત. ૪૨

જન્મ મરણ દોય સાથ છે, છિણ છિણ મરણ તે હોય,
મોહ વિકળ એ જીવને, માલમ ના પડે કોય. ૪૩

મેં તો જ્ઞાનદ્રષ્ટિ કરી, જાણું સકલ સરૂપ;
પાડોશી મેં એહકા, નહીં મારૂં એ રૂપ. ૪૪

મેં તો ચેતન દ્રવ્ય હું, ચિદાનંદ મુજ રૂપ;
એ તો પુદ્ગલ પિંડ હે, ભરમ જાલ અંધકૂપ. ૪૫

સડણ પડણ વિદ્ધંસણો, એહ પુદ્ગલકો ધર્મ;
થિતી પાકે ખિણ નવી રહે, જાણો એહિજ મર્મ. ૪૬

અનંત પરમાણુ મિલી કરી, ભયા શરીર પરજાય;
વરણાદિક બહુવિધ મિલ્યા, કાળે વિખરી જાય. ૪૭

પુદ્ગલ મોહિત જીવકું, અનુપમ ભાસે એહ;
પણ જે તત્ત્વવેદી હોયે, તિનકું નહિં કછું નેહ. ૪૮

ઉપની વસ્તુ કારમી, ન રહે તે થિર વાસ;
એમ જાણી ઉત્તમ જના, ધરે ન પુદ્ગલ આશ. ૪૯

મોહ તજી સમતા ભજી, જાણો વસ્તુ સ્વરૂપ;
પુદ્ગલ રાગ ન કીજીએ, નવિ પડિએ ભવકૂપ. ૫૦

વસ્તુ સ્વભાવે નીપજે, કાળે વિણસી જાય;
કરતા ભોક્તા કો નહિં, ઉપચારે કહેવાય. ૫૧

તેહ કારણ એ શરીરસું, સંબંધ ન માહરે કોય;
અમેં ન્યારા એહથી સદા, એ પણ ન્યારો જોય. ૫૨

એહ જગતમાં પ્રાણિઆ, ભરમે ભૂલ્યા જેહ;
જાણી કાયા આપણી, મમત ધરે અતિ તેહ. ૫૩

જબ થિતિ એહ શરીરકી, કાળ પોંચે હોય ખીણ;
તવ ઝૂરે અતિ દુઃખ ભરે, કરે વિલાપ એમ દીન. ૫૪

હા હા પુત્ર તું કયાં ગયો, મુકી એ સહુસાથ;
હાહા પતિ તુમ કયાં ગયા, મુજકું મૂકી અનાથ. ૫૫

હા પિતા તુમ કિહાં ગયા, અમ કુણ કરશે સાર;
હા બંધવ તુમ કિહાં ગયા, શૂન્ય તુમ વિણ સંસાર. ૫૬

હા માતા તું કિહાં ગઈ, અમ ઘરની રખવાલ;
હા બેની તું કિહાં ગઇ, રોવત મૂકી બાલ. ૫૭

મોહ વિકલ એમ જીવડા, અજ્ઞાને કરી અંધ;
મમતાવશ ગણી માહરા, કરે કલેશના ધંધ ૫૮

ઈણુવિધ શોક સંતાપ કરી, અતિશે ક્લેશ પરિણામ;
કરમબંધ બહુવિધ કરે, ના લહે ખિણ વિશરામ. ૫૯
જ્ઞાનવંત ઉત્તમ જના, ઉનકા એહ વિચાર;
જગમાં કોઈ કીસીકા નહિં, સંજોગિક સહુ ધાર. ૬૦
ભવમાં ભમતાં પ્રાણિઆ, કરે અનેક સંબંધ;
રાગદ્વેષપરિણતિથકી, બહુવિધ બાંધે બંધ. ૬૧
વૈર વિરોધ બહુવિધ કરે, તિમ પ્રીત પરસ્પર હોય;
સંબંધે આવી મળે, ભવ ભવકે બિચ સોય. ૬૨
વનકે બીચ એક તરૂ વિષે, સંધ્યા સમય જબ હોય;
દશદિશથી આવી મળે, પંખી અનેક તે જોય. ૬૩
રાત્રે તિહાં વાસો વસે, સવિ પંખી સમુદાય;
પ્રાતઃકાળ ઉઠી ચલે, દશેદિશે તેહુ જાય. ૬૪
ઇણવિધ એહ સંસારમેં, સવિકુટુંબ પરિવાર;
સંબંધે સહુ આવી મળે, થિતી પાકે રહે ન કેવાર. ૬૫
કીસકા બેટા બાપ હે, કીસકા માત ને ભ્રાત;
કીસકા પતિ કીસકી પ્રિયા, કીસકી ન્યાત ને જાત. ૬૬
કીસકા મંદિર માળીયા, રાજ્ય રીદ્ધિ પરિવાર;
ક્ષણવિનાશી એ સહુ, એમ નિશ્ચે ચિત્તધાર. ૬૭
ઇંદ્રજાળ સમ એ સહુ, જેસો સુપનકો રાજ;
જેસી માયા ભૂતકી, તેસો સકળ એ સાથ. ૬૮
મોહ મદિરાના પાનથી, વિકળ ભયા જે જીવ;
તિનકું અતિરમણિક લગે, મગનરહે સદૈવ. ૬૯
મિથ્યામતિના જોરથી, નવી સમજે ચિતમાંય;
કોડ જતન કરે બાપડો, એ રહેવે કો નાંહી. ૭૦

એમ જાણી ત્રણુ લોકમાં, જે પુદ્ગલ પર્યાય;
તિનકી હું મમતા તજું, ધરૂં સમતા ચિત્ત લાય. ૭૧

એહ શરીર નહીં માહરૂં, એતો પુદ્ગલ ખંધ;
હું તો ચેતન દ્રવ્ય છું, ચિદાનંદ સુખકંદ. ૭૨

એહુ શરીરકા નાશથી, મુજકું નહિ કાંઇ ખેદ;
હું તો અવિનાશી સદા, અવિચળ અકલ અભેદ. ૭૩

દેખો મોહ સ્વભાવથી, પ્રત્યક્ષ જૂઠો જેહ;
અતિ મમતા ધરી ચિત્તમાં, રાખણુ ચાહે તેહ. ૭૪

પણુ તે રાખી નવિ રહે, ચંચળ જેહ સ્વભાવ;
દુઃખદાયી એ ભવ વિશે, પરભવ અતિ દુઃખદાય. ૭૫

એસા સ્વભાવ જાણી કરી, મુજકુ નહિં કછુ ખેદ;
શરીર એહ અસારકા, ઇણુવિધ લહે સહુ ભેદ. ૭૬

સડો પડો વિધ્વંસ હો, જલો ગલો હુઓ છાર;
અથવા થિર થઇને રહો, પણુ મુજકું નહીં પ્યાર. ૭૭

જ્ઞાનદૃષ્ટિ પ્રગટ ભઇ, મીટ ગયા મોહ અંધાર;
જ્ઞાન સરૂપી આતમા, ચિદાનંદ સુખકાર. ૭૮

નિજ સરૂપ નિરધારકે, મેં ભયા ઇનમેં લીન;
કાળકા ભય મુજ ચિત નહીં, કયા કર સકે એ દીન. ૭૯

ઇનકા બળ પુદ્ગલ વિશે, મોપર ચલે ન કાંય;
મેં સદા થિર શાશ્વતા, અક્ષય આતમ રાય. ૮૦

આત્મજ્ઞાન વિચારતાં, પ્રગટયો સહજ સ્વભાવ;
અનુભવઅમૃતકુંડમેં, રમણુકરૂં લહી દાવ. ૮૧

આત્મઅનુભવજ્ઞાનમાં, મગન ભયા અંતરંગ;
વિકલ્પ સવિ દૂરે ગયા, નિર્વિકલ્પ રસરંગ. ૮૨

આતમ સત્તા એકતા, પ્રગટયો સહજ સરૂપ;
તે સુખ ત્રણ જગમેં નહિં, ચિદાનંદ ચિદરૂપ. ૮૩

સહજાનંદ સહજ સુખ, મગન રહું નિશદિશ;
પુદ્ગલ પરિચય ત્યાગકે, મેં ભયા નિજ ગુણ ઈશ. ૮૪

દેખો મહિમા એહકો, અદ્ભુત અગમ અનૂપ;
તીન લોકકી વસ્તુકા, ભાસે સકલ સરૂપ. ૮૫

જ્ઞેય વસ્તુ જાણે સહુ, જ્ઞાન ગુણે કરી તેહ;
આપ રહે નિજ ભાવમેં, નહીં વિકલ્પકી રેહ. ૮૬

એસા આતમ રૂપમેં, મેં ભયા ઇણવિધ લીણ;
સ્વાધિન એ સુખ છોડકે, વંછુ ન પર આધિન. ૮૭

એમ જાણી નિજરૂપમેં, રહું સદા હુશિયાર;
બાધા પીડા નહીં કછુ, આતમ અનુભવ સાર. ૮૮

જ્ઞાન રસાયણ પાયકે, મીટગઈ પુદ્ગલ આશ;
અચળ અખંડ સુખમેં રમું, પુરણાનંદ પ્રકાશ. ૮૯

ભવ ઉદધિ મહા ભયકરૂ, દુઃખ જળ અગમ અપાર;
મોહે મુર્છિત પ્રાણીકું, સુખ ભાસે અતિ સાર. ૯૦

અસંખ્ય પ્રદેશી આતમા, નિશ્ચે લોક પ્રમાણ;
વ્યવહારે દેહ માત્ર છે, સંકોચ થકી મન આણ. ૯૧

સુખ વીરજ જ્ઞાનાદિ ગુણ, સર્વાંગે પ્રતિપૂર;
જેસે લુણ સાકર ભલી, સર્વાંગે રસભૂર. ૯૨

જેસે કંચુક ત્યાગથી, વિણસત નાહીં ભુજંગ;
દેહ ત્યાગથી જીવ પણ, તૈસે રહત અભંગ. ૯૩

એમ વિવેક હૃદયે ધરી, જાણી શાશ્વત રૂપ;
થિર કરી હુઓ નિજરૂપમેં, તજી વિકલ્પ ભ્રમકૂપ. ૯૪

સુખમય ચેતન પિંડ હે, સુખમેં રહે સદૈવ;
નિર્મલતા નિજ રૂપકી, નિરખે ખીણુ ખીણુ જીવ. ૯૫

નિર્મલ જેમ આકાશકું, લગે ન કીણુવિધ રંગ;
છેદ ભેદ હુએ નહીં, સદા રહે તે અભંગ. ૯૬

તેસે ચેતન દ્રવ્ય હે, ઇનકો કબહુ ન નાશ;
ચેતન જ્ઞાનાનંદમય, જડભાવી આકાશ. ૯૭

દર્પણુ નિર્મલકે વિશે, સબ વસ્તુ પ્રતિભાસ;
તિમ નિર્મલ ચેતન વિશે, સબ વસ્તુ પરકાશ. ૯૮

એણુ અવસર એમ જાણુકે, મેં ભયા અતિ સાવધાન;
પુદ્ગલ મમતા છાંડકે, ધરૂં શુદ્ધ આતમ ધ્યાન. ૯૯

આતમ જ્ઞાનકી મગનતા, એહીજ સાધન મૂલ;
એમ જાણી નિજ રૂપમેં, કરૂં રમણુ અનકૂલ. ૧૦૦

નિર્મલતા નિજ રૂપકી, કીમહીં કહી ન જાય;
તીન લોકકા ભાવ સબ, ઝલકે જીનમેં આય. ૧૦૧

એસા મેરા સહજ રૂપ, જિન વાણી અનુસાર;
આતમ જ્ઞાને પાયકે, અનુભવમેં એકતાર, ૧૦૨

આતમ અનુભવ જ્ઞાન જે, તેહીજ મોક્ષ સરૂપ;
તે છંડી પુદ્ગલ દશા, કુણુ ગ્રહે ભવકૂપ. ૧૦૩

આતમ અનુભવ જ્ઞાન તે, દુવિધા ગઈ સબદૂર;
તબ થિર થઇ નિજ રૂપકી, મહિમા કહું ભરપૂર. ૧૦૪

શાંતસુધારસ કુંડ એ, ગુણુ રત્નોંકી ખાણુ;
અનંત રિદ્ધિ આવાસ એ, શિવ મંદિર સોપાન. ૧૦૫

પરમ દેવ પણુ એહ છે, પરમ ગુરૂ પણુ એહ;
પરમ ધર્મ પ્રકાશકોં, પરમતત્વ ગુણુ ગેહ. ૧૦૬

એસો ચેતન આપકો, ગુણ અનંત ભંડાર;
અપની મહિમા બીરાજતો, સદા સરૂપ આધાર. ૧૦૭

ચિદ્રૂપી ચિન્મય સદા, ચિદાનંદ ભગવાન;
શિવશંકર સ્વયંભૂ નમું, પરમ બ્રહ્મ વિજ્ઞાન. ૧૦૮

એણુવીધ આપ સરૂપકી, લખી મહિમા અતિ સાર;
મગન ભયા નિજ રૂપમેં, સબ પુદ્ગલ પરિહાર. ૧૦૯

ઉદધિ અનંત ગુણે ભર્યો, જ્ઞાન તરંગ અનેક;
મર્યાદા મૂકે નહીં, નિજ સરૂપ કી ટેક. ૧૧૦

અપની પરિણુતિ આદરી, નિર્મલ જ્ઞાન તરંગ;
રમણુ કરૂં નિજ રૂપમેં, અબ નહીં પુદ્ગલ રંગ. ૧૧૧

પુદ્ગલ પિંડ શરીર એ, મેં હું ચેતનરાય;
મેં અવિનાશી એહ તો, ક્ષીણુમેં વિણસી જાય. ૧૧૨

અન્ય સભાવે પરિણુમે, વિણુસંતાં નહીં વાર;
તિણુસું મુજ મમતા કીસી, પાડોશી વ્યવહાર. ૧૧૩

ઇણુકી થિતી પૂરણુ ભઈ, રહેણેકી નહીં આશ;
વરણુ રસ ગંધ ફરસ સહુ, ગિલન લગા ચિહું પાસ. ૧૧૪

એહ શરીરકી ઉપરે, રાગ દ્વેષ મુજ નાંહી;
રાગ દ્વેષકી પરિણુતે, ભમિએ ચિહું ગતિ માંહી. ૧૧૫

રાગ દ્વેષ પરિણામથી, કરમ બંધ બહુ હોય;
પરભવ દુઃખદાયક ઘણા, નરકાદિક ગતિ જોય. ૧૧૬

મોહે મુર્ચ્છિત પ્રાણીકું, રાગ દ્વેષ અતિ થાય;
અહંકાર મમકાર પણુ, તિણુથી શુધ બુધ જાય. ૧૧૭

મહિમા મોહ અજ્ઞાનથી, વિકલ ભયા સવિજીવ;
પુદ્ગલિક વસ્તુ વિષે, મમતા ધરે સદૈવ. ૧૧૮

પરમેં નિજપણું માનકે, નિવિડ મમત ચિત ધાર;
વિકલ દશા વરતે સદા, વિકલ્પનો નહીં પાર. ૧૧૯

મેં મેરા એ ભાવથી, ફિર્યો અનંતો કાળ;
જિન વાણી ચિત પરિણમે, છુટે મોહ જંજાળ. ૧૨૦

મોહ વિકલ એહ જીવકું, પુદ્‌ગલ મોહ અપાર;
પણ ઇતની સમજે નહીં, ઈનમે કછુ નહિં સાર. ૧૨૧

ઈચ્છાથી નવી સંપજે, કલ્પે વિપત ના જાય;
પણ અજ્ઞાની જીવકું, વિકલ્પ અતિશય થાય. ૧૨૨

એમ વિકલ્પ કરે ઘણા, મમતા અંધ અજાણ;
મેંતો જિન વચને કરી, પરથમ થકી હુઓ જાણ. ૧૨૩

મેં શુદ્ધાતમ દ્રવ્ય હું, એ સબ પુદ્‌ગલ ભાવ;
સડન પડન વિધ્વંસણો, ઈસકા એહ સ્વભાવ. ૧૨૪

પુદ્‌ગલ રચના કારમી, વિણસંતાં નહીંવાર;
એમ જાણી મમતા તજી, સમતાશું મુજ પ્યાર. ૧૨૫

જનની મોહ અંધારકી, માયા રજની કૂર;
ભવ દુઃખકી એ ખાણ હે, ઇણસું રહીએ દૂર. ૨૨૬

એમ જાણી નિજ રૂપમેં, રહું સદા સુખવાસ;
ઓર સબ એ ભવજાલહે, ઇણસું ભયા ઉદાસ. ૧૨૭

એણ અવસર કોઈ આયકેં, મુજકું કહે વિચાર;
કાયાસું તુમ કછુ નહિ, એહ વાત નિરધાર. ૧૨૮

પણ એહ શરીર નિમિત્તહે, મનુષ્ય ગતિકે માંહ;
શુદ્ધઉપયોગકી સાધના, એણસું બને ઉછાંહ ૧૨૯

એહ ઉપગાર ચિત્ત આણકે, ઇનકા રક્ષણ કાજ;
ઉદ્યમ કરનાં ઉચિતહે, એહ શરીર કે સાજ. ૧૩૦

ઈનિમેં ટોટા નહિં કહ્યું, એહ કેણેકી બાત;
તિનસુ ઉત્તર અબ કહું, સુણો સજ્જન ભલી ભાત. ૧૩૧

તુમને જો બાતાં કહી, અમ ભી જાણું સર્વ;
એહ મનુષ્ય પરજાય સેં, ગુણ બહુ હોત નિગર્વ. ૧૩૨

શુદ્ધ ઉપયોગ સાધન બને, ઓર જ્ઞાન અભ્યાસ;
જ્ઞાન વૈરાગ્યકી વૃદ્ધિકો, એહી નિમિત્ત હે ખાસ. ૧૩૩

ઇત્યાદિક અનેક ગુણ, પ્રાપ્તિ ઇણથી હોય;
અન્ય પરજાય એહવા, ગુણ બહુ દુર્લભ જોય. ૧૩૪

પણ એહ વિચારમેં, કહેણે કો એ મર્મ;
એહ શરીર રહો સુખે, જો રહે સંજમ ધર્મ. ૧૩૫

અપના સંજમાદિક ગુણ, રખણા એહીજ સાર;
તે સંયુક્ત કાયા રહે, તીનમેં કો ન અસાર. ૧૩૬

મોકું એહ શરીરસું, વેર ભાવતો નાંહી;
એમ કરતાં જો નવી રહે, ગુણ રખણા તો ઉછાહીં ૧૩૭

વિઘન રહિત ગુણ રાખવા, તિણ કારણ સુણ મિત્ત;
સ્નેહ શરીરકો છાંડીએ, એહ વિચાર પવિત્ત. ૧૩૮

એહ શરીર કે કારણે, જો હોય ગુણકા નાશ;
એહ કદાપી ના કીજીએ, તુમકું કહુ શુભ ભાષ. ૧૩૯

એહ સંબંધકો ઉપરે, સુણો સુગુણ દૃષ્ટાંત;
જીણથી તુમ મનકે વિશે, ગુણ બહુમાન હોય સંત. ૧૪૦

કોઈ વિદેશી વણિક સુત, ફરતાં ભૂતલ માંહી;
રત્નદ્વિપ આવી ચડયો, નીરખી હરખ્યો તાંહી. ૧૪૧

જાણ્યું રત્ન દ્વીપ એહ છે, રત્ન તણો નહીં પાર;
કરૂં વ્યવસાય ઇહાં કણે, મેળવું રત્ન અપાર ૧૪૨

તૃણુ કાષ્ટાદિક મેળવી, કૂટિ કરી મનોહાર;
તિણુમેં તે વાસો વસે, કરે વણુજ વ્યાપાર. ૧૪૩

રતન કમાવે અતિ ઘણું, કૂટિમેં થાપે તેહ;
એમ કરતાં કઈ દિન ગયાં, એક દિન ચિંતા અછેહ. ૧૪૪

કુટી પાસ અગ્નિ લગી, મનમેં ચિંતે એમ;
બુઝવું અગ્નિ ઉદ્યમ કરી, કુટિરતન રહે જેમ. ૧૪૫

કીણવિધ અગ્નિ સમી નહીં, તવ તે કરે વિચાર;
ગાફલ રહેણું અબ નહીં, તરત હુઆ હુશીયાર. ૧૪૬

એ તરણાકી ઝુંપડી, અગ્નિ તણે સંજોગ,
ખીણમેં એ જલી જાયગી, અબ કહા ઇસકા ભોગ ૧૪૭

રતન સંભાળું આપણું, એમ ચિંતી સવિ રત્ન;
લેઇ નિજપુર આવીઓ, કરતો બહુવિધ જત્ન. ૧૪૮

રતન વિક્રિય તેણે પુરે, લક્ષ્મી લહી અપાર;
મંદિર મહેલ બનાવીયા, બાગ બગીચા સાર. ૧૪૯

સુખ વિલસે સબ જાતકા, કીસી ઉણમ નહીં તાસ;
દેવલોક પરે માનતો, સદા પ્રસન્ન સુખ વાસ. ૧૫૦

ભેદ વિજ્ઞાની પુરૂષ જો, એહ શરીર કે કાજ;
દુષણ કોઈ સેવે નહીં, અતિચાર ભી ત્યાજ. ૧૫૧

આત્મ ગુણ રક્ષણ ભણી, દઢતા ધરે અપાર;
દેહાદિક મૂર્છા તજી, સેવે શુદ્ધ વ્યવહાર. ૧૫૨

સંજમ ગુણ પરભાવથી ભાવી સંજોગ
મહાવિદેહ ખેત્રાંવિશે, જન્મ હોવે શુભ જોગ. ૧૫૩

જીહાં સીમંધર સ્વામીજી, આદે વીશ જિણંદ;
ત્રિભુવન નાયક સોહતા, નિરખું તસ મુખચંદ. ૧૫૪

કેવળજ્ઞાન દિવાયરુ, બહુ કેવળી ભગવાન;
વળી મુનિવર મહા સંજમી, શુદ્ધ ચરણ ગુણવાન. ૧૫૫
એહવા ઉત્તમ ક્ષેત્રમાં, જો હોય માહરો વાસ;
તો પ્રભુ ચરણ કમલ વિશે, નિશદિન કરૂં નિવાસ. ૧૫૬
અતિ ભક્તિ બહુમાનથી, પૂજી પદ અરવિંદ;
શ્રવણ કરૂં જિનવર ગિરા, સાવધાન ગત દ્વંદ. ૧૫૭
સમવસરણ સુરવર રચે, રતન સિંહાસન સાર;
બેઠા પ્રભુ તસ ઉપરે, ચોત્રીશ અતિશય ધાર. ૧૫૮
વાણી ગુણ પાંત્રીશ કરી, વરસે અમૃત ધાર;
તે નિસુણી હૃદયે ધરી, પામું ભવજલપાર. ૧૫૯
નિવિડ કર્મ મહારોગ જે, તિણકું ફેડણહાર;
પરમ રસાયણ જિન ગિરા, પાન કરૂં અતિ પ્યાર. ૧૬૦
ક્ષાયક સમકિત શુદ્ધતા, કરવાનો પ્રારંભ;
પ્રભુ ચરણ સુપસાયથી, સફળ હોવે સારંભ. ૧૬૧
એમ અનેક પ્રકારકે, પ્રશસ્ત ભાવ સુવિચાર;
કરકે ચિત્ત પ્રસન્નતા, આણંદ લહું અપાર. ૧૬૨
ઓર અનેક પ્રકારકેં, પ્રશ્ન કરૂં પ્રભુ પાય;
ઉત્તર નિસુણી તેહના, સંશય સવિ દુર જાય. ૧૬૩
નિઃસંદેહ ચિત્ત હોયકે, તત્ત્વાતત્ત્વ સરૂપ; ૧૬૪
રાગદ્વેષ દોય દોષ એ, અષ્ટ કરમ જડ એહ;
હેતુ એહ સંસારકા, તિનકો કરવો છેહ. ૧૬૫
શીઘ્ર પણે જડમૂળથી, રાગદ્વેષકો નાશ;
કરકે શ્રીજિનચંદ્રકું, નિરખું શુદ્ધ વિલાસ. ૧૬૬
પરમ દયાલ આણંદમય, કેવલ શ્રી સંયુક્ત;
ત્રિભુવનમેં સૂરજપરેં, મિથ્યાતિમિર હરંત. ૧૬૭

એહવા પ્રભુકું દેખકેં, રોમ રોમ ઉલસંત;
વચન સુધારસ શ્રવણુ તે, રૂદય વિવેક વધંત. ૧૬૮
શ્રી જિન દરિશન જોગથી, વાણી ગંગપ્રવાહ;
તિણુથી પાતિક મળ સવે, ધોઇશિ અતિ ઉછાહ. ૧૬૯
પવિત્ર થઈ જિન દેવકે, પાસે લેશું દીખ;
દુર્ધર તપ અંગીકરૂં, ગ્રહણુ આસેવન શીખ. ૧૭૦
ચરણુ ધરમ પ્રભાવથી હોશે શુદ્ધ ઉપયોગ;
શુદ્ધાતમકી રમણુતા, અદ્ભુત અનુભવ જોગ. ૧૭૧
અનુભવ અમૃત પાનમેં, આતમ ભયે લયલીન;
ક્ષપક શ્રેણુકે સનમુખે, ચઢણુ પ્રયાણુ તે કીન. ૧૭૨
આરોહણુ કરી શ્રેણીકું, ઘાતી કરમકો નાશ;
ઘનઘાતી છેદી કરી, કેવળ જ્ઞાન પ્રકાશ. ૧૭૩
એક સમય ત્રણુ કાલકે, સકળ પદારથ જેહ;
જાણે દેખે તત્ત્વથી, સાદિ અનંત અછેહ. ૧૭૪
એહી પરમ પદ જાણીએ, સો પરમાતમ રૂપ;
શાશ્વત પદ થિર એહ છે, ફીર નહીં ભવજળ કૂપ. ૧૭૫
અવિચળ લક્ષ્મીકો ધણી, એહ શરીર અસાર;
તિનકી મમતા કીમ કરે, જ્ઞાનવંત નિરધાર ૧૭૬
સમ્યક્દ્રષ્ટિ આતમા, એણુવિધ કરી વિચાર;
થિરતા નીજ સ્વભાવમેં, પરપરિણુતિ પરિહાર. ૧૭૭
મુજકું દોનું પક્ષમેં, વરતે આણુંદ ભાય;
જો કદી એહ શરીરકો, રહેણો કાંઉક થાય ૧૭૮
તો નિજ શુદ્ધ ઉપયોગકો, આરાધન કરૂં સાર;
તિનમેં વિઘન દીસે નહીં, સંકલેશકો ચાર. ૧૭૯
જો કદી થિતી પૂરણુભઈ, હોયે શરીર કો નાશ;
તો પરલોક વિષે કરૂં, શુદ્ધ ઉપયોગ અભ્યાસ. ૧૮૦

મેરે શુદ્ધ ઉપયોગમેં, વિઘન ન દીસે કોય;
તો મેરે પરિણામમેં, હલચલ કાંહસુ હોય; ૧૮૧
મેરે પરિણામ કે વિષે, શુદ્ધ સરૂપકી ચાહ;
અતિ આસક્તપણે રહે, નિસદિન એહીજ રાહ. ૧૮૨
એ આસક્તિ મિટાવવા, બ્રહ્મા વિષ્ણુ મહેશ;
આદિ કોઈ સમરથ નહીં, તેણે કરી ભય નહી લેશ. ૧૮૩
ઈંદ્ર ધરણેંદ્ર, નરેન્દ્ર કા મુજકું ભય કછુ નાંહી;
યા વિધ શુદ્ધ સરૂપમેં, મગન રહું ચિત્ત માંહી; ૧૮૪
સમરથ એક મહાબળી, મોહ સુભટ જગ જાણ;
સવી સંસારી જીવકું, પટકે ચિહું ગતિ ખાણ. ૧૮૫
દુષ્ટ મોહ ચંડાલકી, પરિણતિ વિષય વિરૂપ;
સંજમધર મુનિ શ્રેણીગત, પટકે ભવજળ કૂપ. ૧૮૬
મોહ કરમ મહાદુષ્ટકું, પ્રથમ થકી પહીછાણ;
જિન વાણી મહા મોગરે, અતિશય કીધ હેરાન. ૧૮૭
જરજરી ભૂત હુઈ ગયા, નાઠા મજસું દુર;
અબ નજીક આવે નહીં, દુરપે મુજસું ભૂર. ૧૮૮
તેણે કરી મેં નચિંત હું, અબ મુજ ભય નહીં કોય;
ત્રણ લોક પ્રાણી વિશે, મિત્રભાવ મુજ હોય. ૧૮૯
સુણો સજ્જન પરિવાર તુમ, સભા લોક સુણો વાત;
મરણેકા ભય મુજ નહિ, એહ નિશ્ચે અવદાત. ૧૯૦
અવસરલહી અબ મેં ભયા, નિર્ભય સર્વ પ્રકાર;
આત્મ સાધન અબ કરૂં, નિઃસંદેહ નિરધાર. ૧૯૧
શુદ્ધ ઉપયોગી પુરૂષકું, ભાસે મરણ નજીક;
તવ જંજાળ સબ પરિહરી, આપ હોવે નિરભીક. ૧૯૨
એણીવિધ ભાવ વિચારકે, આણંદમય રહે સોય;
આકુળતા કીણુવિધ નહીં, નિરાકુલ થિર હોય. ૧૯૩

આકુળતા ભવ બીજ હે, ઇણુથી વધે સંસાર;
જાણી આકુળતા તજે, એ ઉત્તમ આચાર. ૧૯૪

સંજમ ધર્મ અંગીકરે, કિરિયા કષ્ટ અપાર;
તપ જપ બહુ વરસાં લગે, કરી ફળ સંચ અસાર. ૧૯૫

આકુળતા પરિણામથી, ખીણમેં હોય સહુ નાશ;
સમકિતવંત એમ જાણીને, આકુળતા તજે ખાસ. ૧૯૬

નિરાકુળ થિર હોયકે, જ્ઞાનવંત ગુણ જાણ;
હિત શિખ રૂદયે ધરી, તજે આકુળતા દુઃખ ખાણ. ૧૯૭

આકુળતા કોઈ કારણે, કરવી નહીં લગાર;
એ સંસાર દુઃખ કારણો, ઈણકું દૂર નિવાર. ૧૯૮

નિશ્ચે શુદ્ધ સરૂપકી, ચિંતન વારંવાર;
નિજ સરૂપ વિચારણા, કરવી ચિત્ત મજાર. ૧૯૯

નિજ સરૂપકો દેખવો, અવલોકન પણ તાસ;
શુદ્ધ સરૂપ વિચારવો, અંતર અનુભવ ભાસ. ૨૦૦

અતિ થિરતા ઉપયોગકી, શુદ્ધસરૂપકે માંહી;
કરતાં ભવ દુઃખ સવિ ટળે, નિર્મળતા લહે તાંહી. ૨૦૧

જેમ નિર્મલ નિજ ચેતના, અમલ અખંડ અનૂપ;
ગુણ અનંતનો પિંડ એહ, સહજાનંદ સ્વરૂપ ૨૦૨

એહ ઉપયોગે વરતતાં, થિરભાવે લયલીન;
નિર્વિકલ્પ રસ અનુભવે, નિજ ગુણમાં હોય પીન. ૨૦૩

જબ લગે શુદ્ધ સરૂપમેં, વરતે થિર ઉપયોગ;
તબ લગે આતમ જ્ઞાનમાં, રમણ કરણકો જોગ. ૨૦૪

જબ નિજ જોગ ચલિત હોવે, તબ કરે એહ વિચાર;
એ સંસાર અનિત્ય છે, ઇણમેં નહી કછુ સાર. ૨૦૫

દુઃખ અનંતકી ખાણુ એહ, જનમ મરણુ ભય જોર;
વીષમ વ્યાધિ પૂરિત સદા, ભવ સાયર ચીહું ઓર. ૨૦૬

એહ સરૂપ સંસારકો, જાણી ત્રિભુવન નાથ;
રાજ ઋદ્ધિ સબ છોડકે, ચલવે શિવપુર સાથ. ૨૦૭

નિશ્ચે દ્રષ્ટિં નીહાલતાં, ચિદાનંદ સરૂપ;
ચેતન દ્રવ્ય સાધર્મતા, પુરણાનંદ સરૂપ. ૨૦૮

પ્રગટ સિધ્ધતા જેહની, આલંબન લહી તાસ;
શરણુ કરૂં મહા પુરૂષકો, જેમ હોય વિકલ્પ નાશ. ૨૦૯

અથવા પંચપરમેષ્ટી એ, પરમ શરણુ મુજ એહ;
વળી જિન વાણી શરણુ છે, પરમ અમૃત રસ મેહ. ૨૧૦

જ્ઞાનાદિક આતમગુણા, રત્નત્રયી અભિરામ;
એહ શરણુ મુજ અતિ ભલું, જેહથી લહું શિવધામ. ૨૧૧

એમ શરણુ દ્રઢ ધારકે, થિર કરવો પરિણામ;
જબ થિરતા હોયે ચિત્તમાં, તબ નિજ રૂપ વિસરામ. ૨૧૨

આતમ રૂપ નિહાળતાં, કરતાં ચિંતન તાસ;
પરમાણુંદ પદ પામીએ, સકલ કર્મ હોય નાશ. ૨૧૩

પરમજ્ઞાન જગ એહ છે, પરમધ્યાન પણ એહ;
પરમ બ્રહ્મ પરગટ, પરમ જ્યોતિ ગુણ ગેહ. ૨૧૪

તિણુ કારણુ નિજ રૂપમાં, ફિરી ફિરી ઉપયોગ;
ચિહું ગતિ ભ્રમણુ મિટાવવા, એહ સમ નહીં કોઈ જોગ. ૨૧૫

નિજસરૂપ ઉપયોગથી, ફિરી ચલિત જો થાય;
તો અરિહંત પરમાત્મા, સિદ્ધ પ્રભુ સુખદાય. ૨૧૬

તિનકા આતમ સરૂપકા, અવલોકન કરો સાર;
દ્રવ્ય ગુણ પર્જવ તેહના, ચિંતવો ચિત્ત મઝાર. ૨૧૭

નિર્મલ ગુણ ચિંતન કરત, નિર્મલ હોય ઉપયોગ;
તવ ફિરી નિજ સરૂપકા, ધ્યાન કરો થિર જોગ. ૨૧૮
જે સરૂપ અરિહંતકો, સિદ્ધસરૂપ વળી જેહ;
તેહવો આતમ રૂપ છે, તિણમેં નહીં સંદેહ. ૨૧૯
ચેતન દ્રવ્ય સાધર્મતા, તેણે કરી એક સરૂપ;
ભેદ ભાવ ઇણમેં નહીં, એહવો ચેતન ભૂપ. ૨૨૦
ધન્ય જગતમેં તે નર, જે રમે આતમ સરૂપ;
નિજ સરૂપ જેણે નવિ લહ્યું, તે પડીયા ભવ કૂપ. ૨૨૧
ચેતન દ્રવ્ય સભાવથી, આતમ સિદ્ધ સમાન;
પરજાયે કરી ફેર જે, તે સવી કર્મ વિધાન. ૨૨૨
તેણે કારણ અરિહંતકા, દ્રવ્ય ગુણ પરજાય;
ધ્યાન કરતાં તેહનું, આતમ નિર્મલ થાય. ૨૨૩
પરમ ગુણી પરમાતમા, તેહના ધ્યાન પસાય;
ભેદ ભાવ દૂરે ટળે, એમ કહે ત્રિભુવન રાય. ૨૨૪
જેહ ધ્યાન અરિહંતકો, સોહી આતમ ધ્યાન;
ફેર કછુ ઇણમેં નહીં, એહીજ પરમ નિધાન. ૨૨૫
એમ વિચાર હીરદે ધરી, સમ્યક્ દ્રષ્ટી જેહ;
સાવધાંન રૂપમેં, મગન રહે નીત્ય તેહ. ૨૨૬
આતમ હિત સાધક પુરૂષ, સમ્યક્‌વંત સુજાણ;
કહા વિચાર મનમેં કરે, વરણવું સુણો ગુણ ખાણ. ૨૨૭
જેહ કુટુંબ પરિવાર સહુ, બેઠે હે નિજ પાસ;
તિનકો મોહ છોડવા, એણીપરે બોલે ભાસ. ૨૨૮
એહ શરીર આશ્રિત છે, તુમ મુજ માતને તાત;
તેણે કારણ તુમકું કહું, અબ નિસુણો એક વાત. ૨૨૯

એતા દિન શરીર એહ, હોત તુમારા જેહ;
અબ તુમારા નાંહી હૈ, ભલી પરે જાણો તેહ. ૨૩૦

અબ એહ શરીરકા, આયુર્બલ થિતિ જેહ;
પુરણ ભઈ અબ નવી રહે, કીણવિધ રાખી તેહ. ૨૩૧

થિતિ પરમાણે તે રહે, અધિક ન રહૈ કેણીભાત;
તો તસ મમતા છોડવી, એ સમજણકી બાત. ૨૩૨

જો અબ એહ શરીર કી, મમતા કરીયે ભાય;
પ્રિતિ રાખીએ તેહસું, દુઃખદાયક બહુ થાય. ૨૩૩

સુર અસુરાં કો દેહ એ, ઇંદ્રાદિક કો જેહ;
સબહી વિનાશિક એહ છે, તો કયું કરવો નેહ. ૨૩૪

ઇંદ્રાદિક સુર મહાબળી, અતિશય શક્તિ ધરંત;
થિતિ પુરણ થયે તેહ પણ, ખીણ એક કોઉ ન રહંત. ૨૩૫

ઇંદ્રાદિક સુર જેહ છે, તિણકી ઋદ્ધિ અપાર;
બત્રીશ લાખ વિમાનકે, સવી સુર આણાકાર. ૨૩૬

તિન લખ છત્રીશ સહસ છે, મહા બળવંત જુજાર;
આતમ રક્ષક જેહના, અનિમેષ રહે હુશીયાર. ૨૩૭

સાત કટક બળનો ધણી, ઋદ્ધિ તણો નહીં પાર;
સામાનિક સુરવર પ્રમુખ, જીહાં છે બહુ વિસ્તાર. ૨૩૮

એહવા પરાક્રમ કા ધણી, જબ થિતિ પૂરણ હોય;
કાળ પિશાચ જબ સંગ્રહે, રાખી ન શકે કોય. ૨૩૯

કાંળ કૃતાંત કે આગળે, કીસકા ચલે ન જોર;
મોહે મુંઝયા પ્રાણિયા, ટલવળતા કરે સોર. ૨૪૦

તેણે કારણ માવિત્ર તુમ, તજો મોહકું દૂર;
સમતા ભાવ અંગીકરી, ધર્મ કરો થઈ શૂર. ૨૪૧

પુદ્ગલ રચના કારમી, વિણુસંતાં નહીં વાર;
તે ઉપર મમતા કીસી, ધર્મ કરો જગસાર. ૨૪૨

જૂઠા એહ સંસાર છે, તિણુકું જાણો સાચ;
ભૂલ અનાદિ અજ્ઞાનકી, મોહ કરાવે નાચ. ૨૪૩

કરમ સંજોગ આવી મળે, થિતિ પાકે સહુજાય;
ક્રોડ જતન કરીએ કદા, પણુ ખીણુ એક ન રહાય. ૨૪૪

સ્વપ્ન સરીખા ભોગ છે, ઋદ્ધિં ચપળા ઝબકાર;
ડાભ અણી જળ બિંદુસમ, આયુ અથિર સંસાર. ૨૪૫

તે જાણો તમે શુભપરે, છંડો મમતા જાળ;
આતમહિત અંગીકરી,. પાપ કરો વિસરાલ. ૨૪૬

રાગ દશાથી જીવકું, નિવિડ કરમ હોય બંધ;
વળી દુર્ગતિમાં જઈ પડે, જીહાં દુઃખના બહુ દ્વંદ. ૨૪૭

મુજ ઉપર બહુ મોહથી. તુમકું અતિ દુઃખ થાય;
પણુ આયુ પૂરણુ થયે, કીસીશું તે ન રખાય. ૨૪૮

અલ્પ કાળ આયુ તુમ, દેખો દ્રષ્ટિ નિહાલ;
સંબંધ નહીં તુમ મુજબીચે, મેં ફિરતા સંસાર. ૨૪૯

ભાવી ભાવ સંબંધથી, મેં ભયા તુમકા પુત્ર;
પંથી મેલાપ તેણી પરે, એ સંસારહ સૂત્ર. ૨૫૦

એણીવિધ સવિ સંસારી જીવ, ભટકે ચિહું ગતિ માંહી;
કર્મ સંબંધે આવી મલે, પણુ ન રહે થિર કયાંહી. ૨૫૧

એહ સરૂપ સંસારકા, પ્રત્યક્ષ તુમ દેખાય;
તેણુ કારણુ મમતા તજી, ધર્મ કરો ચિત્ત લાય. ૨૫૨

પુન્ય સંજોગે પામિયા, નરભવ અતિ સુખકાર;
ધર્મ સામગ્રી સવિ મળી, સફલ કરો અવતાર. ૨૫૩

કાળ આહેડી જગતમેં, ભમતો દિવસ ને રાત;
તુમકું પણ ગ્રહશે કદા, એ સાચો અવદાત. ૨૫૪
એમ જાણી સંસારકી, મમતા કીજે દૂર;
સમતા ભાવ અંગીકરો, જેમ લહો સુખ ભરપૂર. ૨૫૫
ધરમ ધરમ જગ સહુ કરે, પણ તસ ન લહે મરમ;
શુદ્ધ ધરમ સમજ્યા વિના, નવિ મીટે તસ ભરમ. ૨૫૬
ફટિક મણિ નિરમલ જીશો, ચેતનકો જે સ્વભાવ;
ધર્મ વસ્તુગત તેહ છે, અવર સવે પરભાવ. ૨૫૭
રાગ દ્વેષકી પરિણતિ, વિષય કષાય સંજોગ;
મલીન ભયા કરમે કરી, જનમ મરણ આભોગ. ૨૫૮
મોહ કરમકી ગેહલતા, મિથ્યાદ્રષ્ટિ અંધ;
મમતા શું માચે સદા, ન લહે નિજ ગુણ સંગ. ૨૫૯
તીન કારણ તુમકું કહું, સુણો એક ચિત લગાય;
મમતા છાંડો મૂલથી, જેમ તુમકું સુખ થાય. ૨૬૦
પરમ પંચ પરમેષ્ટિકો, સમરણ અતિ સુખદાય;
અતિ આદરથી કીજીએ, જેહથી ભવદુઃખ જાય. ૨૬૧
અરિહંત સિદ્ધ પરમાત્મા; શુદ્ધ સરૂપી જેહ;
તેહના ધ્યાન પ્રભાવથી, પ્રગટે નિજ ગુણ રેહ. ૨૬૨
શ્રી જિન ધરમ પસાયથી, હુઇ મુજ નિર્મલ બુદ્ધ;
આતમ ભલી પરેં ઓળખી, અબ કરૂં તેહની શુદ્ધ. ૨૬૩
તુમ પણએહ અંગીકરો, શ્રી જિનવરકો ધર્મ;
નિજ આતમકું ભલીપરેં, જાણી લહો સવિ મર્મ. ૨૬૪
ઓર સવે ભ્રમ જાળ હે, દુઃખદાયક સવી સાજ;
તિનકી મમતા ત્યાગકે, અબ સાધો નિજ કાજ. ૨૬૫

ભવ ભવ મેલી મૂકીયા, ધન કુટુંબ સંજોગ;
વાર અનંતા અનુભવ્યા, સવિ સંજોગ વિજોગ. ૨૬૬
અજ્ઞાની એ આતમા, જીસ જીસ ગતિમેં જાય;
મમતાવશ ત્યાં તેહુવો, હુઇ રહી બહુ દુઃખ પાય. ૨૬૭
મહાતમ એ સવી મોહકો, કિણવિધ કહ્યો ન જાય;
અનંતકાલ એણીપરે ભમે, જન્મ મરણ દુઃખદાય. ૨૬૮
એમ પુદ્ગલ પરજાય જેહ, સર્વવિનાશીજાણ;
ચેતન અવિનાશી સદા, એ નાં લખે અજાણ. ૨૬૯
મિથ્યા મોહને વશ થઈ, જૂઠેકું ભી સાચ;
કહે તિહાં અચરજ કીશો, ભવ મંડપ કો નાચ. ૨૭૦
જીનકો મોહ ગલી ગયો, ભેદ જ્ઞાન લહીસાર;
પુદ્ગલકી પરિણુતિ વિશે, નવિ રાચે નિરધાર. ૨૭૧
ભિન્ન લખે આતમ થકી, પુદ્ગલ કી પરજાય;
કિમહી ચળાવ્યો નવિ ચળે, કિસીપરેં તે ન ઠગાય. ૨૭૨
ભયા યથારથ જ્ઞાન જબ, જાણે નિજ પરભાવ;
થિરતા ભઈ નિજ રૂપમેં, નવી રુચે તસ પરભાવ. ૨૭૩
માતતાત તુમકું કહી, એ સબ સાચી બાત;
તે ચિતમેં ધરજ્યો સદા, સફલ કરો અવદાત. ૨૭૪
મુજકું તુમ સાથે હતો, એતા દિન સંબંધ;
અબ તે સવી પૂરણ હુઓ, ભાવી ભાવ પ્રબંધ. ૨૭૫
વિકલ્પ કોઈ તુમે મત કરો, ધર્મ કરો થઈ ધીર;
મેં પણ આતમ સાધના, કરું નિજ મન કરી થીર. ૨૭૬
આતમ કારજ સાધવો, તુમકું ઉચિત હે સાર;
મોહ ન કરો કીસી કારણે, જિણથી દુઃખ અપાર. ૨૭૭

સહજ સ્વરુપ જે આપણો, તે છે આપણી પાસ;
નહીં કીસીસું જાચનાં, નહીં પરકી કીસી આશ. ૨૭૮

અપના ઘરમાંહી અછે, મહા અમૂલ્ય નિધાન;
તે સંભાળો શુભ પરેં, ચિંતન કરો સુવિધાન. ૨૭૯

જન્મમરણ કા દુઃખ ટળે, જબ નિરખે નિજરુપ;
અનુક્રમે અવિચળ પદ લહે, પ્રગટે સિદ્ધ સરુપ. ૨૮૦

નિજ સરુપ જાણ્યાવિના, જીવ ભમે સંસાર;
જબ નિજ રુપ પિછાણીઓ, તબ લહે ભવકો પાર. ૨૮૧

સકલ પદારથ જગતકે, જાણુ દેખણુ હાર;
પ્રત્યક્ષ ભિન્ન શરીર શું, જ્ઞાયક ચેતન સાર. ૨૮૨

દ્રષ્ટાંત એક સુણો ઈહાં, બારમા સ્વર્ગકો દેવ;
કૌતુક મિશ મધ્ય લોકમેં, આવી વશિયો હેવ. ૨૮૩

કોઈક રંક પુરુષ તણી, શરીર પરજાયમેં સોય;
પેસી ખેલ કરે કીશા, તે દેખો સહુ કોય. ૨૮૪

કબહીક રાનમેં જાય કે, કાષ્ટકી ભારી લેય;
નગરમેં વેચન ચાલીયો, મસ્તકે ધરીને તેહ. ૨૮૫

કરે મજુરી કોઈ દિન, કબહીક માંગે ભીખ;
કબહીક પર સેવા વિષે, દક્ષ થઈ ધરે શીખ. ૨૮૬

કબહીક નાટકીયો હુઈ, રીઝવે નગરકો વૃંદ;
કબહીક વણિક બની ઈસો, કરે વેપાર અમંદ. ૨૮૭

કબહીક માલ ગુમાય કે, રૂદન કરે બહુ તેહ;
કબહીક નફા પાયકે, હાસ્ય વિનોદ અછેહ. ૨૮૮

એણીવિધ ખેલ કરે ઘણા, પુત્ર પુત્રી પરિવાર;
સ્ત્રી આદિક સાથે રહે, નગર માંહી તેણીવાર. ૨૮૯

વૈરી કટક આવ્યું ઘણું, નાસણ લાગ્યા લોક;
તવ તે સુર એમ ચિંતવે, ઇહાં હોશે બહુ શોક. ૨૯૦

એમ વિચાર કરી સવે, ચાલે આધી રાત;
એક પુત્રકું કાંધ પર, બીજાકું ગ્રહે હાથ. ૨૯૧

ઘરવાખરકો પોટલો, સ્ત્રી લહે શિર પરી તેહ;
પુત્રીકું આગળ કરી, એણી પેરે ચાલે તેહ. ૨૯૨

ફાટે તૂટે ગોદડાં, તીણુકી બાંધી ગાંઠ;
શીર ધરી તે આપણે, એણીવિધ તીહાંથી નાઠ. ૨૯૩

મારગ ચાલતાં તેહને, વાટ બટાઉ મળે જેહ;
પુછે કીહાં ચાલ્યા તુમે, તવ એમ ભાંખે તેહ. ૨૯૪

નગર અમારૂ ઘેરિયું, વયરી લશ્કર આય;
તીણ કારણ અમે નાશીયા, લહી કુટુંબ સમવાય. ૨૯૫

કોઈક ગામમેં જાયકે, જીમ તીમ કરું ગુજરાન;
કરમ વિપાક બને ઇસા, તેણે કરી ભયા હેરાન. ૨૯૬

એમ અનેક પ્રકારકા, ખેલ કરે જગમાંહીં;
પણ ચિત્તમેં જાણે ઇશ્યું, મેં સદા સુખ માંહીં. ૨૯૭

મેં તો બારમા કલ્પકો, દેવ મહાઋદ્ધિવંત;
અનોપમ સુખ વિલસું સદા, અદભૂત એ વિરતંત. ૨૯૮

એ ચેષ્ટા જે મેં કરી, તે સવિ કૌતુક કાજ;
રંક પરજાય ધારણ, કરી, તીણકો એ સવી સાજ. ૨૯૯

જેમ સુર એહ ચરિત્રને, નવી ધરે મમતા ભાવ;
દીન ભાવ પણ નવી કરે, ચિંતવે નિજ સુરભાવ. ૩૦૦

એણીવીધ પરજાયમેં, મેં જે ચેષ્ટા કરંત;
પણ નિજ શુદ્ધ સરુપકું, કબહુ નહીં વિસરંત. ૩૦૧

શુદ્ધ હમારો રુપ હે, શોભિત સિદ્ધ સમાન;
કેવલ લક્ષ્મી કો ધણી, ગુણ અનંત નિધાન. ૩૦૨

એણી પરે એહ સરુપકો, અનુભવ કિધો બહુવાર;
અબ કિણવિધ મુજ ભય નહીં, એ જાણો નિરધાર. ૩૦૩

અબ આગે નિજ નારીકું, સમજાવે શુભ રીત;
મમતા ન કરો એહકી, ન કરો પુદ્ગલ પ્રીત. ૩૦૪

થિતિ પૂરણ ભઈ એહકી, અબ રહેણેકા નાંહી;
તો કયું મોહ ધરો ઘણો, દુઃખ કરણા દિલ માંહી ૩૦૫

મેરા તેરા સંબંધ જે, એતા દિનકા હોય;
વધઘટ કો ન કરી શકે, એણીવિધ જાણો સોય. ૩૦૬

એહ શરીર અસાર છે, વિણસંતાં નહીં વાર;
થિતિ બલ સવિ પૂરણ હુઆ, ખીણમેં હોયગી છાર. ૩૦૭

તીણ કારણ તુમકું કહું, મ ધરો ઈણકી આશ;
ગરજ સરે નહીં તાહરી, ઇનકા હોયે અબ નાશ. ૩૦૮

એમ જાણી મમતા તજી, ધરમ કરો ધરી પ્રીત;
જેમ આતમ સુખ સંપજે, એ ઉત્તમ કી રીત. ૩૦૯

કાળ જગતમેં સહુ શીરે, ગાફલ રહેણાં નાંહીં;
કબહીક તુજકું પણ ગ્રહે, સંશય ઇણમેં નાંહી. ૩૧૦

તું મુજ પ્યારી નારી છે, એ સવી મોહ વિલાસ;
ભોગ વિટંબના જાણીએ, આતમગુણકો નાશ. ૩૧૧

સ્ત્રી ભરથાર સંજોગ જે, ભવ નાટક એહ જાણ;
ચેતન તુજ મુજ સારીખો, કર્મ વિચિત્ર વખાણ. ૩૧૨

એમ વિચાર ચિત્તમેં ધરી, મમતા મકો દૂર;
નિજ સ્વારથ સાધન ભણી, ધરમ કરો થઈ શૂર. ૩૧૩

જો મુજ ઉપર રાગ છે, તો કરો ધરમમેં સહાજ;
ઇણે અવસર તુજ ઉચિતહે, એ સમો અવર ન કાજ. ૩૧૪

ધરમ ઉપદેશ એણીપરેં, તેરા હીતકે કાજ;
મેં કહ્યો કરુણા લાયકેં, તેણે સાધો શિવરાજ. ૩૧૫

ફોગટ ખેદ ના કીજીએ, કર્મ બંધ બહુ થાય;
જાણી એમ મમતા તજી, ધર્મ કરો સુખદાય. ૩૧૬

હવે નીજ કુટુંબ ભણી કહે, હિત શિક્ષા સુવિચાર;
મમતા મોહ છોડાવવા, એણીવીધ કરે ઉપગાર. ૩૧૭

સુણો કુટુંબ પરિવાર સહુ, કહું તુમકું હિત લાય;
આઉ થિતિ પૂરણ ભઇ, એહ શરીરકી ભાય. ૩૧૮

તેણે કારણ મુજ ઉપરે, રાગ ન ધરણાં કોય;
રાગ કર્યાં દુઃખ ઉપજે, ગરજ ન સરણી જોય. ૩૧૯

એહ થિતિ સંસારકી, પંખીકા મેલાપ;
ખીણ ખીણમેં ઊડી ચલે, કહા કરણાં સંતાપ. ૩૨૦

કોણ રહ્યા ઇહાં થીર થઇ, રેહણહાર નહીં કોય;
પ્રત્યક્ષ દીસે ઇણીપરેં, તુમે પણ જાણો સોય. ૩૨૧

મેરે તુમ સહુ સાથશું, ક્ષમાભાવ છે સાર;
આણંદમાં તુમ સહુ રહો, ધર્મ ઉપર ધરો પ્યાર. ૩૨૨

ભવ સાયરમાં બૂડતા, ના કોઈ રાખણહાર;
ધર્મ એક પ્રવહણ સમો, કેવલી ભાખિત સાર. ૩૨૩

એ સેવો તુમ ચિત ધરી, જેમ પામો સુખ સાર;
દુરગતિ સવિ દૂરે ટળે, અનુક્રમે ભવ નિસ્તાર. ૩૨૪

એમ કુટુંબ પરિવારકું, સમજાવી અવદાત;
પછી પુત્ર બોલાયકે, ભાંખે એણીપરે વાત. ૩૨૫

સુણો પુત્ર શાણા તુમે, કેહણેકો એ સાર;
મોહ ન કરવો માહરો, એહ અથિર સંસાર. ૩૨૬

શ્રી જિન ધરમ અંગીકરો, સેવો ધરી બહુ રાગ;
તુમકું સુખદાયક ઘણો, લહેશો મહાસોભાગ. ૩૨૭

વ્યવહારિક સંબંધથી આણુ માનો સાર;
તેણે કારણ તુમને કહું, ધારો ચિત્ત મોઝાર. ૩૨૮

પ્રથમ દેવ ગુરુ ધર્મકી, કરો અતિ ગાઢ પ્રતીત;
મિત્રાઈ કરો સુજનકી, ધર્મીશું ધરો પ્રીત. ૩૨૯

દાન શિયલ તપ ભાવના, ધર્મ એ ચાર પ્રકાર;
રાગ ધરો નિત્ય એહશું, કરો શકિત અનુસાર. ૩૩૦

સજન તથા પરજન વિષે, ભેદ વિજ્ઞાન જેમ હોય;
એહ ઉપાય કરો સદા, શિવ સુખ દાયક સોય. ૩૩૧

જે સંસારી પ્રાણીઆ, મગન રહે સંસાર;
પ્રીત ન કીજીએ તેહકી, મમતા દૂર નીવાર. ૩૩૨

રાગી જીવકી સંગતે, એહ સંસાર મઝાર;
કાળ અનાદિ ભટકતાં, કીમહી ન લહીએ પાર. ૩૩૩

રાગે રાગ દશા વધે, તેમ વળી વિષય વિકાર;
મમતા મૂર્છા બહુ વધે, એ દુર્ગતિ દાતાર. ૩૩૪

તેણે સંસારી જીવકી. તજી સંગત દિલધાર;
જ્ઞાનવંત પુરુષાં તણી કરો સંગતિ સુવિચાર. ૩૩૫

ધર્માત્મા પુરુષ તણી, સંગતે બહુ ગુણ થાય;
જશ કીર્તિ વાધે ઘણી, પરિણતિ સુધરે ભાય. ૩૩૬

એમ અનેક ગુણ સંપજે, એહ લોકમેં સુખકાર;
વળી પરલોકમેં પામીયે, સ્વર્ગાદિક સુખ સાર. ૩૩૭

વળી ઉત્તમ પુરુષતણી, સંગતે લહીએ ધર્મ;
ધરમ આરાધી અનુક્રમે, પામીયે શિવપુર શર્મ. ૩૩૮

ધરમી ઉત્તમ પુરુષકી, સંગતિ સુખની ખાણ;
દોષ સકળ દૂરે ટળે, અનુક્રમે પદ નિર્વાણ. ૩૩૯

એણીવિધ તુમકું હિતભણી, વચન કહ્યા સુરસાલ;
જો તુમકું સચ્ચા લગેં, તો કીજો ચિત્ત વિશાલ. ૩૪૦

દયા ભાવ ચિત્ત આણકે, મેં કહ્યા ધરમ વિચાર;
જો તુમ રૂદયમાં ધારશો, તો લેશો સુખ અપાર. ૩૪૧

એમ સબકું સમજાયકેં, સબસેં અલગા હોય;
અવસર દેખી આપણા, ચિત્તમેં ચિંતે સોય. ૩૪૨

આયુ અલ્પ નિજ જાણ, સમકિત દ્રષ્ટિવંત;
દાન પુન્ય કરણી જીકે, નિજ હાથે કરે સંત. ૩૪૩

મહાવ્રતધારી મુનિવરા, સમ્યક્ જ્ઞાન સંયુક્ત;
ધારક દશવિધ ધર્મના, પંચ સમિતિ ત્રણ ગુપ્ત. ૩૪૪

બાહ્ય અભ્યંતર ગ્રંથિ જે, તેહથી ન્યારા જેહ;
બહુશ્રુત આગમ અર્થના, મર્મ લહે સહુ તેહ. ૩૪૫

એહવા ઉત્તમ ગુરૂ તણો, પુન્યથી જોગ જો હોય;
અંતર ખુલી એકાંતમેં નિઃશલ્યભાવ હોય સોય. ૩૪૬

એહવા ઉત્તમ પુરુષનો, જોગ કદી નવી હોય;
તો સમકિત દ્રષ્ટિ પુરુષ, મહાગંભીર તે જોય. ૩૪૭

એહવા ઉત્તમ પુરુષકો, આગે અપની બાત;
રૂદય ખોલકેં કીજીએ, મરમ સકલ અવદાત. ૩૪૮

જોગ જીવ ઉત્તમ જીકેં, ભવભીરૂ મહાભાગ;
એહવો જોગ ન હોય કદા, કહેણો કો નહીં લાગ. ૩૪૯

અપના મનમેં ચિંતવે, દુષ્ટ કરમ વશ જેહ;
પાપ કરમ જે હોઈ ગયું, બહુવિધ નિંદે તેહ. ૩૫૦

શ્રી અરિહંત પરમાતમા, વળી શ્રી સિદ્ધ ભગવંત;
જ્ઞાનવંત મુનિરાજની, વલી સુર સમકિત વંત. ૩૫૧

ઈત્યાદિક મહા પુરુષકી, સાખ કરી સુવિશાલ;
વળી નિજ આતમ સાખશું, દુરિત સવે અશરાલ. ૩૫૨

મિથ્યા દુષ્કૃત ભલી પરેં. દીજે ત્રિકરણ શુદ્ધ,
એણીવિધ પવિત્ર થઈ પછે, કીજે નિર્મલ બુદ્ધ. ૩૫૩

અવશ્ય મરણ નિજ મન વિશે, ભાસન હુવે જામ;
સર્વ પરિગ્રહ ત્યાગકે, આહાર ચાર તજે તામ. ૩૫૪

જો કદી નિર્ણય નવી હુવે, મરણ તણો મન માંહી;
તો મરજાદા કીજીએ, ઇતર કાલકી તાંહી. ૩૫૫

સર્વ આરંભ પરિગ્રહ સહુ, તીનકો કીજે ત્યાગ;
ચારે આહાર વલી પચખિએ, ઇણવિધ કરી મહાભાગ. ૩૫૬

હુવે તે સમકિત દ્રષ્ટિવંત, થિર કરી મન વચ કાય;
ખાટથી નીચે ઉતરી, સાવધાન અતિ થાય. ૩૫૭

સિંહપરેં નિર્ભય થઇ, કરે નિજ આતમ કાજ;
મોક્ષ લક્ષ્મી વરવા ભણી, લેવા શિવપુર રાજ. ૩૫૮

જીણ મહા સુભટ સંગ્રામમાં, વૈરી જીતન કાજ;
રણ ભૂમી મેં સંચરે, કરતા અતીહ દીગૂગાજ. ૩૫૯

ઇણીવિધ સમકિતવંત જે, કરી થિરતા પરિણામ;
આકુળતા અંશે નહી, ધીરજ તણું તે ધામ. ૩૬૦

શુદ્ધ ઉપયોગમાં વરતતો, આતમગુણ અનુરાગ;
પરમાતમકે ધ્યાનમેં, લીન ઓર સબ ત્યાગ. ૩૬૧

ધ્યાતા ધ્યેયની એકતા, ધ્યાન કરતા હોય;
આતમ હોય પરમાતમા, એમ જાણે તે સોય. ૩૬૨
સમ્યક્દ્રષ્ટિ શુભ મતિ, શિવસુખ ચાહે તેહ;
રાગાદિ પરીણામમેં, ખિણ નવી વરતે તેહ. ૩૬૩
કીણહી પદાર્થકી નહીં, વંછા તસ ચિત માંહ;
મોક્ષ લક્ષ્મી વરવા ભણી, ધરતો અતિ ઉછાંહ. ૩૬૪
એણીવીધ ભાવ વિચારતાં. કાળ પુરણ કરે સોય;
આકુલતા કીણવિધ નહીં, નિરાકુળ થિર હોય. ૩૬૫
આતમ સુખ આણંદમય, શાંત સુધારસ કુંડ;
તા મેં તે ઝીલી રહે, આતમ વીરજ ઉદંડ. ૩૬૬
આતમ સુખ સ્વાધીન છે, ઓર ન એહ સમાન;
એમ જાણી નિજરૂપમેં, વરતે ધરી બહુ માન. ૩૬૭
એમ આણંદમાં વરતતાં, શાંત પરિણામ સંયુક્ત;
આયુ નિજ પૂરણ કરી, મરણ લહે મતિવંત. ૩૬૮
એહ સમાધિ પ્રભાવથી, ઇંદ્રાદિક કી ઋદ્ધ;
ઉત્તમ પદવી તે લહે, સર્વ કારજ કો સિદ્ધ. ૩૬૯
મહા વિભૂતિ પાયકેં, વિચરંતા ભગવાન;
વળી કેવળી મુનિ રાજને, વંદે સ્તવે બહુમાન. ૩૭૦
સુરલોકે શાશ્વત પ્રભુ, નિત્ય ભક્તિ કરે તાસ;
કલ્યાણક જિનરાજના, ઓચ્છવ કરત ઉલાસ. ૩૭૧
નંદીસર આદે ઘણાં, તીરથ વંદે સાર;
સમકિત નિર્મલ તે કરે, સફલ કરે અવતાર. ૩૭૨
સુર આયુ પૂરણ કરી, તિહાંથી ચવીને તેહ;
મનુષ્ય ગતી ઉત્તમ કુલે, જનમ લહે ભવી તેહ. ૩૭૩

રાજ્ય ઋદ્ધિ સુખ ભોગવી, સદ્‌ગુરૂ પાસે તેહ;
સંજમ ધર્મ અંગી કરી, ગુરૂ સેવે ધરી નેહ. ૩૭૪

શુદ્ધ ચરણ પરીણામથી, અતી વિશુદ્ધતા થાય;
ક્ષપક શ્રેણી આરોહીને, ઘાતી કરમ ખપાય. ૩૭૫

કેવળ જ્ઞાન પ્રગટ ભયો, કેવળ દરશન ભાસ;
એક સમય ત્રણ કાલકી, સરવ વસ્તુ પરકાશ. ૩૭૬

સાદિ અનંત થિતિ કરી, અવિચલ સુખ નિરધાર;
વચન અગોચર એહ છે, કીણવિધિ લહીએ ન પાર. ૩૭૭

મહિમા મરણ સમાધિનો, જાણો અતિ ગુણ ગેહ;
તીણ કારણ ભવી પ્રાણીયા, ઉદ્યમ કરીએ તેહ. ૩૭૮

એણીવિધ મરણ સમાધિકો, સંક્ષેપે સુવિચાર;
દુહા ભાસ રચના, કરી નિજ પરને ઉપગાર. ૩૭૯

મરણ સમાધિ વિચારની, પ્રતિ મળી મુજ એક,
તિણમેં સમાધિ મરણકો, વર્ણવ કીયો અતિ છેક. ૩૮૦

પણ ભાષા મરૂદેશકી, તિણમેં લખીયો તેહ;
તિણ કારણ સુગમ કરી, દુહા બંધ કીયો એહ. ૩૮૧

અલ્પ મતિ અનુસારથી, બિન ઉપયોગે જેહ;
વિરુદ્ધ ભાવ લખીયો જીકે, મિથ્યા દુષ્કૃત તેહ. ૩૮૨

---

## શ્રી જિનહર્ષ સૂરી કૃત

# શીયલની નવ વાડની સજઝાય

### દુહા

શ્રીનેમિસર ચરણ યુગં, પ્રણમું ઊઠી પ્રભાત;
બાવીશમો જિન જગતગુરુ, બ્રહ્મચારી વિખ્યાત.—૧
સુંદરી અપછરા સારિખી, રતિ સમય રાજકુમાર;
ભર યૌવનમેં જુગતિસું, છોડી રાજુલ નાર.—૨
બ્રહ્મચર્ય જેણે પાલિયો, ધારક દુક્કર જેહ;
તેહ તણા ગુણ વરણવું, જિમ હોય પાવન દેહ.—૩
સુરગુરુ પોતે કહે, રસના સહસ બનાઈ;
બ્રહ્મચર્યના ગુણ ઘણા, તો પણ કહ્યા ન જાઈ.—૪
ગલિત પલિત કાયા થઈ, તોહી ન મૂકે આશ;
તરુણપણે જે વ્રત ધરઈ, હું બલિહારી તાસ.—૫
જીવ વિમાસી જોય તું, વિષય મ રાચ ગમાર;
થોડા સુખનઈ કારણે, મૂરખ ઘણો ન હાર.—૬
દેશ-દષ્ટાંતે દોહિલો, લાધ્યો નરભવ સાર;
પાલી શીયલ નવ વાડશું, સફલ કરો અવતાર—૭

## ઢાળ પહેલી

### શીયલ સુરંગી ચુંદડી—એ રાગ.

શીયલ સુર તરુવર સેવીંઈ, વ્રતમાંહિ ગિરૂઓ જેહ રે;
દંભ કદાગ્રહ છોડીને, ધરીએ તિણસું નેહ રે. શીયલ૦-૧
જૈન શાસન વન અતિ ભલો, નંદનવન અનુહાર રે;
જિનવર વનપાલક તિહાં, કરુણા રસ ભંડાર રે. શીયલ૦-૨
મન થાણે તરુ રોપિયો, બીજ ભાવના બંભ રે;
સરધા સારણ તિહાં વહે, વિમલ-વિવેક તે અંભ રે. શીયલ૦-૩
મુલ સુદઢ સમકિત ભલો, ખંધે નવતત્ત્વ દાખી રે;
શાખા મહાવ્રત તેહની, અણુવ્રત લઘુ સાખી રે. શીયલ૦-૪
શ્રાવક સાધુ તણા ઘણા, ગુણગણ પત્ર અનેક રે;
મ્હોર કરમ શુભ બંધનો, પરિમલ ગુણ અનેક રે. શીયલ-૦૫
ઉત્તમ સુર સુખ ફૂલડાં, શિવ સુખ તે ફલ જાણો રે;
જતન કરી વૃક્ષ રાખવો, હીયડે અતિ ઘણો રંગ રે. શીયલ-૦૬
ઉત્તરાધ્યયને સોલમેં, બંભસમાહી ઠાણ રે;
કીધી તિણે તરૂ પાખતી, એ નવ વાડ સુજાણ રે. શીયલ૦-૭

### દુહા

હવે પ્રાણી જાણી કરી, રાખ પ્રથમ એ વાડ;
જો એ ભાંજી પેસસી, પ્રમદા કેરી ધાડ.—૧
જે હડને હડ ખલકતી, પ્રમદા ગય મહંત;
શીયલ વૃક્ષ ઉપાડશી, વાડી વિતાડી તુરંત—૨

## ઢાળ બીજી

### નારદની દેશી

ભાવ ધરી નિત પાલીઇં,
ગિરૂઓ બ્રહ્મવ્રત સાર હો, ભવિયણ.
જેણથી શિવ સુખ પામીંઈ,
સુંદર તનુ શિણગાર હો. ભવિયણ—૧

સ્ત્રી પશુ પંડગ જિહાં વસે,
તિહાં રહેવો નહીં વાસહો; ભવિયણ.
એહની સંગતિ નિવારીએ,
વ્રતનો કરે વિનાશ હો. ભવિયણ—૨

મંજારી સંગતિ રમેં,
કુકડ મૂસ ગમાર હો, ભવિયણ.
કુશલ કિહાંથી તેહને,
પામઈ દુઃખ અઘોર હો. ભવિયણ—૩

અગનિકુંડ પાસે રહ્યો,
પ્રજલે ઘૃતનો કુંભ હો. ભવિયણ.
નારી સંગતે પુરુષનો,
રહે કિસી પરે બંભ હો, ભવિયણ—૪

સિંહગુહાવાસી યતિ,
રહ્યો કોશા ચિત્રસાલ હો, ભવિયણ,

તુરત પડયો વસ તેહને,
ગયો દેશ નેપાલ હો, ભવિયણ—૫

વિકલ અક્કલ વિણ બાપડા,
પંખી કરતા કેલિ હો, ભવિયણ
દેખી લક્ષ્મણા મહાસતી,
રૂલી ઘણું ઇણ મેલ હો, ભવિયણ—૬
ચિત્ત ચંચલ પંડગ નરા,
વરતે ત્રીજે વેદ હો, ભવિયણ.
તજો સંગત નિત તેહની,
કહે જિનહર્ષ ઉમેદ હો, ભવિયણ—૭

## દુહા

અથવા નારી એકલી, ભલી ન સંગતિ તાસ;
ધર્મકથા પણ ન કહેવી, બેસી તેહને પાસ.—૧
તેહથી અનર્થ હોવે ઘણા, શંકા પામે લોક,
આવે અછતો આળ શિર, બીજી વાડ વિલોક.—૨

## ઢાળ ત્રીજી

### દેશી ઝીતના

જો જો જાતિ રૂપ કુલ દેશની રે, રમણી કથા કહે જેહ;
તેહનો બ્રહ્મવ્રત કિમ રહે રે, કેમ રહે વ્રત સું નેહરે.
પ્રાણી ! નારી કથા નિવાર,
તું તો બીજી વાડ સંભાળ રે.–પ્રાણી૦–૧

ચંદ્રમુખી મૃગલોચની રે, વેણી જાણુંઈ ભુજંગ;
દીપ શિખા સમ નાસિકા રે,
અધર પ્રવાલી રંગ રે.—પ્રાણી૦–૨
વાણી કોયલ જેહવી રે, વારણ કુંભ સરોજ;
હંસગમની કૃશ હરિ કટી રે,
કરયુગ ચરણ સરોજ રે.—પ્રાણી૦–૩
રમણી રૂપ ઈમ વરણવે રે, આણી વિષય મનરંગ;
મુગ્ધ લોકને રીઝવે રે,
વાધઈ અંગ અનંગ રે—પ્રાણી૦–૪
અપવિત્ર મલની કોથળી રે, કલહ કાજલનો ઠામ;
બાર સ્રોત વહે સદા રે, ચરમ દીવડી નામ રે.—પ્રાણી૦–૫
દેહ ઔદારિક કારમો રે, ક્ષણમેં ભંગુર થાય,
સપ્ત ધાતુ રોગ કોથળી રે, જતન કરતાં જાય રે—પ્રાણી૦–૬
ચક્રી ચોથો જાણીએ રે, દેવે દીઠો આય;
તે પણ ખીણમાં વિણસીઓ રે,
રૂપ અનિત્ય કહેવાય રે.—પ્રાણી૦–૭
નારી કથા વિકથા કહી રે, જિનવર બીજે અંગ,
અનર્થ દંડ અંગ સાતમે રે,
કહે જિનહર્ષ પ્રસંગ રે.—પ્રાણી૦–૮

## દુહા

બ્રહ્મચારી જોગી જતિ, ન કરે નારી પ્રસંગ;
એકણ આસન બેસતાં, થાયે વ્રતનો ભંગ.—૧

પાવક ગાલે લોહને, જો રહે પાવક સંગ;
ઈમ જાણી રે પ્રાણીયા, તજી આસન ત્રિયા રંગ.—૨

## ઢાળ ચોથી

થેં સોદાગર લાલચણ—એ રાગ.

ત્રીજી વાડ હવે ચિત્ત વિચારો,
નારી સહ બેસવો નિવારો હો લાલ;
એકે આસન કામ દીપાવે,
ચોથા વ્રતને દોષ લગાવે હો લાલ. ત્રીજી૦-૧

ઈમ બેસતા આસંગો થાય,
આસંગો ફરસાવે હો લાલ;
કાયા ફરસે વિષય રસ જાગે,
તેહથી અવગુણ થાએ આગે હો લાલ. ત્રીજી૦-૨

જુઓ શ્રીસંભુત પ્રસિદ્ધો,
તનુ ફરસે નિયાણો કીધો હો લાલ;
દશમો ચક્રી અવતરીયો,
ચિત્તે પ્રતિબોધ તેહને દીધો હો લાલ. ત્રીજી૦-૩

તેહને તિહાં ઉપદેશ નવિ લાગો,
વિરતિનો કાયર થઈ ભાગો હો લાલ;
સાતમી નરક તણાં દુઃખ સહીયા,
સ્ત્રી ફરસે ઈમ અવગુણ કહ્યો હો લાલ. ત્રીજી૦-૪

કામ વિરામ વધઈ દુઃખ ખાણી,
નરક તણી સાચી સહિ નાણી હો લાલ;

એહઇ આસન દૂષણ જાણી,

પરિહર નિજ આતમ હિત આણી હો લાલ. ત્રીજી૦-૫

માય બહેન જો બેટી થાય,

તે બેશીનઇં ઉઠી જાય હો લાલ;

કલપઇં એક મુહૂરત પછઇં હો લાલ. ત્રીજી૦-૬

## દુહા

ચિત્ર આલેખિત જે પુતલી, તે પણ જોવી નહીં;

કેવલજ્ઞાની ઈમ કહે, દશવૈકાલિક માંહિ૦-૧

નારી વેદ નરપતિ થયો, ચક્ષુ કુશીલ કહાય;

લખ ભવ ચોથી વાડ તજી, રૂલીયો ઋષી રાય૦-૨

## ઢાળ પાંચમી

મોહન મુદરી લે ગયો.–એ રાગ.

મનોહર રૂપ નારી તણાં, દીઠાં વાધઇં વિકાર;

વાગુર કામી મૃગ ભણી હો, પાશ રચ્યો કિરતાર૦-૧

સુગુણ રે નારી રૂપ ન જોઈએ,

જોઈએ નહીં ધરી રાગ, સુગુણ. આંકણી૦

નારી રૂપઇં દીવડો, કામી પુરૂષ પતંગ,

ઝંખઇં સુખનઇં કારણે હો, દાઝઇં અંગ સુરંગ. સુગુણ ૦-૨

મન ગમતી રમણી હોઈ, ઉર કુચ વદન સુરંગ;

નર હર ભોગી ડસ્યા હો, જોવંતા વ્રતનો ભંગ. સુગુણ૦-૩

કામણગારી કામિની રે, જિત્યો સયલ સંસાર;
આખી અણીકો ન રહ્યો હો,
સુરનર ગયા સહુ હાર. સુગુણ૦-૪

હાથ પાવ છેદ્યા હુવઈ, કાન નાક વિણ જેહ,
તોપિ સો વરસાં તણી હો, બ્રહ્મચારી તજે તેહ. સુગુણ૦-૫

રૂપઇં રંભા સારીખી, મીઠા બોલી નાર;
તો કિમ જોવઈ એહવી હો,
ભર યૌવન વ્રત ધાર. સુગુણ૦-૬

અબલા ઈંદ્રી જોવતાં, મન થાયે વશ કેમ;
રાજિમતિ દેખી કરી હો,
તુરત ડગ્યો રહનેમ. સુગુણ૦-૭

રૂપ કૂપ દેખી કરી, માંહી પડે કામાંધ.
મૂરખ મન જાણઇં નહીં કો,
કહઇં જિનહર્ષ પ્રબંધ. સુગુણ૦-૮

## દુહા

સંજોગી પાસઈ રહઇં, બ્રહ્મચારી નિશિદીસ;
કુશલ નહીં તેહના વ્રત ભણી, ભાંજઈ વિસવાવીસ.-૧

વસઇં નહીં કુટ અંતરઈ, શીલ તણી હોવઇં હાણ;
મન વચન વશ રાખવા, હીયડઈ ધરો જિન વાણ.-૨

## ઢાળ છઠ્ઠી

એને શી કહેવી—એ રાગ.

વાડ હવઈ સુણો પંચમી રે, શીલ ભણી રખવાલ રે;
ચૂરો પડસી તો સહી રે, વ્રત થાશી વિસરાલ રે. વાડ૦–૧
પરિચય ભિંતનઇં અંતરે રે, નારી રહઈ તિહાં રાત્રિ રે;
કેલિ કરઇં નિજ કંત સું રે, વિરહ મરોડઈ ગાત્ર રે. વાડ૦–૨
કોયલ જિમ ટહુકઇં લવે રે, ગાવંઈ મધુરે સાદ રે;
મદમાતી રાતી થકી રે, સુરત સરસ ઉનમાદ રે. વાડ૦–૩
રોવઈ વિરહાકુલ થઈ રે, દાધી દુઃખ દવ ઝાળ રે;
દીન હીન બોલડઈ રે, કામ જગાવે બાળ રે. વાડ૦–૪
કામ વશે ખડખડ હસે રે, પ્રિય મેટો તન તાપ રે;
વાહ કરઇં તન મન હરે રે, વિરહિણી કરે વિલાપ રે. વાડ૦–૫
રાગ વિષમ સુણિ હસે રે, હાસ્યે અનરથ હોય રે,
રામ ઘરણી હાંસી થકી રે, રાવણ વધ થયો જોય રે. વાડ૦–૬
વ્રતધારી નવિ સાંભળઇં રે, એહવા વિરહી વયણ રે;
કહંઇ જિનહર્ષ ધીર મ ટલઇં રે, ચિત્ત ચલઇ સુણિ સેણ રે.
વાડ૦–૭

## દુહા

છઠ્ઠી વાડ ઇમ કહી, ચંચલ મન મનાઇ;
ખાધો પીધો વિલસીયો, તિણ સુ ચિત્ત મ લાઈ.–૧

કામ ભોગ સુખ પ્રારથ્યાં, આપઈં નરક નિગોદ;
પરતક્ષનો કહેવો કિસું, વિલસે જેહ વિનોદ. –૨

## ઢાળ સાતમી

આજ નિહેજો રે દીસે નાહલો. એ રાગ.

ભરયૌવન ધન સામગ્રી લહી, પામી અનુપમ ભોગોજી;
પાંચે ઇંદ્રયનઇ વશૈ સુખ ભોગવ્યાં,
પાંચે ભોગ સંજોગોજી. ભર.૦–૧

તે ચિંતવઇ બ્રહ્મચારી નહીં, ધુરી ભોગવીયા સુખોજી.
આસી વિષ સમી છે ઉપમા,
ચિંતવ્યા દે દુઃખોજી. ભર૦–૨

શેઠ માકંદી અંગજ જાણીએ, જિનરક્ષિત ઇણ નામોજી;
યક્ષ તણી શિક્ષા સહુ વિસરી,
વ્યામોહિત વસી કામોજી. ભર૦–૩

રયણાદેવી સનમુખ જોઈઓ, પૂરવ પ્રીતિ સંભારીજી;
તો તીખી તરવાલંઈ વીંધીયો,
નાખ્યો જલધિ મોઝારોજી, ભર૦–૪.

જુવો જિનપાલિત તે પંડિત થયો, ન કીયો તાસ વિશ્વાસોજી;
મૂલગી પણ પ્રીતિ મન ન ધરી,
સુખ સંયોગી વિલાસોજી. ભર૦–૫.

સેલગ યક્ષઈ તતક્ષણ ઉધર્યો, મિલિયો નિજ પરિવારોજી;
કહઈ જિનહર્ષ, પૂરવ કેલિયા,
ન સંભારઈ નર નારોજી. ભર–૦૬

## દુહા.

ખાટા ખારા ચરરસં, મીઠા ભોજન જેહ;
મધુરા મોલ કસાયલા, રસના સહુ રસ લેહ. –૧
જેહની રસના વશ નઈં, ચાહઈં સરસ આહાર;
તે પામઈ દુઃખ પ્રાણીયા, ચઉગતિ રૂલે સંસાર.––૨.

## ઢાળ આઠમી

ચરણલી ચામુંડ રે ચઢઈ–એ દેશી.

બ્રહ્મચારી સાંભળી વાતડી, નિજ આતમસું હિત જાણી રે;
વાડ મ ભાંજઈ સાતમી,
સુણ જિનવરની વાણી રે.–બ્રહ્મ.૦––૧.

કવલ ઝરંઈ ઉપાડતાં, ઘૃત બિંદુ સરસ આહારો રે;
તે આહાર નિવારીએ,
જિણથી વધઇ વિકારો રે.–બ્રહ્મ૦––૨

સરસ રસવતી આહારઇં, દૂધ દહીં પકવાનો રે;
પાપ શ્રમણ તેહનઈ કહ્યો,
ઉત્તરાધ્યયને માનો રે.–બ્રહ્મ૦––૩

ચક્રવર્તિની રસવંતી, રસિક થયો ભૂદેવો રે;
કામ વિટંબણા તિણે લહી,
વરજ વરજ નિત્ય મેવો રે.–બ્રહ્મ૦––૪

રસનાના અતિ લોલુપી, લંપટ ઇણ સવાદો રે,
મંગુ આચારજની પરંઇ.
પામઇં કુગતિ વિષાદો રે.–બ્રહ્મ૦––૫

ચારિત્ર છંડી પ્રમાદીયો, નિજ સુતની રાજધાની રે;
રાજ રસવંતી વશે પડયો,
જોઈ સેલગ મદ પાની રે.--બ્રહ્મ૦—૬.

સબલ આહારઈ બલ વધઈ, બલ ઉપશમઈ ન વેદો રે;
વેદઈ બ્રહ્મવ્રત ખંડિત હુવંઇ,
કહઈ જિનહર્ષ ઉમેદો રે.--બ્રહ્મ૦—૭

## દુહા

અતિ આહારથી દુઃખ હોયઇં, ગલઈ, રૂપ બલ ગાત્ર;
આલસનઇં પ્રમાદી ઘણો, દોષ અનેક કહાત.–૧.

ઘણઈ આહારઈ વિષ ચઢે, ઘણઇં જ ફાટે પેટ;
ધાન અમાંમો ઓરતાં, હાંડી ફાટંઈ નેટ–૨

## ઢાળ નવમી

જંબુદ્વિપ મોઝાર–એ રાગ.

પુરુષ કવલ બત્રીશ, ભોજન વિધિ કહી, અઠ્ઠાવીશ નારી ભણીએ;
પંડગ કવલ ચોવીશ, અધિકે દૂષણ હોઈ,
અશાતા અતિ ઘણીએ.–૧.

બ્રહ્મવ્રત ધરે નરનારી,
થાઈ તેહનઇ ઉણોદરીઇં, ગુણ ઘણાએ,
જીમંઈ જાસક જેહ, તેહનઇં ગુણ નહીં;
અતિચાર બ્રહ્મવ્રત તણાએ.–૨.

જોઈ કુંડરીક મુણિંદ,
સહસ વરસ લગઈ તપ, કરી કરી કાયા દહીએ;

તેણે ભાગ્યો ચારિત્ર, આયોપાછો રાજમઈ,
અતિ માત્રા રસવંતી લહીએ–૩.

મેવાનંઈ મિષ્ટાન્ન, ભોજન નવનવા, સાલદાલિ ઘૃત ચૂરમાએ;
ભોજન કરી ભરપૂર, સૂતો નિશિ સમઈ,
હોઈ તાસ વિશૂચિકાએ.—૪.

વેદના સહી અપાર, આરતિ રૂદ્રમંઈ મરી, ગયો તે સાતમીએ;
કહઇ જિન હર્ષ પ્રમાણ, ઓછો જિમીઈ, વાડ કહી આઠમીએ.
—૫.

## દોહા

નવમી વાડ વિચારીને, પાલો સદા નિર્દોષ;
પામીશ તતક્ષણ પ્રાણીયા, અવચિલ પદવી મોક્ષ—૧.

અંગે વિભૂષણ તે કરંઈ, જે સંજોગી હોય;
બ્રહ્મચારી તન શોભા નહીં, તે કારણ નવિ કોય.—૨.

## ઢાળ દશમી

વીરા બાહુબલી વીર તુમ્હે ગજ થકી હેઠા ઊતરો–એ રાગ.
શોભા ન કરવી દેહની, ન કરઈ તન શિણગાર;
ઉગટણ ઊપીઠી વલી, ન કરઈ કિણહી વાર.—૧.

સુણ ચેતન સુણ તું તો મોરી વિનતી,
તુંનઈ શીખ કહું હિતકારી—સુણ૦
ઉન્હા તાઢા નીરશું, ન કરે અંગ અંઘોલ,
કેસર ચંદન કુમકુમઈ, ખાંતે ન કરે ખોલ. સુણ૦—૨.

ઘણાં મેલાનઈ ઉજલાં, ન કરઈ વસ્ત્ર વણાવ;
ઘાતઈ કામ મહાબલી, વ્રતનંઇ ઘાવ.—સુણ૦-૩
કંકણ કુંડલ મુદ્રડી, માલા મોતી હાર;
પહેરઇ નહીં શોભામણી, જે થાઇ વ્રતધાર—સુણ ૦-૪. = =
કામોદ્દીપન જિનવરે કહ્યા, ભૂષણ દૂષણ એહ;
અંગવિભૂષા ટાળવી, કહઈ જિનહર્ષ સનેહ-સુણ૦-૬.

## ઢાળ અગિયારમી

આપ સવારથ જગ સહુ રે-એ રાગ.

... વીરે હો બાર પરષદામઈ, ઉપદેશ્યો ઇમ શીલ;
જે પાલશે નવ વાડશું,
તે લહે શિવ સંપદ શીલ.-૧.

શીલ સદા તુમ્હઈ સેવજો,
ફલ જેહનાં હો અતિ સરસ અક્ષીણ;
આઠ કરમ અરિયણ હણી, તે પામ્યા હો તતક્ષણ સુપ્રવીણ.
શીલ૦-૨

જલ જલણ અરિ કરિ કેસરી, ભય જાવે સઘલાં ભાગ;
સુર અસુર નર સેવા કરે,
મનવંછિત હો સીઝે સહુ કાજ-શીલ૦-૩.

જિનભુવન નિપાવઈ નવો, કનક તણો નર કોઈ;
સોવન તણી કોડી દાન ધઈ,
શીલ સમોવડ હો તોહી પુન્ય ન હોઈ. શીલ૦-૪

નારીનઇં દૂષણ નર થકી, તિમ નારીથી નર દોષ;

એ વાડ બિહુનઈ સારિખી,
      પાળવી હો મન ધરીય સંતોષ. શીલ૦–૫
નિધિ નયન સુર શશિ ભાદ્રપદ, વદિ બીજ આલસ છાંડી;
જિનહર્ષ દ્રઢવ્રત પાલજો,
      વ્રતધારી હો જુગતે નવ વાડ. શીલ૦--૬
લેખકની પ્રશસ્તિઃ–
      મોરબી મધ્યે લિખિતં ઋષી નાંનજી, સંવત ૧૮૪૦
વરસે મિતી ફાગુણ વદિ તેરસ શુક્રવારે,
      પારેખ અમરચંદ પઠનાર્થં.

# શુદ્ધિ પત્રક

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૯ | ૫ | ખજવાળાવાની | ખજવાળવાની |
| ૧૨ | ૧૯ | विरुसया | विसया |
| ૧૫ | ૧૪ | पआणग | पआण |
| ૬૭ | ૧૧ | भोंसं | मोसं |
| ૬૭ | ૧૧ | सिंघाण | सिंघाण |
| ૭૩ | ૬ | પરતુ | પરંતુ |
| ૧૧૨ | ૨૧ | સન્ય | સૈન્ય |
| ૧૪૦ | ૨ | धीट्ठतणं | धीट्ठत्तणं |
| ૧૫૯ | ૧૧ | नत्सि | नत्थि |
| ૧૬૩ | ૧૭ | जहं | जह |
| ૧૬૪ | ૧૨ | घम्म जणणी | धम्म जणणी |
| ૧૭૦ | ૧૩ | મસ | માસ |
| ૧૭૦ | ૧૪ | પપ | પાપ |
| ૧૭૦ | ૧૫ | મથુનથી | મૈથુનથી |
| ૧૭૪ | ૬–૭ | અવિ અવિરતિ | અવિરતિ |
| ૧૮૬ | ૮ | पभाबगं | पभावगं |
| ૧૮૭ | ૨ | प्रतिजागयितुम् | प्रतिजागरयितुम् |
| ૧૯૦ | ૧૨ | जीबो | जीवो |
| ૧૯૧ | ૫ | शेधः | रोधः |
| ૧૯૨ | ૧ | दंसाणाणंदित | दंसणाणंदित |
| ૧૯૩ | ૧ | ज्ञानाद्रव्यं | ज्ञानद्रव्यं |
| ૨૦૫ | ૧૬ | ૨૨૬ | ૧૨૬ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૮ | ૧૯ | ૧૬૪ | |
| | | ૧૬૪ | |

૨૦૮ લીટી ૧૯ પછી ઉમેરો ભેદ યથાર્થ પાય કે, પ્રગટ કરું નિજરૂપ.

| | | | |
|---|---|---|---|
| ૨૨૭ | ૧૩ | દેશ-દૃષ્ટાંતે | દશ દૃષ્ટાંતે |
| ૨૩૮ | ૫ | બ્રધ્યવ્રત | બ્રહ્મવ્રત |